નિકુંજનાયક શ્રીનાથજી

એક ઝાંખી

ગ્રંથ – ૫ : માગશર – પોષ

સાદર સમર્પણ

પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ઈન્દિરાબેટીજી મહોદયા (સુરત-વડોદરા)

॥ શ્રી ગોપીજનવલ્લભાય નમઃ ॥

॥ પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ઈન્દિરાબેટીજી મહોદયાનમસ્કૃતિઃ ॥

નમસ્કૃતિસંચય મનોરથકારિણી

દા.દા. રેખાબેન ભરતભાઈ રાજપોપટની કાનિથી

રચયિતા

દા.દા. શ્રીહરિગુરુવૈષ્ણવ ચરણરજ શ્રી વૈકુંઠભાઈ ભગત (ભરૂચ)

૧. શ્રીશતાયુવ્રજરત્નપૌત્ર્યૈ નમઃ । - શ્રી શતાયુવ્રજરત્નલાલજીનાં પૌત્રીને નમન.
૨. શ્રીદિવ્યપ્રભાપિતામહીક્રોડલાલિતાયૈ નમઃ । - શ્રીદિવ્યપ્રભાદાદીની (ક્રોડ=ઉત્સંગ, ગોદ) ગોદમાં લાલન પામેલાંને નમન.
૩. શ્રીમધુસૂદનલાલનંદિન્યૈ નમઃ । - શ્રીમધુસૂદનલાલજીનાં પુત્રીને નમન.
૪. શ્રીપ્રભાવતીમાતૃ-ઉત્સંગલાલિતાયૈ નમઃ । - શ્રીપ્રભાવતી માતાની ગોદમાં લાલન પામેલાંને નમન.
૫. શ્રીમથુરેશ્વરાનુજાયૈ નમઃ । - શ્રીમથુરેશ્વરજીનાં નાનાં (અનુજ=નાનાં બહેન) બહેનને નમન.
૬. શ્રીચંદ્રગોપાલાગ્રજાયૈ નમઃ । - શ્રીચંદ્રગોપાલજીનાં મોટાં (અગ્રજા=મોટાં બહેન) બહેનને નમન.
૭. શ્રીપ્રભુજી-અગ્રજાયૈ નમઃ । - શ્રીપ્રભુજીનાં મોટાં બહેનને નમન.
૮. શ્રીનિકુંજલતાગ્રજાયૈ નમઃ । - શ્રીનિકુંજલતાનાં મોટાં બહેનને નમન.
૯. શ્રીશ્રાવણકૃષ્ણપક્ષધન્ય કર્ત્ર્યૈ નમઃ । - શ્રી શ્રાવણવદપક્ષને ધન્ય કરનારને નમન.
૧૦. શ્રીકવયિત્ર્યૈ નમઃ । - શ્રીકવયિત્રીને નમન.
૧૧. શ્રીશ્રાવણ્યૈ નમઃ । - શ્રીશ્રાવણીને નમન.
૧૨. શ્રી'જીજી'તિલોકપ્રિયનામધારિણ્યૈ નમઃ । - 'શ્રીજીજી' એવું લોકપ્રિયનામ ધરાવનારાંને નમન.
૧૩. શ્રીપિતામહપ્રેરિતાયૈ નમઃ । - શ્રીવ્રજરત્નલાલજી દાદાજીની પ્રૈરણા પામેલાંને નમન.
૧૪. શ્રીમથુરેશ્વરવેદાંતાભ્યાસપ્રેરિતાયૈ નમઃ । - શ્રીમથુરેશ્વરજી દ્વારા વેદાંતાભ્યાસ પ્રેરણા પામેલાંને નમન.
૧૫. શ્રીનાગરદાસશાસ્ત્રિશિષ્યાયૈ નમઃ । - શ્રીનાગરદાસ શાસ્ત્રીજીનાં શિષ્યાને નમન.
૧૬. શ્રીનરહરિશાસ્ત્રિશિષ્યાયૈ નમઃ । - શ્રીનરહરિશાસ્ત્રીજીનાં શિષ્યાને નમન.
૧૭. શ્રીશ્યામસુંદરઝાછાત્રાયૈ નમઃ । - શ્રીશ્યામસુંદરઝાનાં શિષ્યાને નમન.
૧૮. શ્રીઆંગ્લભાષાશિક્ષક-અક્કડછાત્રાયૈ નમઃ । - શ્રીઅંગ્રેજી ભાષાના શિક્ષક શ્રીઅક્કડજીનાં શિષ્યાને નમન.
૧૯. શ્રીકાલિકાપ્રસાદશુકલપઠિતાયૈ નમઃ । - શ્રી કાલિકાપ્રસાદ શુક્લનાં શિષ્યાને નમન.
૨૦. શ્રીપ્રાધ્યાપકમોદિશિષ્યાયૈ નમઃ । - શ્રી પ્રાધ્યાપક મોદીનાં શિષ્યાને નમન.
૨૧. શ્રીનીતિપરાયણવિદ્યાર્થિન્યૈ નમઃ । - શ્રી નીતિપરાયણ વિદ્યાર્થિનીને નમન.
૨૨. શ્રીજીવનોન્નતકરશિક્ષાપદ્ધતિકાંક્ષિણ્યૈ નમઃ । - શ્રીજીવનને ઉન્નત કરે તેવી શિક્ષાપદ્ધતિની આકાંક્ષાવાળાંને નમન.
૨૩. શ્રીસ્નાતકપરીક્ષાપ્રથમસ્થાનપ્રાપકાયૈ નમઃ । - શ્રીસ્નાતકપરીક્ષામાં પ્રથમ સ્થાન પામનારાંને નમન.
૨૪. શ્રીશાસ્ત્રિપરીક્ષોત્તીર્ણાયૈ નમઃ । - શ્રીશાસ્ત્રી-પરીક્ષામાં ઉત્તીર્ણ થનારાંને નમન.
૨૫. શ્રીભાગવતકથાકર્ત્ર્યૈ નમઃ । - શ્રીભાગવતકથા કરનારાંને નમન.
૨૬. શ્રીપરમવિદુષ્યૈ નમઃ । - શ્રીપરમવિદુષીજીને નમન.
૨૭. શ્રીગોવર્ધનગિરિધરચેટ્યૈ નમઃ । - શ્રીગોવર્ધનગિરિધરનાં દાસીને નમન.

૨૮. શ્રીનિર્હેતુકાભક્તિકર્ત્ર્યૈ નમઃ । - શ્રીઅહૈતુકા ભક્તિ કરનારાંને નમન.
૨૯. શ્રીવલ્લભકુલગૌરવરૂપાયૈ નમઃ । - શ્રીવલ્લભકુલનાં ગૌરવરૂપાને નમન.
૩૦. શ્રીગોવત્સલાયૈ નમઃ । - શ્રીગાયોનાં વહાલાંને નમન.
૩૧. શ્રીગોરક્ષાતુરાયૈ નમઃ । - શ્રીગોરક્ષા માટે આતુરને નમન.
૩૨. શ્રીભાગવતાભ્યાસરતાયૈ નમઃ । - શ્રીભાગવતાભ્યાસમાં તત્પરને નમન.
૩૩. શ્રીસુબોધિન્યાદિગ્રંથાભ્યાસાતુરાયૈ નમઃ । - શ્રીસુબોધિની વગેરે ગ્રંથોના અભ્યાસ માટે તત્પરને નમન.
૩૪. શ્રીરાધાવરાનુરક્તાયૈ નમઃ । - શ્રીરાધાવર કૃષ્ણમાં અનુરાગવાળાંને નમન.
૩૫. શ્રીવૈષ્ણવવત્સલાયૈ નમઃ । - શ્રીવૈષ્ણવોનાં વહાલાંને નમન.
૩૬. શ્રીટીકાતલસ્પર્શ્યભ્યાસાકર્ત્ર્યૈ નમઃ । - શ્રીટીકાગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ કરનારાંને નમન.
૩૭. શ્રીવ્રજમંડલપરિક્રમાયોજનકર્ત્ર્યૈ નમઃ । - શ્રીવ્રજપરિક્રમાનું આયોજન કરનારાંને નમન.
૩૮. શ્રીડાભાવેદિકાસ્થાપકાયૈ નમઃ । - શ્રીડાભાબેઠકની (વેદિકા-બેઠકજી) સ્થાપના કરનારાંને નમન.
૩૯. શ્રીનિઃસાધન દરિદ્રજનકારુણિકાયૈ નમઃ । - શ્રીનિઃસાધન દરિદ્રજન પ્રત્યે કરુણા ધરાવનારાંને નમન.
૪૦. શ્રીદીનવિહીનોત્કર્ષસેવાપરાયણાયૈ નમઃ । - શ્રીદીનવિહીનોના ઉત્કર્ષ માટે આતુરને નમન.
૪૧. શ્રીવ્રજધામાધ્યાત્મિકકેન્દ્રસ્થાપકાયૈ નમઃ । - શ્રીવ્રજધામ-આધ્યાત્મિક કેન્દ્રની સ્થાપના કરનારાંને નમન.
૪૨. શ્રીગિરિરાજસેવાલાલસાયૈ નમઃ । - શ્રીગિરિરાજની સેવા કરવા માટે આતુરને નમન.
૪૩. શ્રીપુષ્ટિપરિષત્કાર્યપ્રવૃત્તિપરાયણાયૈ નમઃ । - શ્રીપુષ્ટિમાર્ગીય આં.રા. વૈષ્ણવ પરિષદની પ્રવૃત્તિમાં તત્પરને નમન.
૪૪. શ્રીસ્વદેશવિદેશેષુપુષ્ટિતાત્પર્યજ્ઞાપકાયૈ નમઃ । - શ્રીદેશવિદેશમાં પુષ્ટિરહસ્યનો બોધ કરનારાંને નમન.
૪૫. શ્રીપુષ્ટિપરિષત્કાર્યપ્રોત્સાહનપ્રદાયિન્યૈ નમઃ । - શ્રીપુષ્ટિમાર્ગીય આં. રા. વૈષ્ણવ પરિષદને પ્રેરણા-પ્રોત્સાહન આપનારાંને નમન.
૪૬. શ્રીસ્વદેશવિદેશેષુ સત્સંગમંડલસ્થાપકાયૈ નમઃ । - શ્રીદેશવિદેશમાં સત્સંગમંડલ સ્થાપના કરાવનારાંને નમન.
૪૭. શ્રીવિવિધશિક્ષાકલાનિપુણાયૈ નમઃ । - શ્રીવિવિધકલા-શિક્ષણમાં નિપુણને નમન.
૪૮. શ્રીનેત્રયજ્ઞપ્રવૃત્તિપ્રેરણાપ્રદાયિન્યૈ નમઃ । - શ્રીનેત્રયજ્ઞપ્રવૃત્તિને પ્રેરણા આપનારાંને નમન.
૪૯. શ્રીદુષ્કાલપીડિતજનસહાયકર્ત્ર્યૈ નમઃ । - શ્રીદુકાળપીડિતોને સહાય કરનારાંને નમન.
૫૦. શ્રીપ્રકૃતિપ્રકોપગ્રસ્તજનસહાયકારિણ્યૈ નમઃ । - શ્રીકુદરતીકોપથી પીડિતોને સહાય કરનારાંને નમન.
૫૧. શ્રીલાતુરગ્રામ વિદ્યાલય સ્થાપકાયૈ નમઃ । - શ્રીલાતુરગામમાં વિદ્યાલય સ્થાપના કરાવનારાંને નમન.
૫૨. શ્રીવૈદકીયાર્વાચીનસંશોધન કેન્દ્ર સ્થાપકાયૈ નમઃ । - શ્રીમેડિકલ અદ્યતન સંશોધનકેન્દ્ર સ્થાપનારાંને નમન.
૫૩. શ્રીભક્તિભવાનીગ્રામપુનર્નિર્માણકર્ત્ર્યૈ નમઃ । - શ્રીભક્તિભવાનીપુરગ્રામનું પુનર્નિર્માણ કરનારાંને નમન.
૫૪. શ્રીઓલાઈકોટ્ટાઈમેડુગ્રામપુર્નિર્માણકર્ત્ર્યૈ નમઃ । - શ્રીઓલાઈકોટ્ટાઈમેડુગામનું પુનર્નિર્માણ કરનારાંને નમન.
૫૫. શ્રીભાગવતમર્મજ્ઞાયૈ નમઃ । - શ્રીભાગવતનો મર્મ જાણનારાંને નમન.
૫૬. શ્રીનિર્લિપ્તાયૈ નમઃ । - શ્રીનિર્લેપા (અનાસક્ત)ને નમન.
૫૭. શ્રીનિરતિશયાયૈ નમઃ । - શ્રીઉત્તમ કોટિનાંને નમન.
૫૮. શ્રીસર્વદર્શનવિષયાચાર્યપદવીપ્રાપકાયૈ નમઃ । - શ્રીસર્વદર્શનવિષયાચાર્યપદવી મેળવનારાંને નમન.
૫૯. શ્રીઅનુસ્નાતકોપાધિપ્રાપકાયૈ નમઃ । - શ્રીઅનુસ્નાતક ડીગ્રી પ્રાપ્ત કરનારાંને નમન.
૬૦. શ્રીભાગવતરસાસ્વાદાનુરાગયુતાયૈ નમઃ । - શ્રીભાગવતરસાસ્વાદમાં અનુરાગવાળાંને નમન.
૬૧. શ્રીહવેલી-નંદાલય-મંદિરસ્થાપકાયૈ નમઃ । - શ્રીહવેલી (મંદિર) સ્થાપના કરનારાંને નમન.
૬૨. શ્રીગહનાકરગ્રંથાભ્યાસરતાયૈ નમઃ । - શ્રીગહન અને કષ્ટસાધ્ય ગ્રંથોના અભ્યાસમાં તત્પરને નમન.
૬૩. શ્રીનાનાકાવ્યસંગ્રહરચયિત્ર્યૈ નમઃ । - શ્રીનાનાકાવ્યસંગ્રહો રચનારાંને નમન.
૬૪. શ્રીસેવાકથાદઢાનુરાગયુતાયૈ નમઃ । - શ્રીસેવા અને કથામાં દઢ અનુરાગવાળાંને નમન.

૬૫. શ્રીનાનાગ્રામપ્રવાસપ્રચારતત્પરાયૈ નમઃ । - શ્રીઅનેક ગામોમાં પ્રચાર કરવા પ્રવાસ કરનારાંને નમન.

૬૬. શ્રીપુષ્ટિસંપ્રદાય ગૌરવરૂપિણ્યૈ નમઃ । - શ્રીપુષ્ટિ સંપ્રદાયનાં ગૌરવ સમાંને નમન.

૬૭. શ્રીવાગીશવંશવિશારદાયૈ નમઃ । - શ્રીવાગીશ-વલ્લભવંશનાં વિશારદને નમન.

૬૮. શ્રીપુષ્ટિમાર્ગસૃષ્ટિવિભૂતિરૂપાયૈ નમઃ । - શ્રીપુષ્ટિસૃષ્ટિના વિભૂતિરૂપાંને નમન.

૬૯. શ્રીપુષ્ટિમર્મસંશોધનપ્રેરણાકર્ત્ર્યૈ નમઃ । - શ્રીપુષ્ટિમર્મસંશોધન પ્રેરણા કરાવનારાંને નમન.

૭૦. શ્રીજનસ્વાસ્થ્યહેતુ-અલ્પમૂલ્યૌષધિ વ્યવસ્થાકર્ત્ર્યૈ નમઃ । - શ્રી જનસ્વાસ્થ્યના હેતુ માટે ઓછા દરે દવા મળે તેવી વ્યવસ્થા કરનારાંને નમન.

૭૧. શ્રીમધ્યમવર્ગવ્યક્તિહિતસેવાકાર્યતત્પરાયૈ નમઃ । - શ્રીમધ્યમવર્ગના હિત માટે સેવાકાર્યમાં તત્પરને નમન.

૭૨. શ્રીનાનાવિધ સત્સંગગૃહ નિર્માણ કર્ત્ર્યૈ નમઃ । - શ્રીઅનેકસત્સંગભવન સ્થાપનારાંને નમન.

૭૩. શ્રીવિવિધ વેદિકાયાત્રાયોજનકારિણ્યૈ નમઃ । - શ્રીઅનેક બેઠકોની યાત્રાઓનું આયોજન કરનારાંને નમન.

૭૪. શ્રીમોરબી વેદિકા જીર્ણોદ્ધારકારિણ્યૈ નમઃ । - શ્રીમોરબી બેઠકજીનો જીર્ણોદ્ધાર કરનારાંને નમન.

૭૫. શ્રીવલ્લભભારોગ્યકેન્દ્ર નિર્માણકર્ત્ર્યૈ નમઃ । - શ્રીવલ્લભ આરોગ્ય કેન્દ્રનું નિર્માણ કરનારાંને નમન.

૭૬. શ્રીનાનાવિધસંકુલ નિર્માણતત્પરાયૈ નમઃ । - શ્રીઅનેક સંકુલોનું નિર્માણ કરવા તત્પરને નમન.

૭૭. શ્રીપુષ્ટિમાર્ગીયાધ્યાત્મિકપ્રવૃત્તિકારિણ્યૈ નમઃ । - શ્રીપુષ્ટિમાર્ગીય આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરનારાંને નમન.

૭૮. શ્રીનરહરિસત્સંગભવનનિર્માણકર્ત્ર્યૈ નમઃ । - શ્રીનરહરિસત્સંગ ભવનનું નિર્માણ કરનારાંને નમન.

૭૯. શ્રીવેદાંતાભ્યાસરુચિધારિણ્યૈ નમઃ । - શ્રીવેદાંતાભ્યાસમાં રુચિવાળાંને નમન.

૮૦. શ્રીભગવત્કાર્યાવિરતપરાયણાયૈ નમઃ । - શ્રીભગવત્કાર્યોમાં અવિરત તત્પરને નમન.

૮૧. શ્રીભાગવતાભ્યાસદઢાનુરાગસંયુતાયૈ નમઃ । - શ્રીભાગવતાભ્યાસમાં દઢ અનુરાગવાળાંને નમન.

૮૨. શ્રીલૌકિકલાભત્યાગકર્ત્ર્યૈ નમઃ । - શ્રીલૌકિક લાભનો ત્યાગ કરનારાંને નમન.

૮૩. શ્રીપારલૌકિકલાલસાયુતાયૈ નમઃ । - શ્રીપારલૌકિક લાલસા ધરાવનારાંને નમન.

૮૪. શ્રીબહુમુખિદ્યુતિસંપન્નાયૈ નમઃ । - શ્રીબહુમુખી પ્રભાવવાળાંને નમન.

૮૫. શ્રીસર્વમંગલાયૈ નમઃ । - શ્રીસર્વમંગલાને નમન.

૮૬. શ્રીનિરવશેષવિશ્વમાંગલ્યાભાવયુતાયૈ નમઃ । - શ્રીસમસ્ત વિશ્વનાં માંગલ્યભાવવાળાંને નમન.

૮૭. શ્રીનરહરિરુગ્ણાગારસ્થાપકાયૈ નમઃ । - શ્રીનરહરિ હોસ્પિટલની સ્થાપના કરનારાંને નમન.

૮૮. શ્રીમાતૃકાસેવાસદનનિર્માણકર્ત્ર્યૈ નમઃ । - શ્રીપ્રસૂતિગૃહોનાં (શ્રીમેટરનીટી હોસ્પિટલનાં) નિર્માણ કરનારાંને નમન.

૮૯. શ્રીઆર્યસંસ્કારપ્રતિષ્ઠાપન-તત્પરાયૈ નમઃ । - શ્રીઆર્યસંસ્કારોનાં જતન માટે તત્પરને નમન.

૯૦. શ્રીવિશ્વમાનવસેવા કેન્દ્ર સ્થાપકાયૈ નમઃ । - શ્રીવિશ્વમાનવ સેવા કેન્દ્ર સ્થાપનારાંને નમન.

૯૧. શ્રીસૂર્યસદશદ્યુતિપ્રદાયિન્યૈ નમઃ । - શ્રીસૂર્યસમાન કાંતિ પ્રદાન કરનારાંને નમન.

૯૨. શ્રીચંદ્રસદશશૈત્યકર્ત્ર્યૈ નમઃ । - શ્રીચંદ્રના સમાન શીતળતા કરનારાંને નમન.

૯૩. શ્રીશુભંકરાયૈ નમઃ । - શ્રીશુભ કરાવનારાંને નમન.

૯૪. શ્રીઆશ્રયદાનર્દાવાયૈ નમઃ । - શ્રીઆશ્રયે આવેલાને આશ્રયદાન દેનારાંને નમન.

૯૫. શ્રીવૈષ્ણવમાનસસંસ્થિતાયૈ નમઃ । - શ્રીવૈષ્ણવોના માનસમાં સ્થિતિ કરનારાંને નમન.

૯૬. શ્રીભક્તિબીજવિવૃદ્ધિકારિણ્યૈ નમઃ । - શ્રીભક્તિબીજનું વર્ધન (વૃદ્ધિ) કરનારાંને નમન.

૯૭. શ્રીવલ્લભકુલયશોવર્ધિન્યૈ નમઃ । - શ્રીવલ્લભકુલનો યશ વૃદ્ધિ કરનારાંને નમન.

૯૮. શ્રીસરલસબલસજલત્રિવેણીરૂપિણ્યૈ નમઃ । - શ્રીસરલ સબલ સજલ ત્રિવેણીરૂપાને નમન.

૯૯. શ્રીવિશિષ્ટાદ્‌ભુતોજસધારિણ્યૈ નમઃ । - શ્રીવિશિષ્ટ અને અદ્‌ભુત ઓજસ ધારણ કરનારાંને નમન.

૧૦૦. શ્રીયુગંધરાયૈ નમઃ । - શ્રીયુગપ્રવર્તકાને નમન.

૧૦૧. શ્રીવયોજ્યેષ્ઠયોગ્યગુણધારિણ્યૈ નમઃ । - શ્રીવડીલોને યોગ્ય ગુણ ધારણ કરનારાંને નમન.
૧૦૨. શ્રીસેવા સમર્પણ ભાવ પ્રેરકાયૈ નમઃ । - શ્રીસેવા અને સમર્પણ ભાવની પ્રેરણા કરનારાંને નમન.
૧૦૩. શ્રીમૃદુહૃદયાયૈ નમઃ । - શ્રીમૃદુ-કોમળ હૃદયવાળાંને નમન.
૧૦૪. શ્રીભવાબ્ધિપોતરૂપિણ્યૈ નમઃ । - શ્રીભવસાગર નૌકારૂપાંને નમન.
૧૦૫. શ્રીવ્યસનત્યાગોપદેશકર્ત્ર્યૈ નમઃ । - શ્રીવ્યસનત્યાગ માટે ઉપદેશ કરનારાંને નમન.
૧૦૬. શ્રીનિરાકાંક્ષિણ્યૈ નમઃ । - શ્રીઆકાંક્ષારહિતાને નમન.
૧૦૭. શ્રીનિદિધ્યાસનપરાયૈ નમઃ । - શ્રીનિરંતન ચિંતન કરનારાંને નમન.
૧૦૮. શ્રીવૈષ્ણવપ્રેરણાકર્ત્ર્યૈ નમઃ । - શ્રીવૈષ્ણવોને પ્રેરણા કરનારાંને નમન.
૧૦૯. શ્રીપ્રાચીનાર્વાચીનસંસ્કૃતિસેતુરૂપિણ્યૈ નમઃ । - શ્રીપ્રાચીન અર્વાચીન સંસ્કૃતિના સેતુરૂપાને નમન.
૧૧૦. શ્રીદુઃખાર્ત જન સેવા તત્પરાયૈ નમઃ । - શ્રીદુઃખથી પીડાતા લોકોની સેવા માટે તત્પરને નમન.
૧૧૧. શ્રીગુરુકુલસ્થાપનાતુરાયૈ નમઃ । - શ્રીગુરુકુલસ્થાપના માટે આતુરને નમન.
૧૧૨. શ્રીઅન્નક્ષેત્રસ્થાપનાતુરાયૈ નમઃ । - શ્રીઅન્નક્ષેત્ર સ્થાપવા આતુરને નમન.
૧૧૩. શ્રીશુભ્રકીર્તિધારિણ્યૈ નમઃ । - શ્રીશુભ્રકીર્તિવાળાંને નમન.
૧૧૪. શ્રીનિર્મમાયૈ નમઃ । - શ્રીમમત્વરહિતને નમન.
૧૧૫. શ્રીનિર્મલાયૈ નમઃ । - શ્રીદોષરહિતને નમન.
૧૧૬. શ્રીગીતસંગીતકીર્તનરુચિધારિણ્યૈ નમઃ । - શ્રીગીતસંગીત કીર્તનમાં રુચિ ધરાવનારાંને નમન.
૧૧૭. શ્રીકીર્તનરસાસ્વાદપ્રાપકાયૈ નમઃ । - શ્રીકીર્તનનો રસાસ્વાદ પ્રાપ્ત કરનારાંને નમન.
૧૧૮. શ્રીકીર્તનરસાસ્વાદકારકાયૈ નમઃ । - શ્રીકીર્તનનો રસાસ્વાદ કરાવનારાંને નમન.
૧૧૯. શ્રીશ્વેતવસ્ત્રધારિણ્યૈ નમઃ । - શ્રીશ્વેતવસ્ત્રો ધારણ કરનારાંને નમન.
૧૨૦. શ્રીશ્રોત્રપેયપાથેય પ્રદાયિન્યૈ નમઃ । - શ્રીકર્ણદ્વારાપાન કરવા યોગ્ય પાથેય (ભાથું) દેનારાંને નમન.
૧૨૧. શ્રીવિધેયજ્ઞાયૈ નમઃ । - શ્રીસ્વકર્તવ્ય જાણનારાંને નમન.

* * *

પરમવિદુષી, કૃપાસાગર, પરમદયાલ એવાં
પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ઈન્દિરાબેટીજી મહોદયાને
'નિકુંજનાયક શ્રીનાથજી' સચિત્ર ગ્રંથશ્રેણીનો આ પાંચમો ગ્રંથ
સાદર, સદૈન્ય, સસ્નેહ દંડવત્ પ્રણામ નિવેદન સહિત સમર્પણ કરું છું.

- રેખાબેન ભરતભાઈ રાજપોપટ

* * *

સાદર સમર્પણ

પૂ. પા. ગો. ૧૦૮ શ્રી નિકુંજલતાબેટીજી મહોદયા (સુરત-મુંબઈ)

સાદર સમર્પણ

પૂ.પા.ગો. ૧૦૮ શ્રીનિકુંજલતા બેટીજી મહોદયા (સુરત-વડોદરા)

ઈ.સ. ૧૯૮૦માં અમે અફઘાનિસ્તાનમાં કાબુલમાં રહેતાં. તે સમયે ત્યાં અવારનવાર રાજપલટા આવતા, તેથી જીવનથી ભરમાયેલી, કરમાયેલી, ભયભીત, દુઃખની પરંપરામાં ઝૂરતી એવી મને, બાળકોના ભવિષ્યની ચિંતા જાણે ચિતા સમાન દાહ દેતી. સંતાપથી તપેલી, દુઃખથી દાઝેલી, મનથી મલિન, મતિથી મૂંઝાયેલી, શરીરે શિથિલ, નસીબની નબળી, માત્ર જીવવા મથનાર સામાન્ય સંસારી હું હતી. 'ભ' ભરતનો, 'ભ' ભારતનો કે 'ભ' ભગવાનનો પણ થાય એવી જેને સમજ ન હતી એવી હું કર્મને કોસતી, સદા બાળકોના કલ્યાણને ઈચ્છતી જીવી રહી હતી.

પ્રથમ મિલન :

૧૯૮૦માં મુંબઈમાં પાર્લા મુકામે દ્વિતીય પાટોત્સવના દિવસે પૂ.પા. શ્રી નિકુંજલતા બેટીજી સત્સંગાર્થે પધાર્યાં હતાં. આપે દ્વિતીય પાટોત્સવનો મહિમા સમજાવતાં વચનામૃત કર્યાં. એ વચનનું અમૃત મારે માટે જીવનનું અમૃત બન્યું.

વચનામૃતની અમીવર્ષા બાદ આપશ્રીએ ત્યાં બિરાજતા શ્રીજીબાવાને સામગ્રી આરોગાવી. કીર્તનની રમઝટ સાથે પ્રભુને વસંતખેલ ખેલાવ્યા. બાદમાં, અબીલ-ગુલાલ ઊડાડી વૈષ્ણવોને પણ ખેલાવ્યા. હું તો બધું દુઃખ વિસરી ગઈ. ભાન ભૂલી જીજીમાનાં ચરણો પકડી લીધાં. અશ્રુધારાથી જાણે ચરણ પ્રક્ષાલન થઈ રહ્યું હતું. અનોખો આહ્લાદ હતો. શ્રીચરણસ્પર્શે આત્મીયતા દીધી. હવે આપ મારે માટે શ્રીનિકુંજલતા બેટીજીમાંથી વહાલસોયાં જીજીમા બન્યાં. કરુણા તથા પ્રેમથી આપે મને શ્રીચરણોમાંથી ઊઠાવી, પોતાના હૃદયે લગાવી. વિશેષ અનુગ્રહ કર્યો. આપના શ્રીહસ્તમાં રહેલ અબીલ-ગુલાલ આપે મારા મુખ ઉપર લગાવ્યા. મારાથી પણ ન રહેવાયું. મેં પણ અબીલ-ગુલાલ લીધા અને જીજીમાના શ્રીમુખે લગાવ્યા. અનોખા ખેલનો, ખેલના બહાને શ્રીઅંગના સ્પર્શનો અદ્‌ભુત આનંદ આપે આપ્યો અને મેં લીધો. ક્યાં લૌકિક સ્પર્શ અને ક્યાં આ અલૌકિક સ્પર્શ!

માંહી પડ્યા તે મહાસુખ માણે, તીરે ઊભા જુએ તમાશો. એવા મહાસુખનો આનંદ જાણે ૨૬ વર્ષોથી હું સતત, આજે પણ અને હમણાં પણ અનુભવી રહી છું.

મારા જેવા સામાન્ય, વિષાદયુક્ત સંસારી જીવ ઉપર અકારણ કૃપા કરી આપે શ્રીઅંગનો સ્પર્શ દીધો. ઉદ્વેગ દૂર કરી મને સ્વકીયતાનું દાન દીધું. માત્ર જીવવા મથનારને સ્નેહથી 'ભ' એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય જેવા ષડ્‌ગુણ સંપન્ન ભગવાનમાં પ્રીતિનું દાન દીધું. 'મધુરાધિપતેરખિલં મધુરમ્'નું મધુર મિલન 'નિકુંજ'માં કરાવ્યું.

ત્યારબાદ વ્હાલથી બાજુમાં બેસાડી ''ચતુર્ભિશ્ચ, ચતુર્ભિશ્ચ, ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા, ષડ્‌ભિર્વિરાજતે યોસૌ પંચધા હૃદયે મમ'' એ શ્લોકનો અર્થ રમતમાત્રમાં સમજાવી, ભગવાનને મારા હૃદયમાં ખેલતા કરી દીધા. શ્રીમદ્ ભાગવતમાં બિરાજતા પ્રભુને જાણવા-માણવાની તીવ્ર લાલસા જગાડી દીધી.

'શૃંગ-વેદ-પુર' અપભ્રંશ થતાં બન્યું 'સિંગાપુર'. ઈ.સ. ૧૯૮૪માં ભારતથી કોસો દૂર સિંગાપુર પધારી શ્રીમદ્ ભગવદ્ ગીતાના ભક્તિયોગ નામના બારમા અધ્યાય ઉપર વચનામૃત કરી, ભક્તિમય જીવન જીવવાની પ્રેરણા આપી. નીતિથી જીવવા પ્રેરણા મળી. ભીતિ બધી ટળી. 'કૃષ્ણસેવા સદા કાર્યા'ની રીતિ સમજાવી. પ્રીતિ કૃષ્ણ એ જ શ્રીનાથજીમાં કરાવી. શીતલતાનો, પ્રફુલ્લતાનો, રસાલતાનો અનુભવ કરાવ્યો. પુષ્ટિ સંપ્રદાયના એક માત્ર ઈષ્ટદેવ, આરાધ્યદેવ, શ્રીનંદનંદન, શ્રીયશોદોત્સંગલાલિત, શ્રીગોપીજનવલ્લભ, પરાત્પર પરબ્રહ્મ, સદાનંદ, લોકવેદાતીત શ્રીનિકુંજનાયક શ્રીનાથજી- 'રસો વૈ સઃ' - રસરૂપ વ્રજાધીપ કૃષ્ણના સ્વરૂપાનંદની અભિલાષા જગાડી.

આપે ૧૯૮૬માં સહજ પ્રીતિથી, મારા જીવન વનને વૃંદાવન બનાવવા ભારતથી સેવાની વર્ષભરની પ્રણાલિકા સ્વહસ્તે લખી, અરૂણાબેન વૈષ્ણવ સાથે મને સિંગાપુર મોકલી. અરૂણાબેન લઈ તો આવ્યાં, પણ મારાથી સાવ અજાણ, આવડા મોટા સિંગાપુરમાં મને ક્યાં શોધે? કારણ એમની પાસે નહોતું મારું એડ્રેસ કે નહોતો ટેલિફોન નંબર! વળી તેઓ ૪-૫ દિવસ માટે સિંગાપુર ફરવા જ આવેલાં. એમાં ત્રણ દિવસ તો વ્યતીત થઈ ગયા. માત્ર બે દિવસ બાકી હતા. અરૂણાબેન ચિંતિત હતાં કે રેખાબેનને ક્યાં શોધવાં? તે જમાનામાં એસ.ટી.ડી. કે મોબાઈલ પણ નહતા કે ભારત ફોન કરીને પૂછે.

તે દિવસે અરૂણાબેન હાઈસ્ટ્રીટ સેન્ટરની એક સાડીની દુકાનની બહાર ચિંતામાં ઊભાં હતાં. અમારી ઓફિસ પણ તે જ મકાનમાં હતી. હું રોજ અનોસર પછી ઓફિસ જતી. મારી નજર તે દિવસે અરૂણાબેન ઉપર પડી. તેમની નજર મારી ઉપર પડી. બંનેએ એકબીજાના ગળામાં તુલસીની કંઠી જોઈ. એકબીજા તરફ આકર્ષાયાં. તેમણે ઉતાવળે પૂછ્યું : 'તમે વૈષ્ણવ છો ને?'

'હા, વૈષ્ણવ થવાનો પ્રયત્ન કરું છું' હજુ તો મારું વાક્ય પૂરું થાય તે પહેલાં પૂછે છે : 'તમે રેખાબેન રાજને ઓળખો છો?'

'હા, હું જ રેખાબેન રાજ છું.' તેઓ તો આશ્ચર્યચકિત થઈ ગયાં. મને ભેટી પડ્યાં. પોતાની સાથે આવનાર બધાંને બોલાવી મુગ્ધભાવે કહેવા લાગ્યાં : 'અરે, જુઓ આ રેખાબેન. આપણને મળી ગયાં.' બધાંના રોમ રોમ નાચી ઊઠ્યાં.

'પૂ.શ્રી નિકુંજલતા બેટીજીએ આ સંપેતરું તમારે માટે મોકલ્યું છે. મારી રેખાને આપજો એમ કહ્યું છે. તમારું એડ્રેસ કે ફોન નંબર ન હતાં. તેથી એમ હતું કે આ સંપેતરું પાછું લઈ જવું પડશે. જીજીને હું શું જવાબ આપીશ? પણ જુઓ આ પ્રભુની અદ્‌ભુત લીલા.'

અરૂણાબેને પર્સમાંથી રેશમી વસ્ત્રમાં બાંધેલો એક નાનો ગ્રંથ મારા હાથમાં આપતાં કહ્યું : 'તમે ન મળ્યાં હોત તો હું જીજીમાનું આટલું નાનું કાર્ય પણ ન કરી શકી હોત.'

આમ ૧૯૮૬માં જીજીમાએ પ્રભુ સુખાર્થે સેવાની પ્રણાલિકા 'ઈતિ મે મતિ' મને મોકલી. પ્રભુની સેવાની પુષ્ટિ રીતિ વાંચી, ગોસ્વામી બાલકના હસ્તાક્ષરોમાં વાંચી, અકારણ મારી ઉપર કરેલી, કૃપાના અનુભવે મન નાચી ઊઠયું. સેવાની રીતિ વાંચતા, પ્રભુમાં પ્રીતિ થતાં શરીરમાં રોમાંચ થયું. વાણી ગદ્‌ગદ્‌ થઈ. અશ્રુધારા વહેવા લાગી. મનોમન સદૈવ, સદૈન્ય, સસ્નેહ, સાદર યથાશક્તિ મારાં પ્રેમાળ નિકુંજજીજી પ્રસન્ન થાય તેવું જીવન જીવવાનો મનોરથ થયો. સમર્પણની ભાવના સાથે મન પોકારી ઊઠ્યું : 'હા જીજીમા, કરિષ્યે વચનં તવ.'

હજી તો આ શાસ્ત્રવચન હૃદયમાં રમતું હતું ત્યાં તો જાણે આંતર આદેશ થયો. મારે માટે તે આદેશ મહાવાક્ય બન્યું. 'રેખા ઊઠ, તુઝે બહોત કુછ કરના હૈ.' આ વાક્ય ગુંજ્યા તો કરે પણ કાંઈ સૂઝે નહિ કે શું કરવાનું છે?

દરમ્યાનમાં પંડિત જસરાજજી સાથે નાથદ્વારા જવાનું થયું. તિલકાયત પૂ.પા. શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીનો જન્મદિવસ હતો. વહુજી મહારાજે સુંદર આયોજન કર્યું હતું. પંડિત જસરાજજીનો સંગીત સંધ્યાનો કાર્યક્રમ હતો. હું પણ તેમાં આમંત્રિત હતી. અમે ભીતર ગયાં. તિલકાયતશ્રીના યુગલ સ્વરૂપનાં શ્રીચરણોમાં બેસવાનો સુઅવસર પ્રાપ્ત થયો. અચાનક મહારાજશ્રી સાથે વાત કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો. મેં મારી વેદના જણાવી. મારા કાનમાં સતત ગુંજતા મહાવાક્યની વાત કરી. 'રેખા ઊઠ. તુઝે બહોત કુછ કરના હૈ.' મહારાજશ્રીએ તરત મુસ્કાન સાથે આશીર્વાદ આપ્યા. 'રેખા, તુઝે કુછ અનોખા કરના હૈ.' અસ્પષ્ટ આશીર્વાદ! વધારે મૂંઝાઈ. વહુજી મહારાજે આજ્ઞા કરી : 'રેખા, ચિંતિત ન હો. શ્રીજીબાવા હી તુમ્હે જતાયેંગે.' ત્યાં તો છૂટા પડવાનો સમય થયો.

ઉતારે આવ્યાં. બીજા દિવસે મંગળામાં મારાથી મનોમન શ્રીજીને પૂછાઈ ગયું : 'મારે શું કરવાનું છે તે આપ ક્યારે જતાવશો?' ત્યાં તો શ્રીજીના નયનમાંથી જ્યોતિ પ્રગટીને ધીરે ધીરે મારી તરફ આવી. હું એ જ્યોતિને મારી તરફ આવતી

જોતી રહી. અચાનક એ જ્યોતિ મારા નેત્રોમાં પ્રવેશી ને મારા આખા અંગેઅંગમાં પ્રસરી ગઈ. મંગળાઆરતી વખતની આ વાત. આરતી પૂરી થઈ. દર્શનાર્થીઓની ખૂબ ભીડ પણ મને તો એ ભીડની ખબર પણ ન પડી. હું ને શ્રીજીબાવા જાણે વાતોમાં ઓતપ્રોત હતા. દર્શન બંધ થયાં. મારે શ્રીજીબાવાથી બિછડવું પડ્યું. હું હોશ સંભાળું તે પહેલાં પંડિત જસરાજજી કીર્તનીયા ગલીમાંથી બહાર આવ્યા. મને મુંબઈ પાછા જવાની આજ્ઞા લેવા ભીતર મહારાજશ્રી પાસે લઈ ગયા. પૂ. મહારાજશ્રીએ સ્વહસ્તે પ્રસાદી માળાજી અને બીડાં આપ્યા. મૌન રહેવા છતાં ઘણું બધું સમજાવી દીધું. આ પછી હું ૧૧ વર્ષ સુધી નાથદ્વારા જઈ ન શકી, પણ પ્રભુએ મને સિંગાપુર બેઠાં બેઠાં બધો અનુભવ કરાવ્યો.

બધાં સંભારણા લઈ સિંગાપુર આવી. પૂ. જીજીમા પાસેથી મળેલો કૃષ્ણસેવા સદા કાર્યાનો ગ્રંથ મારા પૂરતો સિમિત ન રહે પણ એ રસો વૈ સઃ, યશોદોત્સંગલાલિતની સેવાનો આનંદ આપણે સર્વે અનુભવીએ તે માટે આ ગ્રંથો રચાવાની શરૂઆત થઈ. બાર મહિનાના બાર ગ્રંથો તૈયાર થયા. હરિ-ગુરુ-વૈષ્ણવની કૃપાથી અને શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટ દ્વારા ચિ. અમિત અને પ.ભ. શ્રીમતી વસંતબેનના મહત્ પ્રયાસોથી પ્રથમ ગ્રંથ છપાઈને તૈયાર થયો. એ વર્ષે પૂ. શ્રી નિકુંજજીજીનો ૬૦મો વર્ષોત્સવ હતો અને પ્રથમ ગ્રંથનું વિમોચન હતું. જેમની પ્રેરણાથી ગ્રંથ રચાયા, તેમની ષષ્ઠીપૂર્તિના દિવસે ગ્રંથ વિમોચન વિધિ થયો. પૂ. જીજીને વધાઈ નિમિત્તે શું આપું? મારી પ્રબળ ઈચ્છા ગ્રંથ સમર્પણ તરફ ગઈ. પૂ. જીજીને ગ્રંથ સમર્પણ કરું, પરંતુ એટલાથી મનને પ્રસન્નતા ન થઈ. ગ્રંથ સમર્પણથી વિશેષ કરવા મન પ્રેરાયું ને શરણાગતિએ સરળતાથી સુંદર સમજ આપી. ગ્રંથને એવું નામ આપવું જેમાં જીજીમાનું નામ ગ્રંથ સાથે હંમેશ માટે વણાઈ જાય. 'કૃષ્ણસેવા સદા કાર્યા'ને બદલે ગ્રંથનું નામકરણ ષષ્ઠીપૂર્તિની ભેટ નિમિત્તે થયું : ***'નિકુંજનાયક શ્રીનાથજી.'***

પોષ માસમાં આપનો જન્મદિવસ આવે. તેથી મારા જીવનનો ઉત્કર્ષ સાધનાર અતિશય દયાલ, કૃપાસાગર **પૂ. પા. ગો. ૧૦૮ શ્રી નિકુંજલતાબેટીજી મહોદયા**ને 'નિકુંજનાયક શ્રીનાથજી' સચિત્ર ગ્રંથશ્રેણીનો આ પાંચમો ગ્રંથ સાદર, સદૈન્ય, સસ્નેહ, દંડવત્ પ્રણામ નિવેદન સહિત સમર્પણ કરું છું.

- રેખાબેન ભરતભાઈ રાજપોપટ

* * *

પ્રસ્તાવના

શીતકાલ સુહાવનો લાગે

'પોષ અસિત નૌમિકો શુભદિન લગે સરસ જહાં સીત.'

હેમન્ત ઋતુ અર્થાત્ અતિ ગાઢ શીતકાલ. શીતકાલીન સેવામાં પ્રભુ સુખાર્થે નિત્ય નૂતન પૌષ્ટિક સામગ્રી ધરાય છે. શૃંગારમાં સોનાના, વિશેષતઃ જડાવના શૃંગાર ધરાય છે. વધાઈનાં, હિલગનાં, મિષાન્તરનાં, માનનાં, ખંડિતાનાં, વ્રતચર્યાનાં, ચિત્રસારીનાં, રંગમહલ આદિનાં પદો ગવાય છે.

આ માસની સેવામાં લલિત કલાત્મક વસ્ત્રો ધરાય છે. વિશેષતઃ લાલ અનુરાગભર્યાં વસ્ત્રો - દોહરી, તિહરી ગદલો વગેરે ધરાય છે. લલિત ભોગ સામગ્રી - ઉડદકી દાલ, બાજરીકા ટિકડા, ચૂરમા, સૌભાગ્યસૂંઠ, અદરકના પ્રકારો, તીલવા (મકરસંક્રાન્તિ વિષયક સામગ્રી) વગેરે પૌષ્ટિક સામગ્રી પ્રભુ સુખાર્થે ધરાય છે. ૪ બારસોએ મંગલ ભોગમાં તવાપુરી, થુલી, ગુડકલ, વેંગણની જાતજાતની સામગ્રી - વેંગણભાત વગેરે, ઉપરેટા, ભરમા, ભુજૈના, આખા ભરેલા રિંગણ, ખીર, ગોળ-ઘીની કટોરી વગેરે ધરાય છે. બારસની ચોકી - મંગલભોગમાં સખડીની વિશેષ સામગ્રીનો ભોગ - આ માગશર માસ અર્થાત્ ગોપમાસ અને પોષમાસની - ધનુર્માસની - વિશેષતા છે. ગોપમાસ તથા ધનુર્માસની ૪ બારસોએ મંગલભોગમાં પ્રભુને સખડીની પૌષ્ટિક સામગ્રીઓ ધરાય છે. જ્યાં માત્ર પ્રભુના સુખનો જ વિચાર ત્યાં જ રસાત્મક પુષ્ટિમાર્ગ. પ્રભુના સુખનો વિચાર એ જ પુષ્ટિમાર્ગ.

આ માસની સંપૂર્ણ સેવા પ્રભુ સુખાર્થે શ્રીલલિતાજીની આડીથી થાય છે.

'વ્રજપતિકી સ્વામિની યહ પ્રકટી લલિતા નામ ધરાઈ.'

'તાંબૂલ ભક્તિ લલિતાં, લલિતાં નમામિ।'

આ લલિતાજી યુગલ સ્વરૂપની પ્રિય સખી છે. સદા તામ્બૂલ (પાન બીડાં) આરોગાવવાની સેવામાં રત રહે છે. તેમજ અન્ય સેવાની તક ઝડપી સર્વદા સેવામાં તત્પર રહે છે.

લલિતાજીનું પ્રાકટ્ય ભૂતલ ઉપર દામોદરદાસ હરસાનીજી સ્વરૂપે થયું. વાર્તાપ્રસંગમાં આવે છે કે શ્રીવલ્લભ સ્વમુખે આજ્ઞા કરતા કે 'દમલા, યે માર્ગ તેરે લિયે પ્રગટ કિયો હૈ.'

આવા દામોદરદાસ હરસાનીજીનું નામાભિધાન પામેલા શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટે માર્ગની રીત પ્રમાણેની સેવા પ્રણાલિનું પુસ્તક પ્રકાશિત કરવાનું - 'નિકુંજનાયક શ્રીનાથજી' સચિત્ર ગ્રંથશ્રેણીના પ્રકાશનનું ભગીરથ કાર્ય હાથ ઉપર લીધું છે. શ્રીવલ્લભ અને દામોદરદાસ હરસાનીજીની આડીથી આ કાર્ય થઈ રહ્યું છે તેમજ શ્રી રમેશભાઈના મનોરથ સ્વરૂપે આ કાર્ય સિદ્ધ થઈ રહ્યું છે, તેનો આનંદ છે.

- રેખાબેન ભરતભાઈ રાજપોપટ

✿ ✿ ✿

અનુક્રમ

ચિત્રજી અને ચિત્રજી પરિચય : માગશર માસ

ચિત્રજી અને ચિત્રજી પરિચય : પોષ માસ

પરિશિષ્ટ - ૧ : કીર્તન

પરિશિષ્ટ - ૨ : જેંવત લલના લાલ સંગ (સામગ્રીની રીત)

પરિશિષ્ટ - ૩ : આરતી



ચાલો તો શ્રીજી જઈએ રે,
શ્રીમુખ સુંદર જોવાને...

વ્રજ : માગશીર્ષ શુક્લ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ એકમ



યોગેશ માણેકલાલ શાહ તથા નીકેતા યોગેશ શાહ (વડોદરા)ના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ પ્રતિપદા

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર સુદ એકમ

વસ્ત્ર : શ્યામ રંગનો શ્વેત કસોવાળો ગદલ ધર્યો છે. ગાદી-તકિયા ઉપર પણ શ્યામ રંગની બિછાવટ થઈ છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર શ્યામ રંગની પાગ, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે. બીજા કોઈ શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષ સામગ્રીમાં મગના લોટનો મોહનથાળ ધરાય છે. આપણે ઋતુ અનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલાભોગ સરે : (રાગ : ભૈરવ)** (આ કીર્તન દરરોજ મંગલભોગ સર્યા પછી ગવાય છે.)

(રચના : શ્રીગુસાંઈજી)

મંગલ મંગલં વ્રજભુવિ મંગલમ્ ।
મંગલમિહ શ્રીનંદયશોદા નામ સુકીર્તનમેતદ્ રુચિરોત્સંગ સુલાલિત પાલિત રૂપમ્ ॥૧॥
શ્રી શ્રીકૃષ્ણ ઈતિ શ્રુતિ સારં નામ સ્વાર્તજનાશય-તાપાપહમિતિ મંગલરાવમ્ ।
વ્રજસુંદરીવયસ્ય સુરભીવૃંદ-મૃગીગણનિરુપમભાવા મંગલસિંધુ ચયાયમ્ ॥૨॥
મંગલમીષત્ સ્મિતયુતમીક્ષણ-ભાષણ મુન્નતનાસાપુટગત-મુક્તાફલ ચલનમ્ ।
કોમલચલદંગુલિદલ સંયુત - વેણુનિનાદવિમોહિત વૃંદાવન ભુવિ જાતા ॥૩॥
મંગલમખિલં ગોપી શિતુરતિમંથરગતિ વિભ્રમ-મોહિત રાસ સ્થિત ગાનમ્ ।
ત્વં જય સતતં શ્રીગોવર્ધનધર પાલય નિજદાસાન્ ॥૪॥

મંગલા : (રાગ : રામકલી)

મોહન દૈહો વસન હમારે ।
જાય કહો વ્રજપતિજુ કે આગે કરત અનીત લલારે ॥૧॥
તુમ વ્રજરાજ કુમાર લાડિલે ઔર સબહિન કે પ્રાણ પિયારે ।
ગોવિંદપ્રભુ પિય દાસી તિહારી સુંદરવર સુકુમારે ॥૨॥

શૃંગાર : (રાગ : રામકલી)

હારિ માની નાથ અંબર દીજે ।
નંદ નંદન કુંવર રસિક મનહરન સુનહુ ગિરિવરધરન નીતિ કીજે ॥૧॥
સકલ વ્રજનાગરી દાસી તુમ્હારી સદા તન માંઝ સીત અતિ હોત ભીંજે ।
છીતસ્વામી અમિત ગુન-ગનનિ આગરે વિનતી કરતિ સબૈ માની લીજેં ॥૨॥

નંદલાલસોં મેરો મન માન્યો કહા કરેગો કોયરી,
હોં તો ચરનકમલ લપટાની જો ભાવે સો હોયરી.

વ્રજ : માગશીર્ષ શુક્લ પ્રતિપદા **રાજભોગ દર્શન** ગુજરાતી : માગશર સુદ એકમ



પ્રાતઃકાલ પ્યારે લાલ પાગ બંધાવત બાલ દિખાવત દર્પન રહ્યો લસિ,
સુંદર નવ કરનમેં મંજુ મુકુરકી છબિ રહી ફબિ માનો ગહિ આન્યો હૈ બિંબ કમલન સસિ.

આજના શૃંગાર : પાગ-કતરો અને સૂથન-ચાકદાર

સાજ : ગુલાબી રંગની સાટીનની, રૂપેરી જરીના તોઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણ ચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. સિંહાસન, ચોકી, પડઘા, ઝારીજી અને બંટાજી વગેરે જડાવ સોનાનાં ધર્યાં છે. રાજભોગ સર્યા પછી ઉત્થાપન સુધી નીચે સન્મુખમાં ચાંદીના ત્રસ્ટી ધરાય છે. શીતકાલ હોવાથી નીચે જમીન ઉપર લાલ તેહ બિછાવવામાં આવી છે. (તેહ = રૂ ભરેલી ગાદી) આવી તેહ શીતકાલમાં શૈયાજી નીચે પણ બિછાવવામાં આવે છે.

વસ્ત્ર : ગુલાબી રંગનાં, રૂપેરી જરીની તોઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો તથા મોજાં ધરાયાં છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લાલ રંગની જરીની પાગ ઉપર શિરપેચ તથા જમાવ (નાગફણી)નો કતરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને લાલ ગુલાબનાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી તથા બે વેત્રજી (છડી) ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : તોડી)**

અબહી ડાર દેરે ઈંડુરિયા મેરી પચરંગ પાટકી ।
હાહાખાત તેરે પૈયા પરત હો ઈતનો લાલચ મોહિ મથુરા નગરકે હાટકી ॥૧॥
જો ન પત્યાઉ જાય કિન દેખો મનમોહન હૈજુ નાટકી ।
મદન મોહન પિય ઝગરો કૌન વધ્યો સો દેખેંગી લુગાઈ વાટકી ॥૨॥

શયન દર્શન : (રાગ : નાયકી)

મેરો પિય રસીયારી સુનરી સખી તેરો દોષ નાહી ।
જો દેખત સો મોહિ જાતહી કોન કોન કે જાન વસિયારી ॥૧॥
ઐસી કોન ત્રીય જિન પિય બસ કર લીને નેકુચિતે હસિયારી ।
પરમાનંદ પ્રભુ કુંવર લાડિલો અબહિ કછુ ભીંજત મસિયારી ॥૨॥

મનોરમાબેન કનૈયાલાલ મકીમ (અમદાવાદ)ના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ બીજ



શ્યામ શ્યામા પ્રાત ઉઠ બૈઠે અરસ પરસ દોઉ કરત સિંગાર,
લટપટી પાગ સઁવારત શ્યામા અલક સઁવારત નંદકુમાર.

વ્રજ : માગશીર્ષ શુક્લ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર સુદ બીજ

વસ્ત્ર : બદામી રંગની જરીનો, લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની જરીની પાગ, લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષ સામગ્રીમાં મેંદાની બુંદીના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : ખટ)** (આજે દિવસભર ચંદ્રમાના ભાવનાં કીર્તનો ગવાય છે.)

આજ નંદલાલ મુખચંદ નયન નિરખ પરમ મંગલ ભયો ભવન મેરે ।
કોટિ કંદર્પ લાવણ્ય એકત્ર કર વારુ તબહી જબ નેકે હેરે ॥૧॥
સકલ સુખસદન હરષિત વદન ગોપવર પ્રબલ મદનદલ સંગ ઘેરે ।
કહો કોઉ કૈસેહુ નહિ સુધ બુધ બને, **ગદાધર મિશ્ર** ગિરિધરન ટેરે ॥૨॥

શૃંગાર : (રાગ : ભૈરવ)

ચમક આયો ચંદસો મુખ કુંજ તે જબ નિકસી ।
સુંદર સાવરો કિશોર મોહન લાગ રહે ચકોર, લલિતાદિક કુમુદાવલિ નિરખ નયન વિકસી ॥૧॥
પહેરે તન શ્વેત સારી માનો શરદ ઉજિયારી, માનો સુધાસિંધુ મધ્ય દામિની ધસી ।
કહત ભગવાન **હિતરામરાય** પ્રભુ સારી, વશ કીને કુંજબિહારી છબિ નિરખ મંદ હસી ॥૨॥

સરલાબેન નવનીતલાલ દેસાઈ (મુંબઈ)ના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ બીજ



સખી નંદકો સાંવરો મેરો ચિત્ત ચોર જાયરી,
રૂપ અનુપ દિખાય કે સખી ગયો હૈ અનાચક આયરી.

આજના શૃંગાર : પાગ-કતરો અને સૂથન-ઘેરદાર

સાજ : શ્યામ મખમલની પિછવાઈમાં ચંદ્ર અને તારાનું સિલમા સિતારાનું રૂપેરી ભરતકામ થયેલું છે. ઉપરાંત શ્રીસ્વામિનીજી અને શ્રીચંદ્રાવલીજી શ્રીઠાકોરજીની બંને બાજુ પીરોજી રંગની દુલાઈ ઓઢીને ઠાડાં છે તે પ્રકારનું ચિત્રકામ પિછવાઈમાં થયેલું છે. આજનો શૃંગાર 'ચાર ચંદ્રમાનો' થાય છે. તેમાં એક ચંદ્રમા પિછવાઈમાં છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર શ્વેત બિછાવટ થઈ છે. નીચે જમીન ઉપર સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : રૂપેરી જરીનું સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને મોજાં ધર્યાં છે. મેઘશ્યામ રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો પણ કલાત્મક શૃંગાર થયો છે. હીરા તથા સુવર્ણનાં આભૂષણો ધર્યાં છે. **શ્રીમસ્તક** ઉપર આજે વિશિષ્ટ પ્રકારનો શૃંગાર થયો છે. રૂપેરી જરીની પાગ ઉપર શિરપેચ તથા ચંદ્રનો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ઉપર પણ બીજના ચંદ્રનો કતરો ધર્યો છે. બીજના ચંદ્રના આકારનો સુવર્ણનો જડાવ હાંસ ધર્યો છે અને વક્ષઃસ્થળ ઉપર ચંદ્રહાર ધર્યો છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને રંગબેરંગી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : ગો. તિલકાયત શ્રીગોવર્ધનલાલજી મહારાજે પોતાના ચિ. લાલજી શ્રીદામોદરલાલજીની ભાવના પ્રમાણે ચંદ્રમાના પદો ઉપર આધારિત આ 'ચાર ચંદ્રનો' શૃંગાર વિ.સં. ૧૯૭૪માં આજના દિવસે કર્યો હતો જે શૃંગાર દરેક વર્ષે આ દિવસે નિશ્ચિત રીતે થાય છે.

આ શૃંગાર પાછળ ભાવના એવી છે કે શ્રીઠાકોરજીએ યશોદામાં પાસે બાળપણમાં ચંદ્ર લેવા માટે હઠ કરેલી ત્યારે યશોદામાએ તેમને વક્ષઃસ્થળ ઉપર, શીશ ઉપર, પિછવાઈ ઉપર એમ ચાર ચંદ્ર બતાવ્યા. બીજી ભાવના એવી છે કે શ્રીસ્વામિનીજી નંદાલયમાં અડધો, ઘૂંઘટ રાખી, પોતાના પ્રાણપ્યારા પ્રભુનાં દર્શન કરે છે, તેમના ચંદ્ર સમાન મુખારવિંદના ભાવથી આ ચંદ્રમાનો શૃંગાર થાય છે. આજે દિવસભર ચન્દ્રમાના ભાવનાં કીર્તનો ગવાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : તોડી)**

આધો મુખ નીલાંબરસો ઢાંક્યો બિથુરી અલકે સોહે ।
એક દિસા માનો મકર ચાંદની ઘન વિજુરી મન મોહે ॥૧॥
કબહુ કરપલ્લવસો કેશ નિવારત નિકસત જ્યોં શશિ જોહે ।
સુરદાસ મદનમોહન ઠાડે નિહારત ત્રિભુવનમેં ઉપમા કો હૈ ॥૨॥

શયન દર્શન : (રાગ : ઈમન)

બનઠન કહાં ચલે ઐસી કો મન ભાયી સાંવરેસે કુંવર કન્હાઈ ।
મુખ તો સોહે જૈસે દૂજકો ચંદા છિપ છિપ દેત દિખાઈ ॥૧॥
ચલે હી જાઓ નેક ઠાડે રહો કિન ઐસી શિખ શિખાઈ ।
નંદદાસ પ્રભુ અબન બનેગી નિકસ જાય ઠકુરાઈ ॥૨॥

ટેઢી ચલની મધુર ચંચલ ગતિ ટેઢે નેન ચલાય રી,
ટેઢે હી કછુ વ્હૈ રહે હૈ સખી મધુર બેન બજાય રી.

વ્રજ : માગશીર્ષ શુક્લ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ ત્રીજ



મૂળજીભાઈ ચુનીલાલ પટેલના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર સુદ ત્રીજ

વસ્ત્ર : લીલા રંગનો લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર રૂપેરી જરીની પાગ, લર, અલકાવલિ ધર્યાં છે. તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષ સામગ્રીમાં કપૂરનાડી, ગળી રોટલી અને સૂરજ રોટી ધરાય છે. (ઘી-ગોળ ભરીને વેઢમીની જેમ શેકીને સૂરજ રોટી સિદ્ધ થાય છે.) આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

પ્યારે નહિ કરિયે યહ હાંસી ।
દીજે ચીર જાય ગૃહકો સબ હમ તો તુમ્હારી દાસી ॥૧॥
તુમ વ્રજરાજકુમાર કહાવત સબહિન કે સુખરાસી ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરનલાલ તુમ રહત સદા વનવાસી ॥૨॥

શૃંગાર : (રાગ : રામકલી)

હરિયશ ગાવત ચલી વ્રજસુંદરી નદી યમુના કે તીર ।
લોચન લોલ બાંહ જોટી કર શ્રવનન ઝલકત બીર ॥૧॥
બેની શિથિલ ચારુ કાંધે પર કટિ પટ અંબર લાલ ।
હાથન લિયેં ફૂલનકી ડલિયાં ઉર મુક્તા મણિમાલ ॥૨॥
જલ પ્રવેશ કર મજ્જન લાગી પ્રથમ હેમ કે માસ ।
જૈસે પ્રીતમ હોય નંદસુત વ્રત ઠાન્યો યહ આસ ॥૩॥
તબ તે ચીર હરે નંદનંદન ચઢે કંદબકી ડારિ ।
પરમાનંદ પ્રભુ વર દેવે કો ઉદ્યમ કિયો હૈ મુરારિ ॥૪॥

પ.ભ.ગો. હિરાલાલ ગુલાબદાસ ચોકસીના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ ત્રીજ



આજકો સિંગાર સુભગ સાંવરે ગોપાલજી કો કહત ન બને સખી દેખે હી બન આવે,
ભૂષણ વસન ભાંતિ અંગ અંગ છબિ કહિ ન જાત લટપટી સુદેશ પાગ ચિત્ત હી ચુરાવે.

આજના શૃંગાર : પાગ-કતરો અને સૂથન-ઘેરદાર

સાજ : લીલા રંગની જરીની, રૂપેરી તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. સન્મુખમાં નીચે જમીન ઉપર લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : ઘેરા લીલા રંગનાં, રૂપેરી જરીની તોઈની કિનારીવાળાં સૂથન, ચોળી તથા ઘેરદાર વાઘો, કટિપટુકો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા ગુલાબી રંગનું-રાણી કલરનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, માણેક તથા જડાવ સુવર્ણનાં આભૂષણો ધર્યાં છે. **શ્રીમસ્તક** ઉપર સોનેરી જરીની પાગ ઉપર શિરપેચ તેમજ રેશમનો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. લાલ ગુલાબનાં પુષ્પોનાં અને શ્વેત પુષ્પોનાં એમ બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી તથા એક વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : તોડી)**

લાલ સંગ રિતુમાની મેં જાની કહે દેત નૈના રંગ ભોંએ ।
ચંચલ અંચલમે ન સમાત ઈતરાત રુપ ઉદધિ માનોં મીન મહાવર ધોએ ॥૧॥
પલક પીક ઝગમગાત દ્રગ માનિક માનો જરાય લિયે પ્રેમ પાર પોએ ।
સૂરદાસ પ્રભુ પ્યારી જીયમેં બસત તાતે ભૂલે નામ વાહી કો નીક્સ જાતે ॥૨॥

શયન દર્શન : (રાગ : નાયકી)

સુનરી સખી તેરો દોષ નાહી મેરો પ્રિય રસિયારી ।
નવલલાલ કો સબ કોઉ ચાહત કૌન કૌન કે મન બસિયારી ॥૧॥
એકન સો નયના જોરે એકનસો ભ્રૌહ મરોરે એકનસો મુખ હસિયારી ।
પરમાનંદપ્રભુ કુંવર લાડીલો અબહી કછુ ભીજત મસિયારી ॥૨॥

ગો.વા. કમળાબેન ગોકળદાસ શાહ (પીલવાઈવાળા)ના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ ચોથ



કહો તુમ સાંચી કહાં તે આયે ભોર ભયે નંદલાલ,
પીક કપોલન લાગ રહી હૈ ઘૂમત નયન વિસાલ.

વ્રજ : માગશીર્ષ શુક્લ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર સુદ ચોથ

વસ્ત્ર : લાલ રંગનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર સોનેરી જરીની પાગ, લર, અલકાવલી ધર્યાં છે. તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં કોઈપણ એક નવી સામગ્રી ધરવી. ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરી પ્રભુને ખૂબ લાડ લડાવવા.

નોંધ : પૂ.ગો. તિલકાયત શ્રીદામોદરલાલજીનાં વહુજી શ્રીભાગીરથી વહુજીએ પોતાના જન્મદિવસે શ્રીજીબાવાને પોતાના હસ્તે વિશેષ સામગ્રી આરોગાવી મનોરથ કર્યો હતો. તે દિવસે કરેલા શૃંગાર પ્રમાણે આજે ગોળ ચંદ્રિકા અને ઘેરદાર વાઘાનો શૃંગાર થાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : ખટ)**

દઢ વ્રત કીનૌ મેરે હેત ।
ધન્ય કહે નંદનંદન જાઉ સબન હી કેત ॥૧॥
કરો પૂરન કામ તુમ્હારો શરદ રાસ રમાય ।
હરખ ભઈ યહ સુનત ગોપી રહી સીસ નવાય ॥૨॥
સબનકો અંગ પરસ કીનો તનગાર ।
સુરપ્રભુ સુખદિયો મિલકે વ્રજ ચલી સુકુમાર ॥૩॥

શૃંગાર : (રાગ : રામકલી)

દેહો વ્રજનાથ હમારી આંગી ।
નાતર રંગબિરંગ હોયગો કેઈ બેરિયા હમ માંગી ॥૧॥
વ્રજકે લોગ કહાં કહેગે દેખ પરસ્પર નાગી ।
ખરે ચતુર હરિ હો અંતરગત રૈન પરી કબ જાગી ॥૨॥
સકલ સુત કંચન કે લાગે બીચ રત્નનકી ધાગી ।
પરમાનંદ પ્રભુ દીજિયે ન કાહે પ્રેમ સુરંગ રસપાગી ॥૩॥

સરસ્વતીબેન ગોરધનદાસ, તારાબેન-અસુમતીબેન ગિરધરલાલ, શારદાબેન કાન્તિલાલ, ચંદનબેન કાન્તિલાલ, લલિતાબેન અમૃતલાલ, ઊર્મિલા-બાલકૃષ્ણ, જાગૃતિ-રામકૃષ્ણના શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ ચોથ



કમલમુખ દેખત કૌન અઘાય,
સુન રી સખિ લોચન અલિ મૈરે મુદિત રહે અરુઝાય.

વ્રજ : માગશીર્ષ શુક્લ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર સુદ ચોથ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને સૂથન-ઘેરદાર

સાજ : ઘેરા ગુલાબી રંગની, લીલા રંગના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર શ્વેત બિછાવટ થઈ છે. સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : લાલ રંગનાં, સોનેરી જરીના ફૂલકામવાળાં વસ્ત્રનાં સૂથન, ચોલી, ઘેરદાર વાઘો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તક** ઉપર લાલ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. લાલ અને શ્વેત રંગનાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં બંસીજી અને છડી બિરાજે છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આશાવરી)**

સુનિ મેરો વચન છબીલી રાધા, તૈ પાયો રસસિન્ધુ અગાધા ॥૧॥
જે રસ નિગમ નેતિ નેતિ ભાખ્યો તાકૌ તે અધરામૃત ચાખ્યો ॥૨॥
શિવ વિરંચિ કે ધ્યાન ન આવે, તાકૌ કુંજનિ કુસુમ બિનાવે ॥૩॥
તૂ વૃષભાનુ ગોપકી બેટી, મોહનલાલ કો ભાવતે ભેટી ॥૪॥
તેરો ભાગ્ય નહિ કહત આવે, કછુક રસ **પરમાનંદ** પાવે ॥૫॥

શયન દર્શન : (રાગ : બિહાગ)

પ્રિય તોહિ નયનન હી મેં રાખૂ ।
તેરી એક રોંમકી છબિપર જગતવાર સબ નાખૂ ॥૧॥
ભૈટો સકલ અંગ સાંવલ કુ અધર સુધારસ ચાખૂ ।
રસિક પ્રીતમ સંગમ કી બાતે કાહૂસો નહિ ભાખૂ ॥૨॥

મુક્તામાલ શ્યામ ઉર ઉપર માનો ફૂલી વનરાય,
ગોવર્ધનધર કે અંગ અંગ પર કૃષ્ણદાસ બલ જાય.

વ્રજ : માગશીર્ષ શુક્લ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ પાંચમ



માઈરી મંગલ આરતી ગોપાલકી,
નિત્ય પ્રતિ મંગલ હોત નિરખ મુખ ચિતવન નયન વિસાલકી.

વ્રજ : માગશીર્ષ શુક્લ પંચમી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર સુદ પાંચમ

વસ્ત્ર : પીળા રંગનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : લાલ રંગની ગોળ પાગ, લર, અલકાવલી ધર્યાં છે. તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે ખાસ સામગ્રી પીસ્તાના ગુંજાની ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે મંગળભોગમાં મગની દાળનો મગસ, બૈંગનભાત, થુલી, શીરો વગેરે ધરાય છે. આજથી માગશર સુદ પૂનમ-છપ્પનભોગ સુધી દરરોજ ગોપીવલ્લભ ભોગમાં શ્રીજીબાવાને નિત્ય નવીન સામગ્રી ધરાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

પ્યારે નહિ કરિયે યહ હાંસી ।
દીજે ચીર જાય ગૃહકો સબ હમતો તુમ્હારી દાસી ।।૧।।
તુમ વ્રજરાજકુમાર કહાવત સબહિન કે સુખરાસી ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરનલાલ તુમ રહત સદા બનવાસી ।।૨।।

શૃંગાર : (રાગ : રામકલી)

દેહો વ્રજનાથ હમારી આંગી ।
નાતર રંગબિરંગ હોયગો કેઈ બેરિયા હમ માંગી ।।૧।।
વૃજકે લોગ કહા કહેંગે દેખ પરસ્પર નાગી ।
ખરે ચતુર હરિ હો અંતરગત રેન પરી કબ જાગી ।।૨।।
સકલ સુત કંચનકે લાગે બીચ રત્નનકી ધાગી ।
પરમાનંદ પ્રભુ દીજીયે ન કાહે પ્રેમ સુરંગ રસપાગી ।।૩।।

મંગલ રૂપ શ્યામ સુંદરકો મંગલ છબિ ભ્રૂકુટિ સુભાલકી,
ચતુર્ભુજ પ્રભુ સદા મંગલનિધિ બાનિક ગિરિધરલાલકી.

વ્રજ : માગશીર્ષ શુક્લ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ પાંચમ



ભોજન કર મોહન કો અચવત લે રાધે કંચન કી ઝારી,
યમુના જલ ભર કે લાઈ અપને કર તાતો કર પ્યારી.

વ્રજ : માગશીર્ષ શુક્લ પંચમી **ચિત્ર પરિચય** ગુજરાતી : માગશર સુદ પાંચમ

આજના શૃંગાર : ફેંટાનો સાજ અને સૂથન - ચાકદાર

સાજ : પીરોજા રંગની, રૂપેરી જરીના ફૂલકામવાળી તથા સોનેરી જરીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : પીરોજા રંગનાં, સોનેરી જરીની તૂઈ-લેસની કિનારીવાળાં, સૂથન, ચાકદાર, ચોળી અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી પન્ના તથા સોનાનાં શૃંગાર ધર્યાં છે. **શ્રીમસ્તકે** ફેંટાનો સાજ ધરાયો છે. પીરોજા રંગના ફેંટા ઉપર શિરપેચ, મોરશીખા અને દોહરા કતરા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. લાલ અને શ્વેત રંગનાં પુષ્પોનાં, કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આશાવરી)**

ચલરી સખી નંદગામ જાય બસિયે ।
ખિરક ખેલત વ્રજચંદસો હસિયે ॥૧॥
બસે પૈઠન સબે સુખમાઈ ।
એક કઠિન દુઃખ દૂર કન્હાઈ ॥૨॥
માખનચોરે દુરદુર દેખુ ।
જીવન જન્મ સુફલ કરી લેખુ ॥૩॥
જલધર લોચન છિનછિન પ્યાસા ।
કઠિન પ્રીતિ **પરમાનંદદાસા** ॥૪॥

શયન દર્શન : (રાગ : નાયકી)

વારો મીન ખંજન આલીકે દગન પર ભ્રમર મન ।
અતિહસિ લોને લોને અતિહી સુઢાર ઢારે અતિ કજરારે ભારે વિનહી અંજન ॥૧॥
શ્વેત અસિત કટાક્ષન તારે ઉપમાકો મૃગહી કુંજન ।
પરમાનંદ પ્રભુ રસબસ કીને પ્યારીજુકે મનકે રંજન ॥૨॥

ઠંડો જલ લે આન સમોયો અચવન કરત હસત ગિરિધારી,
ધોંધી કે પ્રભુ શ્રીમુખ પોંછત અંચલ મુસકત સુકુમારિ.

વ્રજ : માગશીર્ષ શુક્લ પંચમી

શ્રીમદનમોહન પ્રભુ

ગુજરાતી : માગશર સુદ પાંચમ



જુગલ ત્રિય સંગ રાજત હૈ, દો કર ગૌર સ્વરૂપ,
શ્રીમદનમોહન મોહિત પ્રિયા, બંસી બજાય અનુપ.

પ્રભુ શ્રીમદનમોહનજીનો પાટોત્સવ

પ્રાકટ્ય : શ્રીમહાપ્રભુજીના પૂર્વજ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટે પહેલો સોમયજ્ઞ કર્યો. યજ્ઞની પૂર્ણાહુતિ સમયે યજ્ઞની વેદીમાંથી સાક્ષાત્ પ્રભુ પ્રકટ થયા. ભટ્ટજીની ભક્તિથી પ્રસન્ન થઈ પ્રભુએ તેમને વરદાન આપ્યું : 'તમારા વંશમાં સો સોમયજ્ઞો પૂર્ણ થશે ત્યારે તમારે ઘેર હું પુત્રરૂપે પ્રગટ થઈશ.'

વરદાન આપીને પ્રભુ અંતર્ધાન થઈ ગયા; પરંતુ યજ્ઞની વેદીમાંથી એક મનોહર સ્વરૂપ મૂર્તિમંત બનીને બહાર પધાર્યું. તે સ્વરૂપ તે શ્રીમદનમોહનજી.

આ સ્વરૂપની સેવા શ્રીયજ્ઞનારાયણ ભટ્ટજીએ કરી. ત્યાર પછી તેમના વંશજોએ પણ કરી. શ્રીમહાપ્રભુજીને આ સ્વરૂપ વારસામાં મળ્યું. આપશ્રીએ તેમની સેવા કરી. તેમના પછી શ્રીગુસાંઈજીએ સેવા કરી અને પછી પોતાના સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજીને સેવા માટે પધરાવી આપ્યું. શ્રીઘનશ્યામજીએ અડેલથી આ સ્વરૂપને ગોકુળ પધરાવ્યું. ત્યાં મંદિર બનાવી તેમાં શ્રીમદનમોહનજીને પધરાવ્યા.

ત્યાર પછી થોડો સમય ગોકુળમાં બિરાજી શ્રીમદનમોહનજી કામવન પધાર્યા. કામવનમાં એક ભવ્ય મંદિરમાં આજે આપ બિરાજે છે. સપ્તમ લાલજી શ્રીઘનશ્યામજીના વંશના પૂ.ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી તેમની સેવા કરે છે.

લીલા ભાવના : શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધના તામસ ફળ પ્રકરણના ઓગણત્રીસમા અધ્યાયની મહારાસની લીલાનું આ સ્વરૂપ છે. આ સ્વરૂપે પ્રભુને વેણુનાદ કરી વ્રજભક્તોને મહારાસ માટે પોતાની પાસે બોલાવ્યાં હતાં. તેમની સાથે પ્રશ્નોત્તરી કરી હતી. તેમને રાસનું સુખ આપ્યું હતું. ગોપીજનોનાં મન મોહ્યાં હોવાથી તેમનું નામ શ્રીમદન મોહનજી છે.

નામ ભાવના : મદન એટલે કામદેવ. મોહન એટલે મોહ કરનાર. કામદેવને પોતાના રૂપનું બહુ અભિમાન હતું. શ્રીકૃષ્ણે રાસ સમયે પોતાનું અલૌકિક રૂપ પ્રગટ કરી કામદેવનું અભિમાન ઉતાર્યું હતું. કામદેવ પ્રભુનું રૂપ જોઈ મોહિત થઈ ગયા હતા તેથી તેમનું નામ શ્રીમદનમોહનજી પડ્યું છે. બીજો અર્થ છે : જેમણે રાસલીલા સમયે ગોપીજનોને થયેલો મદ અને મોહ દૂર કર્યા તે શ્રીમદનમોહનજી.

પાંચથી છ આંગળ ઊંચાઈનું આ સ્વરૂપ ગૌર વર્ણનું ઠાડું સ્વરૂપ છે. બે શ્રીહસ્તથી વેણુ વગાડે છે. કંઠમાં જનોઈ ધરેલી છે. ડાબા ચરણારવિંદ સાથે જમણા ચરણારવિંદની આંટી લીધેલી છે.

તેમની બંને બાજુ બે સ્વામિનીજી બિરાજે છે. ડાબી બાજુ શ્રી રાધિકાજી અને જમણી બાજુ શ્રીચંદ્રાવલિજી.

સ્વરૂપભાવના : ગૌરવર્ણ ભક્તોની વિશુદ્ધ આસક્તિનો ભાવ છે. બે હસ્તથી વેણુનાદ કરી વ્રજભક્તોને બોલાવે છે. જનોઈ ધારણ કરી એમ સૂચવે છે કે રાસ કરવા છતાં હું વેદ ધર્મની મર્યાદા તોડતો નથી. યોગીઓનો પણ હું ઈશ્વર છું. સાથે સાથે ભક્તોને રસદાન કરવા ધર્મમાર્ગની મર્યાદા રાખતો નથી. આવું વિરુદ્ધધર્માશ્રયી સ્વરૂપ છે.

આ જ સ્વરૂપ સાથે વ્રજભક્તોને પ્રશ્નોત્તરી થઈ હતી. બંને સ્વામિનીજીના શ્રીહસ્તમાં કમળની કળી છે. તે તેમના શુદ્ધ સ્નેહનું સ્વરૂપ છે.

કીર્તન : (રચના : શ્રી દ્વારકેશજી મહારાજ)

દેખ્યો રી મૈં સુંદર બદન ।
બેનુ બજાય બુલાય લઈ હૈ, પૂછત રી ક્યોં છોડ્યો સદન ॥૧॥
ધર્મ છાંડિ નિજ ધર્મ કીયો હૈ, યાતે ગૌર ભયે નંદનંદન ।
'દ્વારકેશ' પ્રભુ યહ બિધિ દેખી, ન્યાય કે હેત મન્મથ નિકંદન ॥૨॥

અરી ઈન મોહનકી બલ જાઉં; મેરે મન આનંદ ઊઠત હૈ ફૂલી અંગ ન માઉં,
તન મન ધન ન્યોછાવર કરિ હો ઈનકે ચરણન ગહિ લાઉં; દાસ ગોપાલકો યહ વર દીજે વ્રજ તજિ અનત ન જાઉં.

વ્રજ : માગશીર્ષ શુક્લ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ છઠ



ગોપકે ભેખ ગોપાલ ગાયન હેત દેગન સુખ દેત,
શિર સુભગ ફેંટા સખિ પરસ રહ્યો ભ્રોં પર પેચ પચભાસ ઢર લાગત સોહાવનો.

વ્રજ : માગશીર્ષ શુક્લ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર સુદ છઠ

વસ્ત્ર : રૂપેરી જરીનો લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર પીરોજા રંગનો ફેંટો ધર્યો છે. લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં મેંદાનો મગસ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

અતિ તપ કરત ઘોખકુમારી ।
કૃષ્ણ પતિ હમ તુરત પાવે કામ આતુર નારી ॥૧॥
નયન મુદિત દરસ કારણ શ્રવણ શબ્દ વિચાર ।
ભુજા જોરત અંક ભર હરિ ધ્યાન ધર અંકવાર ॥૨॥
સરદ ગ્રીષ્મ નાહિ દેખત કરત તપ તનુગાર ।
સૂરપ્રભુ સર્વજ્ઞસ્વામી દેખ રીઝે નાર ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

ન્યાય દિન દૂલ્હે હો નંદલાલ ।
રીઝી બિકાય જહાં બસે તહાં નવદુલહી વ્રજબાલ ॥૧॥
સિથિલ ચાલ અતિ ડગમગી હો વસન મરગજે ગાત ।
શોભિત હૈ અતિ રસમસે માનો વ્યાહ ભયો જાગે રાત ॥૨॥
નૈન લલોહે ઘૂમિ રહે હૈ ચિતવનિ ચિત હરી લેત ।
કહિ ભગવાન **હિત રામરાય** પ્રભુ હંસન વધાઈ દેત ॥૩॥

ગો.વા. સોની વ્રજલાલ ખુશાલદાસ રાણપુરા હસ્તે પદ્માબેન કાંતિલાલ તથા વર્ષા રજનીકાંત (રાજકોટ)ના શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ પષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ છ



દુલહા હો બનિ આયો સુંદર દુલહનિસોં જુ નેહ લગાયો,
રત્નજટિતકો શીશ સહેરો ગજમોતીનસોં ગૂંથ બનાયો.

આજના શૃંગાર : સહેરો અને સૂથન-ચાકદાર

સાજ : ઘેરા લાલ રંગની મખમલ ઉપર વિવાહ મંડપના સુરમા-સિતારાના, કસીદાના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. હાંસિયામાં ફૂલપત્તીનું કસીદાનું ભરતકામ થયું છે. એક બાજુ શ્રીસ્વામિનીજી અને બીજી બાજુ શ્રીયમુનાજી વ્યાહના સહેરાના શૃંગારમાં બિરાજે છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : કેસરી રંગની સાટીનના રૂપેરી જરીની તોઈલેસવાળાં સૂથન, ચોલી ચાકદાર વાગો, પટુકા અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, પીરોજા તથા સોનાના શૃંગાર ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર કેસરી રંગના દુમાલા ઉપર પીરોજાનો સહેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મત્સ્યાકૃતિ કુંડળ ધર્યાં છે. જમણી બાજુ મોતીની ચોટી ધરી છે. લાલ અને પીળાં પુષ્પોનાં, સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

દિન દુલ્હે મેરો કુંવર કન્હૈયા ।
નિત ઉઠ સખા સિંગાર બનાવે નિત આરતી ઉતારત મૈયા ।।૧।।
નિત ઉઠ આંગન ચંદન લિપાવે નિતહી મોતિન ચોક પુરૈયા ।
નિત હી મંગલ કલસ ધરાવે નિત હી બંદનબાર બંધૈયા ।।૨।।
નિત ઉઠ વ્યાહગીત મંગલ ધ્વનિ નિતહી સુરમુનિ વેદ પઢૈયા ।
નિતનિત હોત આનંદ વારનિધિ નિતહી **ગદાધર** લેત બલૈયા ।।૩।।

શયન દર્શન : (રાગ : બિહાગ)

જુગલ વર આવત હૈ ગઠજોરે ।
સંગ શોભિત વૃષભાન નંદિની લલિતાદિક તૃન તોરે ।।૧।।
સીસ સેહેરો બન્યો લાલકે નિરખ હરખ ચિત્ત ચોરે ।
નિરખ નિરખ બલ જાય **ગદાધર** છબિ ન બઢી કછુ થોરે ।।૨।।

વાગો લાલ સુનહરી છાપો લાલ ઈજાર ચરણન વિરચાયો,
'રામદાસ' પ્રભુ ચઢ ઘોરીપેં સબનકો ભલો પનાયો.

વ્રજ : માગશીર્ષ શુક્લ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ સાતમ



કાશીબેન વિઠ્ઠલદાસ ગાંધીના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

શ્રીગુસાંઈજીના ચતુર્થ લાલજી

શ્રીગોકુલનાથજીનો ઉત્સવ (૧૬૦૮)

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : કેસરી રંગનો પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કેસરી દુમાલો, લર અને અલકાવલિ ધર્યાં છે. તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં બુંદી, જલેબી અને ઘાંસના લાડુ (અડદનો લોટ અને ચોરીઠાના લાડુ) ધરાય છે. બીજી બધી સામગ્રી રાધાષ્ટમીના ઉત્સવની સામગ્રી પ્રમાણે ધરાય છે. આપણે ૠતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને લાડ લડાવવા.

નોંધ : આજે ગોપીવલ્લભ ભોગમાં જલેબીની સામગ્રી ધરાય છે. દિવસભર કીર્તનમાં ઝાંઝ વાગે છે. શ્રીગોકુલનાથજીએ શ્રીજીબાવાને મુકુટ, કુલ્હે, મોજાં, તોડા વગેરે જડાવ સુવર્ણનાં ભેટ કર્યાં હતા, તેમાંથી આજે જડાવ કુલ્હે અને મોજાં ધરાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : દેવગંધાર)**

બોહોરિ કૃષ્ણ શ્રીગોકુલ પ્રકટે શ્રીવિઠ્ઠલનાથ હમારે ।
દ્વાપર વસુધા ભાર હર્યો હરિ કલિજુગ જીવ ઉધ્ધારે ॥૧॥
તબ વસુદેવ ગૃહ પ્રકટ હોય કે કંસાદિક રિપુ મારે ।
અબ શ્રીવલ્લભ ગૃહ પ્રકટ હોય કે માયાવાદ નિવારે ॥૨॥
એસો કવિ કોહે જગમહિયાં વરણે ગુણજો તિહારે ।
માણેકચંદ પ્રભુ કો શિવ ખોજત ગાવત વેદ પુકારે ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

જુગ જુગ રાજ કરો શ્રીગોકુલ જુગ જુગ રાજ કરો ।
યહ સુખ ભજન પ્રતાપ તેજ તે છિન ઈત ઉત ન ટરો ॥૧॥
પાવનરુપ દિખાય મહાપ્રભુ પતિતન તાપ હરો ।
વિશ્વવિદિત દીની ગતિ પ્રેતન ક્યોં ન જગત ઉદ્ધરો ॥૨॥
શ્રીવલ્લભકુલ કમલ અમલ રવિ યશ મકરંદ ભરો ।
નંદદાસ પ્રભુ ષટગુણ સંપન્ન શ્રીવિઠ્ઠલેશ વરો ॥૩॥

યોગીનીબેન ચંદ્રકાન્ત ગાંધીના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ સાત



ભાનુબેન ઘનશ્યામભાઈ શાહના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ સપ્તમી ચિત્ર પરિચય ગુજરાતી : માગશર સુદ સાતમ

આજના શૃંગાર : કુલ્હે જોડ અને સૂથન-ચાકદાર

સાજ : લાલ રંગની મખમલ ઉપર સુરમા સિતારાની, કસીદાની ફૂલવેલના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : કેસરી રંગની, ફૂલના મોટા બુટ્ટાની ડિઝાઈનવાળી જરીનાં સૂથન, ચોલી, ચાકદાર વાગો અને મોજાં ધર્યાં છે. બધાં વસ્ત્રો ઉપર સોનેરી જરીની તૂઈ-લેસ મૂકેલી છે. મોજાંજી ઉપર લાલ ફૂમતું શોભે છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં આભૂષણ ધર્યાં છે.

શ્રીમસ્તકે કેસરી રંગની જડાવ કુલ્હે ઉપર શિરપેચ અને મોરપંખની પાંચ ચંદ્રિકાનો જોડ તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં કલાત્મક થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

શ્રીવિઠ્ઠલેશ ચરણકમલ પાવન ત્રૈલોક કરણ દરસ પરસ સુંદર વર વારવાર વંદે ।
સમરથ ગિરિરાજ ધરણ લીલા નિજ પ્રકટ કરણ સંતન હિત માનુષતનુ વૃંદાવન ચંદે ॥૧॥
ચરણોદક લેત પ્રેત તતક્ષણ તે મુક્ત ભયે કરુણામય નાથ સદા આનંદ નિધિ કંદે ।
વારતે **ભગવાનદાસ** વિહરત સદા રસિકરાય જય જય યશ બોલ બોલ ગાવતિ શ્રૃતિ છંદે ॥૨॥

શયન દર્શન : (રાગ : ઈમન)

શ્રીવલ્લભ રાજાધિરાજ રાજત રજધાની ।
સુન સુન જે શરન આયે ગર્વિત અભિમાની ॥૧॥
અતુલિત અતિ તેજ કીરતિ ચહુ ચક્ર બખાની ।
વૃંદાવનચંદ માલ રાખી સબ જગત જાની ॥૨॥

પ્રકટે શ્રીગોકુલનાથજી શ્રીવિઠ્ઠલનાથકે ધામ વધાઈ,
ઉગ્ર કીયો યશ આ ભૂતલ પર માલા તિલક દૃઢાઈ.

વ્રજ : માગશીર્ષ શુક્લ સપ્તમી

શ્રીગોકુલનાથજી

ગુજરાતી : માગશર સુદ સાતમ



જય જય શ્રીગોકુલનાથ, શ્રીજી તમને નમાવું માથ,
જય જય શ્રીગોકુલનાથ, શ્રીજી મારો ઝાલો હાથ.

વ્રજ : માગશીર્ષ શુક્લ સપ્તમી ચિત્ર પરિચય ગુજરાતી : માગશર સુદ સાતમ

ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજી

શ્રી ગુસાંઈજીના ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજીનું પ્રાકટ્ય સંવત ૧૬૦૮માં માગસર સુદ સાતમના દિવસે અડેલમાં થયું હતું. તેમના પ્રાકટ્ય સમયે શ્રીગુસાંઈજીનાં કૃપાપાત્ર કૃષ્ણાદાસીએ આનંદથી કહ્યું કે 'મેરા ગોકુલનાથ આયા.' તેથી તેઓનું નામ શ્રીગોકુલનાથજી પડ્યું, પરંતુ ઘરમાં તેમને સૌ 'શ્રીવલ્લભ' કહેતા. તેમના ભક્તો તેમને 'શ્રીજી' કહેતા. પુષ્ટિમાર્ગમાં તેમને સૌ 'માલાતિલકના રક્ષણહાર' તરીકે ઓળખે છે અને ભક્તિભાવથી વંદન કરે છે.

તેઓ મેઘશ્યામ વર્ણના અને મધ્યમ કદના હતા. મુખ લંબગોળ, લલાટ વિશાળ અને નેત્રો અણીદાર હતાં. વિદ્યાભ્યાસ સાથે ખેલકૂદનો તેમને ઘણો શોખ હતો. સર્વ કલાઓમાં તેઓ પ્રવીણ હતા. સોળ વર્ષની વયે તેમનું લગ્ન શ્રીપાર્વતી વહુજી સાથે થયું. તેમને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ હતાં. ત્રણ પુત્રો શ્રીગોપાલજી, શ્રીવિઠ્ઠલરાયજી અને શ્રીવ્રજરત્નજી હતા.

જ્યારે શ્રીગુસાંઈજીએ સદેહે નિત્ય લીલાપ્રવેશ કરવાનું નક્કી કર્યું ત્યારે તેમણે શ્રીગોકુલનાથજીને શ્રીનાથજી સમક્ષ આજ્ઞા કરી કે 'શ્રીમહાપ્રભુજીના આ માર્ગને હવે તમે જાળવજો.'

શ્રીગુસાંઈજીએ તેમને શ્રીગોકુલનાથજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. ગોકુલમાં જ્યાં શ્રીગુસાંઈજી બિરાજતા હતા ત્યાં બાજુમાં જ પોતાનું મંદિર બનાવડાવી, તેમાં શ્રીઠાકોરજીને પધરાવી, તેઓ સેવા કરતા હતા.

શ્રીગોકુલનાથજીને સમગ્ર પરિવાર ઉપર ઘણો સ્નેહ હતો. શ્રીગિરિધરજીના નિત્યલીલા પ્રવેશ બાદ તેઓ જ પરિવારના મોવડી હતા. સૌ તેમને ઘણું માન આપતા અને તેમની સલાહ પ્રમાણે ચાલતા.

સં. ૧૬૭૨માં બાદશાહ જહાંગીરને વશ કરી ચિદ્રુપ નામના એક સંન્યાસીએ માળા-તિલક પહેરવા ઉપર પ્રતિબંધ મૂકાવ્યો ત્યારે આપશ્રીએ આ પ્રતિબંધનો વિરોધ કરી માળા તિલકનું રક્ષણ કર્યું. ૭૨ વર્ષની વયે ૪૯ દિવસનો વિકટ પ્રવાસ કરી. બાદશાહ જહાંગીરને સમજાવવા આપ કાશ્મીર પધાર્યા. અથાગ પ્રયત્નો કરી બાદશાહને હુકમ પાછો ખેંચી લેવા સમજાવ્યો. બાદશાહ ન માન્યો, ત્યારે માળા-તિલક ન ઉતાર્યા પણ ગોકુળ છોડી ત્રણ માસ સુધી સોરમ ગામે બિરાજ્યા. વર્ષો સુધી સતત સંઘર્ષ કરી માળા તિલકનું રક્ષણ કર્યું. બાદશાહને પોતાની ભૂલ સમજાતાં પાછળથી એ હુકમ પાછો ખેંચી શ્રીગોકુળનાથજીને ફરી ગોકુળ પધરાવ્યા.

તેઓ એકવાર ગુજરાતમાં પણ પધાર્યા હતા. તેમને વૈષ્ણવો ઉપર અને વૈષ્ણવોને તેમના ઉપર અત્યંત પ્રેમ હતો. તેઓ દરરોજ રાત્રે ભગવદ્વાર્તા કરતા. મીઠી વાણીમાં હાસ્યપ્રસંગો કહીને સતત વચનામૃતો કરતા. આપનાં અનેક વચનામૃતો પ્રસિદ્ધ છે.

તેમણે વ્રજભાષામાં ગદ્ય સાહિત્યને વિકસાવ્યું. વ્રજભાષામાં ઘણા ગ્રંથો લખ્યા. જેવાકે ચોર્યાસી વૈષ્ણવનકી વાર્તા, બસો બાવન વૈષ્ણવનકી વાર્તા, ભાવસિન્ધુ, નિજવાર્તા અને ઘરૂવાર્તા, શ્રીબેઠકચરિત્ર, શ્રીગોવર્ધનાથજીના પ્રાગટ્યની વાર્તા, સેવાભાવના, સ્વરૂપભાવના, નિકુંજભાવના, ભાવભાવના, વચનામૃતો, હાસ્યપ્રસંગો વગેરે.

આ ઉપરાંત તેમણે ષોડશગ્રંથો ઉપર ટીકા સાહિત્યની રચના સંસ્કૃતમાં કરી છે. 'શ્રીયમુનાષ્ટક' પરની શ્રીગુસાંઈજીની ટીકા પૂર્ણ કરી. પુષ્ટિપ્રવાહ મર્યાદા, સિદ્ધાંત રહસ્ય, અંતઃકરણ પ્રબોધ, ભક્તિવર્ધિની અને સંન્યાસ નિર્ણય આ ગ્રંથો ઉપરાંત શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક અને બ્રહ્મસંબંધ મંત્ર ઉપર પણ સંસ્કૃતમાં ટીકા ગ્રંથો લખ્યા છે. વિજ્ઞપ્તિના પાંત્રીસ શ્લોક અને ચોર્યાસી વૈષ્ણવોની નામાવલિનું સ્તોત્ર આપે રચ્યું છે.

આપશ્રીની તેર બેઠકો બિરાજે છે. તે પૈકીની આઠ બેઠકો વ્રજમાં છે. બે ગુજરાતમાં અમદાવાદ અને ગોધરામાં છે. એક સોરમજીમાં, એક અડેલમાં અને એક કાશ્મીરમાં છે.

સં. ૧૬૯૭ના મહા વદ નોમના દિવસે ૮૯ વર્ષની વયે આપ નિત્યલીલામાં પધાર્યા. તેમનો પ્રબળ વિરહ થવાથી તે જ સમયે તેમના ૭૮ વૈષ્ણવોના પ્રાણ છૂટી ગયા હતા. સાતે ભાઈઓમાં તેઓ સૌથી લાંબો સમય ભૂતળ ઉપર બિરાજ્યા હતા.

રસરાજ શ્રીગોકુળનાથ વૈષ્ણવને કરશે સનાથ,
જય જય શ્રીગોકુળનાથ શ્રીજી તમને નમાવું માથ.

વ્રજ : માગશીર્ષ શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ આઠમ



બકુલ આર. પરીખ તથા શ્રીમતી નયના આર. પરીખના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

ગો.તિ. શ્રીગોવર્ધનેશજી મહારાજશ્રી કૃત

સાત સ્વરૂપનો ઉત્સવ

દેહલી-વંદનમાલા-હાંડી

વસ્ત્ર : લાલ રંગનો, કિનખાબનો શ્યામ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કેસરી રંગની કુલ્હે, લર, અલકાવલી ધર્યાં છે. તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષમાં મગની છુટી દાળ, ડબકાની કઢી, બાસુંદી, સેવ, બુંદી, મોહનથાળ, તીનકુડા, મગ, કચરિયાં, પાપડ, શાક, ભુજાનાં, બિલસારું વગેરે ઉત્સવની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ, સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : ગો.તિ. શ્રી ગોવર્ધનેશજી મહારાજશ્રીએ મેવાડમાં સૌ પ્રથમ વાર સાત સ્વરૂપોને પધરાવી સં. ૧૭૯૬માં આજના દિવસે સાત સ્વરૂપનો ઉત્સવ કર્યો હતો. આજે દિવસભર કીર્તનમાં ઝાંઝ વાગે છે. ગોપીવલ્લભભોગમાં દહીંવડાં ધરાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : દેવગંધાર)**

જુગજુગ રાજ કરો શ્રીગોકુલ જુગ જુગ રાજ કરો ।
યહ સુખ ભજન પ્રતાપ તેજ તે છિન ઈત ઉત ન ટરો ॥૧॥
પાવનરુપ દિખાય મહાપ્રભુ પતિતન તાપ હરો ।
વિશ્વવિદિત દીની ગતિ પ્રેતન ક્યોં ન જગત ઉદ્ધરો ॥૨॥
શ્રીવલ્લભકુલ કમલ અમલ રવિ યશ મકરંદ ભરો ।
નંદદાસ પ્રભુ ષટગુણ સંપન્ન શ્રીવિઠ્ઠલેશ વરો ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

ધન્ય ગોકુલ જહાં ગોવિંદ આયે ।
ધન્ય ધન્ય સુમંગલ નિસદિન ધન્ય જસુમતિ જિન ગોદ ખિલાયે ॥૧॥
ધન્ય યહ બાલ કેલિ જમુનાતટ ધન્યવન સુરભીવૃંદ ચરાયે ।
ધન્ય યહ સમય ધન્ય યહ લીલા ધન્ય યહ બેનુ અધર ધરિ ગાયે ॥૨॥
ધન્ય યહ ચરન સદા સુખકારી સંત જનનકે હૃદે રહાયે ।
ધન્ય **સૂર** ઉખલ ધન્ય ગોપી જાકે હેત ગોપાલ બંધાયે ॥૩॥

ઓજસ, દિપેશ, ભાવના અને યોગેશ આર. ધારીયાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ આઠમ



શ્રીવલ્લભ નંદન રૂપ અનુપ સ્વરૂપ કહ્યો ન જાઈ,
પ્રકટ પરમાનંદ ગોકુલ બસત હૈ સબ જગતકે સુખદાઈ.

આજના શૃંગાર : ઘેરો અને સૂથન-ચાકદાર

સાજ : લાલ રંગના કિનખાબ ઉપર આભલાના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : સોનેરી જરીના બુટ્ટાવાળા લાલ રંગના કિનખાબના વસ્ત્રનાં સૂથન, ચોળી, ચાકદાર વાગો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં આભૂષણ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર લાલ રંગની કુલ્હે ઉપર શિરપેચ અને સોનેરી ઘેરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

વિહરત સાતોં રૂપ ધરે ।
સદા પ્રકટ શ્રીવલ્લભનંદન દ્વિજકુલ ભક્તિ વરે ।।૧।।
શ્રીગિરિધર રાજાધિરાજ વ્રજરાજ ઉદ્યોત કરે ।
શ્રીગોવિંદ ઈંદુ જગ કિરણન સીંચત સુધા ખરે ।।૨।।
શ્રીબાલકૃષ્ણ લોચન વિશાલ દેખ મન્મથ કોટિ ટરે ।
ગુણ લાવણ્ય દયાલ કરુણાનિધિ ગોકુલનાથ ભરે ।।૩।।
શ્રીરઘુપતિ યદુપતિ ઘનસાંવલ મુનિજન શરણ પરે ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ જિહિં ભજ અખિલ તરે ।।૪।।

શયન : (રાગ : ઈમન)

ગયે પાપ તાપ દૂર દેખત દરસ પરસ ચરણ ।
હો તો એક પતિત તિહારો પતિતપાવન બિરદ હો તુમ જગત કે ઉદ્ધરણ ।।૧।।
સ્તુતિ શેષ કર ન સકે સકલ કલા ગુણનિધાન જાનત હો તિહારી સબ નિધિ અનુસરણ ।
છીતસ્વામી ગિરિવરધર તેસેઈ શ્રીવિઠ્ઠલેશ હોં તો તિહારી જન્મ જન્મ શરણ ।।૨।।

ભક્તિ મુક્તિ દેત સબનકો નિજજનકો કૃપાપ્રેમ બરખત અધિકાઈ,
સુખદ એક રસના કહાંલો બરનોં ગોવિંદ બલબલ જાઈ.

વ્રજ : માગશીર્ષ શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ નોમ



શ્રીવલ્લભ ગૃહ હોત બધાઈ અનુદિન મંગલચાર,
ઘરઘર આનંદ મહામહોત્સવ વેદનાદ ઝંકાર.

વ્રજ : માગશીર્ષ શુક્લ નવમી   **ચિત્ર પરિચય**   ગુજરાતી : માગશર સુદ નોમ

શ્રીગુસાંઈજીના ઉત્સવની વધાઈનો પ્રારંભ

લાલ ઘટા

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : લાલ રંગનો, પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : ઘેરા ગુલાબી રંગની કુલ્હે, લર, અલકાવલી ધર્યાં છે. તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત આદુની લીટી (મસાલાવાળી બાટી જેવી સામગ્રી) ચુરમું, સીતાફળનો પનો અને ઉત્સવની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને પ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે શ્રીગુસાંઈજી - શ્રીવિઠ્ઠલનાથજીના ઉત્સવની ૧૫ દિવસની વધાઈ બેસે છે. ૧૫ દિવસ સુધી દરેક સમયમાં ઝાંઝ સાથે શ્રીમહાપ્રભુજીની, જન્માષ્ટમીની અને શ્રીગુસાંઈજીની વધાઈઓ ગવાય છે. અરુણામ્બુજ કુંજની ભાવનાથી લાલ ઘટા - લાલ સાટીનનો સર્વ સાજ અને વસ્ત્રો ધરાય છે. લાલ માણેક - મોતીનાં શૃંગાર ધરાય છે. આજથી પંદર દિવસ શ્યામ, વાદળી જેવા અમંગલ રંગનાં વસ્ત્રો ધરાતાં નથી.

કીર્તન : **મંગલા : (રાગ : દેવગંધાર)**

આજ ગૃહ નંદ મહર કૈ વધાઈ ।
પ્રાતસમે મોહન મુખ નિરખત કોટિ ચંદ છબિ છાઈ ॥૧॥
મિલિ વ્રજનારી મંગલ ગાવત નંદભવન મેં આઈ ।
દેત અસીસ જીયૌ જસુમતિ સુત કોટિક બરસ કન્હાઈ ॥૨॥
નિત આનંદ બઢત વૃંદાવન ઉપમા કહી ન જાઈ ।
સૂરદાસ ધન્ય ધન્ય નંદરાની દૈખત નૈન સિરાઈ ॥૩॥

શૃંગાર : (રાગ : દેવગંધાર)

વ્રજ ભયો મહરિકે પુત, જબ યહ બાત સુની, સુનિ આનંદે સબ લોગ, ગોકુલ ગણિત ગુની,
વ્રજ પૂરવ પૂરે પુન્યરૂપી કુલ, સુથિર થુની, ગ્રહ લગ્ન નક્ષત્ર બલિ સોધિ, કીની વેદ ધ્વની. (૧)
સુનિ ધાઈ સબે વ્રજનારી, સહજ સિંગાર કિયે, તન પહરે નૌતન ચીર, કાજર નૈન દિયેં,
કસિ કંચુકી તિલક લિલાટ, શોભિત હાર હિયેં, કર કંકણ કંચન થાર, મંગલ સાજ લિયેં. (૨)
(અપૂર્ણ-જુઓ પરિશિષ્ટ)

દેવલ અતુલ મહેતાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ નોમ



શ્રીવલ્લભકે આનંદ ભયો પ્રકટ ભયે શ્રીવિઠ્ઠલનાથ,
આનંદે વ્રજવાસી સકલ ગુણ ભક્ત મિત્ર મીલ ગાવહીં સાથ.

લાલ ઘટા

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : લાલ રંગની સાટીનની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર લાલ રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવી છે. આજે લાલ ઘટા હોવાના કારણે સર્વ સાજ અને વસ્ત્રો લાલ રંગનાં ધર્યાં છે.

વસ્ત્ર : સૂથન, ચોલી, ઘેરદાર વાઘો અને મોજાં લાલ રંગની સાટીનના ધર્યાં છે. વસ્ત્રોને લીલી ગોટ મૂકેલી છે. ઠાડું વસ્ત્ર પણ લાલ રંગનું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, માણેક તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તક** ઉપર લાલ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ તથા રેશમના દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

ધન્ય જશોદા ભાગ તિહારો જિન ઐસો સુત જાયો ।
જાકે દરસ પરસ સુખ ઉપજત કુલકો તિમિર નસાયો ॥૧॥
વિપ્ર સુજાન ચારન બંદીજન સબૈ નંદગૃહ આયે ।
નૌતન સુભગ હરદ દૂબ દધિ હરષિત સીસ બંધાયે ॥૨॥
ગર્ગ નિરુપ કીયે શુભ લચ્છન અવગતિ હૈ અવિનાશી ।
સૂરદાસ પ્રભુકો યશ સુનિ કૈ આનંદે વ્રજવાસી ॥૩॥

શયન દર્શન : (રાગ : કાન્હરો)

યહ ધન ધર્મ હી તે પાયો ।
નીકે રાખે યશોદા મૈયા નારાયણ વ્રજ આયો ॥૧॥
જા ધનકો મુનિ જપ તપ ખોજત વેદ હુ પાર ન પાયો ।
સો ધન ધર્યો ક્ષીર સાગરમેં બ્રહ્મા જાય જગાયો ॥૨॥
જા ધનતેં ગોકુલ સુખ લહિયત સગરે કાજ સંવારે ।
સો ધન બારબાર ઉર અંતર **પરમાનંદ** વિચારે ॥૩॥

આનંદે ત્રૈલોક અમરગણ પુષ્પવૃષ્ટિ કરે અનુસાર,
આનંદે ગોવર્ધન ગિરિધર કૃષ્ણદાસ કીનો બલિહાર.

વ્રજ : માગશીર્ષ શુક્લ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ દસમ



શ્રીવિઠ્ઠલજુકે દરશન કરત હોત પરમસુખ આનંદ,
પ્રકટ ભયે સંતન હિત કારણ સકલ કલા વૃંદાવન ચંદ.

વ્રજ : માગશીર્ષ શુક્લ દશમી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર સુદ દસમ

વસ્ત્ર : લાલ રંગનો, પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર લાલ રંગની ગોળ પાગ, લર, અલકાવલી ધર્યાં છે. તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત બદામના ગુંજા (ઘૂઘરા)ની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **મંગલા : (રાગ : દેવગંધાર)**

બોહોરિ કૃષ્ણ શ્રીગોકુલ પ્રગટે શ્રીવિઠ્ઠલ નાથ હમારે ।
દ્વાપર વસુધા ભાર હર્યો હરિ કલિજુગ જીવ ઉદ્ધારે ।।૧।।
તબ વસુદેવ ગૃહ પ્રકટ હોય કે કંસાદિક રિપુ મારે ।
અબ શ્રીવલ્લભ ગૃહ પ્રકટ હોય કે માયાવાદ નિવારે ।।૨।।
ઐસો કવિ કોહે જગ મહિયાં વરને ગુણ જો તિહારે ।
માણેકચંદ પ્રભુકો શિવ ખોજત ગાવત વેદ પુકારે ।।૩।।

શૃંગાર : (રાગ : બિલાવલ)

ધન્ય ગોકુલ જહાં ગોવિંદ આયે ।
ધન્ય ધન્ય સુમંગલ નિસદિન ધન્ય જસુમતિ જિન ગોદ ખિલાયે ।।૧।।
ધન્ય યહ બાલ કેલિ જમુનાતટ ધન્ય વન સુરભીવૃંદ ચરાયે ।
ધન્ય યહ સમય ધન્ય યહ લીલા ધન્ય યહ બેનુ અધર ધરિ ગાયે ।।૨।।
ધન્ય યહ ચરન સદા સુખકારી સંત જનનકે હ્રદે રહાયે ।
ધન્ય **સૂર** ઉખલ ધન્ય ગોપી જાકે હેત ગોપાલ બંધાયે ।।૩।।

પરમ ઉદાર કૃપાલ કૃપાનિધિ રસિક શિરોમણિ આનંદ કંદ,
કૃષ્ણદાસ બલ બલ પ્રતાપકી યશ ગાવત મુનિ નૌતન છંદ.

વ્રજ : માગશીર્ષ શુક્લ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ દસમ



ફેંટા અમરસી ધરે ભ્રુકુટિ પર નેત્રકમલ નાસા ગજમોતી,
ભાલ તિલક સિરપેચ સીસફૂલ મોતીનમાલ પહોંચી લર જોતી.

આજના શૃંગાર : ફેંટાનો સાજ અને સૂથન-ચાકદાર

સાજ : ગુલાબી રંગની, હાંસિયામાં જરીના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : આછા ગુલાબી રંગની સાટીનનાં, રૂપેરી જરીની તોઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ચાકદાર વાગો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનુ ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર ફેંટાનો સાજ ધરાયો છે. ગુલાબી રંગના ફેંટા ઉપર શિરપેચ, મોરશીખા અને કતરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

ગાયનસો રતિ ગોકુલસો રતિ ગોવર્ધનસો પ્રીતિ નિવાહી ।
શ્રીગોપાલ ચરણ સેવા રતિ ગોપ સખા સબ અમિત અથાઈ ॥૧॥
ગોવાણી જો વેદકી કહિયત શ્રીભાગવત ભલે અવગાહી ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ નંદનંદનકી સબ પરછાંઈ ॥૨॥

શયન : (રાગ : નાયકી)

આજ ધન્ય ભાગ્ય હમારે પ્રકટે શ્રીવિઠ્ઠલનાથ ।
નિરખત ત્રિવિધ તાપ તનકે ગયે ભવસાગર તે તારે ॥૧॥
શામલ અંગ વદન પૂરણ ચંદ દેખિયત જગ ઉજિયારે ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ વલ્લભરાજ લલારે ॥૨॥

દરપન લે દેખત દોઉ હંસત મુખ આરતી વારત દીપક જોતિ,
કુંભનદાસ પ્રભુકી છબિ નિરખત રસના કહા કહૈ છબિ બહોતિ.

વ્રજ : માગશીર્ષ શુક્લ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ અગિયારસ



ફૂલ ગુલાબી સાજ અતિ શોભિત તાહિ રાજત બાલકૃષ્ણ બિહારી,
ફેંટા ગુલાબી પિછોરા રહ્યો ફબિ ગુલાબી રંગ અતિ ભારી.

વ્રજ : માગશીર્ષ શુક્લ એકાદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : માગશર સુદ અગિયારસ

મોક્ષદા એકાદશી ગીતા જયંતિ

વસ્ત્ર : ઘેરા ગુલાબી (રાણી) રંગનો પીળી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ગુલાબી રંગનો ફેંટો ધર્યો છે. લર, અલકાવલિ, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત શીંગોડાના લોટના મનોહરની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સામગ્રી ધરીએ અને પ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

સુનોરી આજ નવલ વધાયો હે ।
શ્રીલક્ષ્મણ ગૃહ પ્રકટ ભયે હૈ શ્રીવલ્લભ મનભાયો હૈ ॥૧॥
બાજત આવજ ઢોલક મહુવર ઘન જ્યો ઢોલ બજાયો હૈં ।
કોકિલ કંઠ નવલ વનિતા મિલ મંગલ ગાયો હૈ ॥૨॥
હરદી તેલ સુગંધ સુવાસિત લાલન ઉબટ ન્હવાયો હૈ ।
નખશિખલો આભૂષણ ભૂષિત પીતાંબર પહરાયો હૈ ॥૩॥
અશન વસન કંચનમણિ માણિક ઘરઘર યાચક પાયો હૈ ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન કૃપાનિધિ પલનામાંઝ ઝુલાયો હૈ ॥૪॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

નંદરાય કે નવનિધિ આઈ ।
માથે મુકુટ શ્રવન મણિ કુંડલ પીતવસન અરુ ચારુ ભુજાઈ ॥૧॥
બાજત બીન મૃદંગ શંખ ધુનિ ઘસિ અરગજા અંગ ચઢાઈ ।
દધિ પીવત ઓર ચંદન છિરકત રપટિ પરત હૈ લેત ઉઠાઈ ॥૨॥
અક્ષત દૂધ લિયૈ ચઢ બડે દ્વારે બંદનમાલ બંધાઈ ।
સૂરદાસ સબ મિલે પરસ્પર દાન દેત નંદ મન ન અઘાઈ ॥૩॥

ગો.વા. રાઘવજી પાનાચંદ રાઠોડ પરિવાર હસ્તે ડૉ. હિમત રાઘવજી રાઠોડના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ અગિયારસ



લાલ હી સૂથન લાલ હી વાગો લાલ હી પાગ બની અતિ ભારી,
લાલ હી ઠાડે આભૂષન રાજત લાલ હી લાલ વ્રષભાનકુમારી.

આજના શૃંગાર : મુકુટ-કાછની

સાજ : લાલ રંગની મખમલ ઉપર શ્રીગિરિરાજજી, શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી વગેરેના સુરમા સિતારાના, કસીદાના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : લાલ રંગનાં સોનેરી જરીની તોઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ચાકદાર વાઘો, ગાતીનો ઉપરણો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર સુવર્ણનો જડાવ કિરીટ મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. વિવિધ રંગનાં પુષ્પોનાં સુંદર થાકવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

દેખો અદ્‌ભુત અવિગતકી ગતિ કૈસો રૂપ ધર્યો હૈ હો ।
તીન લોક જાકે ઉદર બસત હૈ સો સુપ કે કોને પર્યો હૈ ॥૧॥
નારદાદિક બ્રહ્માદિક જાકો સકલ વિશ્વ સર સાંધે હો ।
તાકો નાર છેદત વ્રજયુવતી વાંટિ તગાસો બાંધે ॥૨॥
જા મુખ કો સનકાદિક લોચત સકલ ચાતુરી ઠાને ।
સોઈ મુખ નિરખત મહરિ યશોદા દૂધ લાર લપટાને ॥૩॥
જિન શ્રવનન સુની ગજકી આપદા ગરુડાસન વિસરાયે ।
તિન શ્રવનનકે નિકટ જશોદા ગાયે ઔર હુલરાવે ॥૪॥
જિન ભૂજાન પ્રહલાદ ઉબાર્યો હરનાકુસ ઉર ફારે ।
તેઈ ભુજ પકરિ કહત વ્રજગોપી નાચો નૈક પિયારે ॥૫॥
અખિલ લોક જાકી આસ કરત હૈ સો માખન દેખિ અરે હૈ ।
સોઈ અદ્‌ભુત ગિરિવરહુ તે ભારે પલના માંઝ પરે હૈ ॥૬॥
સુર નર મુનિ જાકૌ ધ્યાન ધરત હૈ શંભુ સમાધિ ન ટારી ।
સોઈ પ્રભુ **સૂરદાસ** કો ઠાકુર ગોકુલ ગોપ બિહારી ॥૭॥

શયન : (રાગ : અડાનો)

શ્રીવલ્લભ લાડિલે હો તુમ્હારે ચરણ કમલ શરણ ।
નામ લેત પાપ હરત બ્રહ્માદિક સ્તુતિ કરત સુનિયત ત્રૈલોક સુયશ પતિત પાવન કરણ ॥૧॥
સુરનર મુનિ નાગલોક કરત હૈ દિન રેન સેવ વિમલ વચન વદત વેદ પ્રકટ આરતિ હરણ ।
ગિરિરાજ ધરણ બલિહારી શ્રીવિઠ્ઠલેશ ગિરધારી સકલ જગત હૈ ભવસિંધુ વિષમ હરણ ॥૨॥

અર્પિત આર. શાહના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ બારસ



તેરી હોં બલિ બલિ જાઉં ગિરિધરન છબીલે,
કુલહે છબીલી અરુ પાગ છબીલી અલક છબીલી તિલક છબીલો માઈ રી નૈન છબીલે પ્યારીજુ કે રંગરંગીલે.

વ્રજ : માગશીર્ષ શુક્લ દ્વાદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર સુદ બારસ

વસ્ત્ર : ઘેરા લીલા રંગનો લાલ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર લાલ રંગની પાગ, લર, અલકાવલી ધર્યાં છે. તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત ખીર અને વડાંની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **મંગલા : (રાગ : દેવગંધાર)**

બોહોરિ કૃષ્ણ શ્રીગોકુલ પ્રગટે શ્રીવિઠ્ઠલનાથ હમારે ।
દ્વાપર વસુધા ભાર હર્યો હરિ કલિજુગ જીવ ઉદ્ધારે ॥૧॥
તબ વસુદેવ ગૃહ પ્રકટ હોય કે કંસાદિક રિપુ મારે ।
અબ શ્રીવલ્લભ ગૃહ પ્રકટ હોય કે માયાવાદ નિવારે ॥૨॥
ઐસો કવિ કોહે જગમહિયાં વરને ગુણ જો તિહારે ।
માણેકચંદ પ્રભુકો શિવ ખોજત ગાવત વેદ પુકારે ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

નંદનંદન વૃંદાવન ચંદ ।
યુદકુલ નભ તિથિ દુતીય દેવકી પ્રગટે ત્રિભુવન ચંદ ॥૧॥
જઠર કુહૂતે વૃદ્ધ વારુણી દિસ મધુપુરી સુછંદ ।
વસુદેવ શંભુ સીસ ધરિ આને ગોકુલ આનંદ કંદ ॥૨॥
વ્રજ પ્રાચી યશોદા રાકા નિસ શરદ રિતુ નંદ ।
ઉડુગન સહિત સખા સંકરષન તમ કુલ દનુજ નિકંદ ॥૩॥
ગોપીજન ચકોરચિત બાંધ્યો પલ નિવારિ દુઃખ દ્વંદ ।
સૂરદાસ કલા ષોડશ પરિપૂરન પરમાનંદ ॥૪॥

અધર છબીલે વસન છબીલે બેન છબીલે હો અતિ સરસ જુ ઢીલે.
ગોવિંદ પ્રભુ નખસિખ છબીલે અંગ અંગન લાલન અતિ હી રસીલે.

વ્રજ : માગશીર્ષ શુક્લ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ બારસ



હેલી રસમય શ્રીવલ્લભસુત પ્રકટ ભયે આજ,
અંગઅંગ દ્યુતિતરંગ મધુરાવલિ કેલિ પ્રસંગ દગવિશાલ ભ્રોંહ ભાલ કમનીય સાજ.

વ્રજ : માગશીર્ષ શુક્લ દ્વાદશી   **ચિત્ર પરિચય**   ગુજરાતી : માગશર સુદ બારસ

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : લીલા રંગની સાટીનની ગુલાબી રંગના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. હાંસિયાની બંને બાજુ રૂપેરી જરીની કિનાર લાગેલી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવી છે.

વસ્ત્ર : લીલા રંગની સાટીનનાં સૂથન, ચોલી, ઘેરદાર વાઘો તથા મોજાં ધર્યાં છે. ઘેરદાર વાઘાને ગુલાબી રંગની કિનાર (હાંસિયો) મૂકેલી છે. મોજાં ઉપર ગુલાબી ફૂમતાં છે. ઠાડું વસ્ત્ર સફેદ રંગનું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, હીરા, પન્ના તથા સુવર્ણનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર ગુલાબી રંગની પાગ, શિરપેચ અને દોહરા કતરા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

ગાવૌ ગાવૌ મંગલચાર વધાવો નંદકે ।
આવૌ આંગન ક્લશ સાજિકે દધિફલ નૂતન ડાર ॥૧॥
ઉરસો ઉર મિલિ નંદરાય ગોપ સબૈ નિહાર ।
માગધ સુત બંદીજન મિલિકે દ્વાર કરત ઉચ્ચાર ॥૨॥
પાયૌ પૂરન આસ કરિ સબ મિલિ દેત અસીસ ।
નંદરાયકૌ કુંવર લાડિલો જીવૌ કોટિ બરીશ ॥૩॥
તબ વ્રજરાય આનંદ મગન મન દીને વસન મંગાય ।
ઐસી શોભા દેખિકે જન **સૂરદાસ** બલિ જાય ॥૪॥

શયન : (રાગ : ઈમન)

ગાઉં શ્રીવલ્લભ નંદન કે ગુણ લાઉં સદા મન અંગ સરોજન ।
પાઉં પ્રેમ પ્રસાદ તતછિન ધાઉં ગોપાલ ગહે ચિત ચોજન ॥૧॥
નાઉં સીસ રિઝાઉ લાલૈ આયો શરણ યહી જો પ્રયોજન ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ છબિ પર વારોં કોટિ મનોજન ॥૨॥

લીલા અમૃત રસાલ પ્રેમભક્તિકે પ્રતિપાલ સ્મરણ કરેં નિહાલ ભાવકી બાંધે પાજ,
‘પદ્મનાભ’ વાગધીશ કુંવર કેલિ કલ અખિલ અવગાહત પ્રેમસિંધુ વ્રજજન શિરતાજ.

વ્રજ : માગશીર્ષ શુક્લ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ તેરસ



વિનાયક ધનસુખલાલ નવાવાલાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ ત્રયોદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર સુદ તેરસ

વસ્ત્ર : ચંપાઈ રંગનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર ઘેરા ગુલાબી રંગની પાગ, લર, અલકાવલી ધર્યાં છે. તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત મેંદો, વેસણ તથા મગના લોટના મગસ તેમજ અડદની દાળનાં વડાં ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને પ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

જલતે નિકસ તીર સબ આવહુ ।
જેસે સવિતાસો કર જોરે તૈસેહૂ જોર દિખાવહુ ॥૧॥
નવબાલ હમ તરુણ કાન્હ તુમ કૈસે અંગ દિખાવહુ ।
જલતે સબ બાંહ ટેકકેં દેખહુ શ્યામ રિઝાવહુ ॥૨॥
ઐસે નહી રીઝો મૈં તૂમકુ ઉંચે બાંહ ઉઠાવહુ ।
સૂરદાસ પ્રભુ કહત હરિ ચોલી વસ્તર તબ પાવહુ ॥૩॥

શૃંગાર : (રાગ : રામકલી)

દેહો વ્રજનાથ હમારી આંગી ।
નાતર રંગબિરંગ હોયગો કેઈ બેરિયા હમ માંગી ॥૧॥
વ્રજ કે લોગ કહા કહેંગે દેખ પરસ્પર નાગી ।
ખરે ચતુર હરિ હો અંતરગત રૈન પરી કબ જાગી ॥૨॥
સકલ સૂત કંચન કે લાગે બીચ રત્નન કી ધાગી ।
પરમાનંદ પ્રભુ દીજિયે ન કાહે પ્રેમ સુરંગ રંગ પાગી ॥૩॥

કોકિલાબેન બિપીનભાઈ મોહનલાલ ઝવેરીના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ ત્રયોદશી **રાજભોગ દર્શન** ગુજરાતી : માગશર સુદ તેરસ



પૂનમચંદ વી. શેઠ પરિવારના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ ત્રયોદશી   **ચિત્ર પરિચય**   ગુજરાતી : માગશર સુદ તેરસ

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ચાકદાર

સાજ : કેસરી રંગની સાટીનની, રૂપેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવી છે.

વસ્ત્ર : કેસરી રંગનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોલી, ચાકદાર વાગો અને મોજાં ધર્યાં છે. પતંગી (ઘેરા ગુલાબી) રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પીરોજા તથા સુવર્ણનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે કેસરી રંગની પાગ ઉપર શિરપેચ અને જમાવ નાગફણીનો કતરો ધર્યો છે, તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોના બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

માઈરી લાલ આયેરી મેરેહી મહલ તનમનધન સબ વારો ।
હૌ બલ ગઈ સખી આજકી આવન પર પલકનસો મગ ઝારો ॥૧॥
અતિ સુકુમાર પદ ધરન સરિ કંકરગુન સબ ટારૌ ।
નંદદાસ પ્રભુ નંદનંદન સોં ઐસી પ્રીત નિત ધારૌ ॥૨॥

શયન : (રાગ : નાયકી)

વારોં મીન ખંજન આલી કે દગન પર ભ્રમર મન ।
અતિ હસિ લોને લોને અતિહી સુઢાર ઢારે અતિ કજરારે ભારે વિનહી અંજન ॥૧॥
શ્વેત અસિત કટાક્ષન તારે ઉપમાકો મૃગહી કુંજન ।
પરમાનંદ પ્રભુ રસવશ કરલીને પ્યારીજુ કે મનકે રંજન ॥૨॥

મોહન મોહની સિર પાગ,
બહોત ભાંત સઁવારત રુચિકર શ્રીદામા અનુરાગ.

વ્રજ : માગશીર્ષ શુક્લ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ ચૌદસ



હરિજુ કો દરસન ભયો સવેરો,
બહુત લાભ પાઉંગી રી માઈ દહ્યો બિકેગો મેરો.

કેસરી ઘટા

વસ્ત્ર : કેસરી રંગનો શ્યામ કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર આછા કેસરી રંગની પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત મૂઠિયાનું ચૂરમું અને મગના લોટના પૂડલા ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને પ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે ગો. તિલકાયત શ્રીદાઉજી મહારાજના જન્મદિવસની નોબતની વધાઈ બેસે છે. પ્રભુને સર્વ સાજ અને વસ્ત્રો કેસરી સાટીનના ધરાય છે. કેસરી ઘટા થાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

નંદનંદન વૃંદાવન ચંદ ।
યદુકુલ નભતિથિ દુતીય દેવકી પ્રગટે ત્રિભુવન ચંદ ॥૧॥
જઠર કુહૂતે વૃદ્ધ વારુણી દિસ મધુપુરી સુછંદ ।
વસુદેવ શંભુ સીસ ધરિ આને ગોકુલ આનંદકંદ ॥૨॥
વ્રજ પ્રાચી યશોદા રાકા નિસ સરદ રિતુ નંદ ।
ઉડુગન સહિત સખા સંકરષન તમ કુલ દનુજ નિકંદ ॥૩॥
ગોપીજન ચકોરચિત બાંધ્યો પલનિવારિ દુઃખ દ્વંદ ।
સૂરદાસ કલા ષોડશ પરિપૂરન પરમાનંદ ॥૪॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

સુખદ સ્વરૂપ શ્રીવિઠ્ઠલેશ રાય ।
વેદ વદત પૂરણ પુરુષોતમ શ્રીવલ્લભગૃહ પ્રકટે આય ॥૧॥
લટપટી પાગ મહારસભીને અતિ સુંદરવર સહજ સુભાય ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ અગણિત મહિમા વરણી ન જાય ॥૨॥

શયન : (રાગ : નાયકી)

સુઘર સહેલી મિલ આવો ગાવો મંગલ ગીત ।
પુત્ર ભયો શ્રીવલ્લભ પ્રભુકે જિન ચાખ્યો નવનીત ॥૧॥
આંગન મોતિન ચૌક પુરાવો ચીતો ભીંત પછીત ।
સોંધે કુકુંમ ઉબટ ન્હવાવો પહરાવો પટપીત ॥૨॥
પૌસ અસિત નૌમીકો શુભદિન લગે સરસ જહાં સીત ।
શ્રીવલ્લભ ગિરિધારી કૃપાનિધિ બાજે બજાવો જીત ॥૩॥

ચંદ્રવિલાસ ચીમનલાલ રાવલના શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.
ઊષાબેન ચંદ્રવિલાસ ચીમનલાલ રાવલના શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ ચૌદસ



કેસરકી ધોતી કટિ કેસરી ઉપરના ઓઢેં કેસરકો તિલક ભાલ મુદ્રા મધ્ય સોહેં,
શ્રવણન મણિ મુક્તા ધરેં કોટિ મદન માન હરેં મુકુલિત શિર કેશ દેખ કૌ હૈ જો ન મોહેં.

કેસરી ઘટા

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : કેસરી રંગની પિછવાઈ ધરી છે. ગાદી તકિયા અને ચરણચોકી ઉપર કેસરી બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : સૂથન, ચોલી, ઘેરદાર વાઘો, મોજાં સર્વ વસ્ત્રો કેસરી રંગનાં ધર્યાં છે. વસ્ત્રોને શ્યામ અને લાલ રંગની કિનારી મૂકેલી છે. ઠાડું વસ્ત્ર પણ કેસરી રંગનું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, મુંગા (પરવાળાં) તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર કેસરી રંગની ગોળ પાગ, શિરપેચ અને રેશમના દોહરા કતરા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. રંગબેરંગી પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : ખટ)**

સુનોરી આજ નવલ વધાયો હે ।
શ્રીવલ્લભગૃહ પ્રકટ ભયે પુરુષોત્તમ જાયો હૈ ॥૧॥
નયનનકો ફલ લેઉ સખી ભયો મનકો ભાયો હૈ ।
ગિરિધરલાલ ફેર પ્રગટે હૈ ભાગ્ય તે પાયો હૈ ॥૨॥
મણિમાલા વંદન માલા દ્વારદ્વાર બંધાયો હે ।
શ્રીગોકુલમેં ઘરનઘરન પ્રતિ આનંદ છાયો હૈ ॥૩॥
દ્વિજકુલ ચંદ ઉદિત સબ વિશ્વકો તિમિર નસાયો હે ।
ભક્ત ચકોર મગન આનંદિત હિયો સિરાયો હૈ ॥૪॥
મહારાજ શ્રીવલ્લભજી દાન દેત મન ભાયો હૈ ।
જો જાકે મન હુતી કામના સો તિન પાયો હૈ ॥૫॥
જાકે ભાગ્ય ફલે યા કલિમે તિન દરશન પાયો હે ।
કરિ કરૂણા શ્રીગોકુલ પ્રકટે સુખદાન દિવાયો હૈ ॥૬॥
મર્યાદા પુષ્ટિપથ થાપનકો આપતે આયો હૈ ।
અબ આનંદ વધાયો હૈરી દુઃખ દૂર બહાયો હૈ ॥૭॥
રાની ધન્ય ધન્ય ભાગ સુહાગભરી જિન ગોદ ખિલાયો હૈ ।
રસિક ભાગ્યતે પ્રકટ ભયે આનંદ દરસાયો હૈ ॥૮॥

શ્રીવલ્લભ સુત સુજાન ઉપમા કો નાહિ આન નખશિખ ગિરિધરન રૂપ દેખેહી બની આવે,
સુંદરતાઈ નિકાઈ તેજપ્રતાપ અતુલતાઈ નંદનંદન વિઠ્ઠલેશ એક હી કહાવે.

વ્રજ : માગશીર્ષ શુક્લ પૂર્ણિમા

મંગળા દર્શન

ગુજરાતી : માગશર સુદ પૂનમ



એક વૈષ્ણવના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ પૂર્ણિમા **ચિત્ર પરિચય** ગુજરાતી : માગશર સુદ પૂનમ

ગોપમાસ વ્રતચર્યા સમાપ્તિ, છપ્પનભોગ નિયમનો, શ્રીબલદેવજીનો ઉત્સવ

દેહલી-વંદનમાલા-હાંડી-આજે અભ્યંગ થાય

વસ્ત્ર : કેસરી રંગનો સાટીનનો લીલી કસોવાળો ગદલ ધર્યો છે.

શૃંગાર : શ્રીમસ્તક ઉપર કેસરી રંગની ગોળ પાગ ધરી છે. લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત ખાસ સામગ્રીમાં ખીર, ચંદ્રકળા, લવિંગભાત, કઢી વગેરે આરોગાવવામાં આવે છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે નાથદ્વારામાં શ્રીજીબાવાને છપ્પનભોગ ધરાય છે. તેમાં અગણિત સામગ્રીઓ ધરાય છે. જેનું વર્ણન કરવા કોઈ સમર્થ નથી. કારણ અહીં તો પ્રભુ નિત્ય નૂતન અગણિત સામગ્રી અને આભૂષણ, વસ્ત્ર વગેરે અંગીકાર કરે છે. જેની ગણના પણ ન થઈ શકે. વહેલી સવારે મંગળાદર્શન થઈ ગયા બાદ ડોલતિબારી, રત્નચોક વગેરે ધોવાઈને મંદિરવસ્ત્ર થઈ ગયા બાદ છપ્પનભોગ સાજવાનું શરૂ થાય છે. શૃંગાર કે ગ્વાલનાં દર્શન ખુલતાં નથી. ગોપીવલ્લભ ભોગની સાથે પ્રભુ છપ્પનભોગ આરોગે છે. દર વર્ષે નિયમપૂર્વક આજના દિવસે પ્રભુને છપ્પનભોગ ધરાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : ખટ)**

સુનોરી આજ નવલ વધાયો હૈ ।
શ્રીવલ્લભ ગૃહ પ્રકટ ભયે પુરુષોતમ જાયો હૈ ॥૧॥

(અપૂર્ણ, જુઓ માગશર સુદ ચૌદસ - રાજભોગનું પદ)

(અભ્યંગ, શૃંગાર, રાજભોગ, શયન વગેરે સમયનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ)

ગો.વા. સોની રેવાબેન ખુશાલદાસ દયાળજી હસ્તે. રંજનબેન વ્રજલાલ રાણપુરા (રાજકોટ)ના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માગશીર્ષ શુક્લ પૂર્ણિમા

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર સુદ પૂનમ



શ્રીવલ્લભ લાલકે ગુણ ગાઉં,
માધુરી માધુરી મુરતિ દેખ આનંદ સદન મદન મોહન નયન ચૈન પાઉં.

વ્રજ : માગશીર્ષ શુક્લ પૂર્ણિમા **ચિત્ર પરિચય** ગુજરાતી : માગશર સુદ પૂનમ

છપ્પનભોગ ઘરકો-નિયમનો

આજના શૃંગાર : ઘેરો-ગોકર્ણ અને સૂથન-ચાકદાર

સાજ : શ્યામ રંગની મખમલ ઉપર રૂપેરી જરીથી ગાયોના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : સોનેરી જરીનાં સૂથન, ચોલી, ચાકદાર વાગો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સુવર્ણનાં સર્વ આભૂષણો ધર્યાં છે. **શ્રીમસ્તકે** ટિપારાની ટોપી ઉપર ગોકર્ણ અને સોનેરી જરીનો ઘેરો ધર્યો છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. ઉત્સવની મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. સુવર્ણનું પ્રાચીન જડાવ ચોકઠું ધર્યું છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **છપ્પનભોગ કે પદ - ભોગ આયે તબ : (રાગ : ખટ)**

મૈયા અપને સુતહિ જિમાવત ।
ખીર ખાંડ ઘૃત લોણી લાડુ જોઈ જોઈ શ્યામહિ ભાવત ॥૧॥
યમુનોદક કંચનઝારી ભર સંજાવલિ લે આવે ।
કનક કે વીંજના કનક વેલસી શ્રીરાધાજુ ચમર ઢુરાવે ॥૨॥
ઘૃતપક રસપક પયપક જલપક છપ્પનભોગ ધરાવે ।
જેંવત મગન હોત મનમોહન **મુરલીદાસ** યશ ગાવે ॥૩॥

(રાગ : તોડી)

પરોસત ગોપી ઘુંઘટ મારે ।
કનકલતાસી સુંદરસીમા આઈ હૈ જ્યોંનારે ॥૧॥
ઝનક મનક આંગન મેં ડોલત લાવણ્ય મોર સવારે ।
નંદરાય નંદરાની તે દુરે લાલ ભલે નિહારે ॥૨॥
ઘરકી સોંઝ મિલાય થારમે આગે લે જબ ધારે ।
પરમ મિલનીયા મોહનજુકી હાંસી મિષ હુંકારે ॥૩॥
રુચિર કાછની જટિત કોંધની જુરો વાંહ ઉધારે ।
પરમાનંદ અવલોકન કારણ ભીર બહુત સિંઘદ્વારે ॥૪॥

(રાજભોગ, શયન વગેરે સમયનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ)

શ્રીવલ્લભ નંદન જગત વંદન શીતલ ચંદન તાપ હરણ યેહી મહાપ્રભુ ઈષ્ટકરણ ચરણન ચિત્ત લાઉં,
છીતસ્વામી મન વચ કર્મ પરમ ધર્મ યેહી મેરે લાડિલો લડાઉં.

ભાવના અને પરંપરા

ગોપ કન્યાઓએ એક માસ સુધી વ્રત કરી, પ્રાતઃસ્નાન કરી, કાત્યાયની દેવીનું પૂજન કર્યું. નંદકુમાર પોતાના પતિ થાય એ ભાવના રાખી આ વ્રત કર્યું. શ્રીમદ્ ભાગવતમાં તેનું વર્ણન છે.

તાસાં વિજ્ઞાય ભગવાન્ સ્વપાદ સ્પર્શ કામ્યયા ।
ધૃત વ્રતાનાં સંકલ્પમાહ દામોદરોબલા ॥૨૪-૧૦-૨૪॥

પ્રભુ નંદરાજકુમારે જાણ્યું કે આ કુમારિકાઓએ મારા ચરણકમલના સ્પર્શની કામનાથી આ વ્રત ધારણ કર્યું છે. જીવનનો એક માત્ર સંકલ્પ તેમણે કર્યો છે. હું આમના કારણે જ ભક્તવત્સલ બની, તેમના પ્રેમથી ઉખલમાં બંધાઈ દામોદર બન્યો છું. તેથી આપે આજ્ઞા કરી કે :

સંકલ્પો વિદિતઃ સાધ્વ્યો ભવતીનાં મદર્ચનમ્ ।
મયાનુમોદિતઃ સોઽસૌ સત્યોૈભવિતુમર્હતિ ॥૧૦-૨૨-૨૫॥

હે મારી પ્યારી ગોપીઓ, હું તમારા વ્રતના સંકલ્પને સારી રીતે જાણું છું. તમે મારું પૂજન કરી મને પ્રાપ્ત કરવા ઈચ્છો છો. તમારો મનોરથ જરૂર સિદ્ધ થશે.

ન મય્યાવેશિતધિયાં કામઃ કામાય કલ્પતે ।
ભર્જિતા કવથિતાધાના પ્રાયો બીજાય નેશ્યતે ॥૧૦-૨૬॥

તમે તમારું મન અને પ્રાણ મને સમર્પિત કર્યાં છે; તેથી તમારી કામનાઓ હવે સાંસારિક ભોગ ભોગવવા સમર્થ નથી, જેમ શેકેલું અનાજ અંકુર પેદા કરી શકતું નથી તેમ મને પ્રાણ અર્પણ કરી ચૂકનારાં તમે સાંસારિક ભોગ ભોગવવા સમર્થ નથી. તેથી આજ્ઞા કરી :

યાતબાલા વ્રજંસિદ્ધા મયેમા રંસથ્યક્ષપાઃ ।
યદુદ્દિશ્ય વ્રતમિદં ચેરુરાયાર્ચનં સતીઃ ॥

હે ગોપીઓ, તમે તમારા ઘેર જાઓ. તમારી સાધના સિદ્ધ થઈ છે તેથી હવે આવનારી શરદ ઋતુમાં તમે મારી સાથે વિહાર કરશો. હે સતીઓ, જે કારણથી તમે વ્રત કરી કાત્યાયની દેવીનું પૂજન કર્યું છે એ વ્રત સફળ થયું છે.

આ ગોપીજનો વૈધી (વિધિપૂર્વકની) ભક્તિની સીમા પાર કરી રાગાત્મિકા (પ્રેમલક્ષણા) ભક્તિમાં પૂર્ણ સમર્પિત થયાં. તેમણે વ્રતનું અનુષ્ઠાન તો વૈધી ભક્તિપૂર્વક કર્યું, પરંતુ હૃદય પ્રેમલક્ષણા ભક્તિથી સભર ભરેલું હતું. તેથી તેમણે વ્રતચર્યા લીલા કરી અને તેની સમાપ્તિમાં પ્રભુને છપ્પનભોગ આરોગાવ્યો, કારણકે જ્યાં સુધી વ્રતની સમાપ્તિની વિધિ - ઉદ્યાપન - ન થાય ત્યાં સુધી વ્રતની ફલસિદ્ધિ ન થાય.

આ પ્રસંગ ઉપરથી શ્રીવલ્લભકુળ દ્વારા પ્રભુને છપ્પનભોગ આરોગાવવાની પરંપરા શરૂ થઈ. સૌ પ્રથમ શ્રીગુસાંઈજીએ પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીના લગ્ન પ્રસંગે સંવત ૧૬૧૪માં શ્રીગોવર્ધનધર પ્રભુને છપ્પન ભોગ આરોગાવ્યો. ત્યારથી શ્રીવલ્લભકુળમાં પ્રસ્તાવ પછી પોતપોતાના સેવ્ય શ્રીપ્રભુને છપ્પનભોગ આરોગાવવાની રીત ચાલી આવે છે.

સંવત ૧૬૩૨માં શ્રીગોકુલનાથજીએ માગશર સુદ પૂનમે - આજના દિવસે-ગોકુલ સમીપ આવેલા દાઉજીમાં શ્રીબલદેવજીના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યા પછી શ્રીબલદેવજીની પ્રતિષ્ઠા કરી, વેદવિધિથી પુનઃસ્થાપિત કર્યા હતા. શ્રીબલદેવજીને હાંડો આરોગાવ્યો હતો. આપશ્રીએ વિચાર્યું કે મોટાભાઈને ત્યાં ઠાઠમાઠથી મનોરથ થાય અને નાના ભાઈ શ્રીગોવર્ધનધરણને ત્યાં કાંઈ ન થાય એવું ન ચાલે. તેથી શ્રીનાથજીબાવાને માગશર સુદ પૂનમે છપ્પનભોગ આરોગાવ્યો. તેમજ પ્રતિવર્ષ છપ્પનભોગ આ દિવસે થાય તેવી પ્રણાલિકા શ્રીગોકુલનાથજીએ બાંધીને ચાલુ કરી. ત્યારથી દર વર્ષે આજના દિવસે પ્રભુને

આજ ગોપાલ પાહુને આયે નિરખે નયન ન અઘાય રી,
સુંદર વદનકમલ કી શોભા મો મન રહ્યો હૈ લુભાયરી.

નિયમનો છપ્પનભોગ અંગીકાર થાય છે. દાઉજીમાં આજે મનોરથ થાય છે. મેળો ભરાય છે અને સોનાના જડાવ હળ-મૂસળ ધરાય છે.

છપ્પનભોગની ભાવના એવી છે કે પ્રભુ શ્રીનંદરાજકુમાર કૃષ્ણ પોતાના સાસરે સહકુટુંબ પરિવાર ભોજન કરવા પધાર્યા છે. શ્રીવૃષભાનજીએ આમંત્રણ આપી શ્રીનંદરાયજીના સમસ્ત પરિવારને કૃષ્ણની સાથે ભોજન માટે નિમંત્ર્યા છે. સૌનું સ્વાગત કરી ઉતારો આપ્યો છે. પછી ભોજન માટે પંગત પડી છે. વિવિધ પ્રકારની અનેક સામગ્રીઓ આરોગાવી છે. તે સમયે વ્રજલલનાઓ મધુર સ્વરે ગીતો ગાય છે.

આ ભાવનાથી ગોસ્વામી બાળકોને ત્યાં આજે છપ્પનભોગ પ્રભુ આરોગે છે. કારણ તેમનામાં સ્વામિનીભાવ છે. એમના ઘેર પ્રભુ પધારે છે. તેથી આપ છપ્પનભોગ આરોગાવે છે.

વલ્લભ દિગ્વિજય વ્રજયાત્રા ખંડ ચતુર્થ પટલમાં નીચે પ્રમાણે છપ્પનભોગનું વર્ણન મળે છે.

યત્ર કીર્તેઃ વૃષભાનોર્ભાનુ પુષ્કરં યત્ર તૌ સ્નાતૌ ।
યત્ર સરોવરે યશોદાયાઃ શિબિરં નંદરાયસ્ય ।
ષટ્ પંચાશત ભુક્તૈ યત્ર સ ચાભં વ્રતે સ્થિરતૌઃ ॥

જ્યાં કીર્તિજી અને વૃષભાનજીનું ભાનોખર તીર્થ છે. જેમાં સ્નાન કરવા માટે જશોદા કુંડ છે, ત્યાં નંદરાયજીને ઉતારો આપ્યો છે. અને છપ્પનભોગ આરોગાવ્યો છે. આ ભાવનાથી શ્રીનાથજીબાવાનો છપ્પનભોગ પ્રતિવર્ષ થાય છે. આ દિવસે આપ એકલા જ છપ્પનભોગ આરોગે છે. ઉપરાંત કોઈવાર સમસ્ત નિધિસ્વરૂપોમાંથી જે જે પધારી શકે તેમને પધરાવી મોટા મનોરથો કરી, પ્રભુને સુખ અને પ્રસન્નતા થાય તેનું ધ્યાન રાખી, છપ્પનભોગ આરોગાવવામાં આવે છે.

કાકા ગિરધરજીના ૪૩મા વચનામૃતમાં શ્રીગુસાંઈજીએ ગોકુળમાં સાત સ્વરૂપોને પધરાવી છપ્પનભોગ કર્યો હતો તેનો ઉલ્લેખ છે. તે સમયે આપે ખૂબ મનુહાર કરી પ્રભુને વિવિધ સામગ્રીઓ પુષ્કળ પ્રમાણમાં આરોગાવી હતી. શ્રીગુસાંઈજીના જ્યેષ્ઠ લાલજી શ્રીગિરિધરજીએ શ્રીજીબાવાને સતઘરામાં પધરાવીને છપ્પનભોગ આરોગાવ્યો હતો.

નાથદ્વારામાં શ્રીજીબાવા પધાર્યા પછી સર્વ પ્રથમ સપ્ત સ્વરૂપ પધરાવીને શ્રીગોવર્ધનેશજી મહારાજશ્રીએ વિ.સં. ૧૭૯૬ના માગશર માસમાં છપ્પનભોગ કર્યો હતો. તે પહેલાં દુહેરા મનોરથકર્તા શ્રીદાઉજી મહારાજે બે છપ્પનભોગ આરોગાવ્યા હતા. એક ચાર સ્વરૂપ પધરાવીને અને બીજો છ સ્વરૂપ પધરાવીને સં. ૧૮૭૭ના જેઠ માસમાં કર્યો હતો. ગો.તિ. શ્રી ગોવર્ધનલાલજી મહારાજશ્રીએ સં. ૧૯૬૬માં પાંચ સ્વરૂપ પધરાવીને છપ્પનભોગ કર્યો હતો. ગો.તિ. શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીએ સં. ૨૦૨૩માં શ્રાવણ સુદ દસમે સાત સ્વરૂપ પધરાવીને શ્રીજીબાવાને છપ્પનભોગ આરોગાવ્યો હતો. આમ માગશર સુદ પૂનમના નિત્યના નિયમના છપ્પનભોગ ઉપરાંત મનોરથોના છપ્પનભોગ પણ પ્રભુ અંગીકાર કરે છે.

છપ્પનભોગ ધરાય ત્યારે ગદાધરદાસજીનું નીચેનું પદ આસાવરી રાગમાં ગવાય છે.

શ્રીવૃષભાન સદન ભોજનકો નન્દાદિક સબ આયે હો ।
જિનકે ચરણકમલ ધરિવેકો પટ પાવડે બિછાયે હો ॥

તે ઉપરાંત ભોજનનાં અને વધાઈનાં પદ પણ ગવાય છે.

અહીં વ્રજતિથિ પ્રમાણે માગશર માસની સેવાનો ક્રમ અને ઉત્સવભાવના પૂર્ણ થાય છે.

કે નિરખૂં કે ટહેલ કરું એકો નહિ બનત ઉપાયરી,
જૈસે લતા પવનવશ દ્રુમસોં છૂટત ફિર લપટાયરી.

વ્રજ : પૌષ કૃષ્ણ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ એકમ



હોં ચરણાત પત્ર કી છૈયાં,
કૃપાસિંધુ શ્રીવલ્લભનંદન બહ્યો જાત રાખ્યો ગહિ બહિયાં.

નિ.લી. ગો. તિ. શ્રી દાઉજી મહારાજ (શ્રીરાજીવજી)નો પ્રાગટ્યોત્સવ (સં. ૨૦૦૫)

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : વ્રજ અને નાથદ્વારામાં શીતકાલમાં ઠંડીનું પ્રમાણ વધુ હોય ત્યારે શ્રીપ્રભુને મંગળામાં દોહરા (બે) ગદલ ધરાય છે. આજથી એ રીતે બે ગદલ ધરાયા છે. લાલ રંગના કિનખાબની લીલી કસોવાળા ગદલ ઉપર પીળા રંગનો બીજો ગદલ ધર્યો છે.

શૃંગાર : પીળા રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં મગના લોટનો, મેંદાનો અને વેસણનો મોહનથાળ ધરાય છે. આજથી માગશર વદ અમાસ સુધી દરરોજ સૌભાગ્યસૂંઠની એક ગોળી ધરાય છે તેમજ બદામનો શીરો પોષ સુદ પૂનમ સુધી ધરાય છે. ત્યારબાદ પણ શીતકાલીન સામગ્રી તરીકે બની શકે ત્યાં સુધી બદામનો શીરો ધરવો અને રાજભોગમાં એક અધિકની નવીન સામગ્રી ધરવી. ઋતુઅનુસાર, યથાશક્તિ, યથામનોરથ સુંદર સામગ્રી ધરવી અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવવાં.

નોંધ : આજે નિ.લી.પૂ.ગો.તિ. શ્રી દાઉજી (શ્રીરાજીવજી) મહારાજનો જન્મ દિવસ છે. આપનો જન્મ આજના દિવસે મુંબઈમાં ગો.તિ. શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીના જ્યેષ્ઠ પુત્ર તરીકે સંવત ૨૦૦૫માં થયો હતો. આપશ્રી જીવનભર શ્રીગોવર્ધનધરપ્રભુ અને શ્રીનવનીતપ્રિયજીના ગુપ્ત મનોરથો કરવાના આગ્રહી રહ્યા. મનોરથની ભાવ-ભાવના વિચારી અનેક રસમય સામગ્રી-શૃંગાર અંગીકાર કરાવી, નવા પ્રકારથી મનોરથો અંગીકાર કરાવતા. પ્રભુ સુખના વિચારથી મનોરથો કરતા. આપશ્રીના ઉપનયન સંસ્કાર જતીપુરામાં થયા હતા. આપશ્રી સંવત ૨૦૨૩માં નાથદ્વારા પધાર્યા ત્યાર પછી આપે આજનો શૃંગાર શરૂ કર્યો. શ્રીપ્રભુને આપે અનેક આભૂષણો વગેરે ભેટ કર્યા હતા. જીવનભર આપ શ્રીગોવર્ધનધર પ્રભુની સેવામાં વ્યસ્ત રહ્યા. જીવનના અંતિમ વર્ષો સુધી સ્વાસ્થ્યની પ્રતિકૂળતા હોવા છતાં આપે શ્રીગોવર્ધનધર પ્રભુને અનેકવિધ મનોરથો દ્વારા લાડ લડાવ્યા.

આજે દિવસભર શ્રીગુસાંઈજીની વધાઈનાં કીર્તન ગવાય છે.

નવ નખચંદ્ર શરદ મંડલ છબિ હરત તાપ સુમરત મન મહિયાં,
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ સુયશ બખાન સકત શ્રૃતિ નહિયાં.

વ્રજ : પૌષ કૃષ્ણ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ એકમ



નૈનન નિરખ હરિકો રૂપ,
નિકસી સકત નહીં લાવણ્ય નિધિ તેં માનોં પર્યો કોઉ કૂપ.

આજના શૃંગાર : કિરીટ અને સૂથન-ચાકદાર

સાજ : કેસરી રંગની સાટીનની, સોનેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. પિછવાઈમાં ગો.તિ. શ્રીગોવિંદલાલજી મહારાજ આરતી કરી રહ્યા છે અને ગો.તિ. શ્રીદાઉજી મહારાજ બે હાથ જોડી પ્રભુનાં દર્શન કરી રહ્યા છે તે પ્રકારનું ચિત્રકામ થયેલું છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : લાલ રંગની સાટીનનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં, સૂથન, ચોલી તથા ચાકદાર વાઘો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે. ઠાડાં વસ્ત્રની ચારે બાજુ ફૂલ-વેલ ચિત્રિત થયેલાં છે. આ પ્રકારનું ઠાડું વસ્ત્ર વર્ષમાં એક વાર આજે જ ધરાય છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સુવર્ણનાં સર્વ આભૂષણો ધર્યાં છે.

શ્રીમસ્તકે જડાવ કિરીટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. સોનાનું ચોકઠું ધર્યું છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે

શ્રીહસ્તમાં : સુવર્ણનાં જડાવ વેણુજી તથા બે વેત્રજી (છડી) ધર્યાં છે.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

પૌષ માસ નૌમી જબ આઈ । પ્રગટે શ્રીવિઠ્ઠલનાથ ગુંસાઈ ।
શ્રીલક્ષ્મણ સુત શ્રીવલ્લભરાઈ । સુનત હી ફૂલે અંગ ન માઈ ।।ટેક।।
ફૂલે અંગ ન માય શ્રીવલ્લભ, લીયે દ્વિજજન બોલકે ।
અતિ આતુર મન, વધાયે આયે, ધ્યાન મુનિજન ખોલકે ।।
બહુત આદર કિયે સબહીન, દીયે બહુવિધ માનજુ ।
દાસ માધો પ્રભુ પ્રકટ ભયે, શ્રીગોકુલકે ભાનજુ ।।૧।।
શ્રીવલ્લભ પ્રભુ સ્નાનજુ કીનો, આચમન કરિકે તિલક જુ દીનો ।
પૂજાકી બિધિ છાની, બોલત મુનિજન અમૃતબાની ।।ટેક।।
બોલત મુનિજન અમૃતબાની, ગોત્ર ઉચ્ચાર જો કીનો ।
વેદ વિધિસો મંત્ર પઢકે, દેવ પૂજન કીનો ।।
સૂત માગધ મુનિ ગંધર્વ, કરત પ્રમુદિત ગાનજુ ।
દાસ માધો પ્રભુ પ્રકટ ભયે, શ્રીગોકુલકે ભાનજુ ।।૨।।

(અપૂર્ણ, જુઓ પાછળના પાને)

છીતસ્વામી ગિરિધરન બિરાજત નખશિખ રૂપ અનુપ,
બિનુ દેખે મોહી કલ ન પરત છિનુ સુભગ વદન છબિ-જૂપ.

વ્રજ : પૌષ કૃષ્ણ પ્રતિપદા

કાચનો બંગલો

ગુજરાતી : માગશર વદ એકમ



શ્રીવિઠ્ઠલનાથ ચંદ ઊગ્યો જગમેં ભક્તિ ચાંદની છાય રહી,
અંધકાર જાકે મનકે મિટ ગયે સો પિયકે ઉર માંઝ રહી.

વ્રજ : પૌષ કૃષ્ણ પ્રતિપદા

ગુજરાતી : માગશર વદ એકમ

આજની વિશેષતા - કાચનો બંગલો

નોંધ : આજે પિછવાઈ શૃંગાર અને ગ્વાલનાં દર્શનમાં જ આવે છે. ત્યાર પછી પિછવાઈ વડી થઈ જાય (ઉતારી લેવામાં આવે) અને રાજભોગમાં કાચનો બંગલો ધરાય છે. પ્રભુ શ્રીનાથજીબાવા કાચના બંગલામાં ઉત્થાપન સુધી બિરાજે છે.

ચંદન ભવન લિપાયે, આંગન મૌતિન ચૌક પુરાયે ।
દ્વારન બંદનવાર બંધાઈ, કંચન કલશ ધ્વજા ફેહેરાઈ ।।ટેક।।
કંચન કલસ ધ્વજા ફેહેરાઈ, હોત જય જય કારજુ ।
વ્યાસ શ્રીશુકદેવજી મિલ, કરત વેદ વિચાર જુ ।
સિદ્ધિ શારદ નારદાદિક, કરત નિર્મલ ગાનજુ ।
દાસ માધો પ્રભુ પ્રકટ ભયે, શ્રીગોકુલ કે ભાનજુ ।।૩।।
ઘરઘર તે આવત વ્રજનારી, અંગ અંગ નવસત સાજ શૃંગારી ।
હાથન કંચન થાર સંવારી, મંગલ કલશ શીશ પર ધારી ।।ટેક।।
મંગલ કલશ જો શીશન લીને, ગાવત મંગલ ગીતજુ ।
ભઈ આતુર દરસ કારન, અંતર ઉપજી પ્રીતજુ ।।
નિરખ લાલ નિહાર પ્રમુદિત, બારત તન મન પ્રાણજુ ।
દાસ માધો પ્રભુ પ્રકટ ભયે, શ્રીગોકુલ કે ભાનજુ ।।૪।।
દાન દેત શ્રીવલ્લભ સબહિન, જૈસે પાયે કાહુ ન કબહિન ।
દેત અશીશ સકલ જે આયે, મનવાંછિત ફલ સબહિન પાયે ।।ટેક।।
મનવાંછિત ફલ સબહિન પાયે, કરત જય જય કાર જુ ।
ધ્યાનકો ફલ હમહીં દીનો, કૃપા કરી અપાર જુ ।।
ચલે અપને ધામકો સબ, કરત બહુત બખાન જુ ।
દાસ માધો પ્રભુ પ્રકટ ભયે, શ્રીગોકુલ કે ભાનજુ ।।૫।।

શૃંગાર : (રાગ : બિલાવલ)

પ્રગટે શ્રીવિઠ્ઠલનાથ જૂ જગ ભયો ઉજિયાર ।
પૌષ કૃષ્ણ નૌમી દિના પ્રભુ લિયો અવતાર ।।૧।।
નિરખત પૂરણ ચંદ્રમા કુમુદિની વિકસાની ।
સરિતા સિંધુ સરોવર ભયો ઉજ્જવલ પાની ।।૨।।

(અપૂર્ણ, જુઓ પાછળના પાને)

નિશદિન નામ જપોં યા મુખતેં શ્રીવલ્લભ વિઠ્ઠલેશ સહી,
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ અબ જો ભઈ કબહુ ન ભઈ.

વ્રજ : પૌપ કૃષ્ણ પ્રતિપદા

સૂકા મેવાનો બંગલો

ગુજરાતી : માગશર વદ એકમ



યહ ધન ધર્મ હી તે પાયો,
નીકે રાખિ યશોદા મૈયા નારાયન વ્રજ આયો.

સૂકા મેવાનો બંગલો

નોંધ : ઉત્થાપનથી શયન સુધી આજે શ્રીનાથજીબાવા-શ્રીગોવર્ધનધરણ પ્રભુ સૂકામેવાના બંગલામાં બિરાજે છે.

ભક્તન મન આનંદ ભયો ગાવે મૃદુ બાની ।
ચઢ વિમાન સુર દેખ હીં, જય જય સુખદાની ।।૩।।
ગોકુલ મે આનંદ ભયો, સબ કરત કલોલે ।
નરનારી મિલ ગાવહીં લજયા પટ ખોલે ।।૪।।
કલિયુગમેં દ્વાપર કિયો સબ જીવ ઉદ્ધારે ।
ગુણ અવગુણ પ્રભુ ના ગિને કીયે એક સારે ।।૫।।
સેવા રીતિ દિખાયકે નિરભય કરિ ડારે ।
યોગ યજ્ઞ જપ તપ નહીં યા કલિયુગ ભારે ।।૬।।
વહે જાત જીવ દેખ કે રાખે ગહિ બાંહિ ।
કૃષ્ણદાસ અપનોં કિયો, ચરણન કી છાંહી ।।૭।।

રાજભોગ : (રાગ : સારંગ)

પોષ નિર્દોષ સુખ કોશ સુંદર માસ કૃષ્ણનૌમી સુભગ નવ ઘરી દિન આજ ।
શ્રીવલ્લભ સદન પ્રકટ ગિરવર ધરન ચારૂ બિધુ વદન છબિ શ્રીવિઠ્ઠલ રાજ ।।૧।।
ભીર માગધ ભઈ પઢત મુનિજન વેદ ગ્વાલ ગાવત નવલ વસન ભૂષણ સાજ ।
હરદ કેસર દહીં કીચકો પાર નહીં માનો સરિતા વહી રહી નીર નિર્ઝર બાજ ।।૨।।
ઘોષ આનંદ ત્રિયવૃંદ મંગલ ગાવે બજત નિર્દોષ રસપુંજ કલ મૃદુગાજ ।
વિષ્ણુદાસ શ્રીહરિ પ્રકટ દ્વિજરૂપ ધર નિગમ પથ દઢ થાપ ભક્ત પોષણ કાજ ।।૩।।

શયન : (રાગ : નાયકી)

સુઘર સહેલી સબ મિલ આવો ગાવો મંગલ ગીત ।
પુત્ર ભયો શ્રીવલ્લભ પ્રભુ કે, જિન ચાખ્યો નવનીત ।।૧।।
આંગન મોતિન ચૌક પુરાવો ચીતો ભીંત પછીત ।
સોંધે કુકુંમ ઉબટ ન્હાવાવો પહેરાવો પટપીત ।।૨।।
પૌષ અસિત નૌમીકો શુભદિન લગે સરસ જહા સીત ।
શ્રીવિઠ્ઠલ ગિરિધારી કૃપાનિધિ બાજે બજાવો જીત ।।૩।।

જા ધનકો મુનિ જપતપ ખોજત વેદ હુ પાર ન પાયો,
સો ધન ધર્યો ક્ષીર સાગરમેં બ્રહ્મા જાય જગાયો.

વ્રજ : પૌષ કૃષ્ણ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ બીજ



જા ધનતેં ગોકુલ સુખ લહિયત સગરે કાજ સઁવારે,
સો ધન બારબાર ઉર અંતર પરમાનંદ વિચારે.

વ્રજ : પૌષ કૃષ્ણ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર વદ બીજ

વસ્ત્ર : ગુલાબી રંગના ગદલ ઉપર લાલ રંગનો કિનખાબનો ગદલ ધર્યો છે. આમ દોહરા ગદલ ધર્યા છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત મેવાતી અને લીલા વટાણાના પૂડલાની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : દેવગંધાર)**

આજ બન કોઉ વહ જીન જાય ।
સબ ગાયન બછરન સમેત ઘર લાવૌ ચિત્ર બનાય ॥૧॥
ઢોટા હો વ્રજ ભયૌ રાયજૂકે કહત સુનાય સુનાય ।
ચહુ દિશ ઘોષ રહ્યો કોલાહલ ઉર આનંદ ન સમાય ॥૨॥
કિતહી વિલંબ કરત બિન કાજૈં વેગિ ચલૌ ઉઠિ ધાય ।
અપને અપને મનકે ચીતે નૈનન દેખૌ આય ॥૩॥
એક ફિરત દધિ દૂબ દેત હૈ એક કહત ગહિ પાય ।
એક વસનપટ દેત બધાઈ એક ઉઠત હંસિ ગાય ॥૪॥
બાલ વિરધ નરનારિન કે મન ભયે ચૌગુને ચાય ।
સૂરદાસ પ્રમુદિત વ્રજવાસી ગિનત ન રાજા રાય ॥૫॥

શૃંગાર : (રાગ : દેવગંધાર)

સાંવરો મંગલ રૂપ નિધાન ।
જા દિન તેં હરિ ગોકુલ પ્રગટે દિન દિન હોત કલ્યાન ॥૧॥
બૈઠી રહૌં શ્યામ ગુન સુમરૌં રૈન દિના સબ યામ ।
શ્રીભટકે પ્રભુ નૈનભર દેખૌં પીતાંબર ઘનશ્યામ ॥૨॥

પોષ કૃષ્ણ નૌમીકો શુભ દિન પુત્ર અક્કાજુ જાયે હો,
સુન સુન નિજ જન સબ આનંદે હરખત કરત વધાયે હો.

વ્રજ : પોષ કૃષ્ણ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ બીજ



નારદાદિ બ્રહ્માદિક હરખે શુકમુનિ અતિ સચુ પાયે હો,
શ્રીભાગવત વિવેચન કરકે ગૂઢ અર્થ પ્રકટાયે હો.

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : ગુલાબી રંગની સાટીનની, શ્યામ કાપડ ઉપર ફૂલવેલના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની સાટીનના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોલી તથા ઘેરદાર વાઘો અને મોજાં ધર્યાં છે. ઘેરા લીલા રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. પન્નાનાં માળાજી હમેલની જેમ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર ગુલાબી રંગની પાગ ઉપર શિરપેચ, મોતીની લૂમ અને સફેદ રેશમના દોહરા કતરા ધર્યા છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, રંગબેરંગી થાગવાળાં સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : દિવસભર શ્રીગુસાંઈજીની વધાઈનાં પદ ગવાય છે. *'લટપટી પાગકે પેચ સઁવારો'* એ પદના આધારે આજનો શૃંગાર થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

શ્રીલક્ષ્મણ સૂત કે સૂત જાયો મંગલચાર વધાઈ બાજત ।
દુંદુભી ભેરિ ઢોલ સહનાઈ વીણા વેણુ મધુર અતિ રાજત ॥૧॥
યહ સુન દેવ કુસુમ બરખાવત વ્યોમ વિમાન ભીર ભઈ છાજત ।
જય જય શબ્દ હોત પુર વીથન માનોં સિંહ ગુંજારત ગાજત ॥૨॥
થાપે દેત દ્વારદ્વારન પ્રતિ કેસર હરદ દૂબ દધિ રાજત ।
શ્રીવિઠ્ઠલકો જન્મ ભયો સુન દુઃખ સંતાપ દૂર ભય ભાજત ॥૩॥

શયન : (રાગ : ઈમન)

ચલૌ મેરે લાડિલે હો પાયન પગ ધરૌ ।
મનમોહન લૈહુઁ બલાય ॥૧॥
આજકૌ દિન સુહાવનૌં બલિ જાઉ લાલ રે આંગન ખેલિયૈ ધાય ।
બારુંગી સર્વસુ **નારાયણ** વ્રિપન દૈઊંગી ગાય ॥૨॥

કલિકે જીવ ઉદ્ધારન કારન દ્વિજવપુ ધર ભુવ આયે હો,
અતિ ઉદાર શ્રીલક્ષ્મણનંદન દેત દાન મન ભાયે હો.

વ્રજ : પોષ કૃષ્ણ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ ત્રીજ



કરત વેદધ્વનિ વિપ્ર મહામુનિ જાતિકર્મ કરવાયે હો,
માણેકચંદ શ્રીવિઠ્ઠલ પ્રભુકે વિમલ વિમલ યશ ગાયે હો.

વ્રજ : પૌષ કૃષ્ણ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર વદ ત્રીજ

વસ્ત્ર : પીળા અને ગુલાબી એમ બે રંગના દોહરા ગદલ ધર્યા છે.

શૃંગાર : ગુલાબી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત મોહનથાળની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : દેવગંધાર)**

બોહોરી કૃષ્ણ શ્રીગોકુલ પ્રગટે શ્રીવિઠ્ઠલનાથ હમારે ।
દ્વાપર વસુધા ભાર હર્યો હરિ કલિયુગ જીવ ઉદ્ધારે ॥૧॥
તબ વસુદેવ ગૃહ પ્રકટ હોય કે કંસાદિક રિપુ મારે ।
અબ શ્રીવલ્લભ ગૃહ પ્રકટ હોય કેં માયાવાદ નિવારે ॥૨॥
એસો કવિ કોહે જગમહિયાં વરણે ગુણજો તિહારે ।
માણિકચંદ પ્રભુકો શિવ ખોજત ગાવત વેદ પુકારે ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

ધન્ય ગોકુલ જહાં ગોવિંદ આયે ।
ધન્ય ધન્ય સુમંગલ નિસદિન ધન્ય જસુમતિ જિન ગોદ ખિલાયે ॥૧॥
ધન્ય યહ બાલ કેલિ જમુનાતટ ધન્ય વન સુરભીવૃંદ ચરાયે ।
ધન્ય યહ સમય ધન્ય યહ લીલા ધન્ય યહ બેનુ અધર ધરિ ગાયે ॥૨॥
ધન્ય યહ ચરન સદા સુખકારી સંત જનનકે હ્દે રહાયે ।
ધન્ય **સૂર** ઉખલ ધન્ય ગોપી જાકે હેત ગોપાલ બંધાયે ॥૩॥

સદ્‌ગુણાબેન નવનીતલાલ દેસાઈના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ કૃષ્ણ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ ત્રીજ



કિશોર, અલકા, સૌરભ, સ્નેહા પારેખના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ કૃષ્ણ તૃતીયા **ચિત્ર પરિચય** ગુજરાતી : માગશર વદ ત્રીજ

આજના શૃંગાર : ફેંટાનો સાજ અને સૂથન-ચાકદાર

સાજ : લાલ રંગની, સોનેરી જરીની સિલમા સિતારાના કામની ચોકડીવાળી તેમજ સોનેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : લાલ રંગનાં, સોનેરી જરીની ચોકડીવાળાં અને સફેદ જરીની તૂઈલેસવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો તથા મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. પીરોજા તથા સોનાનાં આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર ફેંટાનો સાજ-લાલ રંગના ફેંટા ઉપર પીરજોના શિરપેચ, મોરશીખા અને રેશમનો કતરો ધર્યો છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી - લર તથા ઝૂમખીવાળાં કર્ણફૂલ ધર્યાં છે. લાલ ગુલાબ અને શ્વેત પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : પીરોજા અને સુવર્ણનાં વેણુજી તથા સુવર્ણનાં બે વેત્રજી (છડી) ધર્યાં છે.

નોંધ : દિવસભર શ્રીગુસાંઈજીની વધાઈનાં કીર્તન ગવાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

ગાયનસો રતિ ગોકુલસો રતિ ગોવર્ધનસો પ્રીતિ નિવાહી ।
શ્રીગોપાલ ચરણ સેવારતિ ગોપ સખાસબ અમિત અથાઈ ॥૧॥
ગોવાણી જો વેદકી કહિયત શ્રીભાગવત ભલે અવગાહી ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ નંદનંદનકી સબ પરછાંઈ ॥૨॥

શયન : (રાગ : નાયકી)

આજ ધન્ય ભાગ્ય હમારે પ્રકટે શ્રીવિઠ્ઠલનાથ ।
નિરખત ત્રિવિધ તાપ તનકે ગયે ભવસાગર તે તારે ॥૧॥
શામલ અંગ વદન પૂરણ ચંદ દેખિયત જગ ઉજિયારે ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ વલ્લભરાજ લલારે ॥૨॥

ગો.વા. અમૃતલાલ અને પદ્માબેન પારેખના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ કૃષ્ણ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ ચોથ



સુંદર લાલ ગોવર્ધનધારી કહાં તુમ રેન બસે મેરે લાલ,
આલસ નયન બેન ચલબોલ છૂટે બંદ ડગમગાત ચાલ.

પાંચમી રૂપેરી ઘટા

વસ્ત્ર : રૂપેરી અને શ્યામ જરીનો અને પીળા રંગનો એમ દોહરા - બે - ગદલ ધર્યા છે.

શૃંગાર : લાલ રંગનો ફેંટો, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત થુલી (ગોળ-ખાંડની) તેમજ મેવાના ગુંજાની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : બિલાવલ)**

નંદનંદન વૃંદાવન ચંદ ।
યદુકુલ નભ તિથિ દુતિય દેવકી પ્રગટે ત્રિભુવનચંદ ॥૧॥
જઠર કુહૂતે વૃદ્ધ બારુણી દિસ મધુપુરી સુછંદ ।
વસુદેવ શંભુ સીસ ધરિ આને ગોકુલ આનંદકંદ ॥૨॥
બ્રજ પ્રાચી યશોદા રાકા નિસ શરદ રિતુ નંદ ।
ઉડુગન સહિત સખા સંકરષન તમ કુલ દનુજ નિકંદ ॥૩॥
ગોપીજન ચકોરચિત બાંધ્યો પલનિવાર દુઃખ દ્વંદ ।
સૂરદાસ કલા ષોડ્શ પરિપૂરન પરમાનંદ ॥૪॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

પ્રકટે શ્રીવિઠ્ઠલનાથજૂ જગ ભયો ઉજિયાર ।
પૌષ કૃષ્ણ નૌમી દિના પ્રભુ લિયો અવતાર ॥૧॥
નિરખત પૂરણ ચંદ્રમા કુમુદિની વિકસાની ।
સરિતા સિંધુ સરોવર ભયો ઉજ્જવલ પાની ॥૨॥
ભક્તન મન આનંદ ભયો ગાવેં મૃદુ બાની ।
ચઢ વિમાન સુર દેખહીં જય જય સુખદાની ॥૩॥
ગોકુલમેં આનંદ ભયો સબ કરત કલોલેં ।
નરનારી મિલ ગાવહીં લજ્યા પટ ખોલેં ॥૪॥
કલિયુગમેં દ્વાપર કિયો સબ જીવ ઉદ્ધારે ।
ગુણ અવગુણ પ્રભુ ના ગિને કીયે એક સારે ॥૫॥
સેવા રીતિ દિખાય કે નિરભય કરિ ડારે ।
યોગ યજ્ઞ જપ તપ નહીં યા કલિયુગ ભારે ॥૬॥
વહે જાત જીવ દેખ કેં રાખે ગહિ બાંહી ।
કૃષ્ણદાસ અપનોં કિયો ચરણન કી છાંહી ॥૭॥

ગો.વા. પૂંજાલાલ ત્રિભોવનદાસ પારેખ (વડોદરા)ના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ કૃષ્ણ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ ચોથ



ચમક આયો ચંદસો મુખ કુંજતે જબ નિકસી,
સુંદર સાંવરો કિશોર ગોહન લાગ રહે ચકોર લલિતાદિક કુમુદાવલિ નિરખ નયન વિકસી.

પાંચમી રૂપેરી ઘટા

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : આજે રૂપેરી ઘટા હોવાથી સર્વ સાજ રૂપેરી જરીનો છે. પિછવાઈ ખંડપાટ રૂપેરી જરીનાં ધર્યાં છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ મલમલની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : રૂપેરી જરીનું સુથન, ચોલી, ઘેરદાર વાઘો તથા મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પણ રૂપેરી જરીનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા અને મોતીનાં સર્વ આભરણ ધર્યાં છે. હીરાનો હમેલ ધર્યો છે.

શ્રીમસ્તક ઉપર રૂપેરી જરીની ગોળ પાગ, ઉપર શિરપેચ, લૂમ તથા રેશમના દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં હીરાનાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં માળાજી ધર્યાં છે. ચાંદીનું ચોકઠું ધર્યું છે.

શ્રીહસ્તમાં : ચાંદીના હીરાજડિત વેણુજી અને વેત્રજી ધર્યાં છે.

નોંધ : દર વર્ષે આજના દિવસે સફેદ જરીની ઘટા થાય છે. શૃંગાર ઐચ્છિક છે. ચંદ્રમાના ભાવની વધાઈ ગવાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

જયતિ રૂક્મિણી નાથ પદ્માવતી પ્રાણપતિ વિપ્રકુલ છત્ર આનંદકારી ।
દીપ વલ્લભ વંશ જગત નિસ્તમ કરન, કોટિ ઉડુરાજ સમ તાપ હારી ।।૧।।
જયતિ ભક્તજન પતિ પતિત પાવન કરન કામીજન કામના પૂરનકારી ।
મુક્તિકાંક્ષીય જન ભક્તિ દાયક પ્રભુ સકલ સામર્થ્ય ગુણ ગુણન ભારી ।।૨।।
જયતિ સકલ તીરથ ફલિત નામ સ્મરણ માત્ર બાસ વ્રજ નિત્ય ગોકુલ બિહારી ।
નંદદાસની નાથ પિતા ગિરિધર આદિ પ્રકટ અવતાર ગિરિરાજધારી ।।૩।।

શયન : (રાગ : ઈમન)

શ્રીવલ્લભનંદન ચંદ દેખત તન કે ત્રિવિધ તાપ જાત જાત ।
મિટ ગયે સબ દૂરિત દૂર ભક્તનકી જીવનસૂર ભામિની આનંદકંદ ।।૧।।
શ્રીવિઠ્ઠલનાથ વિલોક બઢ્યો સુખસિંધુકી ઉઠત તરંગ મિટગયે દુઃખદ્વંદ ।
છીતસ્વામી ગિરિવરધર વિઠ્ઠલેશ કે ગુણગાવત આનંદ સુખછંદ ।।૨।।

પહિરે તન શ્વેત સારી માનોં શરદ ઉજિયારી માનોં સુધાસિંધુ મધ્ય દામિની ધસી,
કહત ભગવાન હિત રામરાય પ્રભુ પ્યારી વશ કીને કુંજવિહારી છબિ નિરખ મંદ હસી.

વ્રજ : પોષ કૃષ્ણ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ પાંચમ



વંદે શ્રીવિઠ્ઠલ ચરણં,
નખ શશિ વિમલ કોટિ કિરણાવલિ જનમન કુમુદ વિકસ કરણં.

શ્રીગુસાંઈજીના ઉત્સવનો આગમનો શૃંગાર

વસ્ત્ર : રૂપેરી જરીના દોહરા - બે - ગદલ ધર્યાં છે.

શૃંગાર : રૂપેરી જરીની ગોળ પાગ (ચીરા), લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે બેસણ, મેંદો, ચોરીઠો, અડદનો લોટ અને મગના લોટના મગસની સામગ્રીઓ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : દેવગંધાર)**

યહ સુખ દેખોરી તુમ માઈ ।
બરસગાંઠ ગિરિધરનલાલકી બહોરિ કુશલસોં આઈ ॥૧॥
આગમ કે દિન નીકે લાગત ઉર સુખ લહરિ ઉઠાઈ ।
ઐસી બાત કહત વ્રજસુંદરી અપુઅપુને મનભાઈ ॥૨॥
ફિર હસિ લેત બલાય કૂખિકી જિહિં જન્મેં જુ કન્હાઈ ।
તુમ્હારે પુત્ર ભયો નંદરાની સબ તન તપત બુઝાઈ ॥૩॥
નંદકુમાર સકલ યા વ્રજમે આનંદ બેલિ બઢ઼ાઈ ।
શ્રીવિઠ્ઠલગિરિધર પૂરનનિધિ સબહિન ભૂખેં પાઈ ॥૪॥

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

પૌષ નિર્દોષ સુખ કોસ સુંદરમાસ કૃષ્ણનૌમી સુભગ નવ ઘરી દિન આજ ।
શ્રીવલ્લભ સદન પ્રકટ ગિરિવરધરન ચારૂ બિધુ બદન છબિ શ્રીવિઠ્ઠલરાજ ॥૧॥
ભીર માગધ ભઈ પઢત મુનિજન વેદ ગ્વાલ ગાવત નવલ બસન ભૂષણસાજ ।
હરદ કેસર દહીં કીચકો પાર નહીં માનો સરિતા વહી નીર નિર્ઝર બાજ ॥૨॥
ઘોષ આનંદ ત્રિયવૃંદ મંગલ ગાવેં બજત નિર્દોષ રસપુંજ કલ મૃદુગાજ ।
વિષ્ણુદાસ શ્રીહરિ પ્રકટ દ્વિજરૂપ ધર નિગમ પથ દઢથાપ ભક્ત પોષણ કાજ ॥૩॥

(શૃંગારના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

વ્રજ : પોષ કૃષ્ણ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ પાંચમ



જો પે શ્રીવિઠ્ઠલ રૂપ ન ધરતે,
તો કૈસે કે ઘોર કલિયુગકે મહાપતિત નિસ્તરતે.

શ્રીગુસાંઈજીના ઉત્સવનો આગમનો શૃંગાર

આજના શૃંગાર : કુલ્હે જોડ અને સૂથન-ચાકદાર

સાજ : લાલ રંગની મખમલની, સોનેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવી છે.

વસ્ત્ર : કેસરી જરીનાં સૂથન, ચોલી, ચાકદાર વાઘો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા-હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે જડાવ સોનાની કુલ્હે ઉપર પાંચ મોરપિચ્છની ચંદ્રિકાનો જોડ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. સુવર્ણનું જડાવ ચોકઠું ધર્યું છે. ગુલાબી અને પીળાં પુષ્પોનાં બે સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી-છડી ધર્યાં છે.

નોંધ : આજે શ્રીગુસાંઈજીના ઉત્સવની નોબતની વધાઈ બેસે છે. ઉત્સવનો આગમનો પહેલો પરચારગીનો શૃંગાર થાય છે. જન્માષ્ટમીના ઉત્સવના કુલ ચાર શૃંગાર થાય છે. પરંતુ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ઉત્સવના કુલ ત્રણ શૃંગાર થાય છે. એક આગમનો, બીજો ઉત્સવના દિવસનો અને ત્રીજો ઉત્સવના બીજા દિવસે પરચારગીનો. અહીં પ્રશ્ન થાય છે કે જન્માષ્ટમીના ચાર શૃંગાર થાય છે અને આ બે ઉત્સવના ત્રણ જ શૃંગાર કેમ થાય છે? તેનો જવાબ એ છે કે ચાર યૂથાધિપતિ ચાર સ્વામિનીજીના ભાવથી જન્માષ્ટમીના ચાર શૃંગાર થાય છે. પરંતુ શ્રીમહાપ્રભુજી સ્વયં સ્વામિનીજી સ્વરૂપ છે અને શ્રીગુસાંઈજી સ્વયં શ્રીચંદ્રાવલીજી સ્વરૂપ છે. તેથી બંનેના ભાવથી થતા એક એક શૃંગાર ઓછા થઈ જાય છે. આપ સ્વયં શૃંગારકર્તા હોવાથી પોતાની આડીનો શૃંગાર કેવી રીતે કરે?

શયન : (રાગ : નાયકી)

સુઘર સહેલી મિલ આયો ગાવો મંગલગીત ।
પુત્ર ભયો શ્રીવલ્લભ પ્રભુકે જિન ચાખ્યો નવનીત ॥૧॥
આંગન મોતિન ચોક પુરાવો ચીતો ભીંત પછીત ।
સોંધે કુંકુમ ઉબટ ન્હવાવો પહરાવો પટપીત ॥૨॥
પોષ અસિત નૌમી કો શુભદિન લગે સરસ જહાં સીત ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર કૃપાનિધિ બાજે બજાવો જીત ॥૩॥

સેવા રીતિ પ્રીતિ વ્રજજનકી શ્રીમુખ તેં વિસ્તરતે,
શ્રીવિઠ્ઠલનાથ અમૃત જિન લીનો રસના સરસ સુફલતે.

વ્રજ : પોષ કૃષ્ણ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ છઠ



તિલક તિલંગના હો ત્રિભુવન વંદના હો ભવભવ ભંજના હો કલિમલ ખંડના હો,
પ્રગટે શ્રીવલ્લભ મહારાજ પુષ્ટિભક્તિ દૃઢ કરનકો શ્રીલક્ષ્મણ સુત દ્વિજરાજ.

વ્રજ : પૌષ કૃષ્ણ ષષ્ઠી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર વદ છઠ

વસ્ત્ર : ગુલાબી રંગના ગદલ ઉપર કેસરી રંગનો ગદલ ધર્યો છે. આમ દોહરા - બે - ગદલ ધર્યા છે.

શૃંગાર : કેસરી રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત મગદળની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : ખટ/રામકલી)**

યહ નિત નેંમ જશોદાજૂ મેરે તિહારે લાલ લડાવન કો ।
પ્રાતસમય ઊઠ પાલનેં ઝુલાઉં સકટભંજન જસ ગાવનકો ॥૧॥
નાચત કૃષ્ણ નચાવત ગોપી કર કઠતાલ બજાવનકોં ।
આસકરન પ્રભુ મોહન નાગર નિરખિ બદન સચુપાવન કો ॥૨॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

હાલરો હુલરાવે માતા ।
બલિ બલિ જાઉં ઘોષ સુખદાતા ॥૧॥
અતિલો હિત કર ચરન સરોજે ।
જે બ્રહ્માદિક મનસા ખોજે ॥૨॥
જસુમતિ અપનો પુન્ય વિચારે ।
બારબાર મુખ કમલ નિહારે ॥૩॥
અખિલ ભુવનપતિ ગરૂડાગામી ।
નંદસુવન **પરમાનંદ** સ્વામી ॥૪॥

નરોત્તમ કલ્યાણજી ઉદેશીના શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.
રૂક્ષ્મણી નરોત્તમના શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ કૃષ્ણ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ છઠ



માધવ માસ કૃષ્ણ એકાદશી અમલ ઉદિત રવિવાર,
પ્રકટ ભયે દ્વિજવર કુલ દીપક વદન અગ્નિ અવતાર.

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને સૂથન-ઘેરદાર

સાજ : ગુલાબી રંગની સાટીનની સોનેરી જરીના ફૂલવેલના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની સાટીનનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને મોજાં ધર્યાં છે. ઘેરા ગુલાબી રંગનો કટિપટુકો ધર્યો છે. લાલ રંગનું, સોનેરી જરીના બુટ્ટાવાળું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. મોતી અને પન્નાનો હમેલ ધર્યો છે.

શ્રીમસ્તક ઉપર ગુલાબી રંગની છોરવાળી પાગ ઉપર શિરપેચ તથા ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે. દિવસભર દરેક સમયમાં વધાઈ ગવાય છે. છોટો શૃંગાર થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

શ્રીવિઠ્ઠલેશ ચરણ કમલ પાવન ત્રૈલોક કરણ દરસ પરસ સુંદર વર વારવાર વંદે ।
સમરથ ગિરિરાજ ધરણ લીલા પ્રકટ કરણ સંતન હિત માનુષતનુ વૃંદાવનચંદે ।।૧।।
ચરણોદક લેત પ્રેત તતક્ષણ તે મુક્ત ભયે કરૂણામય નાથ સદા આનંદ નિધિકંદે ।
વારનેં **ભગવાનદાસ** વિહરત સદા રસિકરાય જયજય યશ બોલબોલ ગાવત શ્રુતિ છંદે ।।૨।।

શયન : (રાગ : કાન્હરો)

પરમ કૃપાલ શ્રીવલ્લભ નંદન કરત કૃપા નિજ હાથ દે માથે ।।૧।।
જે જન શરણ આય અનુસરહી, ગ્રહી સોંપત શ્રીગોવર્ધન નાથે ।।૨।।
પરમ ઉદાર ચતુર ચિંતામણી, રાખત ભવધારા બહી જાતે ।।૩।।
ભજ કૃષ્ણદાસ કાજસબ સરહી, જો જાને શ્રીવિઠ્ઠલનાથે ।।૪।।

દૈવીજન કલિયુગ મેં હુતે જે તે સબ કિયે સનાથ,
ભવ સાગરમેં બહે જાત હૈ રાખે નિજ ગહિ હાથ.

વ્રજ : પૌષ કૃષ્ણ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ સાતમ



શ્રીવલ્લભ મંગલ રૂપનિધાન,
કોટિ અમૃત સમ હસ મૃદુ બોલત સબકે હોત 'કલ્યાન'.

શ્રીગુસાંઈજીના જ્યેષ્ઠ પૌત્ર શ્રીકલ્યાણરાયજીનો ઉત્સવ (સં. ૧૬૩૫)

વસ્ત્ર : પીળા રંગનો અને લાલ રંગનો એમ દોહરા - બે - ગદલ ધર્યા છે.

શૃંગાર : ગુલાબી રંગની છોરવાળી પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત મદનમોદક અને તુવરની દાળના પૂડલાની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે શ્રીગુસાંઈજીના બીજા પુત્ર શ્રીગોવિંદરાયજીના પ્રથમ પુત્ર શ્રીકલ્યાણરાયજીનો જન્મ દિવસ છે. આપ શ્રીગુસાંઈજીના સૌથી મોટા પૌત્ર હતા. શ્રીગુસાંઈજીની હયાતીમાં જ આપનું પ્રાગટ્ય થયેલું. આજે પ્રભુને વિશેષ પ્રકારનો ભારે શૃંગાર થાય છે. અને વિશેષ સામગ્રી આરોગાવાય છે.

આપનું પ્રાગટ્ય વિ.સં. ૧૬૩૫માં શ્રીગોવિંદરાયજીને ત્યાં ગોકુલમાં થયું. શ્રીજીબાવાએ આપના પ્રાગટ્યની વધાઈ શ્રીગોવિંદજી પાસે માગેલી. શ્રીજીબાવાએ જ આપનું નામ 'કલ્યાણરાયજી' રાખેલું.

શ્રીકલ્યાણરાયજીને પક્ષીઓના ખૂબ શોખ હતો, તેથી આજે શ્રીનાથજીને પિછવાઈ, વસ્ત્ર, આભૂષણ બધું પક્ષીઓના ભરતકામવાળું ધરાય છે.

આપશ્રીના બાળપણમાં એક પ્રસંગ બનેલો. એકવાર શ્રીમહાપ્રભુજીના ભાઈ કેશવપુરીજી ગોકુળ પધાર્યા અને શ્રીગુસાંઈજીને કહ્યું કે 'આપના બાળકોમાંથી એક બાળક મારી ગાદી ચલાવવા માટે મને દત્તક આપો. પુત્ર કે પૌત્ર કોઈપણ મને ચાલશે.' ત્યારે શ્રીગુસાંઈજી કંઈ બોલ્યા નહિ. શ્રીગુસાંઈજીના સાતે પુત્રો એકબીજા સામે જોવા લાગ્યા. કોઈએ હા ન કહી પરંતુ બધાની નજર કલ્યાણરાયજી તરફ ગઈ. ત્યારે શ્રીકલ્યાણરાયજીને થયું કે હું બધાથી નાનો છું એટલે દાદાજી શ્રીગુસાંઈજી મને જ આપી દેશે. તેમણે ચિંતાતુર થઈ શ્રીગુસાંઈજી સમક્ષ ઢાઢીનું એક પદ ગાયું: *'હોં વ્રજ માંગનો જુ, વ્રજ તજ અનત ન જાઉં.'*

આ કીર્તનમાં આપે પોતાનો ભાવ પ્રદર્શિત કર્યો અને વ્રજ છોડીને પોતાને અન્યત્ર ક્યાંય જવું નથી એવું બતાવ્યું. ત્યારે શ્રીગુસાંઈજીએ તેમને અભય આપ્યું.

કોઈ બાળક કેશવપુરીજી સાથે ન ગયા એટલે કેશવપુરીજીએ ગુસ્સે થઈને ત્રણ શાપ આપ્યા. (૧) તમારા ઉપર હંમેશા દેવું રહેશે. (૨) તમારે હંમેશ પરદેશ કરવો પડશે. (૩) તમારી દીકરી તમારા ઘરમાં જ રહેશે.

આ ત્રણે શાપ ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીએ સ્વીકાર્યા અને એનું સમાધાન આ રીતે માન્યુ કે જો હંમેશા દેવું રહેશે તો ચિત્ત પ્રભુની સેવામાં રહેશે. વિવિધ પ્રદેશોમાં ફરવાનું થશે તો દૈવી જીવોનો ઉદ્ધાર થશે અને બેટીજી ઘરમાં રહેશે તો સેવામાં મદદરૂપ થશે.

તે દિવસે આપે ગાયેલું આ ઢાઢીનું પદ, જેમાં પ્રાર્થના કરેલી છે, તે આજે ભોગ આરતી સમયે ગવાય છે.

શ્રીકલ્યાણરાયજી ઉચ્ચ કોટિના સાહિત્યકાર અને કવિ હતા. નવી કલ્પનાશીલતાથી ભરેલાં અનેક ઉત્કૃષ્ટ પદોની રચના આપે કરી છે. એ નિત્યનાં અને ઉત્સવનાં અનેક કીર્તનો પ્રભુ સન્મુખ આજે પણ ગવાય છે.

આપના પુત્ર શ્રીહરિરાય મહાપ્રભુ થયા. આપને ત્યાં દ્વિતીય નિધિ સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજી બિરાજતા હતા. તેમની સેવામાં શૃંગાર, કીર્તન, ભોગ, સાજ વગેરેમાં આપે ખૂબ વૃદ્ધિ કરી. શ્રીગોવર્ધનધર પ્રભુને પણ વિવિધ મનોરથો દ્વારા રીઝવ્યા.

આજથી લઈને માગશર વદ બારસ સુધી દરરોજ શ્રીજીબાવાને મોરપંખની ચંદ્રિકાનો શૃંગાર થાય છે. એનું કારણ એ છે કે મોર એ વિયોગી નિષ્કામ ભક્તનું સ્વરૂપ છે. શ્રીગુસાંઈજીને છ માસ સુધી શ્રીજીબાવાના વિપ્રયોગનો અનુભવ થયો હતો. તેથી આપના ઉત્સવને વચમાં રાખી છ દિવસ સુધી સતત મોરપંખની ચંદ્રિકા પ્રભુને ધરાય છે.

પરમ ઉદાર ચતુર ચિંતામણિ દેત અભયપદ દાન,
વિષ્ણુદાસ દ્વારે યશ ગાવત રૂચત નહીં કછુ આન.

વ્રજ : પૌષ કૃષ્ણ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ સાતમ



ચતુરાઈ તાકી સાંચી જો શ્રીવલ્લભનંદનજુકો સ્મરણ કરે,
સો જન નિકટ રહો કે દૂરે રસના શ્રીવિઠ્ઠલેશ ધરે.

શ્રીગુસાંઈજીના જ્યેષ્ઠ પૌત્ર શ્રીકલ્યાણરાયજીનો ઉત્સવ (સં. ૧૬૩૫)

આજના શૃંગાર : કુલ્હે જોડ અને સૂથન ચાકદાર

સાજ : ઘેરા ગુલાબી રંગની (રાણી કલરની), પોપટ, ચકલી, મોર વગેરે પક્ષીઓના ભરતકામવાળી અને રૂપેરી જરીની તૂઈલેસની કિનારીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : ઘેરા ગુલાબી રંગની સાટીનના, રૂપેરી જરીના ભરતકામવાળાં અને રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ચાકદાર વાઘો અને મોજાં ધર્યાં છે. મેઘશ્યામ રંગનું કિનખાબનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા - હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે સોનાની મીનાકારીવાળી કુલ્હે ઉપર પાન અને પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. ઉત્સવની મોતીની ચોટી ધરી છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. શ્વેત, ગુલાબી અને પીળાં પુષ્પોનાં રંગબેરંગી થાગવાળાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

જશોદા ફૂલી ન માત મન મેં ।
નાચત ગાવત દેત વધાઈ, જોવત યુવતી જનમેં ॥૧॥
ગોકુલકે કુલકો રખવારો પ્રકટ્યો ગોપી ગનનમેં ।
કાલ્હિ ફિરે બાલક બલિકે સંગ જૈહે વૃંદાવનમેં ॥૨॥
સૂકંત ઘાનનકો જ્યોં પાન્યો યો પાયો યા પનમેં ।
ગિરધરલાલ **'કલ્યાન'** કહત વ્રજમહરિ મગન સુસદન મેં ॥૩॥

શયન : (રાગ : અડાનો)

કાજર બિન કારી તેરી અખિયાં ફૂલેલ બિન ચિકુર ચીકને અધર આરક્ત બિન પાન ।
મજ્જન તન જ્યોતિ અધર દસન બીરી આછે આભૂષણ બિન નીકી લગત હૈ સુહાન ॥૧॥
બિન સુગન્ધ તો તન સુગન્ધ આવે કોક પઢે બિન રસ કી ખાન ।
'કલ્યાન' કે પ્રભુ ગિરિધારી રીઝ બસ ભયે કાહે ન પીય કી તૂ પ્રાન ॥૨॥

(મંગલા, શૃંગાર અને ભોગ સમયના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

સેવા કરે કે ન કરે, મનકર્મવચન ઈનહી કે ચરનકમલ અનુસરે,
ચતુરબિહારી જુ કહે ઐસો સેવક મેરે હૃદય તેં કબહુ ન પૂરે.

વ્રજ : પૌષ કૃષ્ણ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ આઠમ



શ્રીવિઠ્ઠલનાથ અનાથ કે તારણ,
શ્રીવલ્લભ ગૃહ પ્રકટ રૂપ યહ ધર્યો ભક્ત હિત કારણ.

વ્રજ : પૌષ કૃષ્ણ અષ્ટમી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર વદ આઠમ

વસ્ત્ર : લાલ રંગના ગદલ ઉપર કેસરી રંગનો ગદલ એમ દોહરા - બે - ગદલ ધર્યા છે.

શૃંગાર : સોનેરી જરીની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત મગદળની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : દેવગંધાર)**

આજ વધાઈ મંગલ ચાર ।
ગાવત મંગલ ગીત યુવતીજન નવસત સાજ સિંગાર ॥૧॥
મંગલ કનક ક્લશ શુભ મંગલ બાંધી બંદનવાર ।
મંગલ મોતિન ચોક પૂરાયે પંચ શબ્દ ગૃહદ્વાર ॥૨॥
ઘર ઘર મંગલ મહામહોત્સવ શ્રીવલ્લભ અવતાર ।
હરજીવન પ્રભુ યજ્ઞપુરુષ શ્રીલક્ષ્મણ ભૂપકુમાર ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

સુખદ સ્વરૂપ શ્રીવિઠ્ઠલેશરાય ।
વેદવિદિત પૂરન પુરુષોત્તમ શ્રીવલ્લભગૃહ પ્રગટે આય ॥૧॥
લટપટી પાગ મહારસ ભીને અતિ સુંદર વર સહજ સુભાય ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ અગનિત મહિમા બરની ન જાય ॥૨॥

દીનબંધુ કૃપાસિંધુ સહજ હી ભક્તિ વિસ્તારણં,
દાસ ચતુર્ભુજ પ્રભુકે નિજમત ચલત લાલ ગિરિધરણં.

વ્રજ : પૌષ કૃષ્ણ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ આઠમ



ગયે પાપ તાપ દૂર દેખત દરસ પરસ ચરણ,
હોં તો એક પતિત તિહારો પતિતપાવન બિરદ હો તુમ જગત કે ઉદ્ધરણ.

વ્રજ : પૌષ કૃષ્ણ અષ્ટમી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર વદ આઠમ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા - સૂથન-ઘેરદાર

સાજ : લાલ રંગની મખમલની, રૂપેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : લાલ રંગની સાટીનના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને મોજાં તથા ઉર્ધ્વભુજા તરફ કટિપટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું (લીંબોઈ રંગનું) ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લાલ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી તથા એક વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે ઉત્સવના આગળના દિવસનો આછો શૃંગાર થાય છે. સામાન્ય રીતે દરેક મોટા ઉત્સવના આગળના દિવસે લાલ રંગનાં વસ્ત્રો અને પાગ-ચંદ્રિકાનો શૃંગાર થાય છે. આજે દિવસભર વધાઈ અને ઢાઢીનાં કીર્તન ગવાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : ધનાશ્રી)**

યશોદારાની જાયો હૈ સુત નીકો ।
આનંદભયો સકલ ગોકુલમે ગોપવધૂ લાઈ ટીકૌ ॥૧॥
અક્ષત દૂબ રોચન બંદન નંદે તિલક દહી કૌ ।
અંચલ બારિ બારિ મુખ નિરખત કમલ નૈન પ્યારો જીકૌ ॥૨॥
અપને અપને ભવન તે નિકસી પહેરે ચીર કસુંભી કો ।
યાદવેન્દ્ર વ્રજકુલ પ્રતિ પાલક કંસ કાલ ભય ભીકૌ ॥૩॥

શયન : (રાગ : કાન્હરો)

શ્રીમદ વલ્લભ રૂપ સુરંગે ।
અંગ અંગ પ્રતિ ભાવન કે ભૂષણ વૃંદાવન સંપત્તિ અંગ અંગે ॥૧॥
દરસપરસ ગિરિધરકી ન્યાંઈ એન મેન વ્રજરાજ ઉછંગે ।
પદ્મનાભ દેખેં બનિ આવે સુધિ રહી રાસ રસાલ ભ્રુવભંગે ॥૨॥

સ્તુતિ શેષ કર ન સકે સકલ કલા ગુણનિધાન જાનત હો તિહારી સબવિધિ અનુસરણ,
છીતસ્વામી ગિરિવરધર તૈસેઈ શ્રીવિઠ્ઠલેશ હોં તો તિહારી જન્મ જન્મ શરણ.

વ્રજ : પૌષ કૃષ્ણ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ નોમ



ચંદ્રભાગાબેન અને કલ્યાણભાઈ મશરૂવાળાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ કૃષ્ણ નવમી ગુજરાતી : માગશર વદ નોમ

શ્રીમદ્ પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી)નો જન્મોત્સવ (સં. ૧૫૭૨)

ધનુર્માસ આરંભ - જલેબી ઉત્સવ

દેહલી-વંદનમાલ-હાંડી - આજે અભ્યંગ થાય

વસ્ત્ર : કેસરી રંગનો અને લાલ રંગનો એમ બે - દોહરા - ગદલ ધર્યા છે.

શૃંગાર : લાલ રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે આખા દિવસના નેગમાં છૂટી બુંદી અને જલેબીની સામગ્રી ધરાય છે.

રાજભોગમાં વિશેષ સામગ્રીમાં ચંદ્રકળા, મેંદા અને ચોરીઠાનો મનોહર, શકરપારા, શીરો, શીખરનવડી, મેંદાની પૂરી, વેસણની ઝીણી સેવ, ચણા તથા દાળનાં ફડફડિયાં, છાશવડાં, જલેબી, ચાર જાતની ખીર, આઠ જાતનાં શાક, ભુજાનાં, રાયતાં, સંધાણાં, પાટીયાની સેવ, મગની છડેલી દાળ, આખા મગ, તીનકુડા, વડીનું શાક, પાંચ પ્રકારના ભાત, પાપડ, તિલવડી, ઢેબરી, મિરચવડી, બિલસારુ, કચરિયાં વગેરે સખડી-અનસખડીની સામગ્રી ધરાય છે.

દૂધઘરમાં બરફી, પેંડા, કેસરી પેંડા, કેસરી મેવાતી, માવાની ગોળી, છૂટો માવો, મલાઈ, દૂધપૂરી, ખાટું-મીઠું દહીં, શ્રીખંડ, ખાંડનાં રમકડાં, ગજક, ગુલાબ-કતરી, પતાસાં, પાયેલા સૂકામેવા, કોળાનાં - ટેટીનાં બીજ (પાયેલાં), બિલસારુ અને મુરબ્બા (વિવિધ પ્રકારનાં), પનો, સૂકા-લીલામેવા વગેરે આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ ધરવાં અને શ્રીપ્રભુને લાડ લડાવવાં.

કીર્તન : **મંગલા : (રાગ : ભૈરવ)**

જય જય શ્રીવલ્લભ પ્રભુ વિઠ્ઠલેશ સાથે, નિજજન પર કરત કૃપા ધરત હાથ માથે ॥
દોષ સબ દૂર કરત ભક્તિભાવ હિયે ધરત, કાજ સબ સરત સદા ગાવત ગુણગાથેં ॥૧॥
કાહેકો દેહ દમત સાધન કર મૂરખજન, વિદ્યમાન આનંદ ત્યજ ચલત કયૂં અપાથે ।
રસિક ચરણ શરણ સદા રહત હૈ બડભાગી જન, અપનો કર ગોકુલપતિ ભરત તાહિ બાથેં ॥૨॥

(મંગલા, અભ્યંગ, શૃંગાર, રાજભોગ અને શયન સમયના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

જયશ્રીબેન અને શ્રીનંદાબેન કલ્યાણભાઈ મશરૂવાળાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ કૃષ્ણ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ નોમ



ચંદ્રભાગાબેન અને કલ્યાણભાઈ મશરૂવાળાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

જલેબી ઉત્સવ

શ્રીમદ્ પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી)નો જન્મોત્સવ (સં. ૧૫૭૨)

આજના શૃંગાર : કુલ્હે જોડ અને સૂથન-ચાકદાર

સાજ : લાલ રંગની મખમલની, સોનેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. લાલ મખમલના ગાદી તકિયા છે. (સફેદ ખોળ ચડાવવામાં આવી નથી.) ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : કેસરી રંગની જરીનાં સૂથન, ચોલી, ચાકદાર વાઘો અને મોજાં ધર્યાં છે. મેઘશ્યામ રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભૂષણો ધર્યાં છે. સઘળો સાજ, વસ્ત્ર, શૃંગાર બધું જન્માષ્ટમી વત ધરાયું છે. **શ્રીમસ્તકે** જડાવ હીરા તથા પન્નાની કુલ્હે ઉપર શિરપેચ તથા પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. ઉત્સવની મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. પ્રાચીન જડાવનું ચોકઠું ધર્યું છે. સફેદ અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં જડાવ વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે મંદિરમાં દરેક ઉમરા ઉપર રંગોળી પૂરાય છે. જેને 'દેહલી માંડવી' એમ કહેવાય છે. ઉત્સવ નિમિત્તે આ દેહલી મંડાય છે. ત્યારે પ્રથમ હળદર પલાળી ઉમરા ઉપર લીંપાય છે. તે સૂકાઈ જાય એટલે તેના ઉપર અબીલ, ગુલાલ અને કંકુથી કલાત્મક રીતે કમળ, વેલ, સ્વસ્તિક, ચરહચિહ્નો વગેરેની ચિત્રકારી કરી, અક્ષત છાંટવામાં આવે છે. ઉપરાંત મંદિરના મુખ્ય દ્વાર ઉપર તેમજ નિજ મંદિરના દ્વાર ઉપર આસોપાલવનાં તોરણો બંધાય છે. (તોરણો સૂતરના દોરા કે નાડાછડીથી જ બાંધવા. સૂતળી કે નાયલોનના દોરામાં બાંધેલાં તોરણો અમંગળ મનાય છે.)

આજે રાજભોગમાં પ્રભુને તિલક થાય છે. થાળીમાં ચૂનના (લોટના) દીવડાની આરતી થાય છે. રાઈ-લોન-ન્યોછાવર થાય છે.

આજથી પ્રભુને શીતકાલીન સામગ્રી સોહાગસોંઠ (સૌભાગ્યસૂંઠ) ધરાય છે.

દિવસભર વધાઈ, પલના અને ઢાઢીનાં કીર્તન ગવાય છે. શ્રીગુસાંઈજીનું પ્રાગટ્ય સ્વયં પ્રભુનું પ્રાગટ્ય છે. શ્રીજીબાવાએ પોતે આનંદથી આ ઉત્સવને મનાવ્યો છે અને કુંભનદાસજી, રામદાસજી વગેરેને આજ્ઞા કરી જલેબીની સામગ્રી માગીને આરોગી છે. તેથી આજે જલેબીની સામગ્રી ખાસ ધરાય છે તેમજ 'જલેબી ઉત્સવ' તરીકે આ ઉત્સવ મનાવાય છે. સર્વ વૈષ્ણવો પણ આજે પ્રભુને યથાશક્તિ જલેબીની સામગ્રી અંગીકાર કરાવે છે.

શ્રીદેવીબેન અને હરિનભાઈ ચોકસીના શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

રાજશ્રીબેન અને સુધીરભાઈ નાણાવટી શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ કૃષ્ણ નવમી

શ્રીવિઠ્ઠલનાથજી-શ્રીગુસાંઈજી

ગુજરાતી : માગશર વદ નોમ



રાનીજુ આપુન મંગલ ગાવે,
આજ લાલકો જન્મઘોસ હૈ મોતીન ચોક પુરાવે.

શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજી - જીવન ચરિત્ર

જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દ્વિતીય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય સંવત ૧૫૭૨માં માગશર વદનોમના દિવસે ચરણાટમાં થયું હતું. આપનું પ્રાગટ્ય થયું તે જ દિવસે એક બ્રાહ્મણ શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુનું સ્વરૂપ લઈને શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. ત્યારે શ્રીમહાપ્રભુજીએ શ્રીદામોદરદાસ હરસાનીજીને આજ્ઞા કરી : ‘દમલા, શ્રીઠાકોરજી આજે પ્રભુ અને પુત્ર બંને સ્વરૂપે પધાર્યા છે. એટલે આ પુત્રનું નામ શ્રીવિઠ્ઠલનાથ પાડું છું. વિઠ્ઠલ એટલે અજ્ઞાનીઓને જ્ઞાનરૂપી પ્રકાશ બતાવનાર. આ બાળક પુષ્ટિમાર્ગનો પૂર્ણ વિકાસ કરશે.’

આપ બાળપણથી જ શ્રીબાલકૃષ્ણલાલજીની સેવા કરતા. તેમની સાથે ખેલતા. શ્રીઠાકોરજી તેમને સાક્ષાત્ દર્શન આપતા. ભોગમાં ધરેલ ઠોરની બંને મિત્રભાવે ખેંચાખેંચી કરતા એ પ્રસંગ જાણીતો છે.

સંવત ૧૫૮૦માં આઠ વર્ષની ઉંમરે આપના ઉપનયન સંસ્કાર કાશીમાં થયા. ત્યારબાદ શ્રીમહાપ્રભુજીએ પોતે તેમને ચાર વેદ અને જ્યોતિષનો અભ્યાસ કરાવ્યો. બીજાં શાસ્ત્રોનો અભ્યાસ કરવા તેઓને કાશીમાં શ્રીમાધવ સરસ્વતીની પાઠશાળામાં મોકલ્યા. બધા વિદ્યાર્થીઓ તેમનો પાઠ તૈયાર કરવા બેસતા ત્યારે શ્રીવિઠ્ઠલેશ રમવા જતા; છતાં બધા પ્રશ્નોના જવાબો સચોટ રીતે આપતા. આ જોઈ સ્વામીજીને આશ્ચર્ય થતું. દસ વર્ષની ઉંમરે તો આપે બધાં શાસ્ત્રોનો અભ્યાસ પૂર્ણ કર્યો. શ્રીવલ્લભે આપને માટે દશમ સ્કંધના સારરૂપે શ્રીકૃષ્ણનાં નામોની ‘ત્રિવિધ નામાવલિ’ની રચના કરી આપી હતી. તેનો આપ નિત્ય પાઠ કરતા. આપને કુસ્તી, ઘોડેસ્વારી, ચિત્ર, સંગીત વગેરેનો ઘણો શોખ હતો.

આપે અનેક ગ્રંથોની રચના કરી છે. ગીતાજી વિશે ચાર ગ્રંથો સંસ્કૃતમાં લખ્યા છે. (૧) ગીતાજીના પ્રથમ અધ્યાયની ટીકા (૨) ગીતા તાત્પર્ય (૩) ગીતા હેતુ (૪) ન્યાસાદેશવિવૃત્તિ.

તદુપરાંત શ્રીયમુનાષ્ટપદી તેમજ સંસ્કૃતમાં અને વ્રજભાષામાં અનેક કીર્તનોની રચના પણ આપે કરી છે. સુંદર વિજ્ઞપ્તિ સ્તોત્રો, આર્યાઓ, શ્રીમહાપ્રભુજી વિષયક શ્રીસર્વોત્તમ સ્તોત્ર, શ્રીવલ્લભાષ્ટક અને શ્રીસ્ફુરત્ કૃષ્ણપ્રેમામૃત (સપ્તશ્લોકી) આપે રચ્યાં છે.

ઉપરાંત અણુભાષ્યનો અંતિમ દોઢ અધ્યાય, ગાયત્રી કારિકા, વિદ્વન્મંડન, ભક્તિહંસ, ભક્તિહેતુ નિર્ણય જેવા તત્વજ્ઞાન વિષયક ગ્રંથો રચ્યા છે.

અષ્ટાક્ષર નિરૂપણ, પ્રેમામૃત સ્તોત્ર, ગદ્યાર્થ, મધુરાષ્ટકની ટીકા, ગીતગોવિંદની પ્રથમ અષ્ટપદીની ટીકા, શૃંગારરસમંડન, સ્વપ્નદર્શન, ગુપ્તરસ, જન્માષ્ટમી નિર્ણય, રામનવમી નિર્ણય અને ષોડશ ગ્રંથો ઉપર ટીકા ગ્રંથો લખ્યા છે. શ્રીમદ્ ભાગવત વિષયક ગ્રંથો લખ્યા છે, જેવાકે શ્રીભાગવતાર્થ નિબંધ પ્રકાશ-સ્કંધ ૩ થી ૫ સુધી શ્રીટિપ્પણીજી, શ્રીવૃત્રાસુર ચતુશ્લોકી ઉપરની ટીકા.

આમ આપશ્રીએ સંસ્કૃત ભાષામાં નાના-મોટા થઈને પચાસેક જેટલા ગ્રંથો લખ્યા છે. તેમાં તેમની રસાત્મક, તાત્ત્વિક દષ્ટિનાં અને વિદ્વાનને શોભે તેવી શૈલીનાં દર્શન થાય છે. શ્રીમહાપ્રભુજીની ૮૪ બેઠકોની જેમ આપની ૨૮ બેઠકો ભારતમાં વિદ્યમાન છે. આપના ૨૫૨ ભગવદીયોની વાર્તાઓ શ્રીગોકુલનાથજીએ પ્રકાશિત કરેલ છે.

આપે પુષ્ટિમાર્ગનો - રાગ-ભોગ-શૃંગારયુક્ત ભક્તિમાર્ગનો-ખૂબ વિકાસ કર્યો. સંવત ૧૫૮૮માં ૧૬ વર્ષની ઉંમરે આપના લગ્ન શ્રીરુક્મિણીવહુજી સાથે થયાં હતાં. આ લગ્નથી તેમને છ પુત્ર અને ચાર પુત્રી થયેલાં. શ્રીરુક્મિણીવહુજીના લીલાપ્રવેશ બાદ ગઢાનાં રાણી દુર્ગાવતીના ઘણા આગ્રહથી તેમણે શ્રીપદ્માવતીજી સાથે બીજાં લગ્ન કર્યાં. તેમનાથી એક પુત્રનું પ્રાગટ્ય થયું. સાત પુત્રો - શ્રીગિરિધરજી, શ્રીગોવિંદજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી અને શ્રીઘનશ્યામજી તેમજ ચાર પુત્રી-શોભા, યમુના, કમલા, દેવકાં હતાં. આપશ્રીનો ગૃહસ્થાશ્રમ ખૂબ જ સુખી હતો. બધા જ પુત્રો વિદ્વાન, પ્રતિભાશાળી અને સેવાપરાયણ હતા. પુત્રીઓ પણ ચિત્ર-સંગીતમાં કુશળ અને સેવાપરાયણ હતી.

સીત્તેર વર્ષની વયે સંવત ૧૬૪૨ના મહા વદ સાતમે શ્રીગિરિધરજીને અગ્નિસંસ્કાર માટે પોતાનો ઉપરણો આપી, આપ સદેહે શ્રીગિરિરાજજીની કંદરાના માર્ગે નિત્ય લીલામાં પધારી ગયા.

ગામ ગામતેં જાતિ અપની ગોપીન ન્યોતિ બુલાવે,
અન્વાચાર્ય મુનિ ગર્ગ પરાશર તિનપૈ વેદ પઢાવે.

વ્રજ : પૌષ કૃષ્ણ નવમી

શ્રીવિઠ્ઠલનાથજી-શ્રીગુસાંઈજી

ગુજરાતી : માગશર વદ નોમ



હરદી તેલ સુગંધ સુવાસિત લાલે ઉબટ ન્હવાવે,
હરિ તન ઉપર વારિ ન્યોછાવર જન પરમાનંદ પાવે.

લીલા સમન્વય :

શ્રીગુસાંઈજી શ્રીવિઠ્ઠલનાથજીનું પ્રાગટ્ય ભૂતલ ઉપર ભક્તિના વર્ધનના હેતુથી થયું. ભગવાન કૃષ્ણ અને રામ બંનેની લીલાઓનો સમન્વય આપનામાં જોવા મળે છે.

રામ અયોધ્યામાં, કૃષ્ણ ગોકુલમાં અને આપ ચરણાટમાં પ્રગટ્યા.

અયોધ્યામાં સરયૂ, ગોકુલમાં યમુના અને ચરણાટમાં ગંગા જેવી પવિત્ર નદીઓ વહે.

રામે અહલ્યા, તારા, મંદોદરીનો ઉદ્ધાર કર્યો, કૃષ્ણે પૂતના, દ્રૌપદી, કુબ્જાનો ઉદ્ધાર કર્યો. શ્રીગુસાંઈજીએ તાજ, હમીદાબાનુ, કુંજડી વગેરેને શરણે લીધાં.

રામે ખગ, મૃગ, વ્યાઘને, કૃષ્ણે બકાસુર, અઘાસુર, ધેનુકાસુરને શ્રીવિઠ્ઠલેશે કબૂતર-કબૂતરી, હંસ-હંસણી વગેરેને દીક્ષા આપી.

રામજી ભક્તના મનના ચોર, શ્યામજી માખણચોર અને શ્રીવિઠ્ઠલેશ્વરે ભક્તના દોષોની ચોરી કરી.

રામજીએ ધનુષ્યથી, કૃષ્ણે વેણુથી અને શ્રીવિઠ્ઠલેશજીએ પોતાની વાક્સુધાથી ભક્તોને મોહિત કર્યા.

રામજીએ પરશુરામ ઉપર, કૃષ્ણે અક્રૂર ઉપર અને વિઠ્ઠલેશજીએ ગોપાલદાસ ઉપર કૃપા કરી.

રામે વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરી, કૃષ્ણે યજ્ઞ કરનારા બ્રાહ્મણોની પત્નીઓનો ઉદ્ધાર કર્યો અને શ્રીવિઠ્ઠલેશજીએ સેવા તથા અન્નકૂટ રૂપી યજ્ઞની રક્ષા કરી.

આથી જ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો આપનામાં અને પ્રભુમાં અભેદ માને છે. બંને એક જ સ્વરૂપ છે એવું માને છે. છીતસ્વામીએ ગાયું છે :

પ્રિય નવનીત પાલને ઝૂલે શ્રીવિઠ્ઠલનાથ ઝુલાવે હો ।
કબહુક આપ સંગ મિલિ ઝૂલે કબહુક ઉતરિ ઝુલાવે ॥

તે જ રીતે ચતુર્ભુજદાસજી ગાય છે :

સદા વ્રજહી મેં કરત વિહાર ।
તબકે ગોપ વેષ વપુ ધાર્યો અબ દ્વિજવર અવતાર ॥

ગોવિંદસ્વામીએ પણ ગાયું :

શ્રીવલ્લભ નંદન વહ ફિરિ આયે ।
વેદ સ્વરૂપ ફેર વહ લીલા કરત આપ મન ભાયે ॥૧॥
વે ફિર રાજ કરત ગોકુલ મેં વોહી રીત પ્રકટાયે ।
વહી શૃંગાર ભોગ છિન છિન મેં વહ લીલા પુનિ ગાયે ॥૨॥
જે જસુમતિ કો આનંદ દીનો સો ફિર વ્રજમેં આયે ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર પદ પંકજ ગોવિંદ ઉર મેં લાયે ॥૩॥

યશોદારાની સોવન ફૂલે ફૂલી,
તુમ્હારે પુત્ર ભયો કુલમંડન વાસુદેવ સમતૂલી.

વ્રજ : પૌષ કૃષ્ણ નવમી

શ્રીવિઠ્ઠલનાથજી-શ્રીગુસાંઈજી

ગુજરાતી : માગશર વદ નોમ



દેત આશિષ બિરધ જે ગ્વાલિની ગામગામ તે આઈ,
લે લે ભેટ સબે મિલ નીકસી મંગલચાર બધાઈ.

શ્રીગુસાંઈજીની ચતુર્વિધ લીલા

૧. અષ્ટનિધિ સ્થાપના : શ્રીમથુરેશજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારકાનાથજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીબાલકૃષ્ણલાલજી, શ્રીમદનમોહનજી, શ્રીનાથજી, શ્રીનવનીતપ્રિયજી એમ અષ્ટનિધિ સ્વરૂપોની સ્થાપના કરી.

૨. અષ્ટયામ સેવા : મંગળા, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ભોગ, સંધ્યાર્તિ, શયન એમ અષ્ટ સમયની સેવાનો પ્રકાર નિયમિત કરી વિસ્તાર્યો.

૩. અષ્ટછાપની સ્થાપના : અષ્ટયામ કીર્તનસેવા માટે આપે ચાર શ્રીમહાપ્રભુજીના સેવકો અને ચાર આપના સેવકો મળી અષ્ટછાપ કીર્તનમંડળની સ્થાપના કરી. જેમાં સૂરદાસ, પરમાનંદદાસ, કુંભનદાસ, કૃષ્ણદાસ, ગોવિંદસ્વામી, છીતસ્વામી, નંદદાસ અને ચતુર્ભુજદાસનો સમાવેશ કર્યો.

૪. અષ્ટવિધલીલા : મહોદારત્વ, દયાલુત્વ, પરોપકારિત્વ, ન્યાયપરત્વ, વ્યવહાર કુશલલત્વ, શરણાગત વત્સલત્વ, અપૂર્વ ત્યાગ અને ભગવદનુરાગ.

(૧) **મહોદારત્વ :** કૃષ્ણદાસ અધિકારીએ આપને છ માસનો વિયોગ કરાવ્યો છતાં જ્યારે કૃષ્ણદાસજીને રાજાએ જેલમાં પૂર્યા ત્યારે આપે કહ્યું કે કૃષ્ણદાસ જ્યારે બંદીખાનામાંથી છૂટશે ત્યારે જ હું મંદિરમાં આવીશ. કૃષ્ણદાસજી આવ્યા. ચરણમાં પડીને ગાયું : *‘પરમકૃપાલ શ્રીવલ્લભનંદન કરત કૃપા નિજ હાથ દે માથે.’*

(૨) **દયાલુત્વ :** અલીખાન, રસખાન, ધોંધી, તાજ, ખાનખાના, કમાવત વગેરેને શરણે લીધા. તેથી જ છીતસ્વામીજીએ ગાયું : *વ્રજમેં શ્રીવિઠ્ઠલનાથ બિરાજે, છીતસ્વામી ગિરિધરન વિઠ્ઠલ પ્રગટ ભક્ત હિત કાજે.*

(૩) **પરોપકારિત્વ :** બેભાન કુંજરીને પોતાનાં સોનાનાં ઝારીજીથી જળ પાવાની આજ્ઞા કરી. ‘ઝારીજી છોવાઈ જશે તો નવાં આવશે, પણ આ કુંજરીના ગયેલા પ્રાણ પાછા નહિ આવે.’ આવી પરોપકારની ભાવના આપનામાં હતી. તેથી જ ગોવિંદસ્વામીએ ગાયું : *પ્રણમામિ શ્રીમદ્ વિઠ્ઠલં, વેદ ધર્મ પ્રમાણ કારણ જીવ માત્ર સુખકંદં.*

(૪) **ન્યાય પરત્વ :** શાહૂકારના બેટાની વહુનો ન્યાય કર્યો. યવનની પાસે ચતુરાઈથી સાચું બોલાવી તેને બચાવી. તેથી જ ચતુર્ભુજદાસજી કહે છે : *‘શ્રીવિઠ્ઠલનાથ અનાથન કે તારણ’*

(૫) **વ્યવહાર કુશલત્વ :** લાડબાઈએ મોકલેલો બાજબહાદુર શ્રીવિઠ્ઠલનાથજી ઉપર વાર કરવા આવ્યો ત્યારે આપે વાતો વાતોમાં તેને વશ કરી પોતાનો સેવક કર્યો. બાજબહાદુર વાર કરવાને બદલે આશીર્વાદ લઈને ગયો.

(૬) **શરણાગત વત્સલતા :** બે વૈષ્ણવો આગ્રાથી ચાલતાં ગોકુળ આવ્યા ત્યારે રાત્રિનો સમય થઈ ગયો હતો. આપ પોઢવા માટે પધારી રહ્યા હતા, છતાં તે જ સમયે બંનેની વિનંતીથી તેમને શરણે લીધા.

(૭) **અપૂર્વ ત્યાગ :** બાદશાહ અકબરે રત્નજડિત હાર ભેટ ધર્યો. તે સમયે આપ ઠકુરાણી ઘાટ ઉપર બિરાજતા હતા. આપે તે હાર શ્રીયમુનાજીમાં પધરાવી દીધો. બાદશાહ તો સ્તબ્ધ થઈ ગયો. અંજલીમાં જળ ભરીને આપે શ્રીયમુનાજીમાંથી એવા જ બીજા અનેક રત્નજડિત હાર કાઢી બતાવ્યા. બાદશાહને તેમાંથી પોતાનો હાર શોધી લેવા જણાવ્યું.

(૮) **ભગવદ્અનુરાગ :** રાગ, ભોગ અને શૃંગારયુક્ત સેવાનો પ્રકાર વિસ્તાર્યો.

આ પ્રમાણે આપના અસંખ્ય ગુણો છે. આપના ચરિત્ર ઉપર અનેક ગ્રંથો લખાયા છે. છીતસ્વામીજી ગાય છે: *ગોવલ્લભ ગોવર્ધનવલ્લભ શ્રીવલ્લભ ગુણ ગિને ન જાઈ, છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ નંદનંદનકી સબ પરછાંઈ.*

ઐસે દસક હોઈ જો ઔરે સબકોઉ સચુ પાવૈ,
બાઢો વંશ નંદબાબાકો પરમાનંદ જીય ભાવૈ.

વ્રજ : પૌષ કૃષ્ણ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ દસમ



રસિકલાલ, પુષ્પાબેન અને હર્ષલ કડકીયાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ કૃષ્ણ દશમી　**ચિત્ર પરિચય**　ગુજરાતી : માગશર વદ દસમ

શ્રીગુસાંઈજીના ઉત્સવનો પરચારગીનો શૃંગાર

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : સોનેરી જરીનો અને કેસરી સાટીનનો એમ બે - દોહરા - ગદલ ધર્યા છે

શૃંગાર : સોનેરી જરીની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત બુંદીના લાડુ ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : આજે ગઈકાલના જેવો જ શૃંગાર થાય છે. માત્ર ચોકઠું બદલાય છે. ઉત્સવના દિવસોમાં હીરા, પન્ના અને માણેક એમ ત્રણ રૂપથી ત્રણ જોડીનો શૃંગાર થાય છે. એની ભાવના એવી છે કે શ્રીસ્વામિનીજી, શ્રીગુસાંઈજી (શ્રીચંદ્રાવલીજી) અને શ્રીમહાપ્રભુજી એમ ત્રણ સ્વરૂપના ભાવથી શૃંગાર થાય છે.

કીર્તન : **મંગળા : મૂલ પુરુષ (મૂલ માત્ર) (રાગ-બિલાવલ)**

મૂલ પુરુષ નારાયણ યજ્ઞ, શ્રુતિ અવતાર ભયે સર્વજ્ઞ;
શાખા તૈત્તિરીય ગોત્ર ભાર દ્વાજ, તૈલંગ કુલ ઉદિત દ્વિજ રાજ.

(અપૂર્ણ, જુઓ પરિશિષ્ટ-૧)

શૃંગાર : (રાગ : બિલાવલ)

દ્વારે આયે ગુણિજન ઠાડે ।
પ્રકટ પુરુષોતમ શ્રીવલ્લભ સબહિન મંગલ બાઢે ॥૧॥
શ્રીલક્ષ્મણભટ્ટ દાન દેનકોં પટભૂષણ મણિ માણેક કાઢે ।
સગુણદાસ આસ સબ પૂજી માનો બરખત ઈન્દ્ર અસાડે ॥૨॥

નવીનચંદ્ર રતનજી પટેલના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ કૃષ્ણ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ દસમ



ચિરજીયો ગોપાલ રાની તેરો ચિરજીયો ગોપાલ,
બેગી બઢો બડ હોય બિરધ લટ, મહરી મનોહર બાલ.

શ્રીગુસાંઈજીના ઉત્સવનો પરચારગીનો શૃંગાર

આજના શૃંગાર : કુલ્હે જોડ અને સૂથન-ચાકદાર

સાજ : લાલ રંગની મખમલની, સોનેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : કેસરી રંગની જરીનાં સૂથન, ચોલી, ચાકદાર વાઘો અને મોજાં ધર્યાં છે. મેઘશ્યામ રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભૂષણો ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર જડાવ કુલ્હે, ઉપર શિરપેચ અને પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ મોતીની ચોટી ધરી છે. સુવર્ણનું હીરા-પન્ના જડિત પ્રાચીન ચોકઠું ધર્યું છે. શ્વેત, ગુલાબી અને પીળાં પુષ્પોનાં, રંગબેરંગી થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

નંદ વધાઈ દીજે ગ્વાલન ।
તુમ્હારે શ્યામ મનોહર આયે ગોકુલ કે પ્રતિ પાલન ॥૧॥
યુવતિન બહુ વિધિ ભૂસન દીજે વ્રિપન કો ગૌદાન ।
ગોકુલ મંગલ મહા મહોચ્છવ કમલ નૈન ઘનશ્યામ ॥૨॥
નાચત દેવ વિમલ ગંધર્વ મુનિ ગાવે ગીત રસાલ ।
પરમાનંદ પ્રભુ તુમ ચિરજીયો નંદગોપકે લાલ ॥૩॥

શયન : (રાગ : કાન્હરો)

આજ ધન્ય ભાગ્ય હમારે પ્રકટે શ્રીવિઠ્ઠલનાથ ।
નિરખત ત્રિવિધ તાપ તનકે ગયે ભવસાગર તેં તારે ॥૧॥
શામલ અંગ વદન પૂરણચંદ દેખિયત જગ ઉજિયારે ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ વલ્લભ રાજ લલારે ॥૨॥

ઉપજિ પર્યો યહ કૂખિ ભાગ્યબલ સમુદ્ર સીપ જૈસે લાલ,
સબ ગોકુલ કે પ્રાણજીવન ધન વેરિનકે ઉર સાલ.

વ્રજ : પૌષ કૃષ્ણ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ અગિયારસ



સૂર કી તો જિય સુખ પાવત હૈ દેખત શ્યામતમાલ,
રજ આરજ લાગો મેરી અઁખિયન રોગ દોષ જંજાલ.

તિલકાયત શ્રીગોવિન્દજી મહારાજનો ઉત્સવ (સં. ૧૭૬૯)

સફલા એકાદશી

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : લીલી જરીનો અને કેસરી સાટીનનો એમ બે - દોહરા - ગદલ ધર્યા છે.

શૃંગાર : સોનેરી જરીની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં અળવીની જલેબી ધરાય છે. સખડીની સામગ્રીમાં ઉત્સવની સામગ્રી ધરાય છે. સેવ, તીનકુડા, કઢી, મગ, છૂટી દાળ, પાપડ, કચરિયાં, શાક, ભુજાનાં, બિલસારુ, સંધાણા વગેરે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : રામકલી)**

યશોમતિ મન અભિલાષ કરે ।
કબ મેરો મોહન ઘટુરુવન રેંગે કબ દ્વેક પગ ધરની ધરે ॥૧॥
કબ દતિયાં દ્વે દૂધકી દેખો કબ તોતરે મુખ વચન ઉચરે ।
કબ અરૂ નંદબાબા કહિ ટેરે કબ મૈયા કહિ મોહિ ટેરે ॥૨॥
કબ મેરો અંચર ગહિ મોહન દેદે કહિ મોસો ઝગરે ।
કબધો તનક તનક કછુ ખેહે અપને કર લે મુખહિ ભરે ॥૩॥
કબ હસિ બાત કહેગો મોસોં યહ સુખ સબ દુઃખ દૂરિ કરે ।
શ્યામ અકેલે અંગના છાંડિકે આપ ગઈ કછુ કામ કરે ॥૪॥
આયો તૃણા અઘવાય ઉડ્યો તવ ગરજત ગગન સહિત ગહરે ।
સૂરદાસ સબ લોક સુનત ધ્વનિ જો જહાંસો અતિ ભય ભરે ॥૫॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

બાલલીલા ગોપાલકી સબ કાહુ ભાવે ।
જાકે ભવન મે જાત હેં સો લે ગોદ ખિલાવે ॥૧॥
શ્યામસુંદર મુખ નિરખિકે અબલા સચુપાવે ।
બાલલાલ કહિ ગ્વાલિની હસિ કંઠ લગાવે ॥૨॥
ચુટકી દેદે મુદિત વ્હે કર તાલ બજાવે ।
પરમાનંદ પ્રભુ નાચહીં શિશુતાઈ જનાવે ॥૩॥

જુગ જુગ રાજ કરો શ્રીગોકુલ જુગ જુગ રાજ કરો,
યહ સુખ ભજન પ્રતાપ તેજ તેં છિન ઈત ઉત ન ટરો.

વ્રજ : પૌષ કૃષ્ણ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ અગિયારસ



પાવન રૂપ દિખાય મહાપ્રભુ પતિતન તાપ હરો,
વિશ્વવિદિત દીની ગતિ પ્રેતન ક્યોં ન જગત ઉધ્ધરો.

તિલકાયત શ્રીગોવિન્દજી મહારાજનો ઉત્સવ (સં. ૧૭૬૯)

આજના શૃંગાર : કુલ્હે જોડ અને સૂથન-ચાકદાર

સાજ : સફેદ રેશમી કાપડ ઉપર ફૂલપત્તીના લાલ, લીલા, પીળા રંગના ભરતકામવાળી અને પીરોજા રંગના કાપડ ઉપર ફૂલવેલના ભરતકામના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : રૂપેરી જરીના કિનખાબનાં સૂથન, ચોલી, ચાકદાર વાગો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભૂષણો ધર્યાં છે.

શ્રીમસ્તકે રૂપેરી જરીની કુલ્હે ઉપર પાન, શિરપેચ અને પાંચ મોરપંખની ચંદ્રિકાનો જોડ તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. ઉત્સવની મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. ગુલાબી અને શ્વેત પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : જડાવ સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજના ઉત્સવનાયક ગો. તિલકાયત શ્રીગોવિંદજી મહારાજનો જન્મ સંવત ૧૭૬૯માં ગો.તિ. શ્રીવિઠ્ઠલેશજીના દ્વિતીય પુત્ર તરીકે થયો. આપના મોટાભાઈ શ્રીગોવર્ધનેશજીને ત્યાં કોઈ બાળકનું પ્રાગટ્ય થયું ન હોવાથી તેમના પછી આપ તિલકાયત થયા. આમ એક જ પેઢીના બે તિલકાયત થયા. પુષ્ટિમાર્ગમાં આપ બાલભાવભાવિત તિલકાયત થયા છે.

એકવાર બાળપણમાં આપ શ્રીનાથજીના શૈયામંદિરમાં રહી ગયા હતા, ત્યારે શ્રીજીબાવાએ સ્વયં તેમને પોતાના શ્રીહસ્તથી પ્રસાદ ખવડાવ્યો હતો. આથી આપના યશસ્વરૂપ આજે સફેદ કિનખાબનાં વસ્ત્રો અને પ્રભુમાં આપના અનુરાગના ભાવથી લાલ ઠાડું વસ્ત્ર ધરાય છે. આપે શ્રીગોવર્ધનધરપ્રભુના સુખાર્થે ઘણા મનોરથ કર્યા. આપના પુત્ર શ્રીગિરિધારીજીએ પ્રભુને ઘસ્યાડ પધરાવી ત્યાં નવીન નાથદ્વારાનું નિર્માણ કર્યું.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

શ્રીવલ્લભનંદન રૂપ અનુપ, સ્વરૂપ કહ્યો ન જાઈ ।
પ્રકટ પરમાનંદ ગોકુલ બસત હૈ, સબ જગત કે સુખદાઈ ।।૧।।
ભક્તિ મુક્તિ દેત સબન કો નિજજન કો કૃપા પ્રેમ બરખત અધિકાઈ ।
સુખદ એક રસના કહાંલો વરનો, **ગોવિંદ** બલબલ જાઈ ।।૩।।

(શયનના પદ માટે જુઓ પરિશિષ્ટ-૧)

શ્રીવલ્લભકુલ કમલ અમલ રવિ યશ મકરંદ ભરો,
નંદદાસ પ્રભુ ષટ્ગુણ સંપન્ન શ્રીવિઠ્ઠલેશ વરો.

વ્રજ : પોષ કૃષ્ણ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ બારસ



શ્રીનંદાબેન કલ્યાણભાઈ મશરૂવાળાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

બારસની ત્રીજી ચોકી

વસ્ત્ર : કેસરી રંગનો અને સોનેરી જરીનો કિનખાબનો એમ બે - દોહરા - ગદલ ધર્યા છે.

શૃંગાર : રૂપેરી જરીની કિનખાબની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે બારસના દિવસે સખડીના મંગળભોગમાં ખરમંડા, ખીર, કઢી, શાક, વડીભાત, કચરિયાં, તિલવડી, છાશ, ગોળ, માખણ, આદાપાતરી, લીંબુ, સંધાણાં વગેરે ધરાય છે.

આખા દિવસના બધા ભોગમાં ખરમંડા વિશેષ સામગ્રી તરીકે ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

કમલસી અંખિયા લાલ તિહારી ।
તિનસો તકતક તીર ચલાવત વેધત છતિયાં હમારી ॥૧॥
ઈન્હે કહા કોઉ દોષ લગાવત યે અજહુ ન સંભારી ।
શ્રીવિઠ્ઠલ ગિરધારી કૃપાનિધિ સુરત હી તે સુખકારી ॥૨॥

શૃંગાર : (રાગ : સારંગ)

શ્યામસુંદર બન ખેલત સખન સંગ વિવિધ ખેલ ।
કલિંદની તટ બાંધી ફેંટ પટ કરત જુધ ભુજ જુ પરસ્પર ફેલ ॥૧॥
કાહુકી મુરલી ચોરત કાહુકી સંગ ષષ્ઠી કાહુકો છીકો નાડો કાહુકી ચોરત સેલી ।
ગોવિંદ પિય રસ ભરે નિર્તત સખાકે ગ્રીવા ભુજ મેલી ॥૨॥

ગો.વા. નટવરલાલ અને નારાયણદાસ વિઠ્ઠલદાસ મણીયાર વતી નરેશના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્‌પ્રણામ.

વ્રજ : પોષ કૃષ્ણ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ બારસ



શ્રીનંદાબેન કલ્યાણભાઈ મશરૂવાળાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ કૃષ્ણ દ્વાદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર વદ બારસ

આજના શૃંગાર : ટીપારાનો સાજ - સૂથન-ચાકદાર

સાજ : લીલા રંગની, સોનેરી જરીના ભરતકામવાળી કિનખાબની અને રૂપેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : લીલા રંગના કિનખાબનાં સૂથન, ચોળી, ચાકદાર વાઘો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, માણેક તથા સોનાના જડાવ શૃંગાર ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર ટીપારાનો સાજ-રૂપેરી જરીની પાગ ઉપર શિરપેચ, મોરશીખા અને બંને બાજુ લીલા રંગના દોહરા કતરા ધર્યા છે. તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

નંદ વધાઈ દીજે ગ્વાલન ।
તુમ્હારે શ્યામ મનોહર આયે ગોકુલ કે પ્રતિ પાલન ॥૧॥
યુવતિન બહુ વિધિ ભૂષન દીજે વ્રિપન કો ગૌદાન ।
ગોકુલ મંગલ મહા મહોચ્છવ કમલ નૈન ઘનશ્યામ ॥૨॥
નાચત દેવ વિમલ ગંધર્વ મુનિ ગાવે ગીત રસાલ ।
પરમાનંદ પ્રભુ તુમ ચિરજીયો નંદગોપકે લાલ ॥૩॥

શયન : (રાગ : ગૌરી)

કહો કહાં ખેલે હો લાલન બાત કહો મોસો બનકી ।
આવો ઉછંગ સાંવરે મોહન ગોરજ પોછું વદન કી ॥૧॥
સુંદરવદન કમલ કુમ્હલાનો ઔર દશા ભઈ યા તનકી ।
રસિક પ્રિતમસો કહત નંદરાની બલબલ છગનમગન કી ॥૨॥

ઓધવજી વાસુદેવ **થાનકીના**
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે **સાષ્ટાંગ દંડવત્પ્રણામ.**

વ્રજ : પૌષ કૃષ્ણ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ તેરસ



યહ મન લાગ્યો રી મેરો સુંદર શ્યામ અહીર સોં,
નિશ વાસર મોહી કલ ન પરત હૈ કૈસે રાખો મન ધીરસોં.

વ્રજ : પૌષ કૃષ્ણ ત્રયોદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર વદ તેરસ

વસ્ત્ર : કેસરી રંગનો અને લીલા રંગની જરીનો કિનખાબનો એમ બે - દોહરા - ગદલ ધર્યા છે.

શૃંગાર : રૂપેરી જરીની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં બાજરીના લોટનું ચૂરમું અને આદુના ગુંજા ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત/ધનાશ્રી)**

મેરો માઈ માધો સોં મન માન્યો ।
અપનો તન ઔર વા ઢોટાકો એકમેક કર સાન્યો ।।૧।।
લોક વેદ કુલ કાન ત્યજી મેં ન્યોતિ આપને આન્યો ।
એક નંદનંદન કે કારણ વૈર સબન સોં ઠાન્યો ।।૨।।
અબ ક્યોં ભિન્ન હોય મેરી સજની મિલ્યો દૂધ અરૂ પાન્યો ।
પરમાનંદદાસકો ઠાકુર પહિલો હિ પહિચાન્યો ।।૩।।

શૃંગાર : (રાગ : આસાવરી)

માઈ રી મીઠે હરિજુ કે બોલના ।
પાય પેંજનિયા રુનઝુન બાજત આંગન આંગન ડોલના ।।૧।।
કાજર તિલક કંઠ કઠુલા પીતાંબર કો ચોલના ।
પરમાનંદદાસકો ઠાકુર ગોપી ઝુલાવત ઝોલના ।।૨।।

વાટઘાટ મોહિ રોકત ટોકત ગ્વાલબાલ સંગ ભીરસોં,
કૃષ્ણજીવન લછીરામ કે પ્રભુ મોહી યોં સુધ જાય શરીર સોં.

વ્રજ : પૌષ કૃષ્ણ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ તેરસ



રાધે જુ કો પ્રાન ગોવર્ધનધારી,
તરુન તમાલ ઢિંગ કનકલતાસી હરિ જુ કે પ્રાન રાધિકા પ્યારી.

વ્રજ : પૌષ કૃષ્ણ ત્રયોદશી

ગુજરાતી : માગશર વદ તેરસ

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : ગુલાબી રંગની, શ્યામ કાપડ ઉપર ફૂલપત્તીના ભરતકામના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : ઘેરા ગુલાબી રંગનાં, રૂપેરી જરીના તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાગો અને પોપટી તેમજ ગુલાબી રંગનાં મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભૂષણો ધર્યાં છે. પન્નાનો હમેલ ધર્યો છે.

શ્રીમસ્તક ઉપર ઘેરા ગુલાબી રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, ગુલાબી રેશમના દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી અને શ્વેત પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી તથા એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : તોડી)**

બહુત પ્રસન્ન ભયે પિયપ્યારી ટોડી રાગ વેણુધર ગાયો ।
સુર સંગીત બંધાન મધુર સ્વર ઐસો અદ્‌ભુત ભેદ બતાયો ॥૧॥
બીન તરંગ ઉપજત નાના રંગ પ્રતિ છિન ઓરસોં ઓર મિલાયો ।
ચતુર્ભુજદાસ સ્વામિની ગુણનિધિ રસિકરાય ગિરિધરન રિઝાયો ॥૨॥

શયન : (રાગ : નાયકી)

તુ મોહી કિત લાઈ રી યહ ગલી ।
જો જિય ડરપતહી સોઈ આગે ઠાડે મોહન અબ કૈસે જૈવો મેરી માઈ ॥૧॥
રસનદસન ધર કરસોં કર મીડત દૂતીસો ખીંચત આનંદ ઉર ન સમાઈ ।
ગોવિંદપ્રભુકી તેરી હિલમિલ બાતે હો સબ જાનત ભલી કીની ભલે નગ સોં ભેટ કરાઈ ॥૨॥

મરકત મણિ નંદલાલ લાડિલો કંચન તન વૃષભાન દુલારી,
સૂરદાસ પ્રભુ પ્રીત નિરંતર જોરી જુગલ બને બનવારી.

વ્રજ : પૌષ કૃષ્ણ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ ચૌદસ



મીનાક્ષીબેન વલ્લભભાઈ ચોકસીના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ કૃષ્ણ ચતુર્દશી

ચિત્ર પરિચય

ગુજરાતી : માગશર વદ ચૌદસ

પીતાંબરકો ચોલના

વસ્ત્ર : રેશમી સાટીનના ગુલાબી અને લાલ રંગના એમ બે - દોહરા - ગદલ ધર્યા છે.

શૃંગાર : ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં અડદના લોટના મોહનઠારની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

કહાં જુ બસે સારી રાત નંદસુત ।
ચાર પહર મોહિ ચાર યુગ બીતે તુમ જો આયે પરભાત ॥૧॥
લટપટી પાગ નીંદ ભરી અખિયાં કાજર લગ્યો તેરે ગાત ।
ચોલી કે બંદ ચુભ રહે તનમેં કસન ભયો સબ ગાત ॥૨॥
રહો રહો વૃષભાન નંદિની સુનિ હૈ યશોદા માત ।
સૂરદાસ પ્રભુ તિહારે મિલન કો રજની કલ્પસમ જાત ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

પીતાંબર કો ચોલના પહરાવત મૈયા ।
કનકછાપ તા પર ધરી ઝીની એક તનૈયા ॥૧॥
લાલ ઈજાર ચુનાયકી ઔર જરકસી ચીરા ।
પહુંચી રત્ન જરાવકી ઉર રાજત હીરા ॥૨॥
ઠાડી નિરખ યશોમતિ ફૂલી અંગ ન સમૈયા ।
કાજર લે બિંદુકા દિયો વ્રજજન મુસકૈયા ॥૩॥
નંદબાબા મુરલી દઈ કહ્યો ઐસે બજૈયા ।
જોઈ સુને તાકો મન હરે **પરમાનંદ** બલ જૈયા ॥૪॥

રાજભોગ : (રાગ : તોડી)

દેખરી રોહિની મૈયા ઐસે હૈ બલદાઉભૈયા જમુનાકે તીર મોકો જુજુઆ બતાયો ।
સુબલ શ્રીદામા સાથ હસહસ મિલવત હાથ આપ ડરપ્યો અરુ મોહિ ડરપાયો ॥૧॥
જહાં જહાં બોલે મોર ચિતવે તિનકી ઓર ભાજો રે ભાજો રે ભૈયા ઓ હૈ દેખિ આયો ।
આપુ ચઢે તરુ મોહી છાંડ્યો વહી ધરુ ધક ધક છાતી કરે દોર્યો ઘર આયો ॥૨॥
ઉછંગસો લિયે લગાય કંઠસો રહે લપટાય મેરોરી મેરો કહિ હિયો ભર આયો ।
પરમાનંદ રાની દ્વિજ બુલાય વેદમંત્ર પઢિ પઢિ બછિયાકી પૂંછસો હાથ દિવાયો ॥૩॥

શકુંતલાબેન તથા જશવંત કોદરલાલ પરીખના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પોષ કૃષ્ણ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ ચૌદસ



લટપટી પાગ સિર બની આજ,
ટૈઢી ધરી ચંદ્રિકા સુંદર ભઈ મન્મથ મન લાજ.

પીતાંબરકો ચોલના

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : શ્યામ રંગની, સોનેરી જરીના બુટ્ટાવાળી અને સોનેરી જરીના તોઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવવામાં આવી છે

વસ્ત્ર : લાલ રંગનું, સોનેરી જરીના બુટ્ટાવાળું સૂથન, કેસરી રંગના અને સોનેરી જરીના તોઈલેસવાળાં ચોળી, ઘેરદાર વાઘો અને લાલ તેમજ સોનેરી રંગનાં મોજાં ધર્યાં છે. મેઘશ્યામ રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સુવર્ણના જડાવ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે કેસરી રંગની પાગ ઉપર શિરપેચ, જમાવ (નાગફણી)નો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને ગુલાબી પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી તથા વેત્રજી ધર્યાં છે.

નોંધ : જે રીતે જન્માષ્ટમી પછી શ્રાવણ વદ અગિયારસથી શ્રાવણ વદ અમાસ સુધીમાં બાળલીલાના પાંચ શૃંગાર થાય છે, તે જ રીતે શ્રીગુસાંઈજીના ઉત્સવ પછી ચાર શૃંગાર બાળલીલાના થાય છે. અગિયારસના દિવસે કુલ્હેનો શૃંગાર, પછી આજે ચૌદસે આ'પીતાંબરકો ચોલના'નો બીજો બાલલીલાનો શૃંગાર થાય છે. આ શૃંગાર નીચેના કીર્તનના આધારે થાય છે.

પીતામ્બરકો ચોલના પહરાવત મૈયા, જોઈ સુને તાકો મન હરે પરમાનંદ બલિ જૈયા.

દિવસભર બાળલીલાનાં કીર્તન ગવાય છે.

બાળલીલાનો ત્રીજો શૃંગાર તિલકાયત શ્રીદામોદરલાલજીના જન્મ દિવસ પોષ સુદ છઠના દિવસે અને ચોથો પોષ વદ અમાસના દિવસે થાય છે.

આજે પીળો ઘેરદાર વાઘો અને લાલ સૂથન ધર્યાં છે. આ વસ્ત્રોના શૃંગારને 'પીતાંબરકો ચોલના' કહે છે. સામાન્ય રીતે વાઘો અને સૂથન એક જ રંગના ધરાય છે, જ્યારે આ શૃંગારમાં બંને જુદા જુદા રંગના ધરાય છે.

કીર્તન : **શયન : (રાગ : ઈમન)**

મહરિ પૂત તેરો કૈસેઉ બરજ્યો ન માને ।
બલમોહન કી જોટીઉ ઔર બાલક સંગ લિયે ।
મરકટ ઘેરે ફિરે પાછે તે ઔર લૂટત ઘર મેરો ॥૧॥
દૂધ દહી ઘૃત માખન તનક ન ઉબરત કૈસેક હોય વિશ્વાસ હમ કેરો ।
ગોવિંદ પ્રભુ કે જુ બાલ વિનોદ સુનત નંદરાની
મનહી મન મુસક્યાની સાંચી હી કહત અનેરો ॥૨॥

વ્રજ : પૌષ કૃષ્ણ અમાવસ્યા

મંગળા દર્શન

ગુજરાતી : માગશર વદ અમાસ



હંસા નરેન પટેલના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

પૂ. ગો. તિ. શ્રી રાકેશજી (શ્રીઈન્દ્રદમનજી) મહારાજશ્રીના પુત્ર ચિ. ભૂપેશકુમારજી (વિશાલબાવા)નો જન્મદિવસ (૧૯૮૧)

વસ્ત્ર : રેશમી સાટીનનો કેસરી રંગનો અને ઉપર જાંબલી (બૈંગની) રંગનો એમ બે - દોહરા - ગદલ ધર્યા છે.

શૃંગાર : કેસરી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષ સામગ્રીમાં માલપૂડાની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

રમીરી તૂં પ્રાણ પિયાકે સંગ ।
મોસો કહા દુરાવત પ્યારી પ્રકટ જનાવત અંગ ॥૧॥
અધર દશન લાગે નિજ પિયાકે પીક કપોલ સુરંગ ।
શિથિલિત વસન મરગજી અંગિયા નખક્ષત ઉરજ ઉતંગ ॥૨॥
કૃષ્ણદાસ પ્રભુ ગિરિધર પિયકો રૂપ પિયો દગ ભૃંગ ।
ડગમગાત પગ ધરત ધરણીપર કરત મદન માનભંગ ॥૩॥

શૃંગાર : (રાગ : રામકલી/ગોરી)

નિર્તત મોહન રસિક સખન સહિત ગગ્ર તત થેઈ થેઈ તત થેઈ તત્તા ।
મૃદંગ ધ્રુમ-ધ્રુમ તાલ ઉપંગ મિલિ સુનિ દેત મધુપગન મધુમત્તા ॥૧॥
ટિપારો સિર પીત લાલ કાછિની બની કિંકિની ઝુનઝુનાત ગાવત સુર સુતા ।
ગોવિંદ પ્રભુ ગોપ બાલક સંગ જૈ જૈ જૈ કરત પ્રેમ અનુરતા ॥૨॥

હંસા નરેન પટેલના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પોષ કૃષ્ણ અમાવસ્યા

રાજભોગ દર્શન

ગુજરાતી : માગશર વદ અમાસ



હંસા નરેન પટેલના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

પૂ.ગો.તિ. શ્રી રાકેશજી (શ્રીઈન્દ્રદમનજી) મહારાજશ્રીના પુત્ર ચિ. ભૂપેશકુમારજી (વિશાલબાવા)નો જન્મદિવસ (૧૯૮૧)

આજના શૃંગાર : ટીપારાનો સાજ અને સૂથન-ચાકદાર

સાજ : કેસરી રંગની પિછવાઈ ધરી છે. જેમાં પલના, નંદયશોદા અને ગો. બાલકોનું ચિત્રાંકન થયું છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : કેસરી રંગનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોલી, ચાકદાર વાગો અને મોજાં ધર્યાં છે. ગુલાબી તથા રૂપેરી જરીનો ગાતીનો રૂમાલ (પટુકો) ધર્યો છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સુવર્ણના જડાવ આભૂષણો ધર્યાં છે.

શ્રીમસ્તકે ટીપારાનો સાજ - સુવર્ણની જડાવ ટીપારાની ટોપી, મધ્યમાં મોરશીખા અને બંને બાજુ દોહરા કતરા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં સુંદર કલાત્મક થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી તથા બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

શ્રીવલ્લભ શ્રીવલ્લભ મુખ જાકે ।
સુન્દર નવનીત કે પ્રિય આવત હરિ તાહી કે હિય
જન્મ જન્મ જપ તપ કરિ કહા ભયો શ્રમથાકે ॥૧॥
મનવચ અઘ તૂલ રાસ દાહનકો પ્રકટ અનલ પટતર કો સુરનર મુનિ નાહિન ઉપમા કે ।
છીતસ્વામી ગોવર્ધનધારી કુંવર આયે સદન પ્રકટ ભયે શ્રીવિઠ્ઠલેશ ભજનકો ફલ તાકે ॥૨॥

શયન : (રાગ : અડાનો)

તેરી ભ્રોંહકી મરોરનતેં લલિત ત્રિભંગી ભયે અંજન દે ચિતયો ભયે જુ શ્યામવામ ।
તેરી મુસકાન દેખ દામિનીસી કોંધજાત દીન વ્હૈ યાચત પ્યારી લેત રાધે આધો નામ ॥૧॥
જ્યોં જ્યોં નચાયો ચાહો તૈસેં હરિ નાચત બલ અબતો મયાકીજે ચલિયે નિકુંજધામ ।
નંદદાસપ્રભુ બોલો તો બુલાય લાઉં ઉનકો તો કલ્પ બીતે તેરી ઘરી યામ ॥૨॥

હંસા નરેન પટેલના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

મકર સંક્રાન્તિ

મંગળા દર્શન

૧૪ જાન્યુઆરી



નાગરી નંદલાલ સંગ રંગભરી રાજે,
શ્યામ અંસ બાહુ દિયે કુંવરી પુલક હિયે મંદમંદ હસન પ્રિયે કોટિ મદન લાજે.

ઉત્તરાયણ - મકરસંક્રાન્તિ

દેહલી-વંદનમાલ-હાંડી - આજે અભ્યંગ થાય

વસ્ત્ર : લાલ રંગનો, બૈંગની (જાંબલી) રંગનો અને ઉપર લાલ રંગની છીંટનો એમ ત્રણ - તિહેરા ગદલ ધર્યા છે.

શૃંગાર : લાલ રંગની છીંટની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક અને કર્ણફૂલ ધર્યાં છે.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાલમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષ સામગ્રીમાં મેંદાની બુંદીના લાડુ ધરાય છે. તલની સામગ્રી તિલવા ખાસ ધરાય છે. ઉત્તરાયણના આગળના દિવસે ભોગીનો ઉત્સવ મનાવાય છે અને ખીર અને ચિલ્લા (પૂડલા)ની સામગ્રી ધરાય છે. આપણે ઋતુઅનુસાર, યથામનોરથ, યથાશક્તિ સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને ખૂબ લાડ લડાવીએ.

નોંધ : ઉત્તરાયણ-મકરસંક્રાન્તિ તિથિ પ્રમાણે નહિ પણ તારીખ પ્રમાણે ૧૪ જાન્યુઆરીના રોજ મનાવાય છે, તેથી આ શૃંગારનું ચિત્ર છેલ્લે લીધું છે. જે દિવસે ઉત્તરાયણ હોય તે દિવસે આ પ્રમાણે લાલ છીંટનો સાજ અને વસ્ત્રો ધરાય છે. આજથી રેશમી વસ્ત્રોને બદલે છીંટનાં વસ્ત્રો ધરાય છે. ઉત્તરાયણના આગલા દિવસે ભોગીનો ઉત્સવ મનાવાય છે. આજે દિવસ ભર ગેંદ ખેલવાના પદ ગવાય છે.

કીર્તન : **મંગલા : (રાગ-બિભાસ)**

તરણી તનયા તીર આવત હૈ પ્રાતસમેં ગેંદ ખેલત દેખ્યોરી આનંદકો કંદવા ।
કાછિની કિંકિણી કટિ પીતાંબર કસ બાંધે લાલ ઉપરેના શિર મોરનકે ચંદવા ॥૧॥
પંકજ નયન સલોલ બોલત મધુરે બોલ ગોકુલકી સુંદરી સંગ આનંદ સ્વચ્છંદવા ।
કૃષ્ણદાસ પ્રભુ ગિરિ ગોવર્ધનધારી લાલ ચારુ ચિતવન ખોલત કંચુકી કે બંદવા ॥૨॥

શૃંગાર : (રાગ-ધનાશ્રી)

ગ્વાલિન તેં મેરી ગેંદ ચુરાઈ ।
ખેલત આન પરી પલકા પર અંગિયા માંઝ દુરાઈ ॥૧॥
ભુજ પકરત મેરી અંગિયા ટટોવત છુવત છતિયાં પરાઈ ।
સૂરદાસ મોહિ યહિ અચંભો એક ગઈ દ્વૈ પાઈ ॥૨॥

તરુ તમાલ શ્યામલાલ લપટી અંગઅંગ વેલી નિરખ સખિ છબિ સુકેલિ નુપૂર કલ બાજે,
દામોદર હિત સુદેશ શોભિત સુંદર સુવેશ નવલકુંજ ભ્રમરપુંજ કોકિલકલ ગાજે.

મકર સંક્રાન્તિ

રાજભોગ દર્શન

૧૪ જાન્યુઆરી



ખેલત ગેંદ રાય આંગનમેં હરિ હલધર દોઉ ભૈયા,
કિલકત હંસત કરત કોલાહલ સો છબિ નિરખિ જસોદા મૈયા.

ઉત્તરાયણ - મકરસંક્રાન્તિ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને સૂથન-ઘેરદાર

સાજ : મોટા બુટ્ટાવાળી લાલ રંગની છીંટની પિછવાઈ ધરી છે. પિછવાઈને રૂપેરી તોઈલેસની કિનારીનો હાંસિયો છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવી છે.

વસ્ત્ર : લાલ રંગની છીંટનાં સૂથન, ચોળી તથા ઘેરદાર વાઘો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્વેત રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં સર્વ આભૂષણો ધર્યાં છે. **શ્રીમસ્તકે** લાલ છીંટની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા મોરપંખની સાદી ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. સફેદ અને પીળાં પુષ્પોનાં બે કલાત્મક માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને એક વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ-આસાવરી)**

ખેલનમેં કો કાકો ગુસૈયાં ।
હરિ હારે જીતે શ્રીદામા વરવટ હી કિત કરત હસૈયાં ॥૧॥
જાતપાંત હમસોં બડે નાહીં ના હમ બસત તુમ્હારી છૈયાં ।
અતિ અધિકાર જનાવત યાતેં અધિક તુમ્હારે હૈ કછુ ગૈયાં ॥૨॥
રુઠ કરે તાસોં કો ખેલે રહો સખા સબ ઠાકે ઠૈયા ।
સૂરદાસ પ્રભુ ખેલ્યો હી ચાહત દાવ દિયો કર નંદદુહૈયા ॥૩॥

શયન : (રાગ-નટ)

તુમ મેરી મોતીન લર ક્યોં તોરી ।
રહો રહો ઢોટા નંદમહરકે કરન કહત કહા જોરી ॥૧॥
મેં જાન્યો મેરી ગેંદ ચુરાઈ લે કંચુકી બીચ હોરી ।
પરમાનંદ મુસક્યાય ચલી તબ પૂરન ચંદ ચકોરી ॥૨॥

સુબલ શ્રીદામા સખા સંગ લૈ ઔર સકલ વ્રજ કે લરકૈયા,
કૃષ્ણદાસ પ્રભુ કી છબિ નિરખત તન મન વારત લેત બલૈયા.

વ્રજ : પોપ શુક્લ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : પોપ સુદ એકમ



નિખિલકુમાર રતીલાલ શાહના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ પ્રતિપદા **ચિત્ર પરિચય** ગુજરાતી : પોષ સુદ એકમ

પીતાંબરકો ચોલના

વસ્ત્ર : પીળા રંગ ઉપર કેસરી રંગનો એમ દોહરા ગદલ ધર્યા છે.

શૃંગાર : કેસરી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ચોરીઠાની બુંદીના લાડુ ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર નવીન સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : વધારે ઠંડીના દિવસોમાં મંગળા દર્શનમાં શ્રીપ્રભુને દોહરા - બે ગદલ ધરવામાં આવે છે અને જ્યારે અતિશય ઠંડી પડે ત્યારે તિહેરા એટલે કે ત્રણ ગદલ ઉપરા ઉપરી ધરાય છે. બે કે ત્રણ ગદલ ધરાય ત્યારે તે બંને અથવા ત્રણે ગદલના રંગ મેચીંગમાં કે કોન્ટ્રાસ્ટમાં એ રીતે લેવાય છે કે શ્રીપ્રભુની સુંદરતા નીખરી ઊઠે. (ગદલ = રૂ ભરેલી, કસોવાળી બંડી)

વળી જે દિવસે કોઈ પણ રંગની ઘટા હોય ત્યારે તેના બીજા દિવસે બે કે ત્રણ ગદલ, જે રંગની ઘટા આગળના દિવસે થઈ હોય તે જ રંગના ધરાય છે. મંગળા દર્શનમાં આ રીતે દોહરા કે તિહેરા ગદલ ધર્યા હોય ત્યારે પ્રભુની અદ્‌ભુત ઝાંખી થાય છે. વૈષ્ણવો પ્રભુનાં મંગળા સમયનાં દર્શન કરી ધન્યતાનો અનુભવ કરે છે. મંગળાદર્શનમાં પણ મંગળા આરતીનાં દર્શન જો થઈ જાય તો વૈષ્ણવો તેને પોતાનું પરમ સૌભાગ્ય માની આનંદિત થઈ જાય છે. મંગલમુખી સદા સુખી.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

કહાંજુ બસે સારી રાત નંદસુત ।
ચારપહર મોહિ ચાર યુગ બીતે તુમ જો આયે પરભાત ॥૧॥
લટપટી પાગ નીંદભરી અંખિયા કાજર લાગ્યો તેરે ગાત ।
ચોલી કે બંદ ચુભ રહે તનમેં કસન ભયો સબ ગાત ॥૨॥
રહો રહો વૃષભાનનંદિની સુન હૈ યશોદા માત ।
સૂરદાસ પ્રભુ તિહારે મિલનકો રજની કલ્પ સમ જાત ॥૩॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

પીતાંબર કો ચોલના પહરાવત મૈયા ।
કનકછાપ તાપર ધરી ઝીની એક તનૈયા ॥૧॥
લાલ ઈજાર ચુનાયકી ઔર જરકસી ચીરા ।
પહોંચી રત્ન જરાયકી ઉર રાજત હીરા ॥૨॥
ઠાડી નિરખ યશોમતિ ફૂલી અંગ ન સમૈયા ।
કાજર લે બિંદુકા દિયો વ્રજજન મુસકૈયા ॥૩॥
નંદબાબા મુરલી દઈ કહ્યો એસૈ બજૈયા ।
જોઈ સુને તાકો મન હરે **પરમાનંદ** બલજૈયા ॥૪॥

લીલાવતી પોપટલાલ શાહના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ સુદ એકમ



આજકો શૃંગાર સુભગ સાંવરે ગોપાલજુકો કહત ન બન આવે દેખે હી બન આવે,
ભૂષણ વસન ભાંતિ ભાંતિ અંગ અંગ છબી કહી ન જાત લટપટી સુદેશ પાગ ચિત્તકો ચુરાવે.

આજના શૃંગાર : પાગ-કતરો, સૂથન-ઘેરદાર

સાજ : મેઘશ્યામ રંગની, સોનેરી સુરમા સિતારાના કસીદાની મોર-ઢેલના ભરતકામ વાળી આકર્ષક પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે. (તેહ = રૂ ભરેલી પાતળી રજાઈ)

વસ્ત્ર : લાલ રંગનું સૂથન, પીળા રંગની, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળી ચોળી અને ઘેરદાર વાગો ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું અને મોજાંજી લાલ રંગનાં ધર્યાં છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે રૂપેરી જરીની પાગ (ચીરા) ઉપર શિરપેચ, લૂમ તથા જમાવ (નાગફણી)નો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી - લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. રંગબેરંગી પુષ્પોનાં સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી તથા બે બેત્રજી ધર્યાં છે.

નોધ : આજે લાલ સૂથન અને પીળો ઘેરદાર વાઘો ધર્યો છે. આ શૃંગારને **પીતાંબરકો ચોલના**નો શૃંગાર કહેવાય છે. સામાન્ય રીતે સૂથન અને ઘેરદાર વાઘો એક જ રંગના ધરાય છે. જ્યારે આજે વાઘો અને સૂથન જુદા જુદા રંગના ધર્યા છે. આવો જ શૃંગાર માગશર વદ ચૌદસ (ગુજરાતી તિથિ પ્રમાણે)ના દિવસે થયો હતો. આ શૃંગારને શ્રીગુસાંઈજીના ઉત્સવ પછી શ્રીગુસાંઈજીના બાલલીલાના શૃંગાર તરીકે પણ ઓળખવામાં આવે છે.

આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

માઈ મીઠે હરિજુ કે બોલના ।
પાંય પૈંજની રૂનઝુન બાજે આંગન આંગન ડોલના ॥૧॥
કાજર તિલક કંઠ કઠુલા મનિ પીતાંબર કૌ ચોલના ।
પરમાનંદદાસ કો ઠાકુર ગોપી ઝુલાવે ઝોલના ॥૨॥

શયન : (રાગ : ઈમન)

મહરિ પુત તેરો કૈસે હું બરજ્યો ન માને ।
બલમોહન કી જોરી ઓર બાલક સંગ લીયે,
મરકટ ઘેર ફેર પાછે પાછે તેં લુટત ઘર મેરો ॥૧॥
દહ્યો દૂધ ઘૃત માખન તનક ન ઉબરત કૈસેકે વાસ હોય હમ કેરો ।
ગોવિંદ પ્રભુ કે બાલ વિનોદ સુનત નંદરાની,
મન હી મન મુસકાની સાંચી કહત અનેરો ॥૨॥

મકર કુંડલ તિલક ભાલ કસ્તૂરી અતિ રસાલ ચિતવન લોચન વિશાલ કોટિકામ લજાવે,
કંઠસરી બનમાલ ફેંટા કટિ છોરન છબિ નિરખત ત્રિભુવન પ્રિયા ધીર ન મનમેં લાવે.

વ્રજ : પૌષ શુક્લ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : પોષ સુદ બીજ



મેરે સંગ ચલ નિહાર ઠાડે હરિ કુંજદ્વાર હિતકી ચિત્ત બાત કહૂં જો તેરે જીય ભાવે,
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર નખસિખ સુંદર સુજાન બડભાગિન તાહી ગિનો સુજાતહી લપટાવે.

વ્રજ : પોષ શુક્લ દ્વિતીયા ગુજરાતી : પોષ સુદ બીજ

બૈંગની (જાંબલી) ઘટા (છઠ્ઠી ઘટા)

વસ્ત્ર : મેઘશ્યામ રંગના ગદલ ઉપર પીળા રંગનો એમ દોહરા ગદલ ધર્યા છે.

શૃંગાર : પીળા રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં દહીંથરા તથા લુચઈની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

સુઘર પિય કૌન વાઈ પે ઉતારો રાઈ લોન ।
નાગર નટવર તનક ચિતવનમેં વસે વાહી કે ભોન ॥૧॥
જા સુખ કો સનકાદિક તરસત મુનિજન ધરિ હૈ મોન ।
રસિક પ્રિતમ ચારી જામ વસે અનહોની ભઈ હોન ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત/પંચમ)

જાગે હો રેન તુમ સબ નયના અરૂણ હમારે ।
તુમ કિયો મધુપાન ઘુમત હમારો મન કાહે તે જુ નંદદુલારે ॥૧॥
ઉર નખચિન્હ તુમ્હારે પીર હમારે કારણ કોન પિયારે ।
નંદદાસ પ્રભુ ન્યાય શ્યામ ઘન બરસે અનત જાય હમ પર ઝુમઝુમારે ॥૨॥

નટવરલાલ અ. શાહના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પોષ શુક્લ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ સુદ બીજ



ભલે પાઉ ધારેં મેરે અંગના યશોદાકે છગનમગના,
જો પગ ધરો મેરી અંખિયન પર બલબલ જાઉં ન્યોછાવર કરોં હારચીર કંગના.

બૈંગની (જાંબલી) ઘટા (છઠ્ઠી ઘટા)

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : બૈંગની (જાંબલી) રંગની પિછવાઈ ધરી છે. ગાદી તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : બૈંગની રંગનાં સૂથન, ચોલી તથા ઘેરદાર વાઘો ધર્યાં છે. મોજાં પણ બૈંગની રંગનાં અને ઠાડું વસ્ત્ર પણ બૈંગની રંગનું ધર્યું છે. આમ બૈંગની રંગનાં સર્વ વસ્ત્રોમાં પ્રભુની અનેરી શોભાનાં દર્શન થાય છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તેમજ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. હીરાનો હમેલ ધર્યો છે. (હમેલ = ડાબા ખભા ઉપર થઈને જમણી બાજુ કટિ સુધી ધરાતી માળાને હમેલ કહેવાય છે.)

શ્રીમસ્તક ઉપર બૈંગની રંગની પાગ ઉપર શિરપેચ, મોતીની લૂમ તથા દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં રંગીન થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

નોધ : આજનો શૃંગાર ઐચ્છિક છે. આ નિયમની ઘટા છે. દર વર્ષે જાંબલી ઘટા શીતકાળમાં એકવાર થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

કૃષ્ણનામ જબતે શ્રવણ સુન્યોરી આલી ભૂલી ભવન હોં તો બાવરી ભઈરી ।
ભરભર આવેં નયન ચિતહુ ન પરે ચૈન મુખ હુ ન આવે બૈન તનકી દશા કછુ ઓરેં ભઈરી ।।૧।।
જે તેક નેમ ધર્મ કીનેરી મૈ બહુ વિધ અંગ અંગ ભઈ હોં તો શ્રવણ મઈરી ।
નંદદાસ જાકે શ્રવણ સુને યહ ગતિ માધુરી મૂરતિ કૈધો કૈસી દઈરી ।।૨।।

શયન : (રાગ : અડાનો)

પ્યારી સાકરી મુરત તેરે જીયમેં બસત હૈ કાહેકો દુરાવત કરત ન દુરત ।
નૈનન બૈનનહી તે પ્રગટ દેખીયત હૈ ધામ ધરી નિધિ જેસે લિલાટ લસત ।।૧।।
મુખકી રુખવાઈ છિપત ન છિપાત આછી આન બની કી જોત સી જોતકો હરત ।
નંદદાસ પ્રભુ પ્યારી કોનકી સકુચ બલી જાકો મુખ દેખે ઉરકો તિમિર નસત ।।૨।।

જગદીશચંદ્ર રણછોડદાસ પરીખ હસ્તે જયાબેન (યુ.એસ.એ.)ના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : પોષ સુદ ત્રીજ



સુધીર ગોપાલદાસ સુરાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ સુદ ત્રીજ

વસ્ત્ર : બેંગની (જાંબલી) રંગના દોહરા-બે ગદલ ધર્યા છે.

શૃંગાર : જાંબલી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં પપચીની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

ભલી હો કીની લાલ ગિરિધર ભોર આયે બોલ સાંચે ।
યુવતિ વલ્લભ બિરદ કહિયત યાતેં તુમ ભલે હો વાંચે ॥૧॥
યહાં આયે કોન પઢાયે માનો મંત્રી કાંચે ।
તહીં હે સિધારો લાલન જા પ્રિયા સંગ રંગ રાચે ॥૨॥
અધર સુક્ત શ્વાસ થિર નહીં નય ત્રિયા સંગ બંદવાચે ।
સુન **કૃષ્ણદાસ** નાગરી કહત જયોં હી નચાયે ત્યોંહી નાચે ॥૩॥

શૃંગાર : (રાગ : રામકલી)

નિર્તત મોહન રસિક સખન સંગ ગિડગિડ તતથેઈ તતથેઈ તતા ।
મૃદંગ ધ્રુમ ધ્રુમ ધ્રુમ તાલ ઉરપ સપ્ત સુર જો મિલવત મધુપ મત્તા ॥૧॥
ટિપારો સિર પીતપટ લાલ કાછની બની કિંકિની રૂનઝુનાત ગાવત સુરસુતા ।
ગોવિંદ પ્રભુ ગોપબાલક સંગ જે જે જે કરત પ્રેમ અનુરત્તા ॥૨॥

સુધીર ગોપાલદાસ સુરાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ સુદ ત્રીજ



સતીશ ગોપાલદાસ સુરાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ તૃતીયા **ચિત્ર પરિચય** ગુજરાતી : પોષ સુદ ત્રીજ

આજના શૃંગાર : ટીપારાનો સાજ અને સૂથન-ચાકદાર

સાજ : લીલા રંગની ધરતી ઉપર શ્રીગિરિરાજજી તથા શ્રીગોપીજનોના ચિત્રકામવાળી તથા રેશમ-જરીના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : પીરોજા રંગનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ચાકદાર વાઘો અને લાલ રંગનાં મોજાં ધર્યા છે. આજે ધરેલો ચાકદાર વિશિષ્ટ પ્રકારનો ત્રણ ખૂણાવાળો છે. બે ખૂણાનાં દર્શન થાય છે. એક ખૂણો શૃંગાર નીચે હોવાથી દર્શન થતાં નથી. ઉપરાંત આ જ પ્રકારનો - ત્રણ ખૂણાવાળો (ખૂંટનો) ઉપરણો ધર્યો છે. ઉપરણો મેઘશ્યામ રંગનો, કેસરી તથા રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો છે. ઠાડું વસ્ત્ર ઘેરા લાલ રંગનું ધર્યું છે. બધાં વસ્ત્રો કરતાં ઉપરણો જુદા રંગનો છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. પીરોજા, મોતી, માણેક તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. કલાત્મક વસ્ત્ર અને શૃંગારને કારણે પ્રભુની શોભા અનેરી લાગે છે.

શ્રીમસ્તકે ટીપારાનો સાજ - ગુલાબી રંગની ગોળ પાગ ઉપર શિરપેચ તથા ત્રણ ખૂંટનો ટીપારો ધર્યો છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં સુંદર કલાત્મક માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોધ : આજના શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી/ટોડી)**

વિમલ કંદબમૂલ અવલંબિત ઠાડે હે પિય ભાનુસુતા તટ ।
શીશ ટિપારો કટિ લાલ કાછિની ઉપરેના ફરહરત પીતપટ ॥૧॥
પારિજાત અવતંસ રુરત સખી સીસ સેહરો બની અલક લટ ।
વિમલ કપોલ કુંડલકી શોભા મંદહાસ જીતે કોટિ મદન ભટ ॥૨॥
વામ કપોલ વામ ભુજ પર ધર મુરલી બજાવત તાન વિકટછટ ।
ગોવિંદપ્રભુ કેજુ શ્રીદામા પ્રભુતિ સખા કરત પ્રશંસા જય નાગરનટ ॥૩॥

શયન : (રાગ : અડાનો)

તેરી ભ્રોંહકી મરોરનતે લલિત ત્રિભંગી ભયે અંજન દે ચિતયો ભયેજુ શ્યામવામ ।
તેરી મુસ્કાન દેખ દામિનીસી કૌંધ જાત દીનહૂ વે યાચત પ્યારી લેત રાધે આધો નામ ॥૧॥
જ્યોં જ્યોં નચાયો ચાહો તૈસેં હરિ નાચત બલ અબતો મયાકીજે ચલિયે નિકુંજધામ ।
નંદદાસપ્રભુ બોલો તો બુલાય લાઉ ઉનકો તો કલ્પ વીતેં તેરી ઘરી યામ ॥૨॥

સતીશ ગોપાલદાસ સુરાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

મંગળા દર્શન



હરિજુકો દરસન ભયો સવેરો,
બહુત લાભ પાઉંગી રી માઈ દહ્યો બિકેગો મેરો.

વ્રજ : પોષ શુક્લ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ સુદ ચોથ

વસ્ત્ર : કેસરી રંગના ગદલ ઉપર પીરોજી રંગનો એમ દોહરા ગદલ ધર્યા છે.

શૃંગાર : ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં માવાની પૂરણપોળી અને ગોળની લીટી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

કહો તુમ કૌન હો કહાં તે આયે કિત જાઓગે સવેરે ।
જાનત હો પહિચાનત નહીં આવત હો જુ ડરે રે ॥૧॥
લાલ પાઘ અધ ભાલ લટક રહી મોતિન માલ યાહી તે કહાવત તુમ રીઝે રે ।
તાનસેન કે પ્રભુ ઠાડે રહો જૂ શ્યામ સબ સખિયન મિલ ઘેરે ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત)

કમલસી અખિયાં લાલ તિહારી ।
તિનસો તક તક તીર ચલાવત વેધત છતિયાં હમારી ॥૧॥
ઈન્હે કહા કોઉ દોષ લગાવત યે અજહૂ ન સંભારી ।
શ્રીવિઠ્ઠલ ગિરિધારી કૃપાનિધિ સુરત હી તે સુખકારી ॥૨॥

સંજયભાઈ દિવ્યકાન્ત શાહના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ સુદ ચોથ



ફગ્યો ફેંટા સખિ લલિત લાલ કે શીશ પર, નિરખ છબી માધુરી અંખિયા સીરાત રી,
પ્રેમકી બાવરી હોં સખિ વ્હૈ રહી સુધબુધ બિસર ગઈ દ્વાર વ્હૈ જાવરી.

આજના શૃંગાર : ફેંટાનો સાજ - ચાકદાર વાગો

સાજ : મેઘશ્યામ રંગની કિનારીના હાંસિયાવાળી ગુલાબી રંગની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવી છે.

વસ્ત્ર : કેસરી રંગનાં સૂથન, ચોળી તથા મેઘશ્યામ રંગના હાંસિયાવાળો કેસરી રંગનો, ત્રણ ખૂણાવાળો ચાકદાર વાઘો ધર્યો છે. મેઘશ્યામ રંગનાં મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. સર્વ આભરણ પીરોજાનાં ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર ફેંટાનો સાજ - કેસરી તથા મેઘશ્યામ રંગનો ફેંટો, ઉપર પીરોજાનો શિરપેચ, મોરશીખા અને કતરો તથા ડાબી બાજુએ પીરોજાનું શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં પીરોજાનાં લોલકબંદી લરવાળાં તેમજ ઝૂમખીવાળાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

નોધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

સુભગ લલના સુનહિ ગોવિંદ ગાવે ।
રાગ આસાવરી ચર્ચરી તાલ ધરિ મધુરતર મુરલિકા મોહન બજાવે ॥૧॥
ખસત ઉડુગન સકલ શેષ રજની રહી અજહુ લગિ નાગર તૌહિ બુલાવે ।
નાહિ જાનતિ કવન પ્રીતિ મનમેં વસી તુવ નામ સંવલિત સ્વરગતિ જનાવે ॥૨॥
વિપિન તમચર ઘોષ અરુન પ્રાચી દિશા ચક્રવાકી મનસિ મોદ ઉપજાવે ।
સુનિ **કૃષ્ણદાસ** પિય લાલ ગિરિધરન રસિકવર ભૂપાલ કાહે ન ભાવે ॥૩॥

શયન : (રાગ : ઈમન)

ઝમકિ ચલ રાધે તોપે શ્યામ બુલાવે ।
તો બીન મોહન પાન ન ખાત કૌન મંત્ર પઢિ સાધે ॥૧॥
નિસિ વાસર તેરો ધ્યાન ધરત હૈ વિરહ અગ્નિ તન બાંધે ।
સૂરદાસ પ્રભુ રસિક શિરોમણિ તો બિન મોહન આધે ॥૨॥

રૂપકે ગર્વ કછુ આવ આદર કિયો બહોરો કૃપા લગે મુસકાતરી,
દાસ કુંભનનાથ ગોવર્ધનધર સાથ, ગોપીજન રીઝે મીલે સાંવરે માતરી.

વ્રજ : પોષ શુક્લ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ સુદ પાંચમ



જરીકે જરાયવેકો તાતેં તન તાયવેકો કટે લોન લાયવેકો દ્વાર આય ઠાડે હો,
રેન બસે ઔર ઠોર અબ આયે મેરી ઓર વાહીપેં પધારો કાન જાકે બસ પરે હો.

વ્રજ : પૌષ શુક્લ પંચમી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ સુદ પાંચમ

વસ્ત્ર : રૂપેરી જરીના ગદલ ઉપર મેઘશ્યામ રંગનો એમ દોહરા - બે ગદલ ધર્યા છે.

શૃંગાર : કેસરી તથા મેઘશ્યામ રંગનો (ખિડકીનો) ફેંટો, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઈમરતીની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : પરજ/લલિત)**

રંગભરી મુરત અનંગભરી અખિયાં,
        સંગ લિયે પ્યારી કો મહલ મેરે આયે હો ।
બેઠોજુ પલંગ પર પલકન સોં ઝારો મગ
        તનમન પ્રાણ વારોં ભાગિ મેરે આયે હો ॥૧॥
એસી હૈં જુ કોન ત્રિય જિન પદ વિલોક્યો
        તાઈ કે તો ભાગ જાને મૃદુ મુસકાયે હો ।
નંદદાસ પ્રભુ તુમ બહુનાયક મોહિની કે
        મોહીવે કો મોહન બન આયે હો ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત)

કહાં તે આયે ઉઠ પ્રાત અંગઅંગ અલસાત ।
નયના દોઉ અરુણ રગમગે ઘૂમત આવત
        સુધિ ન કછૂ તન ચિન્હ બને સબગાત ॥૧॥
લટપટી પાગ મરગજી માલા પીતાંબર ઉર પર
        જો બિરાજત મંદમંદ મુસકાત ।
યહ છબિ નિરખ નિરખ કે વ્રજપતિ હસત
        પરસ્પર લેત બલેયા ફૂલે અંગ ન સમાત ॥૨॥

ઝવેરભાઈ કેશવજી દામોદર સ્વાલીના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ સુદ પાંચમ



લાલહી સૂથન લાલ હી વાગો લાલ હી પાગ બની અતિ ભારી,
લાલહી ઠાડે આભૂષન રાજત લાલ હી લાલ વૃષભાન દુલારી.

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન ઘેરદાર

સાજ : લાલ રંગની, સોનેરી સુરમા - સિતારાના કસીદાના ભરતકામવાળી તથા શ્યામ રંગના ફૂલવેલના ભરતકામના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : લાલ રંગની સાટીનનાં, રૂપેરી જરીની તોઈની કિનારીવાળાં સૂથન, ચોળી તથા ઘેરદાર વાઘો ધર્યાં છે. કેસરી રંગનાં મોજાં અને કેસરી રંગનો, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળો કટિપટુકો ધર્યો છે. ઠાડું વસ્ત્ર લીલા રંગનું ધર્યું છે. વસ્ત્ર અને પટુકા અલગ અલગ રંગનાં ધરાયાં છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. સર્વ આભરણ પન્નાનાં ધર્યાં છે. પન્નાનો હમેલ ધર્યો છે.

શ્રીમસ્તક ઉપર લાલ રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ તથા રેશમના તિહેરા (ત્રણ) કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં રંગનાં પુષ્પોનાં કમલાકાર કલાત્મક માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : ટોડી)**

હો બલિ બલિ જાઉ તિહારી હૌ લલના આજ કૈસે હો પાવ ધારે ।
કૌન મિસ આવત બન્યો પિય જાગે ભાગ્ય હમારે ॥૧॥
અબ હોં કહા ન્યોછાવર કરું પિય મેરે સુંદર નંદ દુલારે ।
નંદદાસ પ્રભુ તન-મન-ધન-પ્રાન યહ લેઈ તુમ પર વારે ॥૨॥

શયન : (રાગ : નાયકી)

જાન્યોં પ્રીતકો મરમ ।
મુખકી મોસો, જિયકી ઔરનસો પાયો હૈ તિહારો ભરમ ॥૧॥
ઐસી હૈ જો કોનબાલ જિન રસ બસ કર લીને જાનિયત હિયકે મરમ ।
હરિનારાયણ શ્યામદાસકે પ્રભુ માઈ ભલી કીની ભોર આયે ચતુર પરમ ॥૨॥

ભૂપેન્દ્રભાઈ કલ્યાણજીભાઈ સોપારિયા (મહુવા)ના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ સુદ છઠ



આજ સગરી નિશા કહાં જાગે લાલ કહો કિન સાંચી સુભગ સાંવરે માધો,
ઘોષ મથન શબ્દ પ્રાણપતિ ગહગહ્યો રહો રહો મોહન સૂર પ્રકટ ભયો આધો.

તિલકાયત શ્રીદામોદરજી મહારાજનો ઉત્સવ (૧૯૫૩)

દેહલી - વંદનમાલ - હાંડી

વસ્ત્ર : કેસરી રંગના ગદલ ઉપર ઘેરા ગુલાબી (રાણી) રંગનો એમ દોહરા - બે ગદલ ધર્યા છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં સખડીની સામગ્રીમાં ઉત્સવની સામગ્રી ધરાય છે. બીલસારુ અને મદન મનોહરની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત/ધનાશ્રી)**

મેરો માઈ માધોસો મન માન્યો ।
અપનો તન ઔર વા ઢોટાકો, એકમેક કર સાન્યો ॥૧॥
લોક વેદ કુલ કાન ત્યજી મેં ન્યોતિ આપનેં આન્યો ।
એક નંદનંદન કે કારણ વૈર સબનસોં ઠાન્યો ॥૨॥
અબ ક્યોં ભિન્ન હોય મેરી સજની મિલ્યો દૂધ અરૂ પાન્યો ।
પરમાનંદદાસ કો ઠાકુર પહિલો હિ પહિચાન્યો ॥૩॥

શૃંગાર : (રાગ : માસકૌંસ/પંચમ)

લરિકાઈ મેં જોબન કી છબિ દેખો સુંદર નયનન ભરભર ।
બિદ્દુરી અલક વદન છબિ રાજત, સુરત કેલિ માનો સીખ દઈ હર ॥૧॥
ગંડ ચખોડા પર ચખ બિટુલા ચિન્હ કિયે માનો ચુંબન કર કર ।
નૈન સલોને ભ્રમર ભમત માનો લલિત ગિરા રાજત તોતર ॥૨॥
આંગન ડોલત ફિરત મહારાજ લેત સખી લરકારે ભૂજન ભર ।
સૂરશ્યામ સબ સમે મહારસ દેત લાલ પાવત સુખનાગર ॥૩॥

શોભાબેન હેમેન્દ્રભાઈ દલાલના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પોષ શુક્લ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ સુદ છઠ



મેરી અંખિયનકે ભૂષણ ગિરધારી,
બલબલ જાઉં છબીલી છબિ પર અતિ આનંદ સુખકારી.

તિલકાયત શ્રીદામોદરલાલજી મહારાજનો ઉત્સવ (સં. ૧૯૫૩)

દેહલી-વંદનમાલ

આજના શૃંગાર : ટીપારાનો સાજ-સૂથન-ઘેરદાર

સાજ : કેસરી રંગની સાટીનની પિછવાઈ ધરી છે. પિછવાઈમાં પલને ઝૂલતા શ્રીગોવર્ધનનાથજીનું, એક બાજુ તિલકાયત ગોવર્ધનલાલજી અને દામોદરલાલજી પલને ઝૂલાવે છે અને બીજી બાજુ નંદરાયજી-યશોદાજી ઠાકોરજીને ખિલૌનાથી ખેલાવે છે તે પ્રકારનું સલમા-સિતારાનું ભરતકામ-ચિત્રકામ થયું છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : પીળા (ચંપાઈ) રંગની સાટીનના, રૂપેરી જરીની તોઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ઘેરદાર વાઘો તથા મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા કથ્થાઈ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે ટીપારાનો સાજ - હીરાની જડાવ ટોપી ઉપર વચ્ચે હીરાની જડાવ મોરશીખા અને બંને બાજુ દોહરા કતરા ધર્યા છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં જડાવ મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. હીરાનું ચોકઠું ધર્યું છે. ગુલાબી અને પીળા રંગનાં, સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણના વેણુજી અને હીરાજડિત વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજે તિલકાયત શ્રીદામોદરલાલજી મહારાજનો ઉત્સવ છે. આપશ્રી શ્રીગોવર્ધનલાલજી મહારાજના પુત્ર હતા. આપનો જન્મ સંવત ૧૯૫૩માં પોષ સુદ છઠના રોજ નાથદ્વારામાં થયો હતો. આપ ધીર, વીર, ગંભીર, વિદ્યાવારિધિ, સકલ કલા નિષ્ણાત, અતિ સુંદર, અચ્છા સાહિત્યકાર, સુબોધિનીજીના વિદ્વાન અભ્યાસુ, નિપુણ વક્તા, કથાકાર, સર્વમાં પ્રવીણ અને વિનોદી સ્વભાવવાળા હતા. આપે શ્રીનવનીતપ્રિયજી અને શ્રીજીને ભોગ-રાગ-શૃંગારની વિવિધ પ્રકારની સેવા કરી રીઝવ્યા. આપ શ્રીગુસાંઈજીની ચૌદમી પેઢીએ થયા. આપની દયાળુતા, વ્યવહાર કુશળતા, અપૂર્વ ત્યાગ, ન્યાયરક્ષતા વગેરે જાણીતાં છે. પાછલા જીવનમાં ધર્મને ખાતર આપે શ્રીજીની અતુલિત સંપત્તિ અને તિલકાયત પદનો ત્યાગ કર્યો હતો અને ઉદયપુરમાં નિવાસ કર્યો હતો. સંવત ૨૦૦૨માં આપ નિત્યલીલામાં પધાર્યા.

પરમ ઉદાર ચતુર ચિંતામણિ દરસ પરસ દુઃખહારી,
અતુલ પ્રતાપ તનક તુલસીદલ માનત સેવા ભારી.

વ્રજ : પૌષ શુક્લ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ સુદ સાતમ



લક્ષ્મીબાઈ લીલાધર કાપડિયાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ સપ્તમી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ સુદ સાતમ

વસ્ત્ર : ઘેરા જાંબલી રંગના ગદલ ઉપર કેસરી રંગનો એમ દોહરા - બે ગદલ ધર્યા છે.

શૃંગાર : કેસરી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં અમૃત રસાવલીની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

સુઘર પ્રિય કોન વાઈ પે ઉતારો રાઈલોન ।
નાગર નટવર તનક ચિતવનમેં વસે વાહી કે ભોન ॥૧॥
જા સુખકો સનકાદિક તરસન મુનિજન ધરિ હૈ મોંન ।
રસિક પ્રીતમ ચારી જામ વસે અનહોની ભઈ હોન ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત)

ક્યોં મોહન દરપન નહિ દેખો ।
ક્યો ધરણિ પગ નખન ખનાવત ક્યો મોં તન નહિ પેંખો ॥૧॥
ક્યોં ઠાડે ક્યોં બેઠત નાહીં કહા પરી હમચૂક ।
પીંતાબર ગહિ કહ્યો બૈઠિયે કહાજુ રહે હો મૂક ॥૨॥
ઉધર ગયો ઉર તે ઉપરેના દેખિયત અંગવિભાગ ।
સૂરશ્યામ લટપટી પાગપર યાવકકી છબિ લાગ ॥૩॥

લાલજીભાઈ વિ. દાવડા પરિવારના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પોપ શુક્લ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોપ સુદ સાતમ



ચમક આયો ચંદસો મુખ કુંજતે જબ નીકસી,
સુંદર સાંવરો કિશોર ગોહન લાગ રહે ચકોર લલિતાદિક કુમુદાવલિ નિરખ નયન વિકસી.

વ્રજ : પૌષ શુક્લ સપ્તમી — **ચિત્ર પરિચય** — ગુજરાતી : પોષ સુદ સાતમ

આજના શૃંગાર : સોનાની પાગ - ચંદ્રિકા અને ઘેરદાર વાગા ઉપર ફતવી

સાજ : સફેદ સાટીનની, લાલ રંગના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : સફેદ સાટીનના, રૂપેરી જરીની તૂઈ લેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો તથા સોનેરી જરીના ભરતકામવાળી લાલ ફતવી ધરી છે. લાલ મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. સર્વ આભરણ લીલાં-પન્નાનાં ધર્યાં છે.

શ્રીમસ્તકે સોનાની પાગ ઉપર પન્નાનો શિરપેચ, લૂમ તથા સોનેરી જરીની ઘુમાવદાર ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ પન્નાનું શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

ચલરી સખી નંદગામ જાય વસિયે ।
ખિરક ખેલત વ્રજચંદસો હસિયે ।।૧।।
વસે બઠેન સબે સુખ માઈ ।
એક કઠિન દુઃખ દૂર કન્હાઈ ।।૨।।
માખન ચોરે દૂર દૂર દેખું ।
જીવન જન્મ સુફલ કર લેખું ।।૩।।
જલચર લોચન છિન છિન પ્યાસા ।
કઠિન પ્રીતિ **પરમાનંદદાસા** ।।૪।।

શયન : (રાગ : બિહાગ)

હિમકર સુખદ સરસ રિતુ આઈ અદ્ભુત શોભા બરની ન જાઈ ।
પ્યારી જુ કે ફરગુલ સોહે પ્રીતમ ઓઢે સરસ રજાઈ ।।૧।।
પરે હૈ પરદા લલિત તિબારી ધરી અંગીઠી સુખદાઈ ।
પ્રિતમ પ્યારી કી છબિ પર **દાસ રસિક** તહાં બલ બલ જાઈ ।।૨।।

પહિરે તન શ્વેત સારી માનોં શરદ ઉજિયારી, માનોં સુધાસિંધુ મધ્ય દામિની ધસી,
કહત ભગવાન હિત રામરાય પ્રભુ પ્યારી વશ કીને કુંજવિહારી છબિ નિરખ મંદ હસી.

વ્રજ : પોષ શુક્લ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ સુદ આઠમ



તુમસોં બોલવેકી નાહિ,
ઘરઘર ગમન કરત સુંદરપિય ચિત્ત નાહીં એક ઠાહીં.

પીરોજી ઘટા

વસ્ત્ર : પીરોજી રંગના ગદલ ઉપર રૂપેરી જરીનો એમ દોહરા - બે ગદલ ધર્યા છે.

શૃંગાર : પીળા રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં પાયેલી પૂરી અને ફેની રોટી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : માલકૌંસ/લલિત)**

આજ સગરી નિશા કહાં જાગે લાલ કહો કિન સાંચી સુભગ સાંવરે માધો ।
ઘોખ મથન શબ્દ પ્રાણપતિ ગહગહ્યો રહો રહો મોહન સુર પ્રકટ ભયો આધો માધો ।।૧।।
કમલ વિકસત ભયે ચક્રવાકી હસિ સુમુખિ પુલકિત મુદિત નિજ પતિ આરાધ્યો ।
વિશ્વમોહન વદન નિરખ નભ ચંદ્રમા સગુણ લજ્જિત ભયો પ્રેમગુણ બાંધ્યો ।।૨।।
લલિત સુંદર રાગ ચરચરી તાલ ધર મધુપ ગાવત શુયશ પિકન સ્વર સાધ્યો ।
કહે **કૃષ્ણદાસ** ગોવર્ધનધારી પ્રિયા ધીર વ્રજસુંદરી કૃપણ ધન લાધ્યો ।।૧।।

શૃંગાર : (રાગ : માલકૌંસ)

આવન કહ ગયે અજહુ ન આયે પિય સબ નિસ બીતી મોહે ગિનગિન તારે ।
દીપક જયોત મલીન ભઈ હૈ કૌન દુતિયન બિરમાયે પ્યારે ।।૧।।
તમચર બોલે, બગર સબ ખોલે, ખૂલે કમલ મધુપ ગુંજારે ।
તાનસેન કે પ્રભુ તુમ બહુનાયક આયે નિપટ સવારે પ્યારે ।।૨।।

કહા કહોં સામલઘન તુમસોં સમઝ દેખ મન માંહી,
કૃષ્ણદાસ પ્રભુ પ્યારીકે બચન સુન હૃદય માંઝ મુસકાહીં.

વ્રજ : પોપ શુક્લ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોપ સુદ આઠમ



અરી ઈન મોહન કી બલિ જાઉં,
મેરે મન આનંદ ઊઠત હૈ ફૂલી અંગ ન સમાઉં.

પીરોજી ઘટા (સાતમી ઘટા)

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : પીરોજી રંગની સાટીનની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર પીરોજી રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે. તકિયા ઉપર શ્વેત મુખવસ્ત્રનાં દર્શન થાય છે.

વસ્ત્ર : પીરોજી રંગની સાટીનના સૂથન, ચોલી અને ઘેરદાર વાઘો તથા મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પણ આજે પીરોજી રંગનું જ ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. સર્વ આભરણ પીરોજાનાં ધર્યાં છે.

શ્રીમસ્તકે પીરોજી રંગની ગોળ પાગ ઉપર પીરોજાનો શિરપેચ, લૂમ અને દોહરા કતરા તથા ડાબી બાજુ પીરોજાનું શીશફૂલ ધર્યું છે. કર્ણમાં પીરોજાનાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં, સુંદર રંગીન થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

નોંધ : આજે નિયમની પીરોજી ઘટા થાય છે. શૃંગાર ઐચ્છિક છે. સર્વ સાજ પીરોજી સાટીનનો આવે છે. આ ઘટા શ્રીયમુનાજીના ભાવથી થાય છે. જેમ સમુદ્રમાં લહેરો આવે ત્યારે સમુદ્રના પાણીનો વાદળી રંગ પીરોજી રંગ જેવો લાગે તે ભાવથી આ પીરોજી ઘટા થાય છે. નંદદાસજીએ આ ભાવનું એક પદ ગાયું છે. ***શ્યામ સમુદ્રમેં પ્રેમ જલ પૂરનતા તામે રાધાજુ લહર રી,***

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

કૃષ્ણનામ જબતે શ્રવણ સુન્યોરી આલી, ભૂલીરી ભવન હોં તો બાવરીં ભઈરી ।
ભરભર આવે નયન ચિતહું ન પરે ચેન મુખ હું ન આવે બેન તનકી દશા કછુ ઔર ભઈરી ॥૧॥
જેતેક નેમ ધર્મ વ્રત કીનેરી મૈં બહુવિધ અંગ અંગ ભઈ હોં તો શ્રવણ મઈરી ।
નંદદાસ જાકે શ્રવણ સુને યહ ગતિ માધુરી મુરતિ કૈધોં કૈસી દઈરી ॥૨॥

શયન : (રાગ : બિહાગ/કાન્હરો)

તૈ જુ નીલપટ દિયૌરી ।
સુનહુ રાધિકા શ્યામસુંદરસો બિનહિ કાજ અતિ રોષ કિયૌરી ॥૧॥
જલસુત બિંબ મનહુ જબ રાજત મનહુ શરદ સસિ રાહુ લિયો રી ।
ભૂમિ ઘિસન કિધૌં કનકખંભ ચઢિ મિલિ રસહી રસ અમૃત પિયૌંરી ॥૨॥
તુમ અતિ ચતુર સુજાન રાધિકા કત રાખ્યૌ ભરિ માન હિયૌરી ।
સૂરદાસ પ્રભુ અંગઅંગ નાગરિ, મનહું કામ કિયૌ રૂપ બિયૌરી ॥૩॥

તન મન ધન ન્યોછાવર કરિ હોં ઈનકે ચરણન ગહેરાઉં,
દાસ ગોપાલકો યહ વર દીજે વ્રજ તજી અનત ન જાઉં.

વ્રજ : પોષ શુક્લ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ સુદ નોમ



એક વૈષ્ણવના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પોષ શુક્લ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ સુદ નોમ

વસ્ત્ર : પીરોજા રંગના દોહરા - બે ગદલ ધર્યા છે.

શૃંગાર : પીરોજા રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં મેંદા-વેસણનો મોહનઠાર ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત/પંચમ)**

જાગે હો રેન તુમ સબ નયના અરુણ હમારે ।
તુમ કિયો મધુપાન ઘૂમત હમારો મન કાહે તે જુ નંદદુલારે ॥૧॥
ઉર ચિન્હ તુમ્હારે પીર હમારે કારણ કોન પિયારે ।
નંદદાસ પ્રભુ ન્યાય શ્યામઘન બરસે અનત જાય હમ પર ઝુમઝુમારે ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત)

અની રંગ લાગ્યો બનાબની ।
દોઉ જન અનુરાગે પાગે રજની સજની જુવતી જુથ ચાર ચિતવની ॥૧॥
વૃંદાવન નિત ધાય રસિકવર તબ ગુનાગુની ।
મદન મોહન ચિરજીયો દોઉ દુલ્હૈ ઔર દુલ્હની ॥૨॥

એક વૈષ્ણવના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પોષ શુક્લ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ સુદ નોમ



રાધા પ્યારી દુલહન જુ કો દુલહા દેખોરી આવત હૈ વ્રજ લટકત

વ્રજ : પૌષ શુક્લ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ સુદ નોમ

આજના શૃંગાર : સહેરો-સૂથન-ચાકદાર

સાજ : વિવાહ ખેલ લીલાની, વિવાહ મંડપના ચિત્રકામ અને ભરતકામવાળી સુંદર કલાત્મક પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : લાલ રંગની સાટીનના રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો તથા રાજાશાહી પટુકો ધર્યો છે. રૂપેરી જરીનાં મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારી શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના, નીલમ તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે જરીના દુમાલા ઉપર હીરાનો સહેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. જમણી બાજુ મોતીની ચોટી ધરી છે. લાલ ગુલાબનાં અને પીળાં પુષ્પોનાં રંગબેરંગી થાગવાળાં સુંદર કલાત્મક બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્ર ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. સહેરાના ભાવનાં કીર્તન ગવાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : જેતશ્રી)**

મોરકો સિર મુકુટ બન્યો મોર હી કી માલા ।
દુલહનસિ રાધાજુ દુલ્હે હો નંદલાલા ॥૧॥
બચન રચન ચાર હસિ ગાવત વ્રજબાલા ।
ધોંધી કે પ્રભુ રાજત હેં મંડપ ગોપાલા ॥૨॥

શયન : (રાગ : બિહાગ)

જુગલ વર આવત હૈ ગઠજોરેં ।
સંગ શોભિત વૃષભાન નંદિની લલિતાદિક તૃણ તોરે ॥૧॥
શીશ સેહરો બન્યો લાલકેં, નિરખ હરખ ચિતચોરે ।
નિરખ નિરખ બલજાય **ગદાધર** છબિ ન બઢી કછુ થોરે ॥૨॥

પ્યારો લાલ દેખત હી સમાત હિયમેં અંખિયન હુ નહીં ખટકત,
પ્રભુ કલ્યાણ ગિરિધરજુકી માધુરી દેખ સુમર સરન તાહી અટકત.

વ્રજ : પૌષ શુક્લ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ સુદ દસમ



દેખો સખિ ઠાડો મદનગોપાલ,
પહેર કવાય ધરે સિર ટોપા ફલગુલ ઓઢે લાલ.

વ્રજ : પૌષ શુક્લ દશમી **ચિત્ર પરિચય** **ગુજરાતી : પોષ સુદ દસમ**

ગુલાબી ઘટા (આઠમી ઘટા)

વસ્ત્ર : ગુલાબી રંગના ગદલ ઉપર લાલ રંગનો અને તેના ઉપર બેંગની (જાંબલી) રંગનો એમ તિહેરા - ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : રૂપેરી જરીનો દુમાલો, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત તવાપુરી (મોહનથાળને માવાની પુરીમાં લપેટીને બનાવેલી સામગ્રી અથવા મોહનથાળને મેંદાની પૂરીમાં પૂરણપોળીની જેમ ભરીને ઘીમાં તળીને બનાવેલી સામગ્રી અથવા ચણાની દાળ દૂધમાં પલાળી, પીસીને, તે ઘીમાં શેકી, ચાસણીનો મોહનથાળ બનાવી, પૂરીમાં ભરી તળીને બનાવેલી સામગ્રી) ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : માલકૌંસ)**

ચઢી ચઢી અખિયાં તિન મધિ પૂતરી દેખિયત કોક પઢીસી ।
શ્યામ અરુન ડોરે અછરસી પાટી મદન ગઢીસી ॥૧॥
મૃગ જે સબે લજાય નિહારો માનો મીત પઢીસી ।
વ્રજાધીશ હમ કછુ કહેગી દેખિયત પ્રેમ બઢીસી ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત)

કમલસી અખિયાં લાલ તિહારી ।
તિનસો તકતક તીર ચલાવત વેધત છતિયાં હમારી ॥૧॥
ઈન્હે કહા કોઈ દોષ લગાવત યે અજહુ ન સંભારી ।
શ્રીવિઠ્ઠલ ગિરિધારી કૃપાનિધિ સુરતહી તે સુખકારી ॥૨॥

મારા ગુરુદેવ પૂ. ગો. શ્રી વ્રજેશકુમાર મહારાજશ્રીના જન્મદિને, વર્ષા તથા ડૉ. પીયૂષ નંદલાલ પરીખના શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પોપ શુક્લ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોપ સુદ દસમ



ફૂલ ગુલાબી સાજ અતિ શોભિત તાપર રાજત બાલકૃષ્ણ બિહારી,
ફેંટા ગુલાબી પિછોરા રહ્યો ફબિ ફૂલ ગુલાબી રંગ અતિ ભારી.

ગુલાબી ઘટા (આઠમી ઘટા)

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : આજે ગુલાબી ઘટા હોવાથી સર્વ સાજ ગુલાબી રંગનો છે. પિછવાઈ, ગાદી, તકિયા અને ચરણચોકી ઉપરની બિછાવટ વગેરે સર્વ ગુલાબી રંગનાં છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : ગુલાબી સાટીનનાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પણ ગુલાબી રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. સર્વ આભરણ મોતી, હીરા તથા સોનાનાં ધર્યાં છે.

શ્રીમસ્તકે ગુલાબી રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ તથા ગુલાબી રેશમના દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને ગુલાબી પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે. હવે ગુલાબ ખીલવાની શરૂઆત થાય છે તે ભાવથી આ ગુલાબી ઘટા થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

માઈરી લાલ આયેરી મેરે મહલ તનમનધન સબ વારો હો ।
હો બલ ગઈ સખી આજકી આવનપર પલકનસો મગ ઝારો હો ॥૧॥
અતિ સુકુમાર પદ ધરન સરિ કંકરગુન સબ ટારો હો ।
નંદદાસ પ્રભુ નંદનંદન સોં એસી પ્રીત નિત ધારૌ હો ॥૨॥

શયન : (રાગ : નાયકી)

આજ સુહાવની રાત લાલન તેરે હી આયે ।
તન મન ફૂલી અંગ ન સમાઉ નિકુંજ મેં કરત વધાયે ॥૧॥
અંગ અંગ છબિ કહાં લોં બરનો નખશિખ રૂપ અધિકાયે ।
ગિરિવરધર પિય રસબસ કરલીને **કૃષ્ણદાસ** ગુણગાવે ॥૨॥

વામ ભાગ વૃષભાનનંદિની પહેરે ગુલાબી કંચુકી સારી,
ફૂલ ગુલાબી હસ્તકમલમેં છબિ પર કુંભનદાસ બલિહારી.

વ્રજ : પોષ શુક્લ એકાદશી **મંગળા દર્શન** ગુજરાતી : પોષ સુદ અગિયારસ



કમળાબેન વી. દોશીના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પોષ શુક્લ એકાદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : પોષ સુદ અગિયારસ

પુત્રદા એકાદશી

વસ્ત્ર : ગુલાબી રંગના તિહેરા - ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : ગુલાબી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત અળવીની જલેબી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

મેરે આયે ભોર પિયારે રેન કહા ગમાઈ ।
કોન પ્રિયા સંગ વસ પરે મોહન જાન પરી ચતુરાઈ ॥૧॥
ઉર હાર બિન ડોર બિરાજત નખક્ષત દેત દિખાઈ ।
છીતસ્વામી ગિરિધર વાહી પે યાવક પાગ રંગાઈ ॥૨॥

શૃંગાર : (રાગ : રામકલી)

નિર્તત મોહન રસિક સખન સંગ ગિડગિડ તતથઈ તતથઈ તત્તા ।
મૃદંગ ધ્રુમ ધ્રુમ ધ્રુમ તાલ ઉરપ સપ્ત સુરજો મિલવત મધુપ મત્તા ॥૧॥
ટિપારો સિર પીતપટ લાલ કાછની બની કિકિંની રૂનઝુનાત ગાવત સુરસુતા ।
ગોવિંદપ્રભુ ગોપબાલક સંગ જે જે જે કરત પ્રેમ અનુરતા ॥૨॥

કમળાબેન વી. દોશીના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ સુદ અગિયારસ



એ હો આજ રીઝી હોં તિહારી બાનિક પર રૂપ ચટકતેં અટકી,

વ્રજ : પૌષ શુક્લ એકાદશી **ચિત્ર પરિચય** ગુજરાતી : પોષ સુદ અગિયારસ

આજના શૃંગાર : કુલ્હે ઉપર કિરીટ મુકુટ અને ચાકદાર-સૂથન

સાજ : શ્રીગિરિરાજજીની કંદરામાં પ્રભુની સેવામાં તત્પર શ્રીસ્વામિનીજી અને શ્રીયમુનાજી તથા ગાયો વગેરેના ભરતકામ-ચિત્રકામવાળી સુંદર પિછવાઈ ધરી છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવી છે.

વસ્ત્ર : રૂપેરી જરીના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળા સૂથન, ચાકદાર વાઘો અને ચોળી ધર્યાં છે. ઘેરા ગુલાબી (રાણી) રંગનો રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ગાતીનો ઉપરણો ધર્યો છે. રૂપેરી જરીનાં મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા લાલ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર રૂપેરી જરીની કુલ્હે ઉપર શિરપેચ, સુવર્ણનો જડાવ કિરીટ મુકુટ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડલ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : વિશિષ્ટ શૃંગાર - કુલ્હે ઉપર કિરીટ મુકુટ - શીતકાલમાં સામાન્ય રીતે મુકુટ ધરાતો નથી પણ આ રીતે કોઈવાર કિરીટ ધરાય છે. મુકુટ હંમેશા પાગ કે કુલ્હે સિવાય ધરાય છે. જ્યારે આજે કિરીટ મુકુટ કુલ્હે સાથે ધરાયો છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : તોડી)**

કટિ પર નીકે લટપટાત પીતપટ ।
સીસ ટિપારો મોરચંદસો મિલિ ધાતુ પ્રવાલ વિચિત્ર ભેખ નટ ॥૧॥
પચરંગ છીંટ ઉદાર ઓઢની લટકત ચલત તરનિ તનયા તટ ।
વ્રજભામિની કે મોતી હારસો ઉરઝી રહીરી કુંચિત અલકલટ ॥૨॥
જ્યોં ગજરાજ મત્ત કરની-સંગ આલિંગન કુચ સુભગ કનકઘટ ।
કૃષ્ણદાસ પ્રભુ ગિરિધરનાગર વિહરત બનબિહાર બંસીબટ ॥૩॥

શયન : (રાગ : અડાનો)

તેરી ભ્રોંહકી મરોરનતે લલિત ત્રિભંગી ભયે અંજન દે ચિતયો ભયે જુ શ્યામવામ ।
તેરી મુસકાન દેખ દામિનીસી કોંધજાત દીન વ્હૈ યાચત પ્યારી લેત રાધે આધો નામ ॥૧॥
જ્યોં જ્યોં નચાયો ચાહે તેસેં હરિ નાચત બલ અબ તો મયા કીજે ચલિયે નિકુંજધામ ।
નંદદાસ પ્રભુ બોલો તો બુલાય લાઉં ઉનકો તો કલ્પ વીતેં તેરી ઘરી યામ ॥૨॥

કહા રી કહોં કછુ કહત ન આવે શોભા નાગર નટકી,
સૂરદાસ પ્રભુ તિહારે મિલનકો સૂધ ભૂલી ઘટ પટકી.

વ્રજ : પોષ શુક્લ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ સુદ બારસ



પ્રાતઃ કાલ પ્યારેલાલ આવની બની,
ઉર સોહે મરગજી માલ ડગમગી સુદેશ ચાલ ચરણકુંજ મદનજીત કરત ગામિની.

બારસની ચોકી

વસ્ત્ર : શ્યામ રંગની બુટ્ટાવાળી જરીનો, ઉપર રૂપેરી જરીનો અને તેના ઉપર ઘેરા ગુલાબી રંગનો એમ તિહેરા ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : રૂપેરી જરીની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત મંગળભોગમાં સખડીની સામગ્રીનો ભોગ આવે. વિશેષ સામગ્રી કાંજીવડાં, ખીર, મીરચની કઢી, લવિંગભાત, વડીનું શાક, બીજાં ત્રણ શાક, ચાર જાતનાં ભુજાનાં (ભજીયાં) કચરીયાં, તિલવડી, ઢેબરી વગેરે ધરાય છે. (સખડી બારસ) આપણે યથાશક્તિ, યથામનોરથ, ૠતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

ભલી હો કીની લાલ ગિરિધર ભોર આયે બોલ સાંચે ।
યુવતી વલ્લભ બિરદ કહિયત યાતે તુમ ભલે હો વાંચે ॥૧॥
યહાં આયે કોન પઢાયે માનૌ મંત્રી કાંચે ।
તહીં હે સિધારો લાલન જા પ્રિયા સંગ રંગ રાચે ॥૨॥
અધર સુક્ત શ્વાસ થિર નહીં નવપ્રિયા સંગ બંદ વાચે ।
સુન **કૃષ્ણદાસ** નાગરી કહત જ્યોંહી નચાયે ત્યોંહી નાચે ॥૩॥

શૃંગાર : (રાગ : લલિત/પંચમ)

મૈયા તેરો મોહન અતિહિ સયાનો દેત અટપટી ગારી ।
કુંજ મહલ મેં અચરા ફાર્યો હસિ હસિ દૈ દૈ તારી ॥૧॥
ગોરસ ઢોરે મન કે જોરે માટ દહીં કે ફોરે ।
ઉઠાવે કી ડોરી કૈસે બાંધો ચૌદહ ભવન બંધ તોરે ॥૨॥
અધર પાન પરિરંભન ચુંબન કહો કહાં લજાની ।
શુકનારદ સો લીલા અગોચર **સૂર** કેતીક બખાની ॥૩॥

રાજેશ અરવિંદ શાહ પરિવારના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ સુદ બારસ



દેખો ઢરકન નવરંગ પાગકી,
વામ ભાગ વૃષભાન લાડિલી ચિતવન અતિ અનુરાગ કી.

વ્રજ : પૌષ શુક્લ દ્વાદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ સુદ બારસ

આજના શૃંગાર : જડાવનો ગ્વાલપગો અને ચંદ્રિકા તથા સૂથન-ચાકદાર

સાજ : શ્યામ રંગના કિનખાબની પિછવાઈ ધરી છે. પિછવાઈને લાલ રંગની કિનખાબની કિનારી - હાંસિયો છે. હાંસિયાની બંને બાજુ રૂપેરી જરીની તૂઈલેસ મૂકેલી છે. ગાદી-તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે લાલ રંગની તેહ બિછાવી છૈ.

વસ્ત્ર : શ્યામ કિનખાબનું સૂથન, ચોલી અને ચાકદાર વાઘો તથા મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે જડાવની ગ્વાલ પાગ ઉપર શિરપેચ તથા મોરપંખની સાદી ચંદ્રિકા ધરી છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં સુંદર થાગવાળાં બે કલાત્મક માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર વિશિષ્ટ છે. સામાન્ય રીતે શ્રીમસ્તક ઉપર મોરપંખની સાદી ચંદ્રિકા ધરાય ત્યારે કર્ણમાં કુંડળ નહિ પણ કર્ણફૂલ ધરાય છે. છોટો કે મધ્યનો શૃંગાર થાય છે. આજે ચંદ્રિકા સાથે મયૂરાકૃતિ કુંડળ ધરાયાં છે અને વનમાળાનો શૃંગાર થયો છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

ગોવર્ધન કી શિખર સાંવરો બોલત ધૌરી ધેનુ ।
પીત બસન સિર મોરકે ચંદોવા ધરિ મોહન મુખ બેનુ ॥૧॥
બનજુ જાત નવચિત્ર કિયે અંગ ગ્વાલબાલ સંગ સેનુ ।
કૃષ્ણદાસ બલિ બલિ યહ લીલા પીવત ઘૈયા મથમથ ફેનુ ॥૨॥

શયન : (રાગ : બિહાગ)

હિમકર સુખદ સરસ રિતુ આઈ અદ્‌ભુત શોભા બરની ન જાઈ ।
પ્યારી જુ કે ફરગુલ સોહે પ્રીતમ ઓઢે સરસ રજાઈ ॥૧॥
પરે હેં પરદા લલિત તિબારી ધરી અંગીઠી સુખદાઈ ।
રસીકપ્રીતમ પ્યારી કી છબિ પર **દાસ રસિક** તહાં બલબલ જાઈ ॥૨॥

સુખસાગર ગિરિધરન છબીલો મૂરતિ પરમ સુહાગકી,
મદન મોહન રાધેજુ કી જોરી ગોપાલદાસકે ભાગ્યકી.

વ્રજ : પોષ શુક્લ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ સુદ તેરસ



લલનકી પ્રીતિ અમોલી એક રસના કહા કહો સખીરી,
હસન ખેલન ચિતવન જો છબીલી અમૃત બચન મૃદુબોલી.

વ્રજ : પૌષ શુક્લ ત્રયોદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ સુદ તેરસ

વસ્ત્ર : લાલ રંગની છીંટનો, તેના ઉપર પીળા રંગનો અને તેના ઉપર શ્યામ કિનખાબનો એમ તિહેરા - ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : જડાવ ગ્વાલ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં મોહનથાળની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

કહો તુમ કૌન હો, કહાંતે આયે કિત જાઓગે સવેરે ।
જાનત હો પહિચાનત નહીં આવત હો જૂ ડરે રે ॥૧॥
લાલ પાઘ અધ ભાલ લટક રહી મોતીન માલ યાહી તે કહાવત તુમ રીઝેરે ।
તાનસેન કે પ્રભુ ઠાડે રહો જૂ શ્યામ સબ સખિયન મિલિ ઘેરે ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત)

કયોં મોહન દર્પન નહિ દેખો ।
કયોં ધરની પગ નખન ખનાવત કયોં મોતન નહિ પેખો ॥૧॥
કયોં ઠાડે બૈઠત નાહી કહા પરી હમ ચૂક ।
પીતાંબર ગહિ કહ્યો બૈઠિયે રહે કહાં હો મૂક ॥૨॥
ઉધર ગયો ઉર તે ઉપરેના નખછત બિન ગુનમાલ ।
સૂર દેખિ લટપટી પાગ પર જાવક કી છબિ લાલ ॥૩॥

શૃંગાર : (રાગ : લલિત)

સોનો સીતલ લાગ્યો સખીરી મોહિ ।
મિલરસ સદા પ્રેમ આતુર વ્હૈ ચાર જામ પિયા જાગ્યો ॥૧॥
કરિ મનુહાર બહોરિ હોં પઠઈ અધર સુધારસ માગ્યો ।
રસિક પ્રીતમ પિય વે બહુનાયક તેરે પ્રેમ રસ પાગ્યો ॥૨॥

અતિ રસભરે મદનમોહન પિય અપને કરકમલ ખોલત બંદ ચોલી,
ગોવિંદપ્રભુકી બાતેં બહુત કહા કહૂં જેજે બાત કહી અપનો હદો ખોલી.

વ્રજ : પૌષ શુક્લ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ સુદ તેરસ



નંદનંદન નવલકુંવર વ્રજવર સૌભાગ્યસીમ વદનરૂપ નિરખત સખા નયનન મન હરત રી,
શ્યામશ્વેત અતિ પ્રવીણ બંક ચપલ ચિતવની માનોં શરદકમલ ઉપર ખંજન દ્વૈ લરત રી.

વ્રજ : પોષ શુક્લ ત્રયોદશી ચિત્ર પરિચય ગુજરાતી : પોષ સુદ તેરસ

આજના શૃંગાર : પાગ-કતરો, સૂથન-ઘેરદાર

સાજ : લાલ રંગની સાટીનની, રૂપેરી જરીના તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવી છે.

વસ્ત્ર : લાલ રંગની સાટીનના, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો, કટિપટુકો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર પીળા રંગનું ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, પન્ના તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર શિરપેચ તથા જમાવ (નાગફણી)નો કતરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી અને શ્વેત પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : તોડી)**

હો બલિબલિ જાઉ તિહારી હો લલના આજ કૈસે હો પાંવ ધારે ।
કૌન મિસ આવન બન્યો પિય જાગે ભાગ્ય હમારે ।।૧।।
અબ હોં કહા ન્યોછાવર કરું પિય મેરે સુંદર નંદ દુલારે ।
નંદદાસ પ્રભુ તનમનધન પ્રાન યહ લેઈ તુમ પર વારે ।।૨।।

શયન : (રાગ : નાયકી)

મેરો પિય રસિયારી સુનરી સખી તેરો દોષ નહીં ।
જો દેખત સો મોહિ જાતહી કોન કોન કે મન બસિયારી ।।૧।।
ઐસી કોન ત્રિય જિન પિય બસ કર લીને નેકહુ ચિતે હસિયારી ।
પરમાનંદ પ્રભુ કુંવર લાડિલો અબહિ બહિ કછુ ભીજત સેમસીયારી ।।૨।।

અલકાવલિ મધુપ પાત અંગ અંગ છબિ કહી ન જાત નિરખ સુંદર વદન મદન કોટિ પાય પરતરી,
કુંભનદાસ પ્રભુ ગિરિધર શ્યામ રૂપમોહની દિવ ભૂ પાતાલ યુવતી સહજેં વશ કરતરી.

વ્રજ : પોષ શુક્લ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ સુદ ચૌદસ



કીર્તિભાઈ મોહનલાલ કાણકિયાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ ચતુર્દશી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ સુદ ચૌદસ

વસ્ત્ર : લાલ રંગનો અને તેની ઉપર પીળા રંગનો એમ બે ગદલ ધર્યા છે.

શૃંગાર : લાલ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં પરોઠાની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

મેરે આયે ભોર પિયારે રેન કહાં ગમાઈ ।
કોન પ્રિયા સંગ બસ પરે મોહન જાન પરી ચતુરાઈ ।।૧।।
ઉર હાર બિન ડોર બિરાજત નખક્ષત દેત દિખાઈ ।
છીતસ્વામી ગિરિધર વાહી પે યાવક પાગ રંગાઈ ।।૨।।

શૃંગાર : (રાગ : લલિત)

કહો તુમ સાંચી કહાં તે આયે કીત જાઓગે સવેરે ।
જાનત હો પહિચાનત નહીં આવત હો જુ ડરે રે ।।૧।।
લાલ પાઘ અધ ભાલ લટક રહી મોતિન માલ, યાહી તો કહાવત તુમ રીઝે રે ।
તાનસેન કે પ્રભુ ઠાડે રહો જુ શ્યામ સબ સખીયન મીલ ઘેરે ।।૨।।

જયશ્રી કીર્તિભાઈ કાણકિયાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : પૌષ સુદ ચૌદસ



હીના નિકુંજ કાણકિયાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને સૂથન-ચાકદાર

સાજ : સોનેરી જરીની, રૂપેરી જરીના તૂઈલેસની કિનારીના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : લાલ રંગની જરીનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચાકદાર, ચોળી અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા લીલા રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે લાલ રંગની પાગ ઉપર શિરપેચ, લૂમ, ચમકની ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં લોલકબંદી - લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

જાકો મન લાગ્યો ગોપાલ સોં તાહિ ઔર કૈસેં ભાવે હો ।
લેકર મીન દૂધમે રાખો જલ બિન સચુ નહિ પાવે હો ॥૧॥
જયો સુરા રણ ઘૂમિ ચલત હૈ પીર ન કાહુ જનાવે હો ।
જયો ગુંગો ગુર ખાય રહેત હૈ સુખ સ્વાદ નહિ બતાવે હો ॥૨॥
જૈસે સરિતા મિલી સિંધુમે ઉલટ પ્રવાહ ન આવે હો ।
તૈસે **સૂર** કમલમુખ નિરખત ચિત ઈત ઉત ન ડુલાવે હો ॥૩॥

શયન : (રાગ : કાન્હરો)

નયન છબીલે તરુણ મદમાતે ।
ચંચલ ચપલ ભ્રકુટી છબિ ઉપજત આન આન મુસકાતે ॥૧॥
ભક્ત કૃપારસ સદાઈ પ્રફુલ્લિત માનહુ કમલદલ રાતે ।
ગોવિંદપ્રભુકો શ્રીમુખ નિરખત પાન કરત ન અઘાતે ॥૨॥

નિકુંજ કીર્તિભાઈ કાણકિયાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પૌષ શુક્લ પૂર્ણિમા

મંગળા દર્શન

ગુજરાતી : પોષ સુદ પૂનમ



તા દિનતે મોહી અધિક ચટપટી,
જા દિનતે દેખે ઈન નયનન ગિરિધર બાંધે માઈ પાગ લટપટી.

વ્રજ : પૌષ શુક્લ પૂર્ણિમા

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ સુદ પૂનમ

વસ્ત્ર : કેસરી રંગનો, ઉપર ઘેરા લાલ રંગનો અને તેની ઉપર બૈંગની રંગનો એમ તિહેરા - ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : લાલ રંગની ચોફૂલી ચૂંદડીની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ઈન્દરસાની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : ખટ)**

આજ નંદલાલ મુખ ચંદ નયનન નિરખ પરમ મંગલ ભયો ભવન મેરે ।
કોટિ કંદર્પ લાવણ્ય એકત્ર કર વારોં તબહી જબ નેક હેરે ॥૧॥
સકલ સુખ સદન હરષિત વદન ગોપવર પ્રબલ બલ મદનદલ સંગ ઘેરે ।
કહો કોઉ કૈસે હૂ નહિ સુધ બુધ બને **ગદાધરમિશ્ર** ગિરિધરન ટેરેં ॥૨॥

શૃંગાર : (રાગ : ખટ)

આજ વ્રજરાજકો લાલ ઠાડો સખી લલિત સંકેત વટ નિકટ સોહે ।
દેખરી દેખ અનિમેષ યા વેષકો મુકુટકી લટક ત્રિભુવનજુ મોહે ॥૧॥
સ્વેદકણ ઝલક કછુ ઝુકીસી રહેત પલક પ્રેમકી લલક રસરાસ કીયે ।
ધન્ય બડભાગ વૃષભાન નૃપ નંદિની રાધિકા અંસપર બાહુ દિયે ॥૨॥
મણિજટિત ભૂમિ પર નવલલતા રહી ઝૂમિ કુંજછબિ પૂંજ વરણી ન જાઈ ।
નંદનંદન ચરણ પરસહિત જાન યહ મુનિનકે મનન મિલ પાંત લાઈ ॥૩॥
પરમ અદ્ભુત રૂપ સકલ સુખ ભૂપ યહ મદનમોહન બિના કછુ ન ભાવે ।
ધન્ય હરિભક્ત જિનકી કૃપા તે સદા કૃષ્ણગુન **ગદાધરમિશ્ર** ગાવે ॥૪॥

પુરુષોત્તમ મગનલાલ દવેના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : પોષ શુક્લ પૂર્ણિમા

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ સુદ પૂનમ



દેખો સખિ રાજત હૈ નંદલાલ,
સીસ કિરીટ સ્રવન મનિ કુંડલ ઉર રાજત બન માલ.

વ્રજ : પૌષ શુક્લ પૂર્ણિમા

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ સુદ પૂનમ

આજના શૃંગાર : કુલ્હે ઉપર સોનાનો ખોંપ અને સૂથન ચાકદાર

સાજ : ઘેરા લાલ રંગની, સોનેરી સુરમા સિતારાના કસીદાના ચાંદલિયાના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. પિછવાઈને સોનેરી જરીનો હાંસિયો છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : ઘેરા ગુલાબી રંગની સાટીનના રૂપેરી જરીની તૂઈ લેસની કિનારીવાળાં સૂથન, ચોળી અને ચાકદાર વાઘો તથા લાલ રંગનાં મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે ઘેરા ગુલાબી રંગની કુલ્હે ઉપર શીરપેચ, તે ઉપર જડાવનું નાનું પાન અને જડાવના નાના પાન ઉપર કિરીટનું મોટું જડાવ પાન (ખોંપ) તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. ડાબી બાજુ હીરાની ચોટી ધરી છે. પીળાં અને શ્વેત પુષ્પોનાં બે સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્ર ધર્યાં છે.

નોંધ : બારે માસની પૂર્ણિમાના શૃંગાર નિશ્ચિત છે. જ્યારે આજની આ એક જ પૂર્ણિમાનો શૃંગાર ઐચ્છિક છે.

વ્રજમાસ પ્રમાણે અહીં પોષ માસની સેવાનો ક્રમ પૂર્ણ થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

નવલ કિશોર મેં જુ બન પાયે ।
નવ ઘનશ્યામ ફલે વા વૈભવ દેખત નયન ચટપટી લાયે ॥૧॥
ધાતુ વિચિત્ર કાછની કટિતટ તા મહીં પીત વસન લપટાયે ।
માથે મોર મુકુટ રચિ બહુ વિધિ ઉર ગુંજામનિ હાર બનાયે ॥૨॥
તિલક લિલાટ નાસિકા બેસરી મુખ મુરલી ગુન કહત સુનાએ ।
ચત્રભુજ પ્રભુ ગિરિધર તનમન લિયો ચોરી મંદ મુસકાએ ॥૩॥

શયન : (રાગ : બિહાગ)

અરી મેં રતન જતન કરિ પાયો ।
ઉધરે ભાગ આજ સખી મેરે રસિક સિરોમનિ આયો ॥૧॥
આવતહી ઉઠ કે દે આદર આગે ઢિંગ બૈઠાયો ।
મુખ ચુંબન દે અધર પાન કર ભેટ સકલ અંગ લાયો ॥૨॥
અદ્ભુત રૂપ અનૂપ શ્યામકો નિરખત નૈન સિરાયો ।
નિસદિન યહી અપને ઠાકુર કો **રસિક** ગુઢ જશ ગાયો ॥૩॥

પ્રતીક, વત્સલ, પૂર્વી, કાર્તિક રસિકલાલ કડકિયાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માઘ કૃષ્ણ પ્રતિપદા

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ એકમ



સાંજ જો આવન કહ ગયે મોહન ભોર ભયે હી દેખે,
ગિનત નક્ષત્ર નયન અકુલાને ચાર પ્રહર માનોં યુગતેં વિશેખે.

પતંગી (ઘેરી ગુલાબી) ઘટા (નવમી ઘટા)

વસ્ત્ર : ઘેરા ગુલાબી (રાણી) રંગનો ગદલ, તેના ઉપર લીલા રંગનો અને તેના ઉપર કેસરી રંગનો એમ તિહેરા-ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : ગુલાબી રંગની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં મોહનથાળ અને બાજરીની ચાનકી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : વ્રજ માસ પ્રમાણે આજથી મહા મહિનો શરૂ થાય છે. મહા, ફાગણ અને ચૈત્ર માસની સેવા શ્રીચંદ્રાવલીજીની સેવાના માસ છે.

પુષ્ટિમાર્ગમાં બે જગ્યાએ શ્રીચંદ્રાવલીજી પ્રત્યક્ષ દર્શન આપીને ભક્તજનોને કૃતાર્થ કરે છે. એક શ્રીમદ્ ગોકુલમાં શ્રીગોકુલનાથજીની સાથે અને બીજા કામવનમાં શ્રીમદનમોહનજીની સાથે. શ્રીઠાકોરજીની ડાબી બાજુએ શ્રીરાધિકાજી અને જમણી બાજુએ શ્રીચંદ્રાવલીજી બિરાજે છે.

ચંદ્રાવલીજી વ્રજમાં રીઠોરા ગામમાં, ચંદ્રભાન ગોપને ત્યાં માતા સૂખમાની કૂખે પ્રગટ્યાં. આપનું શ્રીવિગ્રહ સદા ૧૪ વર્ષ, ચાર માસ, વીસ દિવસનું છે. આજે રીઠોરા ગામમાં શ્રીગુસાંઈજીની બેઠકની સાથે શ્રીચંદ્રાવલીજી બિરાજે છે. શ્રીગુસાંઈજીનું પ્રાગટ્ય શ્રીચંદ્રાવલીજીનું પ્રાગટ્ય છે. જ્યારે શ્રીગુસાંઈજી ચંદ્રસરોવર ઉપર શ્રીપ્રભુના વિરહમાં બિરાજ્યા અને આપે વિજ્ઞપ્તિઓ લખીને મોકલી, એ વિજ્ઞપ્તિઓ પોતે શ્રીચંદ્રાવલીજીના ભાવથી લખીને વિરહ પ્રગટ કર્યો છે.

મહા, ફાગણ અને ચૈત્ર આ ત્રણ માસની સેવા ચંદ્રાવલીજીની સેવાના માસ છે કારણ કે શ્રીચંદ્રાવલીજી શ્રીસ્વામિનીજી સમાન છે. આ ત્રણ માસમાં શ્રીરાધિકાજીના જે ત્રણ માસની સેવા છે - શ્રાવણ ભાદરવો અને આસો માસની - તે જ પ્રકારે સેવામાં અનેક પ્રકારે રસદાન, શૃંગાર, લીલા વગેરે થાય છે.

ભાદરવા માસમાં શ્રીસ્વામિનીજીનું પ્રાકટ્ય તે જ રીતે શ્રીચંદ્રાવલીજીનું પણ પ્રાકટ્ય. આસો માસમાં વેણુનાદ અને મહારાસ, ભાદરવામાં દાનલીલામાં ઝકઝોર વગેરે રસલીલા છે. તેવી જ રીતે ચૈત્ર માસમાં અંતરંગ કુંજ, નિકુંજ, નિભૃત નિકુંજ, નિબિડ નિકુંજ વગેરે લીલાઓ છે. હોરીના દિવસોમાં ફાગણમાં નૃત્યગાન, મહા માસમાં માન અને પ્રણયલીલા. આસો માસની સમાપ્તિમાં મહારાસની જેમ ચૈત્ર માસમાં પણ મહારાસની સમાપ્તિવત્ શૃંગાર અને લીલા થાય છે. (મહારાસ સમયે છ માસની રાત્રિ થયેલી - શરદપૂર્ણિમાથી ચૈત્ર સુદ પૂનમ સુધી છ માસ રાસલીલા થયેલી. સમાપ્તિ ચૈત્રી પૂર્ણિમાએ થયેલી.)

(મંગળા અને શૃંગારનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

કીની ભલી જો ચિહ્ન મિટાયે અધરન રંગ ઉરેં નખરેખે,
કુંભનદાસ પ્રભુ ભલી જો કીની ગિરિધર તુમ્હારે હી કહા લેખે.

વ્રજ : માઘ કૃષ્ણ પ્રતિપદા

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ એકમ



વદન નિહારત હૈ નંદરાની,
કોટિ કામ છબિ કોટિ ચંદ છબિ કોટિ રવિ વારત જિયજાની.

પતંગી (ઘેરી ગુલાબી) ઘટા (નવમી ઘટા)

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : પતંગી રંગની (ઘેરા ગુલાબી રંગની) તૂઈલેસ વગરની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર પતંગી રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : પતંગી ઘટા હોવાથી સૂથન, ઘેરદાર વાઘો અને ચોળી, મોજાં, ઠાડું વસ્ત્ર વગેરે સર્વ વસ્ત્રો પતંગી રંગનાં ધર્યાં છે. વસ્ત્રો ઉપર તૂઈલેસ પણ મૂકેલાં છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી અને સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. હીરાનો હમેલ ધર્યો છે. **શ્રીમસ્તકે** પતંગી રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, દોહરા, કતરા, લૂમ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત પુષ્પોનાં અને ગુલાબી પુષ્પોનાં એમ બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુવેત્ર ધર્યાં છે.

નોંધ : બંને સ્વામિનીઓના સમાન અધિકાર સેવામાં એ રીતે છે કે બંનેના સેવા માસ દરમિયાન ૪૦-૪૦ દિવસ ઝાંઝ સાથે કીર્તન થાય છે. તેમજ સેવાની પરિસમાપ્તિમાં મહાભોગ આવે છે - જન્માષ્ટમીના દિવસે અને ડોલોત્સવના દિવસે. મહાવદ એકમ થી ચૈત્ર સુદ પૂનમ (વ્રજ માસ પ્રમાણે) સુધી શ્રીચંદ્રાવલીજીનો સેવાક્રમ છે, તેમાં ૨૦ દિવસ શીતકાલીન સેવાના છે. આ દિવસોમાં મોટે ભાગે શૃંગાર ઐચ્છિક છે. ઘટાઓ થાય છે. મહા માસમાં એક દિવસ શેરડીનો રસ શ્રીજી આરોગે છે. જેને 'સાંઠાનો મંડાન' કહેવાય છે. તે દિવસે 'રસિકની રસમેં રહત ગઢી' પદ ગવાય છે.

આવો, આપણે હવે આ ત્રણ માસની પ્રભુની સેવાના ક્રમને જોઈએ.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

આજુ નીકો જમ્યો રાગ આસાવરી ।
મદન ગોપાલ બેનુ નીકો બાજે નાદ સુનત ભઈ બાવરી ॥૧॥
કમલ નયન સુંદર વ્રજનાયક સબ ગુન-નિપુન કિયો હૈ રાવરી ।
સરિતા થકિત ઠગે મૃગ પંછી ખેવટ ચકિત ચલતિ નહીં નાવરી ॥૨॥
બછરા ખીર પિબત થન છાંડ્યો દંતનિ તૃન ખંડતિ નહીં ગાવ રી ।
પરમાનંદ પ્રભુ પરમ વિનોદી ઈહૈ મુરલી-રસકો પ્રભાવ રી ॥૩॥

(શયન સમયના કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

સિવ વિરંચી જાકો પાર ન પાવત શેષ સહસ્ત્ર ગાવત રસનારી,
ગોદ ખિલાવત મહરી જસોદા પરમાનંદ કીનો બલિહારી.

વ્રજ : માઘ કૃષ્ણ દ્વિતીયા

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ બીજ



કહો તુમ સાંચિ કહાંતે આયે ભોર ભયે નંદલાલ,
પીક કપોલન લાગ રહી હૈ ઘૂમત નયન વિશાલ.

વ્રજ : માઘ કૃષ્ણ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ વદ બીજ

વસ્ત્ર : ઘેરા ગુલાબી પતંગી રંગના તિહેરા - ત્રણ ગદલ ધર્યા છે. ગઈકાલની પતંગી ઘટાને કારણે પતંગી રંગની સર્વ બિછાત થયેલી છે. દરેક ઘટાના બીજા દિવસે એ જ રંગના ગદલ વગેરે ધરાય છે.

શૃંગાર : પતંગી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં થુલીની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

ક્યોં મોહન દરપન નહીં દેખો ।
ક્યોં ધરણિ પગ નખન ખનાવત ક્યોં મોતન નહીં પેખો ॥૧॥
ક્યોં ઠાડે ક્યોં બૈઠત નાહીં કહા પરી હમ ચૂક ।
પીતાંબર ગહિ કહ્યો બૈઠિયે કહાજુ રહે હો મૂક ॥૨॥
ઉધર ગયો ઉરતે ઉપરેના દેખિયત અંગ વિભાગ ।
સૂરશ્યામ લટપટી પાગ પર યાવક કી છબિ લાગ ॥૩॥

શૃંગાર : (રાગ : લલિત/પંચમ)

મૈયા તેરો મોહન અતિહિ સયાનો દેત અટપટી ગારી ।
કુંજમહલ મે અચરા ફાર્યો હસિ હસિ દૈ દૈ તારી ॥૧॥
ગોરસ ઢોરે મનકે જોરે માટ દધિ કે ફોરે ।
ઉઠાવે કી ગેરી કૈસે બાંધો ચૌદહ ભવન બંધ તોરે ॥૨॥
અધરપાન પરિરંભન ચુંબન કહૌ કહા લજાની ।
શુકનારદ સો લીલા અગોચર **સૂર** કેતીક બખાની ॥૩॥

લટપટી પાગ અટપટી બંદસો ઉર સોહે મરગજી માલ,
કૃષ્ણદાસ પ્રભુ રસબસ કર લીને ધન્ય ધન્ય વ્રજકી લાલ.

વ્રજ : માઘ કૃષ્ણ દ્વિતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ બીજ



અઁખિયા કાહુકી ન લગો,
સાંવરો સો ઢોટા કાહુકો તા સિર પગો.

વ્રજ : માઘ કૃષ્ણ દ્વિતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ વદ બીજ

આજના શૃંગાર : ગ્વાલપાગ - મોરશીખા તથા સૂથન - ચાકદાર

સાજ : કેસરી રંગની જરીની, રૂપેરી જરીની તૂઈ લેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : કેસરી રંગનાં, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળાં સૂથન, ચાકદાર વાઘો અને ચોળી ધર્યાં છે. લાલ રંગનાં મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી તથા પીરોજાનાં સર્વ આભરણ ધર્યાં છે. શ્રીમસ્તકે પીરોજા રંગની મોતી ભરેલી ગ્વાલપાગ ઉપર પીરોજા અને મોતીની મોરશીખા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં લોલકબંદી - લરવાળાં તથા ઝૂમખીવાળાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

ચલરી સખી નંદગામ જઈ બસિયે ।
ખિરક ખેલત વ્રજચંદ સો હંસિયે ॥૧॥
બસત બઢૈન સબ સુખ માઈ ।
કઠિન ઈહૈ દુઃખ દૂરિ કન્હાઈ ॥૨॥
માખન ચોરત દુરિ દુરિ દેખો ।
સજની જનમ સુફલ કરિ લેખો ॥૩॥
જલચર લોચન છિનછિન પ્યાસા ।
કઠિન પ્રીતિ **પરમાનંદદાસ** ॥૪॥

શયન : (રાગ : નાયકી)

મેરો પિય રસિયારી સુનરી સખી તેરો દોષ નાહીં ।
નવલલાલકો સબકોઉ ચાહત કૌન કૌન કે મન બસિયારી ॥૧॥
એકનસોં નયના જોરે એકનસોં ભ્રોંહ મરોરે એકનસો મુખ હસિયારી ।
કૃષ્ણજીવન લછીરામકે પ્રભુ માઈ સંગ ડોલત પૂરણ શશિયારી ॥૨॥

રૂપ રંગ્યો મેરો મન વાકે રોમ રોમ પ્રતિ મેન જગ્યો,
કુંભનદાસ લાલ ગિરિધર બિન કો કાહુકો ન સગો.

વ્રજ : માઘ કૃષ્ણ તૃતીયા

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ ત્રીજ



અરી તેરે નયન લલોને જિન મોહે શ્યામ સલોનેં,
અતિહી દીરઘ વિમલ અવલોકત કટાક્ષન કોરરી મારે પિય રસ રીઝેરી કોનેં.

વ્રજ : માઘ કૃષ્ણ તૃતીયા

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ વદ ત્રીજ

વસ્ત્ર : ગુલાબી, પીરોજી અને પતંગી એમ ત્રણ રંગના તિહેરા-ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : પીરોજા રંગની ગ્વાલપાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : નિત્યની સામગ્રી ઉપરાંત આજે વિશેષ સામગ્રીમાં ગોળનું ચૂરમું ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : ખટ/બિભાસ)**

પ્રાતસમે જાગી અનુરાગી સોવત હુતીરી શ્યામજુકે સંગિયા ।
ચીર સંભારત ઉઠીરી દક્ષિન કર વામભૂજા ફરકી ભર અંગિયા ॥૧॥
ભાલ મે સુહાગ ભારી છબી ઉપજત ન્યારી પહેરે કસુંભી સારી સોંધે રગમગિયા ।
અગ્રસ્વામી લાડલડાઈ બહુત કીની બડાઈ ફૂલી ફૂલી ફિરત અતિ હી સગમગિયા ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત)

કમલસી અખિયાં લાલ તિહારી ।
તિનસો તકતક તીર ચલાવત વેધત છતિયાં હમારી ॥૧॥
ઈન્હે કહા કોઉ દોષ લગાવત યે અજહું ન સંભારી ।
શ્રીવિઠ્ઠલ ગિરિધારી કૃપાનિધિ સુરત હી તે સુખકારી ॥૨॥

વદનજ્યોતિ ચંદ્રહુતે નિર્મલ કુચકઠોર ભુજમૃણાલ બંક ટટાવક ટોંને,
જનગોવિંદપ્રભુ ચલત લલિત ગતિ કસોટી લીક પરી સોનેં.

વ્રજ : માઘ કૃષ્ણ તૃતીયા

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ ત્રીજ



બહુત પ્રસન્ન ભયે પિયપ્યારી ટોડી રાગ વેણુધર ગાયો,
સુરસંગીત બંધાન મધુર સ્વર ઐસો અદ્‌ભુત ભેદ બનાયો.

વ્રજ : માઘ કૃષ્ણ તૃતીયા

ગુજરાતી : પોષ વદ ત્રીજ

આજના શૃંગાર : પાગ-મોરશીખા અને સૂથન-ઘેરદાર

સાજ : આછા ગુલાબી રંગની સાટીનની, લીલા રંગના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : ગુલાબી રંગની સાટીનનાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો અને મોજાં ધર્યાં છે. બધાં વસ્ત્રો ઉપર રૂપેરી જરીની તૂઈલેસની કિનારી મૂકેલી છે. ઘેરા લીલા રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે. પીઠિકા ઉપર લાલ રંગનો ગદલ ધરેલો છે. વર્ષમાં આજે એક જ દિવસ આ રીતે રાજભોગ દર્શનમાં પીઠિકા ઉપર ગદલનાં દર્શન થાય છે.

શૃંગાર : કમર સુધીનો (છોટો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી અને નીલમનાં સર્વ આભરણ ધર્યાં છે. નીલમનો હમેલ ધર્યો છે.

શ્રીમસ્તકે ગુલાબી રંગની પાગ ઉપર શિરપેચ અને મોરશીખા તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી/ટોડી)**

માઈરી લાલન આયે આયેરી મયા કર તન મન ધન સબ વારો ।
હોં બલિગઈ સખી આજકી આવની પર પલકનસોં મગ ઝારો ॥૧॥
અતિ સુકુમાર કોમલ પદ કારન સખીરી કંકર ગુન સબ ટારો ।
નંદદાસ પ્રભુ નંદનંદન સોં ઐસી પ્રીતિ નિત ધારો ॥૨॥

શયન : (રાગ : અડાનો)

મેં જબ દેખેરી ગોપાલલાલ મોહની મૂરતિ નંદલાલ,
તન મન ધન ન્યોછાવર કરન કો લે ગઈરી ।
સુન્દરશ્યામ ઉજાગર નાગર વાકી છબી ચિત ચિતેરે ને લિખ લઈરી ॥૧॥
ગરે સોહે વનમાલ દેખ મોહી વ્રજકીબાલ યા છબીપેં હો મગન ભઈરી ।
સૂરદાસ પ્રભુ કૌન મંત્ર પઢ ડાર્યોરી મુરલીમેં ગાવત ધૂનિ નઈ નઈરી ॥૨॥

બીન તરંગ ઉપજત નાના રંગ પ્રતિછિન ઔરસો ઔર મિલાયો,
ચતુર્ભુજદાસ સ્વામિની ગુણનિધિ રસિકરાય ગિરિધરન રિઝાયો.

વ્રજ : માઘ કૃષ્ણ ચતુર્થી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ ચોથ



મેહુલ ભરતભાઈ રાજ અને નિશા મેહુલ રાજના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માઘ કૃષ્ણ ચતુર્થી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ વદ ચોથ

વસ્ત્ર : કેસરી, લીલા અને રાણી (પતંગી) રંગના તિહેરા-ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : ગુલાબી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં ગોળનું ચૂરમું ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

મેરે આયે ભોર પિયારે રૈન કહાં ગમાઈ ।
કૌન પ્રિયાસંગ વસ પરે મોહન જાન પરી ચતુરાઈ ॥૧॥
ગલે હાર બિનડોર બિરાજત નખક્ષત દેત દિખાઈ ।
છીતસ્વામી ગિરિધર વાહી પૈ યાવક પાગ રંગાઈ ॥૨॥

શૃંગાર : (રાગ : રામકલી/ગોરી)

નિર્તન મોહન રસિક સખન સહિત ગિડગિડ તતથેઈ તતથેઈ તાતા ।
મૃદંગ ધ્રુમ ધ્રુમ તાલ ઉપંગ સુર જો મિલવત મધુપ મદમાતા ॥૧॥
ટિપારો સિર પીત લાલ કાછની બની કિંકિની ઝુન ઝુનાત ગાવત સુરસુતા ।
ગોવિંદ પ્રભુ ગોપબાલ સંગ જૈ જૈ જૈ કરત પ્રેમ અનુરક્તા ॥૨॥

ભલી હો કીની લાલ ગિરિધર ભોર આયે બોલ સાંચે,
યુવતીવલ્લભ બિરદ કહિયત યાતે તુમ ભલે હો વાંચે.

વ્રજ : માઘ કૃષ્ણ ચતુર્થી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ ચોથ



મેહુલ ભરતભાઈ રાજ અને નિશા મેહુલ રાજના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

આજના શૃંગાર : ટીપારાનો સાજ અને સૂથન-ચાકદાર

સાજ : પીળા રંગની સાટીનની, સોનેરી જરીની તૂઈલેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર શ્વેત રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ રંગની તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : કેસરી રંગનાં સૂથન, ચોળી અને ચાકદાર વાગો ધર્યાં છે. ગુલાબી રંગનો, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળો ગાતીનો ઉપરણો ધર્યો છે. મોજાં લાલ રંગનાં ધર્યાં છે. મેઘશ્યામ રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે ટીપારાનો સાજ - જડાવની ટીપારાની ટોપી ઉપર વચમાં મોરશીખા અને બંને બાજુ દોહરા કતરા ધર્યાં છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. કર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં કલાત્મક થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : તોડી)**

કટિ પર નીકે લટપટાત પીત પટ ।
સીસ ટિપારો મોરચંદસો મિલિ ધાતુ પ્રવાલ વિચિત્ર ભેખ નટ ॥૧॥
પચરંગ છીંટ ઉદાર ઓઢની લટકત ચલત તરનિ-તનયાતટ ।
વ્રજભામિનિ કે મોતીહારસો ઉરઝી રહીરી કુંચિત અલકલટ ॥૨॥
જ્યોં ગજરાજ મત્ત કરની-સંગ આલિંગન કુચ સુભગ કનકઘટ ।
કૃષ્ણદાસ પ્રભુ ગિરિધરનાગર બિહરત બનબિહાર બંસીબટ ॥૩॥

શયન : (રાગ : અડાનો)

તૈરી ભ્રોંહકી મરોરન તે લલિત ત્રિભંગી ભયે અંજન દે ચિતયો ભયે જુ શ્યામવામ ।
તેરી મુસકાન દેખ દામિની-સી કૌંધ જાત દિન વ્હૈ યાચત પ્યારી લેત રાધે આધો નામ ॥૧॥
જ્યોં જ્યોં નચાયો ચાહોં તૈસે હરિ નાચત બલ અબતો દયા કીજે ચલિયે નિકુંજધામ ।
નંદદાસ પ્રભુ બોલો તો બુલાય લાઉ ઉનકો તો કલ્પ બીતે તેરી ઘરી-યામ ॥૨॥

કબ દેખો મેરી ઔર નાગર નંદકિશોર બિનતી કરત ભયો ભોર,
હમ ચિતવત તુમ ચિતવત નાહીં મેરે કરમ કઠોર.

વ્રજ : માઘ કૃષ્ણ પંચમી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ પાંચમ



બોલત શ્યામ મનોહર બૈઠે કદંબખંડ ઔર કદંબકી છૈયાં,
કુસુમિત દ્રુમ અલિ ગુંજત સખી કોકિલા કલ કૂજત તહિયાં.

વસંત પંચમીનો આગમનો શૃંગાર

વસ્ત્ર : લીલા રંગનો, ઉપર પીળા રંગનો અને તેની ઉપર ચેરાઈ (બદામી) રંગનો એમ તિહેરા - ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : ચેરાઈ (બદામી) રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રી ગોળના પૂડલાની ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : આજે વસંત પંચમીનો આગમનો શૃંગાર થયો છે. સં. ૧૯૭૦-૭૧માં ગોસ્વામી તિલક શ્રીગોવર્ધનલાલજીના પુત્ર શ્રીદામોદરલાલજી મહારાજે આ શૃંગાર પોતાની આગવી સૂઝથી કર્યો હતો. જેમાં પિછવાઈ, વસ્ત્ર વગેરે એ પ્રકારનાં ધર્યાં હતાં કે જાણે વસંતપંચમી આવી ગઈ હોય! પ્રભુ વસંત ખેલ્યા હોય! એ શૃંગાર આજ સુધી થાય છે.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

મેરે આયે ભોર પ્યારે બાકેં સબ નિસ જાગે ।
સાંચી કહો તુમ વાહી પ્રિયાકી સોં પાયે પ્રેમ જોર ॥૧॥
કહું અંજન કહુ પીક લાગ રહી કાહેકોં દુરાવત નંદકિશોર ।
સૂરદાસ પ્રભુ તુમ બહુ નાયક રંગ રંગે ચહુંઓર ॥૨॥

શૃંગાર : (રાગ : બિલાવલ)

આજ ઔર કાલ્હ ઔર દિનપ્રતિ ઔર ઔર દેખિયે રસિક શ્રીગિરિરાજધરન ।
છિન પ્રતિ નઈ છબિ વરનેં સો કૌન કવિ નિત્યહી શૃંગાર વાગો વરનવરન ॥૧॥
શોભાસિંધુ અંગઅંગ મોહત કોટિ અનંગ છબિકી ઉઠત તરંગ વિશ્વકો મનહરણ ।
ચતુર્ભુજપ્રભુ ગિરિધરકો સ્વરૂપસુધા પાન કીજે જીજે રહિયે સદા હી શરન ॥૨॥

સૂનત દૂતિકા કે વચન માધુરી ભયો હૈ હુલાસ જાકે મન મહિયાં,
કુંભનદાસ વ્રજ કુંવરી મિલન ચલી રસિક કુંવર ગિરિધરન પૈયાં.

વ્રજ : માઘ કૃષ્ણ પંચમી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ પાંચમ



વસંત ઋતુ આઈ ફૂલન ફૂલે સબ મિલ ગાવોરી વધાઈ,
કામનૃપતિ રતિપતિ આવત હૈ ચર્હુદિશ કામિની ભોંહ સોં ચોંપ ચઢાઈ.

વસંત પંચમીનો આગમનો શૃંગાર

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને સૂથન-ઘેરદાર

સાજ : આજે વસંતપંચમીનો આગમનો શૃંગાર થયો છે. તેથી સાજ-વસ્ત્ર વગેરે સર્વ અબીલ-ગુલાલ-ચોવાથી પ્રભુને ખેલાવ્યા હોય તેવા ભરતકામવાળાં ધર્યાં છે. સફેદ રંગની પિછવાઈમાં લાલ રંગની રેશમની ચકલીના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : સફેદ સાટીનનાં, લાલ અને શ્યામરંગની ટપકીનાં ભરતકામવાળાં સૂથન, ચોળી અને ઘેરદાર વાઘો ધર્યાં છે. ભરતકામ એ પ્રકારનું થયું છે કે જાણે પ્રભુને ગુલાલ અને ચોવાથી ખેલાવ્યા હોય! ઠાડું વસ્ત્ર લાલ રંગનું, સફેદ અને શ્યામ ટપકીના ભરતકામવાળું ધર્યું છે. મોજાં શ્વેત રંગનાં ધર્યાં છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) આછો શૃંગાર થયો છે. સોનાનાં અને મોતીનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે શ્વેત રંગની - લાલ અને શ્યામ રંગની ટીપકીના ભરતકામવાળી જાણે વસંત ખેલ્યા હોય પ્રભુ તે પ્રકારની - પાગ અને મોરપંખની સાદી ચંદ્રિકા ધરી છે. પાગ ઉપર શિરપેચ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં ચાર કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં, કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : પંચમ/માલકૌસ)**

બોલત શ્યામ મનોહર બૈઠે કદંબખંડ ઔર કદમકી છૈયાં ।
કુસુમિત દ્રુમ અલિગુંજન સખી કોકિલાકલ કૂજત તહિયાં ॥૧॥
સુનત દૂતિકા કે વચન માધુરી ભયો હે હુલાસ જાકે મન મહિયાં ।
કુંભનદાસ વ્રજકુંવરિ મિલન ચલી રસિકકુંવર ગિરિધરન પૈયા ॥૨॥

શયન : (રાગ : ઈમન)

આલીરી કર સિંગાર સાયંકાલ ચલી વ્રજબાલ પિય દરસવે કો મત્ત દ્વિરદ ગૈન ।
માનો સિસુમાર ચક્ર ઉદય હોત ગગન મધ્ય ધ્રુવ નક્ષત્ર કો પરિક્રમા દૈન ॥૧॥
માનો ઋતુ વસંત આઈ અંગ અંગ છબિ છાઈ દંપતી સમાજ મોપેં કહી ન પરત બૈન ।
મુરારિદાસ પ્રભુ પ્યારી ચિત્રવિચિત્ર ગતિ સેવક નિરખ
પિયા છબિ અદ્‌ભુત એસી કો કર રચી મૈન ॥૨॥

ભઁવર ગુંજારત કોકિલા ગાવત લેત સપ્ત સ્વર તાન ગાઈ,
હરિવલ્લભ પ્રભુકો વસંત ઋતુ લાયો ભરિ ભરિ આંકોરી મન ભાઈ.

વ્રજ : માઘ કૃષ્ણ ષષ્ઠી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ છઠ



માઈ હોં ગિરિધરન કે ગુણ ગાઉં,
મેરે તો વ્રત યહ નિશદિન ઔર ન રૂચિ ઉપજાઉં.

મંગળા દર્શન - ચિત્ર પરિચય

વસ્ત્ર : ઘેરા ગુલાબી (પતંગી), પીળા અને ઘેરા લીલા રંગનો એમ તિહેરા - ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : સફેદ પાગ - જેના ઉપર લાલ અને શ્યામ રંગની ટીપકીનું ભરતકામ થયેલું છે તેવી - ધરી છે ઉપરાંત લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વેસણની કળીના ગોળના લાડુ અને સૂરણના ગુંજાની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : પરજ/લલિત)**

રંગભરી મુરત અનંગભરી અખિયાં સંગ લિયે પ્યારી કો મહેલ મેરે આયે હો ।
બેઠો જુ પલંગ પર પલકનસો ઝારો મગ તનમન પ્રાણ વારો ભાગિ મેરે આયે હો ।।૧।।
એસી હે જુ કોન પ્રિય જિન વદન વિલોક્યો તાઈ કે તો ભાગ જાગે મૃદુ મુસકાયે હો ।
નંદદાસ પ્રભુ તુમ બહુનાયક મોહિની કે મોહીવે કો મોહન બન આયે હો ।।૨।।

શૃંગાર : (રાગ : લલિત/રામકલી)

તુમ કૂ ટેરત હે જુ કાન્હ ।
ગોરી સી ભોરી થોરે દિનનકી કછુ એક વેસ ઉઠાન ।।૧।।
છુટી અલક લાલપટ ઓઢે નાગરી ચતુર સુજાન ।
કહા કહૂ મુખ અંબુજ શોભા માનો ઉગ્યો ભાન ।।૨।।
બંસી બટકી ઓર ગઈ હૈ રસિક શિરોમણિ જાન ।
સૂરદાસ પ્રભુ મિલવે કો આઈ ભઈ નઈ પહચાન ।।૩।।

ખેલન આંગન આવો લાડિલે નેકહુ દરસન પાઉં,
કુંભનદાસ હિલગ કે કારન લાલચ લાગિ રહાઉં.

વ્રજ : માઘ કૃષ્ણ ષષ્ઠી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ છઠ



નંદસદન ગુરુજનકી ભીર તામેં મોહન વદન નીકે દેખન ન પાંઉ,
બિન દેખે જિય અકુલાય જાય દુઃખ પાય યદ્યપિ બડરે છિનછિન ઊઠિ ધાઉં.

આજના શૃંગાર : પાગ-કતરો અને ઘેરદાર ઉપર ફતવી

સાજ : લાલ રંગની, સોનેરી જરીના ભરતકામવાળી તથા રૂપેરી જરીના તૂઈ લેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : લાલ રંગનાં, સોનેરી જરીના - કસીદાના ભરતકામવાળાં અને રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોલી તથા ઘેરદાર વાઘો ધર્યાં છે. તેના ઉપર રૂપેરી જરીની ફતવી ધરી છે. (ફતવી = અડધી બાંયની બંડી જેવું વસ્ત્ર) લાલ રંગનાં મોજાં અને પીળા રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. લીલા રંગની મીનાકારીનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** લાલ રંગની સોનેરી જરીના ભરતકામવાળી ગોળ પાગ ઉપર શિરપેચ અને રેશમનો કતરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં, સુંદર થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુવેત્ર ધર્યાં છે.

નોંધ : આજના શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : પંચમ/ધનાશ્રી)**

સુધે ક્યોં ન બોલો કહા ઈતરાને ।
બ્રજમે કૌન કૌન તે બડૌ નાહીન રે ઈતરાને ॥૧॥
કોન ટેવ તિહારી દિન-પ્રતિકી તકત અંગ બિરાને ।
જે જે અવધ કીયે સો દેહો અગ્રસ્વામી રહો છાને ॥૨॥

શયન : (રાગ : ઈમન)

આલીરી કર સિંગાર સાયંકાલ ચલી વ્રજબાલ પિય દરસવે કો મત્ત દ્વિરદ ગૈન ।
માનો સિસુમાર ચક્ર ઉદય હોત ગગન મધ્ય ધ્રુવ નક્ષત્ર કો પરિક્રમા દૈન ॥૧॥
માનો ઋતુ વસંત આઈ અંગ અંગ છબિ છાઈ દંપતી સમાજ મોપેં કહી ન પરત બૈન ।
મુરારિદાસ પ્રભુ પ્યારી ચિત્રવિચિત્ર ગતિ સેવક નિરખ
પિયા છબિ અદ્ભુત એસી કો કર રચી મૈન ॥૨॥

લે ચલરી સખી મોહે યમુનાકે તીર જહાં હોય બલવીર દેખ દગ સિરાઉં,
નંદદાસ પ્યાસેકો પાની પીવાય લે જીવાય લે જીયકી જાનત હોં તોસોં કહાંલો જનાઉં.

વ્રજ : માઘ કૃષ્ણ સપ્તમી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ સાતમ



ગો.વા. ગુલાબબેન તથા પુરુષોત્તમદાસ મહેતા પરિવારના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

પીળી ઘટા (દસમી ઘટા)

વસ્ત્ર : પીળા, બેંગની (જાંબલી), રાણી (પતંગી) રંગના તિહેરા - ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : લાલ રંગની સોનેરી જરીના ભરતકામવાળી પાગ, પન્નાની લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં સૂરણના મગદળની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

મેરે આયે ભોર પ્યારે બાકેં સબ નિસ જાગે ।
સાંચી કહો તુમ વાહી પ્રિયા કી સોં પાયે પ્રેમ જોર ॥૧॥
કહું અંજન કહુ પીક લાગ રહી કાહેકો દુરાવત નંદકિશોર ।
સૂરદાસ પ્રભુ તુમ બહુ નાયક રંગરંગે ચહું ઓર ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત/બિભાસ)

આવત કુંજન તેં પહોપરી ।
પિય અલસાત જૃંભાત રસભરે લલન ખવાવત બીરી ॥૧॥
સુરત શિથિલ અંગ અંગ શિથિલ અતિ ભુજપર શ્યામા રસકી રસીલી ।
વિઠ્ઠલ વિપિન વિનોદ કરો મિલ, નઈ લલિતાદિક નીલી ॥૨॥

જાકો મન લાગ્યો ગોપાલસોં તાહી ઔર કૈસે ભાવે હો,
લેકર મીન દૂધમેં રાખો જલ બીન સચુ નહીં પાવે હો.

વ્રજ : માઘ કૃષ્ણ સપ્તમી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ સાતમ



સખીરી મોહે હરિ દરસનકી ચાય,
સાંવરેસોં પ્રીતિ બાઢી લાખ લોગ રિસાય.

વ્રજ : માઘ કૃષ્ણ સપ્તમી

ગુજરાતી : પોષ વદ સાતમ

પીળી ઘટા (દસમી ઘટા)

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : આજે પીળી ઘટા હોવાથી પિછવાઈ અને સર્વ સાજ પીળી સાટીનનો ધરાયો છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર પીળા રંગની બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : પીળા રંગનાં સૂથન, ઘેરદાર વાઘો, ચોળી, મોજાં તેમજ પીળું ઠાડું વસ્ત્ર ધર્યું છે. પીળા રંગનો કટિપટુકો ધર્યો છે

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. હીરા, મોતી તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર પીળા રંગની પાગ ઉપર શિરપેચ તથા પીળા રંગનો દોહરો કતરા ધર્યો છે. ડાબી બાજુએ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળા રંગનાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

નોંધ : શીતકાલમાં દ્વાદશ-બાર ઘટા અંગીકાર થાય છે. તેમાંથી પીળી ઘટામાં જ પીળો પટુકો ધરાય છે. બાકીની કોઈ ઘટામાં પટુકો ધરાતો નથી. આ ઘટાઓમાં કેટલીક ઘટા નિશ્ચિત દિવસે થાય છે જ્યારે કેટલીક ઘટા જ્યારે સેવાવકાશ અનુકૂળતા હોય ત્યારે થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : જેતશ્રી/ધનાશ્રી)**

દેખત વ્રજનાથ વદન મદન કોટિ વારો ।
જલજ નિકટ નયન મીન ઉપમા બિચારો ॥૧॥
કુંડલ સસિ સૂર ઉદિત અઘટનકી ઘટના ।
કુંતલ અલિમાલ તામેં મુરલી કલ રટના ॥૨॥
જલદ ખંડ સુંદર તન પીત બસન દામિની ।
વનમાલા સક્ર ચાપ મોહી સબ ભામિની ॥૩॥
મુક્તામનિ હાર-મંડિત તારાગન પાંતિ ।
પરમાનંદ સ્વામી ગોપાલ સબ વિચિત્ર ભાંતિ ॥૪॥

શયન : (રાગ : અડાનો)

જહાં તહા ઢર પરત ઢરારે મોહન તેરે નયન ।
જે નિરખત તિનકે મનવશ કર સોપત હૈ લે મેંન ॥૧॥
છિન સન્મુખ છિનહી હોતે ટેઢે એકે અવસ્થા કબહું ન એન ।
રસિક પ્રીતમ તાકે બિન દેખેં છિન નહીં મનમેં ચેન ॥૨॥

શ્યામસુંદર લોલ લોચન દેખ મન લલચાય,
સૂર હરિકે રંગ રાચી સીસ રહો કે જાય.

વ્રજ : માઘ કૃષ્ણ અષ્ટમી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ આઠમ



અ.સૌ. શારદાબેન સુંદરલાલ શાહ (ગવાડીયા)ના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માઘ કૃષ્ણ અષ્ટમી

ગુજરાતી : પોષ વદ આઠમ

તિલકાયત શ્રી બડે દામોદરજી (શ્રીદાઉજી) મહારાજનો ઉત્સવ (૧૭૧૧)

દેહલી-વંદનમાલ-હાંડી

વસ્ત્ર : પીળા રંગના તિહેરા - ત્રણ ગદલ ધર્યાં છે. ગઈકાલની પીળી ઘટાને કારણે સર્વ બિછાત પીળા રંગની છે.

શૃંગાર : પીળા રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં જલેબી, વેસણનો મનોહર અને શિખરણ વડીની સામગ્રી ધરાય છે. શ્રીજીબાવા આદુ અને ગોળની સામગ્રી પણ આરોગે છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

નોંધ : શ્રીગોવર્ધનધર પ્રભુને જેમણે વ્રજમાંથી મેવાડ પધરાવ્યા તે શ્રીદામોદરજી (દાઉજી) મહારાજનો આજે પ્રાકટ્યોત્સવ છે. આપશ્રીનું પ્રાગટ્ય લાલ ગિરિધરજીને ત્યાં સં. ૧૭૧૧માં ગોકુલમાં થયું. આપશ્રી ઘણા સ્વરૂપવાન હતા. સદા આદુ અને ગોળ પોતાના બટુવામાં રાખતા અને આરોગતા. આપશ્રીના ભાવથી આજે શ્રીગોવર્ધનધર પ્રભુ આદુ અને ગોળની સામગ્રી આરોગે છે.

લાલ ગિરિધરજી મહારાજે દામોદરજીનો ઉપનયન સંસ્કાર જતિપુરા-ગોપાલ પુરામાં કર્યો. ત્યાંથી પધારતી વખતે કોઈક વ્રજવાસીએ દાનઘાટી પાસે ગિરિધરજી મહારાજને છરો ભોંકી ઘાયલ કર્યા. આપ માંડ માંડ દાનઘાટીથી મુખારવિંદ સુધી પધાર્યા અને ત્યાંથી નિત્યલીલામાં પધાર્યા.

શ્રીનાથજીની ઈચ્છા વ્રજ છોડવાની થતાં, શ્રીદામોદરજીએ પોતાના કાકાઓ સાથે વિચાર વિમર્શ કરીને, ગંગાબાઈને સાથે રાખીને સં. ૧૭૨૬ની આસો સુદ પૂર્ણિમાએ રથમાં શ્રીજીબાવાને પધરાવીને વ્રજ છોડ્યું. શ્રીનાથજીની ઈચ્છા અને આજ્ઞા પ્રમાણે મુસાફરી કરતાં કરતાં સં. ૧૭૨૮માં સિંહાડ પધાર્યા. અહીં જ બિરાજ્યા. મંદિર સિદ્ધ કરાવી મંદિરમાં મહા વદ સાતમે પાટ પધરાવ્યા. ત્યારથી શ્રીજીબાવા સિંહાડમાં જ બિરાજે છે. આજે આ ગામ નાથદ્વારા તરીકે ઓળખાય છે.

શ્રીદામોદરજીએ શ્રીગોવર્ધનધર પ્રભુને વિવિધ મનોરથો દ્વારા ખૂબ લાડ લડાવ્યા અને સંવત ૧૭૬૦માં લીલામાં પ્રવેશ કર્યો. આપશ્રી પછી આપના પુત્ર શ્રીવિઠ્ઠલેશરાયજી તિલકાયત પદે બિરાજ્યા.

(મંગળા અને શૃંગારનાં કીર્તન માટે જુઓ પરિશિષ્ટ-૧)

ગાઉં શ્રીવલ્લભ ધ્યાઉં શ્રીવલ્લભ વલ્લભ ચરણરજ તન લપટાઉં,
વલ્લભ સંતતિ નિત્ય પ્રતિ નિરખોં વલ્લભદાસન દાસ કહાઉં.

વ્રજ : માઘ કૃષ્ણ અષ્ટમી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ આઠમ



જયશ્રીબેન કલ્યાણભાઈ મશરૂવાળાના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માઘ કૃષ્ણ અષ્ટમી ગુજરાતી : પોષ વદ આઠમ

તિલકાયત શ્રી બડે દામોદરજી (શ્રીદાઉજી) મહારાજનો ઉત્સવ (સં. ૧૭૧૧)

આજના શૃંગાર : જડાવ માણેકની કુલ્હે-ઘેરો અને સૂથન-ચાકદાર

સાજ : મરુન (કથ્થાઈ) રંગની મખમલ ઉપર સોનેરી રેશમથી ભરેલા નાના કૂંડાની ડિઝાઈનવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે

વસ્ત્ર : લાલ રંગની કિનખાબનાં સૂથન, ચોલી તથા ચાકદાર વાઘો ધર્યાં છે. સફેદ અને લાલ રંગનાં મોજાં તેમજ મેઘશ્યામ રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવાઃ હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. **શ્રીમસ્તકે** જડાવ માણેકની કુલ્હે ઉપર શિરપેચ અને સોનાનો જડાવ ઘેરો તથા ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. ઉત્સવની મોતીની ચોટી ડાબી બાજુ ધરી છે. ગુલાબી ગુલાબની અને પીળાં પુષ્પોની એમ બે માળાજી ધરી છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે

નોંધ : આજનો શૃંગાર નિશ્ચિત છે

કીર્તન : **રાજભોગ : (રાગ : સારંગ)**

સેવકકી સુખ રાસ સદા શ્રીવલ્લભ રાજકુમાર ।
દરસન હી પ્રસન્ન હોત મન પુરુષોત્તમ અવતાર ॥૧॥
સુદૃષ્ટિ ચિત્તે સિદ્ધાંત બતાયો લીલા જગ વિસ્તાર ।
યહ તજિ અન્ય જ્ઞાનકો ધ્યાવત, ભૂલ્યો કુમતિ વિચાર ॥૨॥
છીતસ્વામી ઉદ્ધરે પતિત શ્રીવિઠ્ઠલ કૃપા ઉદાર ।
ઈનકે કહે ગહી ભુજ દૃઢ કરિ ગિરિધર નંદ દુલાર ॥૩॥

શયન : (રાગ : કાન્હરો/કલ્યાણ)

કનક કુસુમ અતિ સોભિત શ્રવનનિ ।
ઘૂમત અરુન તરુન મદમાતે મુસુકાતે આનનિ ॥૧॥
ગૌલ પાગ પર કુલ્હે સુરંગ તામે અલક રેખ બની ।
ગોવિંદ પ્રભુ ત્રેલોક વિમોહત કંઠ કૌસ્તુભ મની ॥૨॥

આજ મનમોહન પિય ઠાડે સિંઘદ્વાર મોહત વ્રજજન મન,
તેસીયે મોહન સિર પાગ બની તૈસી કુલ્હે સુરંગ તેસીયે બની માલબન.

વ્રજ : માઘ કૃષ્ણ નવમી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ નોમ



આજ બનેરી લાલન ગિરિધારી યા બાનિક પર બલહારી,
ચંપકભરી કુલ્હે સિર લટકત કસુંભી પાગ છબી ભારી.

વ્રજ : માઘ કૃષ્ણ નવમી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ વદ નોમ

વસ્ત્ર : કેસરી રંગનો, ઘેરા લીલા રંગનો અને લાલ રંગના કિનખાબનો એમ તિહેરા - ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : લાલ રંગની જડાવ માણેકની કુલ્હે, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ગોળની લાપસીની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ૠતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત/પંચમ)**

જાગે હો રૈન તુમ સબ નયના અરૂન હમારે ।
તુમ કિયો મધુપાન ઘૂમત હમારો મન કાહે તે જુ નંદ દુલારે ॥૧॥
ઉરનખ ચિન્હ તુમ્હારે પીર હમારે કારણ કૌન પિયારે ।
નંદદાસ પ્રભુ ન્યાય શ્યામ ઘન બરસૈ અનત જાય હમ પર ઝુમઝુમારે ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત)

અતિ રંગ લાગ્યો બનાબની ।
દોઉજન અનુરાગે પાગે રજની જુવતી જૂથ ચારુ ચિતવની ॥૧॥
વૃંદાવન નિત ધાય રસિકવર તબ ગુનાગુની ।
મદનમોહન ચિરજીયો દોઉ દુલ્હૈ ઔર દુલ્હની ॥૨॥

રાજભોગ : (રાગ : જેતશ્રી)

મોરકો શિર મુકુટ દીયે મોર હી કી માલા ।
દુલ્હીનસિ રાધાજુ દુલ્હે નંદલાલા ॥૧॥
વચન રચન ચારુ હાસ ગાવત વ્રજબાલા ।
ધોંધી કે પ્રભુ રાજત હૈ મંડપ ગોપાલા ॥૨॥

ગો.વા. તુલસીદાસ કેશવજી દયાલના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માઘ કૃષ્ણ નવમી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ નોમ



મદનમોહનસોં પ્રીતિ કરી મૈં કહા ભયો જો કોઉ મુખ મોર્યો,

વ્રજ : માઘ કૃષ્ણ નવમી

ગુજરાતી : પોષ વદ નોમ

આજના શૃંગાર : દુમાલા ઉપર સહેરો અને સૂથન-ચાકદાર

સાજ : વિવાહખેલ લીલાની સુંદર પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : કેસરી રંગનાં, રૂપેરી જરીની તૂઈની કિનારીવાળાં સૂથન ચોળી અને ચાકદાર વાઘો તથા રાજાશાહી પટુકો અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર મેઘશ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. પીરોજાનાં સર્વ આભરણ ધર્યાં છે **શ્રીમસ્તકે** રૂપેરી જરીના દુમાલા ઉપર પીરોજાનો સહેરો અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે. શ્રીકર્ણમાં મકરાકૃતિ કુંડળ ધર્યાં છે. જમણી બાજુ મોતીની ચોટી ધરી છે. ગુલાબી અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્ર ધર્યાં છે.

નોંધ : આજનો શૃંગાર ઐચ્છિક છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : જેતશ્રી/નટ)**

સજનીરી ગાવો મંગલચાર ।
ચિરજીયો વૃષભાન નંદિની દુલ્હે નંદકુમાર ॥૧॥
મોહન કે શિર મુકુટ બિરાજત રાધા કે ઉરહાર ।
નીલાંબર પીતાંબરકી છબિ શોભા અમિત અપાર ॥૨॥
મંડપ છાયો દેખ બરસાને બેઠે નંદ ઉદાર ।
ભામર લેત પ્રિયા ઓર પ્રિતમ તન મન દીજે વાર ॥૩॥
યહ જોરી અવિચલ શ્રીવૃંદાવન ક્રીડત કરત વિહાર ।
પરમાનંદ મનોરથ પૂરત ભક્તન પ્રાણ આધાર ॥૪॥

શયન : (રાગ : બિહાગ)

જુગલવર આવત હૈ ગઠજોરે ।
સંગ શોભિત વૃષભાન નંદિની લલિતાદિક તૃણ તોરે ॥૧॥
શીશ સહેરો બન્યો લાલ કે નિરખ હરખ ચિતચોરે ।
નિરખ નિરખ બલજાય **ગદાધર** છબિ ન બઢી કછુ થોરે ॥૨॥

વિદ્યા બ્રજરમણદાસ નાગર (વારાણસી)ના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માઘ કૃષ્ણ દશમી

મંગળા દર્શન

ગુજરાતી : પોપ વદ દસમ



સખી હોં જો ગઈ દધિ બેચન વ્રજ મેં ઉલટી આપ બિકાઈ,
બિનગ્રથ મોલ લઈ નંદનંદન સર્વસ્વ લિખ દે આઈરી.

સોનેરી ઘટા (અગિયારમી ઘટા)

વસ્ત્ર : કેસરી રંગનો ગદલ, તેના ઉપર જાંબલી રંગનો ગદલ અને તેના ઉપર ફરી કેસરી રંગનો એમ તિહેરા - ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : રૂપેરી જરીનો દુમાલો, લર, અલકાવલી, તિલક, નક્વેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત ચણાના લોટના ગળ્યા પૂડલાની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

મેરે આયે ભોર પિયારે રૈનિ કહાં ગવાઈ ।
કૌન તિયા-સંગ બસ પરે મોહન જાનિ પરી ચતુરાઈ ॥૧॥
ગરે હાર-બિનુ-ડોર બિરાજત નખ-છત દેત દિખાઈ ।
છીતસ્વામી ગિરિધર વાહી પૈ યાવક પાગ રંગાઈ ॥૨॥

શૃંગાર : (રાગ : માલકોસ)

તેરી ગતિ અગાધ નિરંજન નિરાકાર નારાયન ।
સપ્તદ્વિપ સપ્તખંડ પર્વત મેરુ રચ્યો નારાયન ॥૧॥
તુહી ચંદ તુહી સૂરજ તુહી ઉડગન નિસકે તારે, તુહી જલ થલ પવન તેજ તુહી ધરનિ આસમાન ।
તાનસેન કે પ્રભુ ઘટઘટમેં કરત ગાન અગમનિગમ સકલ સૃષ્ટિ ધરત ધ્યાન ॥૨॥

નલીન-પ્રદીપ, નેહલ-જીમ્મી, ઊર્મિલા તથા ધ્યેયના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માઘ કૃષ્ણ દશમી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ દસમ



શ્યામસોં નેહ કબહુ ન કીજે,
મન શ્યામ તન શ્યામ શ્યામહી સલોને ટેઢી પ્રીત કરે તજ છીજે.

વ્રજ : માઘ કૃષ્ણ દશમી

ગુજરાતી : પોષ વદ દસમ

સોનેરી ઘટા (અગિયારમી ઘટા)

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : સોનેરી જરીની પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સોનેરી બિછાવટ થઈ છે. સોનેરી ઘટા હોવાથી સર્વ સાજ સોનેરી જરીનો ધરાયો છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : સોનેરી જરીનું સૂથન, ઘેરદાર વાઘો, ચોળી, મોજાં અને ઠાડું વસ્ત્ર ધર્યું છે. સોનેરી ઘટા હોવાથી સર્વ સાજ અને વસ્ત્રો સોનેરી જરીના તેમજ તૂઈ-લેસ વગરનાં ધર્યાં છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા સોનાનાં જડાવ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર સોનેરી જરીની ગોળ પાગ ઉપર શિરપેચ અને દોહરા કતરા ધર્યા છે. ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

નોંધ : 'સોનેકે ભવનમેં ફૂલી ફૂલી ફિરત' આ કીર્તનના ભાવ પ્રમાણે પ્રભુ સોનાના ભવનમાં વ્રજભક્તો સાથે વિહાર કરે છે એ ભાવથી આ સોનેરી જરીની ઘટા થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : ધનાશ્રી)**

ગોપાલ કો મુખારવિંદ જિયમેં વિચારો ।
કોટિ ભાનુ કોટિ ચંદ્ર મદન કોટિ વારો ॥૧॥
કમલનૈન ચારુ બૈન મધુર હાસ સોહૈ ।
બંકન અવલોકન પર જુવતી સબ મોહે ॥૨॥
ધર્મ અર્થ કામ મોક્ષ સબ સુખકે દાતા ।
ચત્રભૂજ પ્રભુ ગોવર્ધનધર ગોકુલ કે ત્રાતા ॥૩॥

શયન : (રાગ : નાયકી)

ફૂલી ફૂલી ડોલે સોને કે સદન મદન મોહન રસમાતી ।
રસબસ કીયે સુહાગ બિહારન મંદમદ મુસક્યાની ॥૧॥
બૈયાં જોર પરસ્પર દોઉ લાડિલી ફેર જુ લડાતી ।
હરિદાસ કે સ્વામી સ્યામા કુંજબિહારી રસ બરસત વો હો માતી ॥૨॥

શ્યામ પાગ સિર છબિસોં સાંવરેકી આલી સર્વસ્વ અપનો દીજે,
ચતુર્ભુજ પ્રભુ ગિરિધર સોં હિલમિલ અધરસુધારસ પીજે.

વ્રજ : માઘ કૃષ્ણ એકાદશી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ અગિયારસ



દેખ સખિ નવ છેલછબીલો ચિત્તે લિયો મેરો ચિત્ત ચોર,
અરવીલો આનત ઍંડાની ઔર આકૃતિ નેનનકી કોર.

ષટ્તિલા એકાદશી

ડોલનો આગમનો શૃંગાર

વસ્ત્ર : સોનેરી જરીના તિહેરા - ત્રણ ગદલ ધર્યા છે. ગઈકાલની સોનેરી ઘટાને લઈને સર્વ બીછાત સોનેરી રંગની થયેલી છે તેમજ ગદલ પણ ત્રણે સોનેરી ધરાયા છે.

શૃંગાર : સોનેરી જરીની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત શીંગોડાના લોટની સેવના લાડુ અને તલની સામગ્રી (તલ સાંકળી) ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : ખટ)**

આજ ઉઠ ભોર નવકુંજ કાનન સખી ઠાડીભઈ રાધિકા રંગભીની ।
વિલસ સુખ સંગ નવરંગ પિય શ્યામઘન કામકી સેન સબ જીત લીની ॥૧॥
સુભગ વિકસિત વદન નયન અતિ રસમસે મોરમુખ હાસ કછુ સકુચ કીની ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર સંગ નાગરી જાગ સબ રૈન આનંદ દીની ॥૨॥

શૃંગાર : (રાગ : સુઘરાઈ/બિલાવલ)

આજબન્યો નવરંગ પિયારો ।
વ્રજવનિતા મિલ ક્યોં ન નિહારો ॥૧॥
લટપટી પાગ મહાવર પાગે ।
કુંવર મનાવત અતિ બડભાગે ॥૨॥
નીલાંબર નખ રેખ જો સોહે ।
દેખત મન્મથ કો મન મોહે ॥૩॥
કહુ ચંદન કહુ વંદન કી છબિ ।
અંગરાગ બહુ ભાંતિ રહ્યો ફબિ ॥૪॥
મદન મોહન પિય યહ વિધ દેખો ।
દાસ ગોપાલ જીવન ફલ લેખો ॥૫॥

ગો.વા. મણીબેન મુળજીભાઈ કડકીઆ તથા ગો.વા. મુળજીભાઈ છગનલાલ કડકીઆના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માઘ કૃષ્ણ એકાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ અગિયારસ



વાગો લાલ સુનેરી ચીરા; તાપર મોરચંદ્રિકા ધરકે ઉર સોહત હીરા,
સૂથન બની અનાર રંગકી હંસુલી હિમગ્રથિત મન ધીરા; ગોવિંદ પ્રભુ સખા સંગ લીને વિહરત હૈ કાલિંદીતીરા.

ડોલનો આગમનો શૃંગાર

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને સૂથન-ઘેરદાર

સાજ : ઘેરા ગુલાબી - ગુલાલ જેવા રંગની, અબીલ તથા ચોવાના ભાવથી સફેદ અને શ્યામ રેશમની ટીપકીના ભરતકામવાળી, જાણે પ્રભુ હોરી ખેલ્યા હોય તેવી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ કરી છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : ઘેરા ગુલાબી રંગનાં સૂથન, ચોળી, ઘેરદાર વાઘો ધર્યાં છે. વસ્ત્રો ઉપર સફેદ અબીલ અને શ્યામ ચોવાની રેશમની ટીપકીનું ભરતકામ થયું છે. મોજાં લાલ અને ઠાડું વસ્ત્ર ઘેરા ગુલાબી રંગનું શ્વેત-શ્યામ ટીપકીવાળું ધરાયું છે. બધાં વસ્ત્રો ગુલાલ જેવાં રંગનાં અને શ્વેત અબીલ તથા શ્યામ ચોવાથી ખેલ્યા હોય તે રીતે થયેલી ટીપકીવાળાં ધરાયાં છે.

શૃંગાર : વનમાલાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં સર્વ આભૂષણ ધર્યાં છે.

શ્રીમસ્તક ઉપર ગુલાલ જેવા રંગની, શ્વેત-શ્યામ ટીપકીવાળી પાગ, ઉપર શિરપેચ અને મોરપંખની સાદી ચંદ્રિકા તેમજ ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં લોલકબંદી - લરવાળાં કર્ણફૂલ ધર્યાં છે. લાલ, પીળાં અને શ્વેત રંગનાં ફૂલોનાં કલાત્મક થાગવાળાં બે માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સોનાનાં વેણુજી અને બે વેત્રજી ધર્યાં છે.

નોંધ : ડોલનો આગમનો આ શૃંગાર આજે અથવા મહા માસમાં (વ્રજ માસ પ્રમાણે) યથાવકાશ અવશ્ય થાય છે. આ શૃંગાર ગો. તિ. શ્રી દામોદરલાલજી મહારાજે સં. ૧૯૭૩-૭૪માં શરૂ કર્યો, જે આજ સુધી થાય છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : સુઘરાઈ)**

આજ બને નવરંગ છબીલે ડગમગાત પગ અંગ-અંગ ઢીલે ॥૧॥
જાવક પાગ રંગી ધોં કૈસેરી જૈસે કરી કહો પિય તૈસે ॥૨॥
બોલત વચન બહુત અલસાને પીક કપોલ અધર લપટાને ॥૩॥
કુમકુમ હૃદય ભૂજન છબિ વંદન **સુરશ્યામ** નાગર મનરંજન ॥૪॥

શયન : (રાગ : બિહાગ)

ઈક રંગ શ્યામ સદા તુમ આજ ભયે પચરંગ ।
ચંદન વદન અધરન અંજન પીક કપોલ સુરંગ ॥૧॥
હોં તો તિહારે હાથ બિકાની તુમ ઔરન કે સંગ ।
શ્રીવિઠ્ઠલ ગિરિધર બહુનાયક સીખે હૈ ઐસે ઢંગ ॥૨॥

જયેન્દ્રભાઈ ગિરધરલાલ પારેખ (સુરેન્દ્રનગર)ના
શ્રીગોવર્ધનધરપ્રભુને પૂર્ણ પ્રેમે સાષ્ટાંગ દંડવત્પ્રણામ.

વ્રજ : માઘ કૃષ્ણ દ્વાદશી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ બારસ



આયે આયે હો મનભાવન કહાંતે ભોર હી હમારે,
તુમ કિયો રતિસુખ હમ અતિ દુઃખ સાંચે બોલ તિહારે.

વ્રજ : માઘ કૃષ્ણ દ્વાદશી

ગુજરાતી : પોષ વદ બારસ

વસ્ત્ર : બેંગની, તેના ઉપર પીળો અને તેના ઉપર ઘેરા લીલા રંગનો એમ તિહેરા - ત્રણ ગદલ ધર્યા છે.

શૃંગાર : ઘેરા લાલ (ગુલાલ જેવા) રંગની, ચોવા તથા અબીલના રંગના રેશમના ભરતકામવાળી પાગ ધરી છે. ઉપરાંત લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે સખડી બારસ હોવાથી સખડીનો મંગળભોગ ધરાય છે. નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષ સામગ્રીમાં શિખરન, મિરચની કઢી, વડીનું શાક, તીલવડી, ચણાનો છોલા ભાત, વિવિધ શાક, ત્રણ-ચાર જાતનાં ભુજાનાં, કચરિયાં, ગોળ, માખણ વગેરે ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : પરજ/લલિત)**

આઈજુ કૈસે આવન પાયે ભલે આયેજુ નવલલાલ ।
તુમ જો જાન સુજાન બુઝત હો ગુનગાન જાનિ સુરતિ અતિ રસાલ ॥૧॥
જો લો ઈન નૈનન દરપન પેંહો તોલોં રહી બેહાલ ।
તાનસેન કે પ્રભુ ઇતની બિનતી સુની દીજીયે દરસ કીજીયે નિહાલ ॥૨॥

શૃંગાર : (રાગ : માલકૌશ)

જાનન લાગેરી લાલન મિલ વિછુરનકી વેદન ।
દગભર આયેરી મે કહીરી કછુક તેરી પ્રીતિકે રીતિ,
આનાકાની ભઈ ઘુમરાઈમેં ગયે એ તે દિન ॥૧॥
નેહ કનાવડેકી રૂપ માધુરી અંગ અંગ લાગી સરસ હિયો વેદન ।
નંદદાસ પ્રભુ રસિક મુકુટ મણિ કરપર ધર કપોલ રહેરી,
ધ્યાન રહત ઢરકત હૈરી તિલક મૃગમેદન ॥૨॥

તુમ કિયો મધુપાન ઘૂમત હમારો મન ઐસે કૈસે બને પ્રાણ પિયારે,
અબતો સિધારો જહાં રૈન બસે તહાં ગોવિંદપ્રભુ પિય હમારે.

વ્રજ : માઘ કૃષ્ણ દ્વાદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોપ વદ બારસ



બાત હિલગકી કાસોં કહિયે,
સુનરી સખી વ્યવસ્થા યા તનકી સમઝ સમઝ મન ચૂપ કરી રહિયે.

વ્રજ : માઘ કૃષ્ણ દ્વાદશી

ગુજરાતી : પોષ વદ બારસ

આજના શૃંગાર : પાગ-ચંદ્રિકા અને સૂથન-ઘેરદાર

સાજ : મેઘશ્યામ રંગની રૂપેરી જરીના ભરતકામવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : આછા મેઘશ્યામ (આસમાની) રંગનાં, રૂપેરી જરીની તૂઈ લેસની કિનારીવાળાં, સૂથન, ચોલી, ઘેરદાર વાઘો અને કટિપટુકો તથા મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર ઘેરા ગુલાબી (રાણી) કલરનું ધર્યું છે

શૃંગાર : છોટો (કમર સુધીનો) શૃંગાર થયો છે. ગુલાબી મોતી તેમજ મીના અને જડાવ સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે. ગુલાબી મીનાકારીનો હમેલ ધર્યો છે.

શ્રીમસ્તકે આછા મેઘશ્યામ રંગની ગોળ પાગ ઉપર શિરપેચ, લૂમ, ઘુમાવદાર ગોળ ચંદ્રિકા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. ગુલાબી અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : તોડી/ગોરી)**

એ આજ કૌન બન ચરાઈ યેતી ગૈયાં કહાં ધો લગાઈ એતી બૈર ।
બૈઠે હો કહાં સુધ લેહો નેન ઓસેર ॥૧॥
એક વન ઢૂંઢ સકલ બન ઢૂંઢી તોઉ ન પાઈ ગાયન કી નેર ।
તાનસેનકે પ્રભુ તુમ બહુનાયક દેહો કદમચઢ ટેર ॥૨॥

શયન : (રાગ : બિહાગ)

શ્યામ રંગ રંગી અરી હોં ।
રીઝવે કાઈ રહી સુરત પર સુરત માંઝ પગી ॥૧॥
દેખ સખી એક મેરે નૈનનમે બૈઠ રહ્યો કરી ભૌન ।
ધેનુ ચરાવત જાત વૃંદાવન સોંધોં કનૈયા કૌન ॥૨॥
કૌન સુને કાસોં કહૈંન સખી કૌન કરે બકવાદ ।
કાપે કહે આવેજુ **ગદાધર** ગુને ગુર કો સ્વાદ ॥૩॥

મરમી બિના મનમ કો જાનેં યહ ઉપહાસ જાન જગ સહિયે,
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરન મિલે જબ તબહી સબ સુખ પૈયે.

વ્રજ : માઘ કૃષ્ણ ત્રયોદશી

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ તેરસ



મૈં અપનો મન હરિસોં જોર્યો; હરિસોં જોર સબનસોં તોર્યો,
નાચ નચ્યો તબ ઘૂંઘટ કૈસો; લોકલાજ ડર પટક પિછોર્યો.

વ્રજ : માઘ કૃષ્ણ ત્રયોદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ વદ તેરસ

વસ્ત્ર : પીળા રંગનો અને તેના ઉપર પતંગી (ઘેરા ગુલાબી) રંગનો એમ દોહરા - બે ગદલ ધર્યા છે.

શૃંગાર : મેઘશ્યામ રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વિશેષમાં ગોળની લાપસી અને મગનાં ઢોકળાં ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : પરજ/લલિત)**

રંગ ભરી મૂરત અનંગભરી અંખિયા સંગ લિયે પ્યારી કો મહલ મેરે આયે હો ।
બૈઠો જુ પલંગ પર પલકન સો ઝારો મગ તન મન પ્રાણ વારો ભાગિ મેરે આયે હો ॥૧॥
ઐસી હૈ જુ કૌન ત્રિય જિન વદન વિલોક્યો તાઈ કે તો ભાગ જાગે મૃદુ મુસ્કાયે હો ।
નંદદાસ પ્રભુ તુમ બહુનાયક મોહિની કે મોહીવે કો મોહન બન આયે હો ॥૨॥

શૃંગાર : (રાગ : પરજ)

નાગરી નાગર એ તેરે પાયન પરત મુરાર ।
ચાર જો મરજની ગઈ સજની અબ કીન દોષ નિબાર ॥૧॥
તેસૈઈ વદન નિહાર રહે હૈ કમલ નૈન ચિતચોર ।
ઉઠ ચલ હીલમીલ **રસિક પ્રીતમ**સો હસ કર ઘુંઘટ ખોલ ॥૨॥

આગે પાછેં સોચ મિટયો જિયકો બાટમાંઝ મટુકા લે ફોર્યો,
કહનો હોય સો કહો સખિરી કહા ભયો કાહુને મુખ મોર્યો.

વ્રજ : માઘ કૃષ્ણ ત્રયોદશી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ તેરસ



નવલલાલ ગિરિધરન પિયા સંગ પ્રેમરંગમેં યહ તન બોર્યો,
પરમાનંદ પ્રભુ લોગ હસન દે લોકવેદ તિનુકા જ્યોં તોર્યો.

વ્રજ : માઘ કૃષ્ણ ત્રયોદશી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ વદ તેરસ

આજના શૃંગાર : કિરીટ અને સૂથન-ચાકદાર

સાજ : પીળા (ચંદનીયા) રંગની, રૂપેરી જરીના લેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવવામાં આવી છે.

વસ્ત્ર : પીળા (ચંદનીયા) રંગના, રૂપેરી જરીની તૂઈ-લેસની કિનારીવાળાં, સૂથન, ચોળી, ચાકદાર વાઘો અને મોજાં ધર્યાં છે. ઘેરા ગુલાબી રંગનો, રૂપેરી જરીની તૂઈ-લેસની કિનારીવાળો ગાતીનો ઉપરણો ધર્યો છે. લીલા રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : વનમાળાનો (ચરણારવિંદ સુધીનો) ભારે શૃંગાર થયો છે. મિલવા : હીરા, મોતી, માણેક, પન્ના તથા જડાવ સોનાનાં આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે જડાવ કિરીટ, શિરપેચ અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં મયૂરાકૃતિ કુંડળ ધર્યાં છે. પીળાં પુષ્પોનાં સુંદર થાગવાળાં માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુજી અને બે વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

માઈ મેરો શ્યામ લગ્યો સંગ ડોલે ।
જહીં જહીં જાઉ તહીં સુનિ સજની બિના હિ બુલાયે બોલે ।।૧।।
કહા કરૌ યે લોભી નૈના બસ કીનેં બિનુ મોલે ।
કુંભનદાસ પ્રભુ ગોવર્ધનધર હસકર ઘુંઘટ ખોલે ।।૨।।

શયન : (રાગ : ઈમન)

ઝમકિ ચલ રાધે તોહે શ્યામ બુલાવે ।
તો બીન મોહન પાન ન ખાત કૌન મંત્ર પઢિ સાધે ।।૧।।
નિસિ-વાસર તેરો ધ્યાન ધરત હૈ વિરહ અગ્નિ તન બાંધે ।
સૂરદાસ પ્રભુ તિહારે દરસ બીન મોહન વ્હે ગયે આધે ।।૨।।

મન હર લે ગયે નંદકુમાર,
બારક દૃષ્ટિ પરી ચરણન તન દેખન ન પાયો વદન સુચાર.

વ્રજ : માઘ કૃપ્ણ ચતુર્દશી

મંગળા દર્શન

ગુજરાતી : પોપ વદ ચૌદસ



હોં અપને ઘર સચુસો બૈઠી પ્રોવત હી મોતીનકે હાર,
કાંકર ડાર દ્વાર નિકસે બિસર ગયો તન કરત શૃંગાર.

વ્રજ : માઘ કૃષ્ણ ચતુર્દશી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ વદ ચૌદસ

વસ્ત્ર : પતંગી (રાણી) રંગનો અને પીળા રંગનો એમ દોહરા - બે ગદલ ધર્યા છે.

શૃંગાર : કેસરી રંગની ગોળ પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત વેસણનો ગોળનો મોહનઠાર ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત)**

કમલસી અખિયાં લાલ તિહારી ।
તિનસો તકતક તીર ચલાવત વેધત છતિયા હમારી ॥૧॥
ઈન્હે કહા કોઉ દોષ લગાવત યે અજહૂ ન સંભારી ।
શ્રીવિઠ્ઠલ ગિરિધારી કૃપાનિધિ સુરત હી તે સુખકારી ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત)

એરી મૈયા તેરો મોહન અતિહિ સયાનો દેત અટપટી ગારી ।
કુંજમહલમે અચરા ફાર્યો હસિ હસિ દૈ દૈ તારી ॥૧॥
ગોરસ ઢોરે મનકે જોરે માટ દહીં કે ફોરે ।
ઉઠાવે કી ડોરી કૈસે બાંધો ચૌદહ ભવન બંધ તોરે ॥૨॥
અધર પાન પરિરંભન ચુંબન કહો કહા લજાની ।
શુક નારદ સો લીલા અગોચર **સૂર** કેતીક બખાની ॥૩॥

કહારી કરોં ક્યોં મિલે હે ગિરિધર કિહિ મિસ હોં યશોદાકે ઘર જાઉં,
પરમાનંદ પ્રભુ ઠગીરી અચાનક મદનગોપાલ ભાવતોં નાઉં.

વ્રજ : માઘ કૃષ્ણ ચતુર્દશી

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ ચૌદસ



હેલી હિલગકી પહેચાન,
જોપેં હિલગ હિયમેં હોતી તો કહા કરે કુલકાન.

વ્રજ : માઘ કૃષ્ણ ચતુર્દશી

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ વદ ચૌદસ

આજના શૃંગાર : પાગ-કતરા અને સૂથન-ઘેરદાર

સાજ : આછા ગુલાબી રંગની, સફેદ જરીના લેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા, ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : આછાં ગુલાબી રંગનાં, રૂપેરી જરીની તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચોલી અને ઘેરદાર વાઘો ધર્યાં છે. લાલ રંગનાં મોજાં ધર્યાં છે. લીલા રંગનું ઠાડું વસ્ત્ર ધર્યું છે.

શૃંગાર : છોટો (કમર સુધીનો) આછો શૃંગાર થયો છે. મોતી, માણેક તથા સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.
શ્રીમસ્તકે આછા ગુલાબી રંગની પાગ ઉપર દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.
શ્રીકર્ણમાં કર્ણફૂલ ધર્યાં છે. શ્વેત અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુ-વેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : આસાવરી)**

માઈરી લાલ આયે રી મેરે હી મહલ તનમનધન સબ વારૌ ।
હોં બલગઈ સખી આજકી આવન પર પલકનસોં મગ ઝારો ॥૧॥
અતિ સુકુમાર કોમલ પદ કારન સખીરી કંકર ગુન સબ ટારૌ ।
નંદદાસ પ્રભુ નંદનંદનસો ઐસી પ્રીતિ નિત ધારૌ ॥૨॥

શયન : (રાગ : અડાનો)

મે જબ દૈખેરી ગોપાલલાલ મોહની મૂરતિ નંદલાલ,
તનમનધન નોછાવર કરનકો લે ગઈરી ।
સુંદરશ્યામ ઉજાગર નાગર બાકી છબી ચિત્ત ચિતેરેને લિખ લઈરી ॥૧॥
ગલે સોહે વનમાલ દેખ મોહી વ્રજકી બાલ યા છબીપેં હો મગન ભઈરી ।
સૂરદાસ પ્રભુ કૌન મંત્ર પઢ ડાર્યૌરી મુરલીમેં ગાવત ધુનિ નઈ નઈરી ॥૨॥

હિલગ કરી જ્યોં પતંગ દીપકસોં તન સોંપ્યો હૈ આન,
શંકત નહીં જરત જ્વાલોમેં સહી પ્રાણકી હાન.

વ્રજ : માઘ કૃષ્ણ અમાવસ્યા

મંગળા દર્શન

ગુજરાતી : પોષ વદ અમાસ



હિલગ કરી જ્યોં ચકોર ચંદસોં પાવક ચુમત જુ જાન,
ઐસેહી કુરંગ નાદ મૃદુ મોહે હને પારધી બાન.

વ્રજ : માઘ કૃષ્ણ અમાવસ્યા

ચિત્ર પરિચય

ગુજરાતી : પોષ વદ અમાસ

વસ્ત્ર : બેંગની (જાંબલી) રંગનો અને કેસરી રંગનો એમ દોહરા - બે ગદલ ધર્યા છે.

શૃંગાર : ગુલાબી રંગની પાગ, લર, અલકાવલી, તિલક, નકવેસર, ચિબુક, કર્ણફૂલ વગેરે શૃંગાર ધર્યા છે. બીજા શૃંગારનાં દર્શન થતાં નથી.

અત્તર : પ્રભુ સુખાર્થે શીતકાળમાં ખાસ કરીને હીના, કેસર, કસ્તુરી, અંબર જેવાં અત્તર સમર્પવામાં આવે છે.

સામગ્રી : આજે નિત્યની સામગ્રી ઉપરાંત ગોળની શિખોરી, મોણવાળા ટિકડા (ઘઉં કે બાજરીના રોટલા) અને અડદની દાળની સામગ્રી ધરાય છે. આપણે યથાશક્તિ, યથામનોરથ, ઋતુઅનુસાર સુંદર સામગ્રી ધરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

કીર્તન : **મંગલા : (રાગ : લલિત/ભૈરવ)**

રાધા પ્યારી તૂ અતિ રંગભરી ।
મેરી જાન મિલી મોહનસોં અંચલ પીક પરી ॥૧॥
છુટી લટ ટુટી નકવેસર મોતિન કી દુલરી ।
હો જાનત જોંલો ફોજ મદનકી જીત લઈ સગરી ॥૨॥
અરૂન અધર મુખ સ્વાસ નિકાસત ગલીત લલિત કવરી ।
સૂરદાસ પ્રભુ નગધરકે સંગ સુરત સમુદ્ર તરી ॥૩॥

શૃંગાર : (રાગ : લલિત)

અરી મૈયા તેરો રી મોહન અતિહિ સયાનો દેત અટપટી ગારી ।
કુંજમહલમેં અચરા ફાર્યો હસિ હસિ દૈ દે તારી ॥૧॥
ગોરસ ઢોરે મનકે જોરે માટ દહીં કે ફોરે ।
ઉઠાવે કી ગેરી કૈસે બાંધો ચૌદહ ભવન બંધ તોરે ॥૨॥
અધર પાન પરિરંભન ચુંબન કહો કહા લજાની ।
શુક નારદ સો લીલા અગોચર **સૂર** કેતીક બખાની ॥૩॥

હિલગન હી સોં બંધે સબે ત્યજ મધુપ કમલ હિત જાન,
ઐસી હિલગ લાલ ગિરિધરસોં સૂરદાસ પહિચાન.

વ્રજ : માઘ કૃષ્ણ અમાવસ્યા

રાજભોગ દર્શન

ગુજરાતી : પોષ વદ અમાસ



પૂત મહરકો ખિરક દોહાવત ગૈયા,
સંધ્યા સમે બાંધે ફેંટા ગરે ગુંજમાલ પહેરે તનિયા ઠાડે હૈં અધપૈયા.

આજના શૃંગાર : ફેંટાનો સાજ - સૂથન - ચાકદાર

સાજ : લાલ રંગની જરીની, રૂપેરી જરીના લેસના હાંસિયાવાળી પિછવાઈ ધરી છે. ગાદી, તકિયા અને ચરણચોકી ઉપર સફેદ બિછાવટ થઈ છે. નીચે સન્મુખમાં લાલ તેહ બિછાવી છે.

વસ્ત્ર : લાલ રંગની જરીનાં, રૂપેરી તૂઈલેસની કિનારીવાળાં સૂથન, ચાકદાર, ચોળી અને મોજાં ધર્યાં છે. ઠાડું વસ્ત્ર શ્યામ રંગનું ધર્યું છે.

શૃંગાર : મધ્યનો (ઘૂંટણ સુધીનો) શૃંગાર થયો છે. મોતી અને સોનાનાં સર્વ આભરણ ધર્યાં છે.

શ્રીમસ્તકે ફેંટાનો સાજ - લાલ જરીના ફેંટા ઉપર શિરપેચ, પીરોજાની મોરશીખા, પીરોજાના દોહરા કતરા અને ડાબી બાજુ શીશફૂલ ધર્યું છે.

શ્રીકર્ણમાં મકરાકૃત કુંડળ ધર્યાં છે. લાલ, શ્વેત અને પીળાં પુષ્પોનાં બે સુંદર માળાજી ધર્યાં છે.

શ્રીહસ્તમાં : સુવર્ણનાં વેણુવેત્ર ધર્યાં છે.

કીર્તન : **રાજભોગ : (રાગ : તોડી/ગોરી)**

કનકકુંડલ કપોલ મંડિત ગૌરજ છુરિત સુકેશ ।
મદગજ ચાલ ચલત સુરનર મુનિ લાડિલે વ્રજકુંવર નરેશ ॥૧॥
નયન ચકોર કિયે વ્રજવાસી પીવત વદન રાકેશ ।
અતિ પ્રફુલ્લિત મુખ કમલ સબન કે ગોપકુલ નલિન દિનેશ ॥૨॥
અતિ મદ તરણ વિધૂર્ણિત લોચન અતિ વિક્સત કૃપા આવેશ ।
ચલત મધુર વરસત **ગોવિંદ** પ્રભુ વ્રજ દ્વારે દ્વારે પ્રવેશ ॥૩॥

શયન : (રાગ : બિહાગ/અડાનો)

ડગર ચલ ગોવર્ધન કી વાટ ।
ખેલત બીચ મિલેગેં મોહન જહા ગોધન કે ઠાટ ॥૧॥
ચલરી સખી તોહિ જાય મિલાઉ સુંદરવદન સરોજ ।
કમલનયન કે એક રોમ પર વારો કોટિ મનોજ ॥૨॥
પાહુની એક અનુપમ આઈ આનગામકી ગ્વાર ।
પરમાનંદસ્વામી કે ઉપર સર્વસ્વ ડારોં વાર ॥૩॥

કોંધની બની હાથ હંસતાતર રૂપ મોહની મદન હરૈયા,
રસિક પ્રીતમકી બાનિકી નિરખત લીજે રીઝ બલૈયા.

વ્રજ : માગશીર્ષ શુક્લ નવમી — ગુજરાતી : માગશર સુદ નોમ

શૃંગાર : (રાગ : દેવગંધાર)

વ્રજ ભયો મહરિકે પુત, જબ યહ બાત સુની, સુનિ આનંદે સબ લોગ, ગોકુલ ગણિત ગુની,
વ્રજ પૂરવ પૂરે પુન્યરૂપી કુલ, સુથિર થુની, ગ્રહ લગ્ન નક્ષત્ર બલિ સોધિ, કીની વેદ ધ્વની. (૧)
સુનિ ધાઈ સબે વ્રજનારી, સહજ સિંગાર કિયે, તન પહરે નૌતન ચીર, કાજર નૈન દિયેં,
કસિ કંચુકી તિલક લિલાટ, શોભિત હાર હિયેં, કર કંકણ કંચન થાર, મંગલ સાજ લિયેં. (૨)
વે અપને અપને મેલ, નિકસી ભાંતિ ભલી, માનો લાલ મુનિનકી પાંતિ, પિંજરન ચૂર ચલી,
વે ગાવેં મંગલગીત મિલી, દશ પાંચ અલી, માનો ભોર ભયો રવિ દેખિ, ફૂલી કમલ કલી. (૩)
ઉર અંચલ ઉડત ન જાન્યો, સારી સુરંગ સુહી, મુખ માંડ્યો રોરી રંગ, સેંદુર માંગ છુહી,
શ્રમ શ્રવનન તરલ તરોના, બેની શિથિલ ગુહી, શિર બરખત કુસુમ સુદેશ, માનો મેઘ ફુહી. (૪)
પીય પહલેં પોહોંચી જાય, અતિ આનંદ ભરી, લઈ ભીતર ભવન બુલાય, સબ શિશુ પાય પરી,
એક વદન ઉઘારી નિહારત, દેત અસીસ ખરી, ચિરજીયો યશોદાનંદ, પૂરન કામ કરી. (૫)
ધન્ય ધન્ય દિવસ ધન્ય રાત્ર, ધન્ય યહ પહર ઘરી, ધન્ય ધન્ય મહરિજૂકી કુખ, ભાગિ સુહાગ ભરી,
જિન જાયો એસો પૂત, સબ સુખ ફલન ફરી, થિર થાપ્યો સબ પરિવાર, મનકી શૂલ હરી. (૬)
સુનિ ગ્વાલન ગાય, બહોરિ બાલક બોલિ લિયે, ગુહિ ગુંજા ઘસિ વન ધાતુ, અંગ અંગ ચિત્ર ઠયે,
શિર દધિ માખનકે માંટ, ગાવત ગીત નયે, સંગ ઝાંઝ મૃદંગ બજાવત, સબ નંદભવન ગયે. (૭)
એક નાચત કરત કુલાહલ, છિરકત હરદ દહી, માનોં બરખત ભાદોમાસ, નદી ઘૃત દૂધ બહી,
જાકો જહીં જહીં ચિત જાય કૌતિક તહીં તહીં, રસ આનંદ મગન ગુવાલ, કાહૂ બદત નહીં. (૮)
એક ધાય નંદજૂપે જાય, પુનિ પુનિ પાય પરે, એક આપ આપુહિ માંઝ, હસિ હસિ અંક ભરે,
એક અંબર સબહી ઉતારિ દેત નિશંક ખરેં, એક દધિરોચન ઔર દૂબ, સબનકે શીસ ધરે. (૯)
તબ નંદ ન્હાય ભયે ઠાડે, અરુ કુશ હાથ ધરે, નાંદીમુખ પિતર પુજાય અંતર સોચ હરેં,
ઘસિ ચંદન ચારુ મંગાય, વિપ્રન તિલક કરે, વર ગુરુ જન દ્વિજન પહરાય, સબનકે પાય પરે. (૧૦)
ગન ગૈયા ગિની ન જાય, તરુન સુવચ્છ બઢી, નિત ચરેં યમુનાજૂકે કાછ દૂને દૂધ ચઢી,
ખુર રુપે તાંબે પીઠ, સોને સીંગ મઢી, તે દીની દ્વિજન અનેક, હરખિ અસીસ પઢી. (૧૧)
તબ અપને મિત્ર સુબંધુ, હસિ હસિ બોલિ લીયે, મથિ મૃગમદ મલય કપૂર, માથેં તિલક કીયે,
ઉર મણિમાલા પહરાય, વસન વિચિત્ર દીયે, માનો વરષત માસ અષાઢ દાદુર મોર જીયે. (૧૨)
વર બંદી માગધ સૂત, આંગન ભરન ભરે, તે બોલે લે લે નામ, હિત કોઉ ના બિસરે,
જિન જો જાચ્યો સો દીનો, રસ નંદરાય ઢરે, અતિ દાન માન પરધાન, પૂરન કામ કરે. (૧૩)
તબ રોહિની અંબર મગાય, સારી સુરંગ ઘની, તે દીન વધૂન બુલાય, જૈસી જાય બની,
વે અતિ આનંદિત બહોરિ, નિજ ગૃહ ગોપ ધની, મિલિ નિકસી દેત અસીસ, રુચિ અપુની અપુની. (૧૪)
તબ ઘરઘર ભેરિ મૃદંગ, પટહ નિસાન બજે, વર બાંધી બંદનમાલ અરુ ધ્વજ ક્લશ સજે,
તબ તા દિનતેં વે લોગ, સુખ સંપત્તિ ન તજે, સુનિ સૂર સબનકી યહ ગતિ જે હરિ ચરન ભજે. (૧૫)

વ્રજ : માગશીર્ષ શુક્લ પૂર્ણિમા ગુજરાતી : માગશર સુદ પૂનમ

અભ્યંગનું પદ : (રાગ : ધનાશ્રી)

આપુન મંગલ ગાવે રાનીજુ ।
આજ લાલકો જન્મઘોસ હૈ મોતિન ચૌક પુરાવે ॥૧॥
ગામ ગામતે જાતિ અપની ગૌપિન ન્યૌતિ બુલાવે ।
અન્વાચાર્ય મુની ગર્ગ પરાસર તિનપૈ વેદ પઢાવૈ ॥૨॥
હરદી તેલ સુગંધ સુવાસિત લાલે ઉબટિ ન્હવાવે ।
હરિ તન ઉપર વારિ ન્યૌછાવરી જન **પરમાનંદ** પાવૈ ॥૩॥

શૃંગાર : (રાગ : ધનાશ્રી)

મંગલ ગાવો માઈ સબૈ મિલ ।
આજ લાલકો જન્મઘોસ હૈ બાજત રંગ બધાઈ ॥૧॥
આંગન લીપૌ ચૌક પુરાવો વિપ્ર પઢન લાગે વેદ ।
કરૌ સિંગાર શ્યામ સુંદરકૌ ચૌવા ચંદન મેદ ॥૨॥
આનંદભરી નંદજૂકી રાની ફૂલી અંગ ન સમાઈ ।
પરમાનંદદાસ તિહીં ઔસર બોહોત ન્યોછાવરિ પાઈ ॥૩॥

રાજભોગ આયે : (રાગ : આશાવરી)

શ્રીવૃષભાનસદન ભોજન કો નંદાદિક મિલિ આયે હો ।
તિનકે ચરનકમલ ધરિવે કો પટ પાવડે બિછાયે હો ॥૧॥
રામકૃષ્ણ દોઉ વીર વિરાજત ગૌર શ્યામ દોઉ ચંદા હો ।
તિનકે રુપ કહત નહી આવે મુનિજન કે મનફંદા હો ॥૨॥
ચંદન ઘસિ મૃગમદ મિલાય કે ભોજન ભવન લિપાયે હૈ ।
વિવિધ સુગંધ કપૂર આદિ દે રચના ચૌક પુરાયે હો ॥૩॥
મંડપ છાયો કમલ કોમલ દલ સીતલ છાંહુ સુહાઈ હો ।
આસપાસ પરદા ફૂલનકે માલા જાલ ગુહાઈ હો ॥૪॥
સીતલ જલ કુંમકુમ કે જલસો સબકે ચરન પખારે હો ।
કર વિનંતી કર જોર સબન સો કનકપટા બૈઠારે હો ॥૫॥
રાજત રાજ ગોપ ભુવપતિ સંગ વિમલ વેશ અહીરા હો ।
મનહુ સમાજ રાજહંસનકો જુરે સરોવર તીરા હો ॥૬॥
ધરે અનેક જટિત કટોરા ઔર કંચનકી થારી હો ।
ઢિંગ ઢિંગ ધરી સબનકે સુંદર સીતલ જલ ભર ઝારી હો ॥૭॥
ગાવન લાગી ગીત બ્યાહકે સુકુમારી વ્રજનારી હો ।
અતિ હુલાસ પરિહાસ પરસ્પર યહ સુખ શોભા ભારી હો ॥૮॥

પરોસન લાગે પુરોહિત હિત સો જિનકી વદન બડાઈ હો ।
તિનકે દરસ પરસ સંભાષન માનોં સુરસરિતા આઈ હો ॥૯॥
ઓદનકી ઉજ્જવલતા માનો સહજ રૂપ ધરિ આયે હો ।
યહ હિત પ્રીતિ જન હિતસો પ્રકટ હિ આપ જનાયે હો ॥૧૦॥
બરી બરા અરુ બરન બિજોરા પાપર પીત બનાયે હો ।
કનક બરન બેસન બહુ તેરે પ્રકાર ન જાત ગિનાયે હો ॥૧૧॥
આમલ વેલ આમ અદરક રસ નીંબૂ મિલે સંધાને હો ।
સદ શીરા અરુ સુરભી ઘૃતસો સૌરભ ઘ્રાન બખાને હો ॥૧૨॥
બાસોંધી શિખરન અરૂ ખોવા અમૃતરસના તોષે હો ।
આમલ રસ કટુક તીક્ષ્ણરસ લોંન મધુર રસ પોસે હો ॥૧૩॥
કન્દ મૂલ ફલ ફૂલ પત્ર જો વ્યંજન સબૈ પ્રકારા હો ।
યે હૈ માનોં પ્રગટ ભૂતલ મેં અમૃત કે અવતારા હો ॥૧૪॥
ઔર બહુત વિધિ ખટરસ વ્યંજન પરોસનવારે હારે હો ।
જદ્યપિ હોય શારદાકી મતિ તદપિ ન જાત સંભારે હો ॥૧૫॥
શીતલ સુગંધ ચારુ સુકોમલ વિવિધ ભાંતિ પકવાન હો ।
તેઉ પ્રકાર પરે નહિ કબહૂ સુરપતિ હૂકે કાના હો ॥૧૬॥
ઉઠે આચમન કરિ સબ વ્રજજન મનમેં અતિ સુખ પાવે હો ।
પટભૂષન બીરા સોંધે સો પૂજ સદન પધરાયે હો ॥૧૭॥
યહ સુખ સંપતિ યહ રસ શોભા કાપે જાત બખાને હો ।
જૂઠન જાય ઉઠાય **ગદાધર** ભાગ્ય આપુને માને હો ॥૧૮॥

રાજભોગ સરે : (રાગ : સારંગ)

જે વસુદેવ કિયે પૂરણ તપ સો ફલફલિત શ્રીવલ્લભ દેહ ।
જે ગોપાલ હુતે ગોકુલમેં તે અબ આન બસે નિજ ગેહ ॥૧॥
જે વે ગોપ વધૂહી બ્રજમેં સો અબ વેદઋચા ભઈ જેહ ।
છિતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ તેઈ એઈ એઈ તેઈ કછુન સંદેહ ॥૨॥

રાજભોગ : (રાગ : સારંગ)

જયતિ રુક્મિણી નાથ પદ્માવતી પ્રાણપતિ વિપ્રકુલ છત્ર આનંદકારી ।
દીપ વલ્લભ વંશ જગત નિસ્તમ કરન કોટિ ઉડુરાજ સમ તાપહારી ॥૧॥
જયતિ ભક્તજન પતિત પાવન કરન કામીજન કામના પૂરન ચારી ।
મુક્તિ કાંક્ષીય જન ભક્તિદાયક પ્રભુ સકલ સામર્થ્ય ગુણ ગણન ભારી ॥૨॥
જયતિ સકલ તીરથ ફલિત કામ સ્મરણ માત્ર વાસ વ્રજ નિત્ય ગોકુલ બિહારી ।
નંદદાસની નાથ પિતા ગિરિધર આદિ પ્રકટ અવતાર શ્રીગિરિરાજધારી ॥૩॥

શયન : (રાગ : બિહાગ)

પ્રકટ વ્હે મારગ રીતિ દિખાઈ ।
પરમાનંદ સ્વરૂપ કૃપાનિધિ શ્રીવલ્લભ સુખદાઈ ॥૧॥
કર શૃંગાર ગિરિધરન લાલકો જબકર વેણુ ગહાઈ ।
લે દર્પણ સન્મુખ ઠાડે વ્હે નિરખ નિરખ મુસકાઈ ॥૨॥
વિવિત ભાંત સામગ્રી હરિ કો કર મનુહાર લિવાઈ ।
જલ અચવાય સુગંધ સહિત મુખ બીરી પાન ખવાઈ ॥૩॥
કર આરતી અનોસર પટ દે બૈઠે નિજગૃહ આઈ ।
ભોજન કર વિશ્રામ છિનક લે નિજમંડલી જુ બુલાઈ ॥૪॥
કરત કૃપા નિજ દૈવી જીવન પર શ્રીમુખ વચન સુનાઈ ।
વેણુગીત પુનિ યુગલગીતકી રસ બરખા બરખાઈ ॥૫॥
સેવા રીતિ પ્રીતિ વ્રજજનકી જન હિત જગ પ્રગટાઈ ।
દાસ શરણ હરિ વાગધીશકી ચરણરેણુ નિધિ પાઈ ॥૬॥

વ્રજ : પૌષ કૃષ્ણ પંચમી **ગુજરાતી : માગશર વદ પાંચમ**
વ્રજ : પૌષ કૃષ્ણ સપ્તમી **ગુજરાતી : માગશર વદ સાતમ**

શૃંગાર : (રાગ : આસાવરી)

તુમ વ્રજરાની કે લાલા અહો દધિ મથતિ સુહાઈ કે લાલા ॥ધૃ॥
દિવ્ય કનકકો પાલનોં લાલ રતન જટિત નગહીર ।
ગજમોતિનકે ઝુમકા લાલ ઉપર દક્ષન ચીર ॥૧॥
ઘુટુરુવન ચલત સુહાવને લાલ પગ નૂપુરકૌ નાદ ।
કટિ કિંકિની રુનુઝુનુ કરેં લાલ જનની સુનત આહ્લાદ ॥૨॥
આધે આધે વચન સુહાવને લાલ સુનત જનની મન મોદ ।
મુખ ચુંબત સ્તનપાન દૈ લાલ લૈ બેઠારતિ ગોદ ॥૩॥
કુલ્હે સુરંગ સિર તાફતાકી લાલ ઝગુલી પીત સુદેશ ।
કંઠ બધના કર પોંહોંચિયા લાલ શોભિત સુંદર વેશ ॥૪॥
તિલક ખુલ્યૌ ગોરોચના લાલ ઘુંઘરવારે કેશ ।
ન્હેની ન્હેની દતિયાઁ દ્વૈ દૂધકી લાલ દેખિયત હસત સુદેશ ॥૫॥
કાજર લોચન આંજિકે લાલ ભ્રોંહ મટુક દૈ ઈઠ ।
અપનૌ લાલ કાહુ દેખન ન દૈહો જિન કોઉ લાવો ડીઠ ॥૬॥
પ્રથમ હની તુમ પૂતના લાલ શકટ ભંજન ત્રન મારિ ।
યમલા અર્જુન તારિકૈં લાલ અબ કિન છાંડો આરિ ॥૭॥
મેરે લાલકી મૈયા બ્રજનારી બાપ ગોકુલ રાજ ।
ધનિ ધનિ તુમારે બલભદ્ર ભૈયા કરત સકલ સુખ કાજ ॥૮॥

મેરે લાલકી ગૈયા અતિ બાઢ઼ી ચરન વૃંદાવન જાઈ ।
પાન્યૌ પીવે નહી યમુના કો અંજન ખરિ વે ખાઈ ॥૯॥
મેરે લાલ હો પ્યારે લાલ તુમ કંસ મારિ ગઢ લેહુ ।
મથુરા ફેરૌ બ્રજરાજ દુહાઈ લાલ ગોપ સખન સુખ દેહુ ॥૧૦॥
લિયે ઉઠાય વ્રજરાજ ગોદકરિ દૈ ઉગાર હ્રદયે લાય ।
બહોરિ લિયે જનની ગોદ કરિ અસ્તન ચલે હૈં ચુચાય ॥૧૧॥
કહત યશોદા સુનો મેરે ગોવિંદ લેહુઁ કનિયા ચઢાય ।
જો ઝુલો તો પાલનેં ઝુલાવુ નાતર આંગન બૈઠિ ખિલાય ॥૧૨॥

વ્રજ : પૌષ કૃષ્ણ સપ્તમી ગુજરાતી : માગશર વદ સાતમ

મંગલા : (રાગ : દેવગંધાર)

સાંવરો મંગલ રૂપ નિધાન ।
જા દિન તે હરિ ગોકુલ પ્રગટે દિન દિન હોત "કલ્યાન" ॥૧॥
બેઠિ રહો શ્યામગુન સુમરો રેનિ દિના સબ યામ ।
શ્રીભટકે પ્રભુ નૈનભર દેખો પીતાંબર ઘનશ્યામ ॥૨॥

શૃંગાર : (રાગ : આસાવરી)

દેવક ઉદધિ દેવકી સીપ વસુદેવ સ્વાતિ જલ બરખ્યૌ હો ।
ઉપજ્યો સુવન વિમલ મુક્તાફલ સુનિ સુનિ સબ જગ હરખ્યો હો ॥૧॥
નિર્મોલિક નગ હાથ યશોદા નંદજુ કો ચિત્ત આકર્ષ્યો ।
વિધિ નારદ શિવ શેષ જૌહરી તિનપૈ જાત ન પરખ્યો ॥૨॥
સુર નર મુનિ જાકો ધ્યાન ધરત હૈ સો વ્રજયુવતિન નિરખ્યો ।
સોઈ શ્યામા ઉર હાર બિરાજત **'કલ્યાન'** શ્રીગિરિધર સરીખો ॥૩॥

વ્રજ : પૌષ કૃષ્ણ નવમી ગુજરાતી : માગશર વદ નોમ

મંગલા : (રાગ : ખટ/રામકલી)

સુનોરી આજ નવલ વધાયો હે ।
શ્રીલક્ષ્મણ ગૃહ પ્રકટ ભયે હે શ્રીવલ્લભ મન ભાયો હૈ ॥૧॥
બાજત આવજ ઢોલક મહુવર ઘન જ્યોં ઢોલ બજાયો હે ।
કોકિલકંઠ નવલ વનિતા મિલ મંગલ ગાયો હૈ ॥૨॥
હરદી તેલ સુંગધ સુવાસિત લાલન ઉબટ ન્હવાયો હે ।
નખશિખલોં આભૂષણ ભૂષિત પીતાંબર પહરાયો હૈ ॥૩॥
અશન વસન કંચનમણિ માણિક ઘરઘર યાચક પાયો હે ।
શ્રીવિઠ્ઠલ ગિરિધરન કૃપાનિધિ પલનામાંઝ ઝુલાયો હૈ ॥૪॥

અભ્યંગ : (રાગ : ધનાશ્રી)

સબમિલ મંગલ ગાવો માઈ ।
આજ લાલકો જન્મ ધૌસ હૈ બાજત રંગ વધાઈ ।।૧।।
આંગન લીપો ચૌક પુરાવો વ્રિપ પઢન લાગે વેદ ।
કરો સિંગાર શ્યામ સુંદરકો ચૌવા ચંદન મેદ ।।૨।।
આનંદભરી નંદજૂકી રાની ફૂલી અંગ ન સમાઈ ।
પરમાનંદદાસ તિહીં ઔસર બોહોત ન્યૌછાવરિ પાઈ ।।૩।।

શૃંગાર : (રાગ : બિલાવલ)

આનંદ આજ નંદજુકે દ્વાર ।
દાસ અનન્ય ભજન રસ કારન પ્રગટે શ્યામ મનોહર ગ્વાર ।।૧।।
ચંદન સકલ ધેનુ તન મંડિત કુસુમ દામ શોભિત આગાર ।
પૂરન કુંભ બને કંચન કે બીચ રૂચિર પીપરકી ડાર ।।૨।।
યુવતી યૂથ મિલિ ગોપ બિરાજત બાજત પ્રણવ મૃદંગ સુતાર ।
હિત હરિવંશ અજિર વ્રજવીથનિ દૂધ દહી મધુ ઘૃત કે સાર ।।૩।।

રાજભોગ : (રાગ : સારંગ)

કેસર કી ધોતી કટિ કેસરી ઉપરના ઓઢે તિલક મુદ્રા ધર ઠાડે મંદિર ગિરિધર કે ।
દોઉ જનકી પ્રીતી કછુ કાહુ પે ન કહી જાત ઉત નંદનંદન ઈત વલ્લભ વરકે ।।૧।।
કરકે શૃંગાર આજ લાડિલે ગોપાલજુ કો લેત હે બલાય વારવાર દોઉ કરકે ।
બેઉ મુસિકાત જાત ફૂલે ન સમાત ગાત કહે **હરિદાસ** મેં નિહારે દગ ભરકે ।।૨।।

રાજભોગ : (રાગ : સારંગ)

તુમ જો મનાવત સોઈ દિન આયો ।
અપનોં બોલ કરૌ કિન જસુમતિ લાલ ઘુટુરુવન ધાયો ।।૧।।
અબ ચલિ હૈ પાયન ઠાડે વ્હૈ, મહરિ બજાય વધાયો ।
ઘરઘર આનંદ હોત સબન કે દિન દિન બઢ઼ત સવાયો ।।૨।।
ઈતનો બચન સુનત નંદરાની મોતિન ચૌક પુરાયો ।
બાજત તૂર તરુની મિલિ ગાવત લાલ પટા બૈઠાયો ।।૩।।
પરમાનંદ રાની ધન ખરચત જ્યોં વિધિ વેદ બતાયો ।
જા દિન કો તરસત મેરી સજની ગહિ અંગુરિયન લાયૌ ।।૪।।

રાજભોગ તિલક સમયે : (રાગ : સારંગ)

આજ વધાઈકો દિન નીકો ।
નંદઘરની જસુમતિ જાયો હે લાલ ભામતો જીકો ।।૧।।
પંચશબ્દ બાજે બાજત ઘર ઘર તે આયો ટીકો ।
મંગલ કલશ લીયે વ્રજસુંદરી ગ્વાલ બનાવત છીકો ।।૨।।

દેત અસીસ સકલ ગોપીજન ચિરજીઓ કોટિ વરીસો ।
પરમાનંદદાસ કો ઠાકુર ગોપભેષ જગદીસો ॥૩॥

શયન : (રાગ : નાયકી)

સુઘર સહેલી મિલ આવો ગાવો મંગલ ગીત ।
પુત્ર ભયો શ્રીવલ્લભ પ્રભુકે જિન ચાખ્યો નવનીત ॥૧॥
આંગન મોતિન ચૌક પુરાવો ચીતો ભીંત પછીત ।
સોંધે કુંકુમ ઉબટ ન્હવાવો પહરાવો પટપીત ॥૨॥
પોષ અસિત નૌમીકો શુભદિન લગે સરસ જહાં સીત ।
શ્રીવિઠ્ઠલ ગિરિધારી કૃપાનિધિ બાજે બજાવો જીત ॥૩॥

આશિષનું પદ : (રાગ : કાન્હરો)

રાનીજુ તિહારો ઘર સુબસ વસો ।
સુનરી યશોદા યા ઢોટાકો ન્હાતહિ જિન બાર ખસો ॥૧॥
કોઉ કરત વેદ ધ્વનિ મંગલ કોઉ અતિ આનંદ લસો ।
નિરખ નિરખ મુખ કમલનેનકો આનંદ પ્રેમ હિયે હુલસો ॥૨॥
દેત અસીસ સકલ ગોપીજન કોઉ ગાવો કોઉ વિહસો ।
પરમાનંદ નંદઘર આનંદ પુત્ર જન્મ ભયો જગત જસો ॥૩॥

વ્રજ : પૌષ કૃષ્ણ દશમી **ગુજરાતી : માગશર વદ દસમ**

મંગળા : (રાગ-બિલાવલ)

ગો. શ્રી દ્વારકેશજી મહારાજ કૃત

મૂલ પુરુષ (મૂલ માત્ર)

મૂલ પુરુષ નારાયણ યજ્ઞ, શ્રુતિ અવતાર ભયે સર્વજ્ઞ;
શાખા તૈત્તિરીય ગોત્ર ભાર દ્વાજ, તૈલંગ કુલ ઉદિત દ્વિજ રાજ.

છંદ

દ્વિજ રાજતેં હરિ આય પ્રગટે, સોમ યજ્ઞ કિયો જબેં,
કુંડતેં હરિ કહી બાની, જન્મ કુલ તુમ્હારે અબેં;
ચકિત તત્ ક્ષણ ભયે સબ જન, ઐસી અબલોં ન ભઈ કબેં,
સુનત હી મન હરખ કીનો, ધન્ય ધન્ય કહ્યો સબેં. (૧)

તિન કે પુત્ર ભયે ગંગાધર, તિન કે ગણપતિ સુત વલ્લભ વર;
શ્રી લક્ષ્મણભટ્ટ અનુભવ ટેવ, શુદ્ધ સત્ત્વ જયોં શ્રી વસુદેવ.
સત્ત્વ ગુણ વિદ્યા પયોનિધિ, વિશદ કીર્તિ પ્રકટઈ,
ગામ કાંકરવારમેં રહી, જાતિ સબ હરખિત ભઈ;
પર્વ પર સકુટુંબ લેકેં, ચલે પ્રાગકૂં, સાથ લે,
સ્નાન-દાન દિવાય દ્વિજકૂં, ચલે કાશી પાત લે. (૨)

કછુક દિન રહીકે ચલે સબ દક્ષણ, આનંદિત તનુ સકુન સુલક્ષણ;
ચંપારણ્યમેં જબ આયે, ઈલ્લમાગારુ ગર્ભ સ્રવિત જતાયે.
સ્રાવ જાનિ ચલે તહાંતે, નગર ચૌડામેં બસે,
જગતમેં આનંદ ફેલ્યો, દશ દિશા માનોં હસે;
ચેન હૈ સુનિ ચલે કાશી, ફેર વહી બન આવહીં,
અગ્નિ ચહુંધા મધ્ય બાલક, દેખિ સન્મુખ ધાવહીં. (૩)

મારગ દિયો જાનિ જિય માતા, લિયે ઉછંગ મોહે દિયો હૈ વિધાતા;
તાત સુનત દૌરી કંઠ લગાયે, તિહીં છિન મંગલ હોત બધાયે.
મંગલ બધાયો હોત તિહું પુર, દેવ દુંદુભિ બાજહીં,
જોતસીકો લગ્ન પૂછત, પ્રથમ સમયો સાધહીં;
ધન્ય સંવત પંદ્રહા, પૈંતીસ માધવ માસ હૈ,
કૃષ્ણ એકાદશી શ્રીવલ્લભ, પ્રકટ વદન વિલાસ હૈ. (૪)

શ્રી વલ્લભકૂં લે આયે કાશી, સુંદર રૂપ નયન સુખ રાશિ;
સાત વરસ ઉપવિત ધરાયે, તબતેં વિદ્યા પઢન પઠાયે.
પઢેં ચારોંવેદ અરુ, ખટ શાસ્ત્ર, મહિના ચારમેં,
તાતકૂં અચરજ ભયો, યહ કોન રૂપ બિચારમેં;
નિંદ આઈ કહ્યો પ્રભુ, સંદેહ કયોં તુમ કરત હો,
પ્રથમ બાનિ ભઈ હૈ સો, પ્રકટ જાનો અબ ભયો. (૫)

જાગ પરી કહ્યો પત્ની આગે, યે હેં પૂરણ બ્રહ્મ અનુરાગે;
શ્રી મુખ વચન કહે શ્રી વલ્લભ, માયા મત ખંડન ભયો સુલભ,
સુલભતેં દક્ષિણ પધારે, ગ્યારે બરસકો વપુ ધરે,
દેખ મામા હરખકેં, આદર કિયો - 'આવો ઘરેં;
વિદ્યા નગર 'કૃષ્ણ દેવ' રાજા, બહુત મતહી જહાં મિલે,
જીતવે 'કનકાભિષેક' સૂં, પઢે આવત ઇહાં પહિલે. (૬)

રામાનુજ અરુ મધ્વાચાર્ય, વિષ્ણુ સ્વામી, નિમાદિત્ય હરિ ભજ;
શંકરમેં અનુસરત ઔર મત, યુક્તિ બલતેં આજ સબલ અતિ,

સબલ સુન આપુહિ પધારે, દ્વારપેં પહુંચે જબેં;
ભૃત્ય દૌરી પ્રતાપ બરન્યો, 'રાય આવો યહાં અબે'
રાય આય પ્રણામ કીનો, 'સભામેં જુ પધારિયે',
સુનહો બિનતી કૃપા સાગર, 'દુષ્ટ મતહિ વિદારિયે.' (૭)

ગજ ગતિ ચાલ ચલે શ્રીવલ્લભ, ઈનકી કૃપા ભયે સબ સુલ્લભ;
રવિકે ઉદય કિરણ જ્યોં બાઢી, તૈસી સભા પાંત ઉઠિ ઠાડી.
ઠાડે સબ સ્તુતિ કરે જબ, કિયો 'માયા મત' ખંડન,
શબ્દ 'જેજે' હોત સબ મુખ, ભક્તિ પથ ભુવ મંડન;
સ્તુતિ કરે દ્વિજ હાથ જોરેં, રાય મસ્તક નાવહીં,
પરમ મંગલ હોત હૈ, 'કનકા ભિષેક' કરાવહીં. (૮)

પાછે જલસોં ન્હાય બિરાજે, વિનતી કરી રાય મન સાજે;
'દ્રવ્ય સબે અંગીકૃત કરિયે', પ્રભુ બોલે 'યહ નાંહી ગ્રહિયે.'
'ગ્રહિયે નાહિન સ્નાન જલવત, બાંટ સબકોં દીજિયે,
બાંટ દીનો કરી બિનતિ, મોહિ શરણ જુ લીજિયેં;
કૃપા કરિ કે શરણ લીનો, થાર ભરિ મહોરેં ધર્યો,
સપ્ત લેકેં કહ્યો, 'દૈવી-દ્રવ્ય અંગીકૃત કર્યો.' (૯)

તહાંતે પંઢરપુર જાુ સિધારે, શ્રી વિઠ્ઠલનાથ મિલનકું પધારે;
ભીમરથીકે પાર મિલે જબ, દોઉ તનમેં આનંદ બઢ્યૌ તબ.
બઢ્યો આનંદ કરી બિનતી, આપકો યહ શ્રમ ભયો,
કહિ શ્રીવિઠ્ઠલનાથજીને, મિત્રાતા - પથ પ્રકટિયો;
ફેર શ્રીગોકુલ પધારે, નિરખ યમુના હરખહીં,
સંગ દમલાદિક હતે, તિનપેં કૃપારસ બરખહીં. (૧૦)

એક સમે ચિંતા ચિત્ત આઈ, દૈવી કિહિં બિધ જાની જાઈ?
આસુરીસૂં સબ મિલિત સદાહી, ભિન્ન હોય સો કૌન ઉપાઈ.
ભિન્નકો જબ ચિત્ત ધર્યો, તબ પ્રભુ પધારે તિહિં સમેં,
મધુર રૂપ અનંગ મોહિત, કહત સુધ કીને હમેં;
કરો અબતેં બ્રહ્મ કો, સંબંધ દૈવી સૃષ્ટિ કો,
પાંચ દોષ ન રહે તાકે, 'નિવેદન' કરો વૃષ્ટિ કો. (૧૧)

વચન સુનિ હરખે શ્રીવલ્લભ, યહ આજ્ઞાતેં પરમ અતિ સુલ્લભ;
કંઠ પવિત્રા લે પહરાયે, મિસરી ભોગ ધરિ મન ભાયે.
ભયો ભાયો ચિત્તકો, તબ પુષ્ટિ પથકૂં અનુસરે,
શરણ જે આવત નિરંતર, કાલ-ભયતેં ના ડરે;

પ્રકટ સબ લીલા દિખાવત, નંદ-નંદન જે કરી,
અવનિ પર પદ પદ્મ રાખી, પરિક્રમા મિષ ઉર ધરી. (૧૨)

ફેરિ પંઢરપુર જબ આયે, શ્રીવિઠ્ઠલનાથ કહી મન ભાયે;
'કરિ વિવાહ બહુ રૂપ દિખાઓ, મેરો નામ સુવનકો ધરાઓ.
ધરો ચિત્તમેં બાત યહ, કાશી વિવાહ જુ હોયગો,
મૈં કહ્યો દ્વિજ આય બિનતી, કરે ચરણ સમોયગો;
આય વહાંતે વિવાહ કીનો, અધિક મંગલ તબ ભયો,
નામ ધર્યો 'શ્રીમહાલક્ષ્મી', દેખિ જોરિ દુઃખ ગયો. (૧૩)

પરિક્રમા ત્રીજી ચિત્ત આઈ, નિકસ ચલે શ્રીવલ્લભ રાઈ;
ઝાર ખંડમેં પ્રભુને જતાઈ, અબકે મોહિં મિલો મન ભાઈ.
મિલેંગે હરિદાસ પેં, જહાં તીન દમન કહાવહીં,
ઈંદ્ર, નાગ જુ દેવ દમન, સો મેરો નામ ધરાવહીં;
ફેરકે જબ વ્રજ પધારેં, પાંચ સેવક સંગ હૈં,
સદૂ હૈ આન્યોરમેં, તહાં દ્વારપેં ઠાડે રહે. (૧૪)

સદૂ કહિ 'સ્વામી કછુ ખૈહેં?' મેઘન કહિ 'સેવકકો લૈહેં';
ઈતને પ્રભુ ગિરિ ઉપર બોલે, 'લાઈ નરો દૂધ' રહે અન બોલે.
બોલી નરો 'યહ પાહુને આયે, તિનહીં કો બૈઠારિયેં',
પ્રભુ કહત 'મોહેં બેર લાગત, ભલી ચિત્ત બિચારિયેં;
લે ગઈ પય પ્યાય આઈ, દેખ શ્રીવલ્લભ કહ્યો,
'બચ્યો હોય કછુ હમેં દીજેં', બોલ પહેલો હી ગહ્યો. (૧૫)

દેખ નરો બોલી 'હોં વારી, નામ દિજિયે ગર્વ પ્રહારી';
નામ દીનો પૂછિ 'વે કહાં હૈ?' કહિ-પર્વત પર જાઓ તહાં હૈ.
તહાં દેખે પ્રાણપતિ તબ, હુલસિ દોઉ તન ફૂલહી,
વહી સમે સુખ કહિ ન આવે, પંગુ ગતિ-મતિ ભૂલહી;
હસિ કહ્યો 'સકુટુંબ આવો, નિકટ રહી સેવા કરો',
માનિ બચન પ્રમાણ કીનો, સાસરે દિશ પગ ધર્યો. (૧૬)

કછુક દિન રહી સંગ લે આયે, બસે અડેલમેં નિજ હરખાયે;
સંવત પંદ્રહા સડસઠ આયો, આસો વદિ દ્વાદશી શુભ ગાયો.
ગાયો શ્રીગોપીનાથજી, જબ જન્મ લીનો આયકે,
જાનિ બલકો રૂપ હરખિત, દેત દાન બઢાયકે;
ફેરકે ચરણાટ આયે, કછુક દિન રહે જાનકે,
ધન્ય સંવત પંદ્રહા, ધન બહોંતરા શુભ માનકે. (૧૭)

પોષ કૃષ્ણ નવમી જબ આઈ, ઘર ઘર મંગલ હોત બધાઈ;
શ્રીવિઠ્ઠલનાથ પ્રકટ ભયે સુનિ કે, કહત ફિરત આનંદ ગણ ગુનિ કે.
આનંદ બાઢ્યો ચહું દિશા, છબી નિરખી શ્રીવલ્લભ હસે,
બેઉ કછુ મુસકાય ચિતયે, દોઉ હસન મેરે મન બસે;
તિલક મૃગમદ છિપ્યો હરખિત, કહાંલો ગુણ ગાઈયે,
કૃપાતેં ઉછલિત નિજરસ, છિપત નાહીં છિપાઈયે. (૧૮)

શ્રીગોકુલમેં વાસ સુહાગો, શ્રીરુક્મિણી, પદ્માવતી-પતિ ગાયો;
શ્રી ગિરિવર ધર જિનહીં છબિલો, શ્રીનવનીત પ્રિય અરવિલો.
પ્રિય શ્રીમથુરેશ, શ્રીવિઠ્ઠલેશ, શ્રીદ્વારકેશ જાુ,
શ્રીગોવર્ધન ધર, શ્રીગોકુલચંદ્રમા, શ્રીમધુરેશ જુ;
શ્રીમદન મોહન અષ્ટ, યહ વિધિ, રમણ શ્રી વિઠ્ઠલ નાથકે,
તાતકો ચિત્ત જાનિ સેવા, વિસ્તરી સબ સાથકે. (૧૯)

પંદ્રહસેં સત્તાણું કાર્તિક, વિમલ દ્વાદશી મંગલ નિત ઢિંગ;
પ્રથમ પુત્ર પ્રકટે શ્રીગિરિધર, ષટ્ગુણ ધર્મી, ધર્મ ધુરંધર.
ધુરંધર ઐશ્વર્ય શ્રીગોવિંદ, પંચદશ નિન્યાનવેં,
ઊર્જ શામલ અષ્ટમી શુભ, ગુરુ સુદિન પ્રકટે જબેં;
ઋતુ વિયત શૃંગાર આશ્વિન, અસિત તેરસ ભ્રાં જહી,
શ્રીબાલકૃષ્ણજી મહા પરાક્રમી, વસુ ખ સોલેં રાજહી. (૨૦)

કવિ સહ સુદિ સાતેં શ્રીગોકુલ પતિ, યશ સ્વરૂપ માલા સ્થાપિત રતિ;
સોરહસેં ગ્યારહ કાર્તિક સિત, અર્ક બુધ રઘુનાથ શ્રીસહિત.
હેતુ નિજ અભિધાન પ્રકટે, તાત આજ્ઞા માનકે,
તિથિ કલા બુધ મધુ છઠ, વિમલ જ્ઞાન બખાનકે;
શ્રીયદુનાથ પ્રકટે રહ્યો, વિરહ શ્રીઘનશ્યામ સ્વરૂપકે,
સહ કૃષ્ણ તેરસ રવિજ રિક્ષ, સત કલા શ્રીવિઠ્ઠલ ભૂપકે. (૨૧)

ભામિની, રાની, કમલા બખાની, પારવતી, જાનકી, મહારાની;
કૃષ્ણાવતી મિલિ સાતોં કહાયે, યહ અલૌકિક, રૂપ મહાયે.
મહા અલૌકિક અગ્નિ કુલ સબ, અલૌકિક અષ્ટ છાપ હૈ,
અલૌકિક સબ ભક્ત જન જો, શરણ લીને આપ હૈ;
યથા મતિ કછુ બરનિ આઈ, જાનિયો યહ દાસ હૈ,
‘શ્રીદ્વારકેશ’ નિરોધ માગે, યહી ફલકી આશ હૈ. (૨૨)

વ્રજ : પૌષ કૃષ્ણ એકાદશી — ગુજરાતી : માગશર વદ અગિયારસ

શયન : (રાગ : કલ્યાણ/ઈમન)

મેરે છગનમગન ખેલો આંગન જસુમતિ કે બારે ।
લટકન લટકત લિલાટ ધૂરિ ધૂસર ભરે ગાત કહત મીઠી તોતરી બાત કુંતલ ઘુઘરવારે ॥૧॥
કંઠ કઠુલા બિરાજે કેહરિનખ હીરા છાજે પાયન પૈંજની સોહે નંદકે દુલારે ।
ઘોંધી કે પ્રભુ કે બાલલીલા, અવિગત અવિનાશ ક્રીડા કહત નિગમ,
નેતિ નેતિ બ્રહ્મ વેદ હારે ॥૨॥

વ્રજ : પૌષ શુક્લ ષષ્ઠી — ગુજરાતી : પોષ સુદ છઠ

રાજભોગ : (રાગ : સારંગ)

પોષ નિર્દોષ સુખ કોશ સુંદરમાસ કૃષ્ણ નૌમી સુભગ નવ ઘરી દિન આજ ।
શ્રીવલ્લભ સદન પ્રકટ ગિરિવર ધરન ચારૂ બિધુ વદન છબિ શ્રીવિઠ્ઠલરાજ ॥૧॥
ભીર માગધ ભઈ પઢત મુનિજન વેદ ગ્વાલ ગાવત નવલ વસન ભૂષન સાજ ।
હરદ કેસર દહીં કીચ કો પાર નહીં માનો સરિતા વહી નીર નિર્ઝર બાજ ॥૨॥
ઘોષ આનંદ ત્રિયવૃંદ મંગલગાવે બજત નિર્ઘોષ રસ પુંજ કલ મૃદુગાજ ।
વિષ્ણુદાસ શ્રીહરિ પ્રકટ દ્વિજરૂપ ધર નિગમ પથ દૃઢ થાપ ભક્ત પોષણ કાજ ॥૩॥

શયન : (રાગ : અડાનો/ઈમન)

ચલૌ મેરે લાડિલે હો ।
પાયન પગ ધરો મન મોહન લેહું બલાય ॥૧॥
આજકો દિન સુહાવનો બલિ જાઉં, લાલરે આંગન ખેલિયે ધાય ।
વારોગી સર્વસ **નારાયન** વિપ્રન દૈઉગી ગાય ॥૨॥

વ્રજ : માઘ કૃષ્ણ પ્રતિપદા — ગુજરાતી : પોષ વદ એકમ

મંગલા : (રાગ : લલિત)

ઉનીદી આંખે રંગભરી દુરત નહીં પટ ઓટ ।
ખંજન મીન મૃગ છીન ભયે હૈ વાર ડારો લખકોટ ॥૧॥
ઢુરન મુરન ઝમકન અનિયારે ચંચલ કરત હૈ ચોટ ।
ચતુર વિહારી પ્યારીકી છબિ નિરખત બાંધત રસકી પોટ ॥૨॥

શૃંગાર : (રાગ : લલિત)

કમલસી અખિયાં લાલ તિહારી ।
તિનસોં તકતક તીર ચલાવત વેધત છતિયાં હમારી ॥૧॥
ઈન્હે કહા કોઉ દોષ લગાવત યે અજહુ ન સંભારી ।
શ્રીવિઠ્ઠલ ગિરિધારી કૃપાનિધિ સુરત હીતે સુખકારી ॥૨॥

શયન : (રાગ : ઈમન)

તેરે સુહાગકી મહિમા મોપે બરની ન જાઈ ।
મદનમોહન પિય વે બહુનાયક જાકો મન લિયો હૈ રિઝાઈ ॥૧॥
કવરી કુસુમ ગુહત અપને કર લિખત તિલક ભાલ રસભરે રસિકરાઈ ।
ગોવિંદપ્રભુ રીઝ હૃદય સો લગાય લઈ લાડલે કુંવર મન ભાઈ ॥૨॥

વ્રજ : માઘ કૃષ્ણ અષ્ટમી ગુજરાતી : પોષ વદ આઠમ

મંગલા : (રાગ : લલિત)

મેરે આયે ભોર પિયારે! રૈનિ કહા ગવાંઈ ।
કૌન તિયા-સંગ બસ પરે મોહન! જાનિ પરી ચતુરાઈ ॥૧॥
ગરે હાર બિનુ-ડોર બિરાજત નખ-છત દેત દિખાઈ ।
છીતસ્વામી ગિરિધર વાહી પૈ જાવક પાગ રંગાઈ ॥૨॥

મંગલા : (રાગ : લલિત)

આયે અલસાને જો પે તુમ સરસાને અનત જગે હો રંગે રંગ રાગ કે ।
યે તો જાની મેરે આયે ભોર કાહુ ઓર કે રસકે ચખૈયા ભમ્રર કાહુ બાગ કે ॥૧॥
જહી તે જુ આયે લાલ તહી ક્યોં ન જાઉ જાકે ભાગ જાગે પરમ સુહાગ કે ।
તાનસેન કે પ્રભુ બાતે ન બનાવો બાહુ પૈ જુ સંભારો પેચ પાગ કે ॥૨॥

શૃંગાર : (રાગ : આશાવરી/ધનાશ્રી)

ક્રીડત મણિમય આંગન રંગ ।
પીત તાફતાકી ઝગુલી બની હૈ કુલહી લાલ સુરંગ ॥૧॥
કટિ કિંકિણી ઘોષ વિસ્મત સખી ધાય ચલત બલસંગ ।
ગોસુત પૂંછ ભ્રમાવત કર ગહિ પંકરાગ સોહે અંગ ॥૨॥
ગજમોતિન લર લટકન શોભિત સુંદર લહર તરંગ ।
ગોવિંદ પ્રભુ કે જુ અંગઅંગ પર વારો કોટિ અનંગ ॥૩॥

* * *

જેંવત લલના લાલ સંગ

શીતકાલમાં પ્રભુ સુખાર્થે વિવિધ નવીન પૌષ્ટિક સામગ્રીઓ શ્રીપ્રભુને અંગીકાર થાય છે. વિશેષ કરીને ચૂરમું, ટિકડા, ભરમા, વિવિધ શાક, આદુની અને લવીંગની સામગ્રીઓ, સોભાગસૂંઠ વગેરે ધરાય છે. માગશર અને પોષ માસમાં ધરાતી વિશિષ્ટ સામગ્રીઓ સિદ્ધ કરવાની રીત નીચે આપી છે. આપણે યથાશક્તિ, યથામનોરથ આ સામગ્રીઓ સિદ્ધ કરીએ અને શ્રીપ્રભુને લાડ લડાવીએ.

માગશર સુદ-૧

મગના લોટનો મોહનથાળ

સામગ્રી : મગની દાળનો લોટ ૫૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, ખાંડ ૭૫૦ ગ્રામ, કેસર, જાયફળ,(જરૂર મુજબ) દૂધ-૭૫ ગ્રામ, માવો - ૧૨૫ ગ્રામ.

રીત : પ્રથમ ૮૫ ગ્રામ ઘી અને ૭૫ ગ્રામ દૂધ લઈ, બંનેને ભેગાં કરી, મગની દાળના લોટમાં પધરાવી દાબો દેવો. દાબો દીધા પછી એને મોટી ચાળણીથી ચાળી લેવો. ત્યાર પછી લોટને ઘીમાં શેકવો. બદામી રંગ પકડે એટલે ઉતારી લઈ. માવામાં પધરાવી બરાબર મેળવવો.

ખાંડની ચાસણી બનાવી તેમાં કેસર અને જાયફળ પધરાવવાં. શેકેલો લોટ ચાસણીમાં પધરાવી એક રસ કરી ઠંડો થયે ઠારવો. ઠરી ગયા પછી એના પર બદામ પીસ્તાના ઝીણા ટૂક પધરાવી જરૂર પ્રમાણે ટૂક કરી લેવા.

માગશર સુદ-૨

બુંદીના લાડુ

સામગ્રી : ચણાનો લોટ (બેસણ) ૫૦૦ ગ્રામ, ખાંડ ૧ કિલો ૨૫૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, કેસર, એલચી, ચારોળી, કીસમીસ (જરૂર મુજબ), અડદનો લોટ ૫૦ ગ્રામ.

રીત : સૌ પ્રથમ ૫૦ ગ્રામ જેટલું ઘી લઈ ગરમ કરી બેસણમાં મોણ કરવું. તે પછી જળ પધરાવી મઠા જેવું નરમ ખીરું કરવું. બુંદીનાં ખીરામાં (૫૦૦ ગ્રામ) ૫૦ ગ્રામ અડદનો લોટ પધરાવવાથી વધુ સુંદર અને કોમળ થશે. તેને એક કલાક રહેવા દેવું. બીજી બાજુ સવા કીલો ખાંડની બે તારી ચાસણી બનાવવી. તેમાં કેસર, એલચી, ચારોળીને કીસમીસ પધરાવવાં. પેણીમાં ઘીનું પ્રમાણ સારું રાખવું. ભરી પેણીમાં બુંદી સરસ થાય. ઘી બરાબર ગરમ થાય એટલે બુંદીના ઝારાથી પેણીમાં બુંદી પાડવી. બુંદી ફૂલીને ગોળ થવી જોઈએ. ચપટી ન થઈ જાય તેનું ધ્યાન રાખવું. તેને પેલીમાં ઝારાથી હલાવતાં રહેવું. બરાબર તળાઈ જાય એટલે ઝારાથી બહાર કાઢી, ઘી નીતારી ગરમ ચાસણીમાં ડુબાડવી. બુંદી પાડવાનો, તળવાનો અને ચાસણીનો એમ ત્રણ અલગ ઝારા રાખવા. બુંદી થતી જાય તેમ ચાસણીમાં પધરાવતાં જવી. ઠંડી પડી ગયા પછી તેના લાડવાની જેમ ગોળ નંગ વાળવાં.

માગશર સુદ-૩

કપૂર નાડી :

સામગ્રી : માવો ૨૫૦ ગ્રામ, મીસરીનો રવો ૨૫૦ ગ્રામ, ઘી, બરાસ, લવીંગ

રીત : એક કઢાઈમાં માવાને ધીમી આંચ પર ચઢાવવો. એમાં પીસેલી મિશ્રી ૫૦ ગ્રામ પધરાવવી. બરાબર એકરસ થયે ઉતારી લેવી અને એમાં બરાસ મેળવવું. બાકીના મિશ્રીના રવામાં ઘી મેળવી પૂરણ બનાવવું. માવાની પૂરી વણી એમાં મિશ્રીનું પૂરણ મૂકી, કપૂરનાડી વાળવી એમાં લવીંગ ખોસવા.

સૂરજ રોટી :

સામગ્રી : ઘઉંનો લોટ ૫૦૦ ગ્રામ, દળેલી ખાંડ ૨૫૦ ગ્રામ, ઘી ૧૨૫ ગ્રામ, કોપરાનું ખમણ ૨૫૦ ગ્રામ, એલચી.

રીત : ઘઉંનાં લોટમાં ઘીનું મોણ કરવું. તે પછી જળથી લોટ બાંધવો. તેના નાના લુવા કરવા. બીજી બાજુ કોપરાના ખમણને ઘીમાં શેકવું. તેમાં દળેલી ખાંડ અને એલચી પધરાવવાં. તેનું પૂરણ તૈયાર કરી ગોળ નંગ વાળવા. ઘઉંના લુવામાં પૂરણ ભરી રોટી વણી તેને ઘીથી શેકવી. ઉતારી લઈ ઉપર ઘી ચોપડવું.

ગળી રોટલી : (પૂરણ પોળી-વેઢમી)

સામગ્રી : તુવરની દાળ ૫૦૦ ગ્રામ, ગોળ અથવા ખાંડ ૭૫૦ ગ્રામ, ઘી ૧૨૫ ગ્રામ, ઘઉંનો લોટ (રોટલીનો) ૫૦૦ ગ્રામ, એલચી, જાયફળ, જાવંત્રી, ઘી.

રીત : ઘઉંના લોટમાં મોણ કરી જળથી નરમ લોટ બાંધવો. તેને ટૂંપીને નરમ કરી રાખવો.
તુવરની દાળમાં જળ પધરાવી બાફવા મૂકવી. બરાબર સીઝાઈ જાય એટલે તેને ઘૂંટવી અને ગોળ પધરાવી એકરસ કરવો. પછી ગેસ ઉપર મૂકી ઉકાળવું. ઘટ્ટ થાય એટલે ઉતારી ઠરવા દેવું. તેમાં એલચી, જાયફળ, જાવંત્રી પ્રમાણસર પધરાવવાં. બરાબર હલાવી, ઠંડુ થયે ગોળ નંગ વાળવા. ઘઉંની કણેકમાંથી નાના નાના લુવા બનાવવા. લુવાને વણી તેમાં પૂરણનું નંગ મૂકી ચારે બાજુએથી ભેગી કરી, સાંધ મેળવી, અટામણ લઈને રોટલી વણવી. તવી ઉપર બંને બાજુ શેકવી. તેને ઉતારી લઈ ચમચીથી ઘી લગાવવું. આ જ પ્રમાણે ગોળને બદલે ખાંડની અને તુવરની દાળને બદલે ચણાની દાળની અથવા બંને દાળની ભેગી પૂરણપોળી પણ બનાવી શકાય.

માગસર સુદ-૫

મગની દાળનો મગસ :

સામગ્રી : મગની દાળનો કરકરો લોટ ૫૦૦ ગ્રામ, દૂધ ૮૦ ગ્રામ અને ઘી ૫૦૦ ગ્રામ, દળેલી ખાંડ ૫૦૦ ગ્રામ, ઈલાયચી (જરૂર મુજબ).

રીત : મગના કરકરા લોટમાં ૭૫ ગ્રામ ઘી અને ૮૦ ગ્રામ દૂધ ભેળવી દાબો દેવો. થોડીવાર પછી તેને ચાળણીથી ચાળી લેવો.
પેણીમાં ઘી મૂકી, ગરમ થાય એટલે દાબો દઈ ચાળેલો લોટ પધરાવવો અને ધીમા તાપે શેકવો. બદામી રંગ પકડે એટલે ઉતારી ઠંડો થવા દેવો. જરા ગરમ રહે ત્યારે એમાં ખાંડ પધરાવી, બધું એકરસ કરી ઠારી દેવું.

બીજે દિવસે ૧૨૫ ગ્રામ ઘી ગરમ કરી તેનાં પર રેડી ઠરવા દેવું. ઘી ઉપર ખોખરી કરેલી એલચી પ્રમાણસર પધરાવવી. એક રાત રહેવા દઈ, બીજે દિવસે એના ટૂક કરવા.

બેંગન ભાત : (બેંગણ - રીંગણા)

સામગ્રી : ચોખા ૧૦૦ ગ્રામ અને રીંગણ ૨૦૦ ગ્રામ, મસાલા જરૂરિયાત મુજબ. વઘાર માટે તેલ બે ચમચી ખાંડ અને બે ચમચી ઘી.

રીત : રીંગણ (લાંબા કાળાં વંત્યાક) ૨૦૦ ગ્રામ લઈ, ધોઈ તેના ઝીણા ટુક કરવા. ચોખાને અડધો કલાક પલાળી રાખવા. ત્યાર પછી તેલ, રાઈ, હિંગનો વઘાર કરી ચોખા અને રીંગણ સાથે વઘારી દેવાં. મીઠું, મરચું, હળદર પ્રમાણસર કરી પ્રમાણસર જળ કરી કૂકરમાં બાફવા માટે મૂકી દેવા. કૂકર ઠંડુ થયે ખોલી, વેંગણભાતમાં થોડીક ખાંડ અને ઘી પધરાવી, હલાવી, શ્રીને ધરાવવું.

શીરો બદામનો

સામગ્રી : બદામ ૧૨૫ ગ્રામ, બુરૂ ૨૫૦ ગ્રામ, ઘી ૧૨૫ ગ્રામ, દૂધ, કેશર, એલચી પ્રમાણસર.

રીત : બદામને ગરમ જળમાં સ્હેજ બાફી, તેનાં છોડાં ઉતારી લેવાં. તેને મુલાયમ પીસી ઘીમાં ધીમા તાપે શેકવી. શેકાઈ રહે એટલે એમાં દૂધ પધરાવી, તવેથાથી હલાવતાં રહેવું. દૂધ દેખાતું બંધ થાય એટલે બુરુ પધરાવી ખદખદવા દેવું. ખાંડનું જળ શોષાઈ જાય એટલે નીચે ઉતારી તેમાં કેસર પધરાવવું. થોડું ઠંડુ પડે ત્યારે એલચી પધરાવવી.

થૂલી - (ગોળની/ખાંડની)

સામગ્રી : રવો (મોટો છતાં લાપસી કરતાં ઝીણો) ૫૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, કિસમીસ ૫૦ ગ્રામ, દળેલી ખાંડ ૭૫૦ ગ્રામ, એલચી.

રીત : રવાને ૧૦૦ ગ્રામ ઘીનું મોણ દેવું. ૧ કીલો જળનું અધરણ થાય એટલે એમાં મોયેલો રવો ઓરી દેવો. પછી કણી દબાય એવી થાય એટલે કીસમીસ ચારોળી પધરાવવાં. નીચેથી આંચ કાઢી લઈ, થૂલીના વાસણ પર ઢાંકણ ઢાંકી સીજવા દેવી. પછી થોડીવારે કણી ખીલે એટલે તેમાં ૨૦૦ ગ્રામ ઘી, અને દળેલી ખાંડ પધરાવવી. બરાબર મેળવી જરા સસણે એટલે ઉતારી લેવી. તેમાં પ્રમાણસર એલચી મેળવી, હલાવી ઢાંકેલી રહેવા દેવી. ગેસ ઉપર કરવી હોય તો અધરણમાં રવો ઓરી કૂકરમાં મૂકી દેવો. સીજી જાય પછી કૂકરમાંથી કાઢી લઈ ઘી અને દળેલી ખાંડ પધરાવવા. ગોળની કરવી હોય તો જળમાં ગોળ પધરાવી અધરણ થાય પછી રવો ઓરી દેવો.

માગશર સુદ-૬

મેંદાનો મગસ :

સામગ્રી : મેંદો ૨૫૦ ગ્રામ, ઘી ૨૫૦ ગ્રામ, બુરુ ૩૦૦ ગ્રામ, દૂધ દાબો દેવા માટે, એલચી, બદામ, ચારોળી જરૂરિયાત મુજબ.

રીત : મેંદાને ઘી અને દૂધથી દાબો દઈ થોડીવાર રાખી મૂકવો. પછી તેને હાથથી મસળી છૂટો પાડી ચાળી લેવો. પેણીમાં ઘી ગરમ મૂકી, તેમાં લોટ નાંખી ધીમા તાપે શેકવો. પછી ઉતારી લઈ ઠંડુ પડવા દેવું. સહેજ ગરમ હોય ત્યારે બુરુ પધરાવવું. જરૂર પડે તો થોડું ગરમ ઘી પધરાવવું. બરાબર હલાવી એકરસ કરી થાળીમાં ઠારવું. તેના પર બદામ, ચારોળી, એલચી પધરાવવાં. બીજે દિવસે ટૂક કરવા.

માગશર સુદ-૭

બુંદી : (છૂટી બુંદી)

સામગ્રી : બેસન ૫૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, ખાંડ ૧ કિલો,

રીત : ૫૦૦ ગ્રામ બેસનમાં ૫૦ ગ્રામ ઘીનું મોણ દઈ જરૂર પ્રમાણે જળ કરી ખીરું બનાવવું. ખાંડની બે તારી ચાસણી બનાવવી. પેણીમાં ઘી મૂકી બુંદી પાડી તળવી. જેમ બુંદી તળાતી જાય તેમ તેને કાઢીને ચાસણીમાં પધરાવતાં જવી. તવેથાથી છુટી પાડતા જવું અને બીજા વાસણમાં કાઢી લેવી.

જલેબી :

સામગ્રી : મેંદો ૨૫૦ ગ્રામ, ચણાનો લોટ ૨૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, ખાંડ ૭૫૦ ગ્રામ, દહીં ૨૦ ગ્રામ, કેસર પ્રમાણસર.

રીત : મેંદો અને ચણાનો લોટ ભેગાં કરી તેમાં ગરમ ઘીનું મોણ કરવું. પછી તેમાં દહીં ભેળવી, જળ પધરાવી હાથથી ખૂબ હલાવવું અને મઠા જેવું ખીરું તૈયાર કરવું. એક દિવસ રહેવા દઈ બીજે દિવસે તેની જલેબી બનાવવી. શિયાળામાં બે દિવસ રહેવા દેવું.

ખાંડમાં જળ પધરાવી બે તારી ચાસણી તૈયાર કરવી. તેમાં કેસર પધરાવવું.

જલેબી માટેની ખાસ તાવડી (છાછર)માં ઘી ગરમ કરવા મૂકવું. જલેબી પાડવા માટે કાણાંવાળો કકડો, નાળીયેરનું કાણાંવાળુ કાચલું અથવા દૂધની પ્લાસ્ટીકની થેલીમાં કાણું પાડી તેનો ઉપયોગ કરી શકાય. જલેબી તળાય એટલે ઝારાથી કાઢી તુરત જ ચાસણીમાં પધરાવવી. ચાસણી બરાબર પીવે પછી થાળીમાં કાઢતાં જવું.

ઘાસના લાડુ :

સામગ્રી : અડદનો લોટ ૫૦૦ ગ્રામ, ઘી ૬૨૫ ગ્રામ, ખાંડ ૧ કીલો ગ્રામ, એલચી, ચારોળી, દ્રાક્ષ.

રીત : અડદના લોટમાં ઘીનું મોણ કરવું. પછી જળ ઉમેરી તેનું નરમ ખીરું બનાવવું.

બીજી બાજુ ખાંડની બે તારી ચાસણી બનાવવી. તેમાં એલચી, ચારોળી અને દ્રાક્ષ પધરાવવી. એક પેણીમાં ઘી ગરમ કરી, બુંદીના ઝારાથી ઉપર પ્રમાણે બનાવેલા ખીરામાંથી બુંદી પાડવી. બુંદી ફૂલીને ગોળ થાય એટલે ઝારાથી કાઢી ગરમ ચાસણીમાં ડુબાડવી. જેમ જેમ બુંદી તળાતી જાય તેમ તેમ તેને ચાસણીમાં પધરાવતા જવું. ઠંડુ પડ્યા પછી તેનાં નંગ વાળવા.

માગસર સુદ-૮

ડબકાની કઢી :

સામગ્રી : દહીં અથવા છાશ, ઘી, ચણાનો લોટ (બેસન), લૂણ, હળદર, આદુના ટૂક, જીરૂ, રાઈ, હિંગ, મીઠો લીમડો, કોથમરી, મરીનો ભૂકો, ખાંડ.

રીત : દહીંને વલોવી છાશ બનાવવી. તેમાં બેસન, લૂણ અને આછી હળદર કરી એક રસ કરી, ધીમા તાપે ઉકાળવા મૂકવી. હલાવતાં રહેવું. ઉભરો આવે ત્યારે આદુ, ખાંડ, મરીનો ભૂકો પધરાવવાં. ચણાનાં લોટમાં છાશ અને લૂણ ભેળવી ખીરું બનાવવું. તેનાં ડબકાં કઢીમાં મૂકવા. ચઢી જાય એટલે ઘીમાં રાઈ, જીરૂ, મીઠો લીમડો, હિંગ નાંખી વઘાર કરવો. (તજ-લવીંગ પણ વાપરી શકાય.)

બાસુંદી :

સામગ્રી : દૂધ ૨ લીટર, બૂરુ ખાંડ ૨૦૦ ગ્રામ, એલચી, કેસર.

રીત : દૂધને કઢાઈમાં ગરમ કરવા મૂકવું. એક ઉભરો આવે એટલે આંચ જરા મંદ કરવી. ઉપર તર જામે તે કઢાઈની બાજુમાં એકઠી કરતાં જવી. ઉકળતા ઉકળતા દૂધ ગાઢું થાય એટલે તર પાછી દૂધમાં મેળવી દેવી. બરાબર મેળવાઈ જાય એટલે ઉતારી લેવી. ઠંડી પડ્યા પછી તેમાં બુરુ ખાંડ ૨૦૦ ગ્રામ તથા પીસેલી એલચી નાંખી હલાવવી.

બાસુંદી કેશરી કરવી હોય તો કેસર કરવું.

બુંદી : બુંદીની રીત માટે જુઓ માગશર સુદ સાતમ

મોહનથાળ :

સામગ્રી : ચણાનો લોટ ૫૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, ખાંડ ૭૫૦ ગ્રામ, કેસર ૧ ગ્રામ

રીત : પ્રથમ ૮૫ ગ્રામ ઘી અને ૭૫ ગ્રામ દૂધ બંનેને ભેગાં કરી ચણાના લોટમાં પધરાવી દાબો દેવો. દાબો દીધા પછી તેને મોટી ચાળણીથી ચાળી લેવો. આ લોટને ઘીમાં શેકવો. સોડમ આવે અને બદામી રંગનો થાય ત્યાં સુધી શેકવો.

બાજુમાં ચાસણી તૈયાર કરી રાખવી. ખાંડમાં જળ પધરાવી એક થી દોઢ તારી ચાસણી બનાવવી. તેમાં કેસર ઘૂંટીને પધરાવવું અને ઉતારી લેવી. તે પછી ઉપર પ્રમાણે શેકેલો લોટ ચાસણીમાં પધરાવી હલાવી એકરસ કરવો. ઠંડો થયા પછી થાળીમાં ઠારી ઉપર વરખ પાથરવા અને જોઈએ તેવા ટૂક કરવા.

સેવ : (બેસનની ઝીણી સેવ)

સામગ્રી : બેસણ ૫૦૦ ગ્રામ, ઘી ૩૭૫ ગ્રામ, સિંધાલૂણ, હળદર, હિંગ, મરી પીસેલાં.

રીત : બેસનમાં સિંધાલૂણ, હળદર, હિંગ અને વાટેલાં મરી ભેળવી, જળથી શીરા જેવો લોટ બાંધવો. ઘીનો હાથ દઈ બારીક ઝારા પર પધરાવવો અને કડાઈમાં ઘી ગરમ કરી, તેમાં સેવ પાડી, તળવી. તળાઈ રહે એટલે ઝારાથી કાઢી લઈ થાળીમાં પધરાવવી (લૂણ ઉપર પર છાંટી શકાય)

માગશર સુદ-૯

આદુની લીટી (મસાલાવાળી બાટી) :

સામગ્રી : ઘઉંનો લોટ ૫૦૦ ગ્રામ, મોણ માટે અને તળવા માટે ઘી, આદુનો રસ અથવા એકદમ બારીક ટુકડા, મીઠું, અજમો હિંગ, હળદર વગેરે મસાલા.

રીત : ઘઉંના લોટમાં ઘીનું ખૂબ મોણ કરવું. પછી તેમાં આદુનો રસ અથવા બારીક ટુકડા, મીઠું, હળદર, અજમો, હિંગ વગેરે મસાલા કરી જળથી કઠણ કણેક બાંધવી. લુવા પાડી, જાડી ભાખરી જેવી વણી, ઘીમાં ધીમા તાપે તળવી. ઠંડી થયે શ્રી...ને ધરાવવી. બાટી જેમ જ બનાવવી. બાજરીના લોટની પણ બનાવી શકાય.

ચૂરમું : (ચૂરમાના લાડુ)

સામગ્રી : ઘઉંનો કરકરો લોટ ૫૦૦ ગ્રામ, ઘી ૩૭૫ ગ્રામ, ખાંડ ૩૫૦ ગ્રામ, એલચી.

રીત : ઘઉંના લોટમાં ઘીનું મોણ દઈ. જળથી કઠણ લોટ બાંધવો. તેનાં મૂઠિયાં વાળી ઘીમાં ધીમા તાપે તળી કાઢી લેવાં. ઠંડા પડે એટલે તેને ખાંડી ચાળણીથી ચાળી લેવાં. તેમાં ગરમ ઘી, ખાંડ, એલચી

પધરાવી બરાબર હલાવવું. થાળીમાં ઘી ચોપડી ઠારી દેવું. લાડુ બનાવવા હોય તો લાડુ વાળી તેના પર ખસખસ લગાડવી. આજ રીતે બાજરીના લોટનું ચૂરમું પણ કરી શકાય.

સીતાફળનો પનો :

સામગ્રી : બે મોટાં સીતાફળ, ખાંડ ૧૦૦ ગ્રામ, એલચી.

રીત : સીતાફળ ધોઈ, તેનો ગર કાઢી લેવો. આ ગર ચારણીથી ગાળી લેવો. ખાંડમાં જળ કરી, હલાવી, ખાંડ ઓગળી જાય એટલે તેમાં ગાળેલો ગર પધરાવી દેવો. એલચી કરવાં. બધું હલાવી બરોબર મીક્સ કરી શ્રી...ને ધરાવવો.

માગશર સુદ-૧૦

બદામના ગુંજા-ઘૂઘરા (અનસખડી)

સામગ્રી : બદામ ૧૦૦ ગ્રામ, માવો ૧૦૦ ગ્રામ, ખાંડ ૧૫૦ ગ્રામ, મેંદો ૨૦૦ ગ્રામ, એલચી, મોણ માટે અને તળવા માટે ઘી.

રીત : દૂધમાં ખાંડ પધરાવી, માવો કાઢી, તેને ઘીમાં શેકી લેવો. બદામને ગરમ પાણીમાં પલાળી, ધોઈ, છોડા ઉતારી સૂકવી દેવી. સૂકાઈ જાય એટલે બદામનો ભૂકો કરી લેવો. માવામાં ભેળવી દેવો. એલચી કરવા. પૂરણ તૈયાર થયા પછી મેંદામાં ઘીનું મોણ કરી, પૂરી જેવો લોટ બાંધવો. નાની પૂરી વણી તેમાં માવો-બદામનું પૂરણ ભરી ઘૂઘરાની જેમ કિનાર બાંધી લેવી. ઘીમાં ધીમા તાપે તળી લેવાં. દૂધઘરમાં આ સામગ્રી સિદ્ધ કરવી હોય તો માવાની પૂરી બનાવી તેમાં બદામનો ભૂકો અને બુરું ખાંડનું પૂરણ ભરવું. કિનાર બાંધી લેવી. સામગ્રી તૈયાર.

માગશર સુદ-૧૧

શીંગોડાના લોટનો મનોહર :

સામગ્રી : શીંગોડાનો લોટ ૨૫૦ ગ્રામ, ઘી ૪૦૦ ગ્રામ, ખાંડ ૫૦૦ ગ્રામ, દૂધ ૫૦૦ ગ્રામ, કેસર, જાયફળ.

રીત : શીંગોડાનાં લોટને ઘીનું મોણ દઈ દૂધમાં ઓગાળી ખદખદાવવો. શીરા જેવો થાય એટલે ઉતારી ઠંડો પડવા દેવો. હવે ઘીને કડાઈમાં ગરમ કરી આંચ ધીમી કરવી. અને લોટની સેવ પાડવી. બીજી બાજુ ખાંડની ચાસણી બનાવી તૈયાર રાખવી. તેમાં કેસર જાયફળ પધરાવવાં. સેવ ઉતરતી જાય તેમ ચાસણીમાં પધરાવતા જવું. ઠંડુ પડે મસળીને નંગ વાળવા.

માગશર સુદ-૧૨

ખીરવડાં :

સામગ્રી : દૂધ-૧/૨ લીટર, ચોખા ૫૦ ગ્રામ, દળેલી ખાંડ પ્રમાણસર, ઘઉંનો રવો ૫૦ ગ્રામ, એલચી.

રીત : પ્રથમ દૂધને બરાબર ગરમ કરવું. તેમાં ચોખા પધરાવી ધીમા તાપે ખીર બનાવવી. હલાવતા જવું. ખીર ગાઢી થઈ જાય અને ઠંડી થાય એટલે તેમાં ઘઉંનો રવો ભેળવવો જેથી વડા બનાવવા જેવું ખીરું તૈયાર થાય. ઘી ગરમ કરી તેમાં ધીમા તાપે વડાં તળવાં. બરાબર તળાઈ જાય એટલે ઝારાથી કાઢી લઈ થાળીમાં પધરાવવાં. તેનાં ઉપર એલચી મિશ્રિત દળેલી ખાંડ ભભરાવવી.

માગશર સુદ-૧૩

વેસણનો મગસ :

સામગ્રી : ચણાનો ઝીણો લોટ (વેસણ) ૫૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ + ૧૦૦ ગ્રામ, દળેલી ખાંડ અથવા બુરુ ૬૨૫ ગ્રામ, એલચી, ચારોળી, પીસ્તા, દૂધ ૧૦૦ ગ્રામ.

રીત : ચણાનો ઝીણો લોટ લઈ તેને ૧૦૦ ગ્રામ ઘી અને ૧૦૦ ગ્રામ દૂધ ઉમેરી દાબો દેવો. પછી તેને છુટ્ટો પાડી ચારણીથી ચાળી લેવો. પેણીમાં ઘી મૂકી, ઘી ગરમ થાય એટલે એમાં લોટ પધરાવી ધીમા તાપે શેકવો. બદામી રંગ પકડે એટલે ઉતારી ઠંડો પડવા દેવો. સ્હેજ ગરમ રહે ત્યારે તેમાં દળેલી ખાંડ અને બાકી રહેલું ઘી પધરાવવું. બધું એકરસ કરી ઠારી દેવું. બીજે દિવસે ૧૦૦ ગ્રામ ઘી તેના પર ઠારવું. ચારોળી, પીસ્તાની કતરી, ખોખરી કરેલી એલચી પધરાવી એક રાત રહેવા દઈ બીજે દિવસે ટૂક કરવા.

આજ રીતે મેંદાનો મગસ પણ બનાવી શકાય. (જુઓ માગશર સુદ છઠ) મગના લોટના મગસની રીત માટે જુઓ માગસર સુદ પાંચમ.

માગશર સુદ-૧૪

મૂઠિયાનું ચૂરમું :

રીત માટે જુઓ માગશર સુદ નોમ.

મગના લોટના પૂડલા :

સામગ્રી : મગની દાળનો લોટ ૫૦૦ ગ્રામ, તેલ ૧૨૫ ગ્રામ, મીઠું, હિંગ, હળદર, કાળાં મરી પ્રમાણસર.

રીત : મગની દાળના લોટમાં મીઠું, હિંગ, હળદર, અને કાળાં મરી પ્રમાણસર ઉમેરી તેમાં જળ પધરાવી પાતળું ખીરું બનાવવું. ગરમ તવી ઉપર તેલ કરી ખીરું પાથરવું. એક બાજુ થાય એટલે ઉથલાવી બીજી બાજુ થવા દઈ તવેતાથી ઉતારી લેવું.

મગની દાળના પૂડલા કરવા માટે દાળને પાંચ કલાક પાણીમાં પલળવા દેવી. ત્યારબાદ એને ધોઈને વાટી નાંખવી. એમાં મસાલો ઉમેરી પૂડલા ઉતારવા.

માગસર સુદ-૧૫

ખીર : ચોખાની ખીર

સામગ્રી : દૂધ $^{૧}/_{૨}$ લીટર, ચોખા ૨૦ ગ્રામ, ખાંડ ૧૦૦ ગ્રામ, ઘી (ચોખા મોવા માટે), એલચી, ચારોળી, બદામ.

રીત : ચોખાને ઘીથી મોઈ બાજુ પર રાખવા. દૂધ ગરમ કરવા મૂકવું. ઉભરો આવે એટલે તેમાં ચોખા પધરાવવા. ચોખા સીજાઈ જાય પછી ખાંડ પધરાવવી. બધું એકરસ થાય એટલે બદામના ટૂક, એલચી, ચારોળી પધરાવી નીચે ઉતારી લેવું.

સેવની ખીર :

સામગ્રી : દૂધ ૧/૨ લીટર, પાટિયાની સેવ ૨૦ ગ્રામ, ખાંડ ૧૦૦ ગ્રામ, થોડું ઘી સેવ શેકવા પૂરતું, એલચી, બદામ, ચારોળી.

રીત : પ્રથમ સેવને ઘીમાં શેકવી. બદામી રંગની થાય એટલે એમાં દૂધ પધરાવવું. (દૂધને ગરમ કરી રાખવું.) સેવ બરાબર સીજાઈ જાય પછી તેમાં ખાંડ પધરાવવી. બધું એકરસ થાય એટલે એલચી, બદામના ટૂક, ચારોળી પધરાવી ઉતારી લેવું.

આ રીતે સંજાબની, મણકાની વગેરે જાતની ખીર પણ સિદ્ધ કરી શકાય.

ચંદ્રકળા : (સફેદ-કેસરી)

સામગ્રી : મેંદો ૨૫૦ ગ્રામ, ચોખાનો લોટ ૧૦૦ ગ્રામ (ઝીણો-અટામણ જેવો), ઘી ૭૫૦ ગ્રામ, ખાંડ ૪૦૦ ગ્રામ, કેસર રંગ બેસે તેટલું.

રીત : ૨૦ ગ્રામ જેટલું ઘી ગરમ કરી મેંદામાં મોણ કરવું. એકરસ કરી જળથી પૂરી જેવો લોટ બાંધવો. ચંદ્રકળા બનાવવી હોય તેના બે કલાક અગાઉ લોટ બાંધી રાખી મૂકવો. પછી ૧૦૦ ગ્રામ જેટલું ઘી લઈ તેને ખૂબ ફીણવું. નરમાશ પકડે એટલે એમાં ૧૦૦ ગ્રામ ચોખાનો લોટ પધરાવી પાછું ફીણવું. આ રીતે સાટો તૈયાર કરી રાખવો. હવે મેંદાનાં બાંધેલા લોટમાંથી પૂરી જેવો લુવો કરી, થાળી પર મૂકી, થાળી દેખાય એટલો પાતળો રોટલો વણવો. પછી તેના પર ચારે બાજુ, તૈયાર કરેલ ચોખાનો સાટો લગાવવો (પાથરવો) પછી ઉપરથી નીચે લંબગોળ આકારમાં પાંતરાની જેમ વીંટો વાળવો. એક છેડેથી બીજા છેડા સુધી ગોળ વાળતા જવો. વળાઈ રહે એટલે સ્હેજ દબાવવો. તેના લુવા પાડવા. પછી હલકે હાથે રવામેંદાની પૂરી જેટલી જાડાઈ રહે એ મુજબ વેલણથી ગોળ પૂરી જેવી વણવી. તાવડીમાં ઘી ગરમ કરી એમાં પધરાવી તળવી. તેના પર ચમચાથી તાવડીમાંથી ઘી રેડતા જવું જેથી પાંદડી પડશે. સફેદ રહેવી જોઈએ અને અંદરથી સીજવી જોઈએ. લોટની કચાશ ચાલી જવી જોઈએ. પાંદડી કડક બને એટલે એને ફેરવવી. બેઉ બાજુ થઈ જાય એટલે ઝારા પર લઈ ઘી નીતરવા દઈ. ટોપલીમાં દરેક નંગ છુટ્ટા છુટ્ટા ગોઠવવા. ઉપર જાળી ઢાંકી રાખવી. બીજે દિવસે ૪૦૦ ગ્રામ ખાંડની જલેબી જેવી એક તારી ચાસણી બનાવવી (કેસરી કરવી હોય તો તેમાં કેસર પધરાવવું) ચાસણી જાડાઈ પકડે અને સહેજ ગરમ રહે ત્યારે ચંદ્રકળા ઉપર ચારે બાજુ લાગે તે રીતે પધરાવતા જવું.

લવિંગ ભાત :

રીત : તપેલીમાં ઘી મૂકી, ગરમ કરી તેમાં લવીંગનો વઘાર કરવો અને જળ ઉમેરવું. જળ ઉકળે એટલે તેમાં ચોખા ધોઈને ઓરવા. ચોખા ચઢી જાય પછી ઉતારી લઈને લૂણ, ખાંડ તથા લીંબુનો રસ કરવો. (હળદર અને સ્હેજ હિંગ પણ કરી શકાય) તાવેથાની અણીથી હલાવી સીજવા દેવો.

માગશર વદ-૧

મગના લોટનો, વેસનનો, મેંદાનો મોહનઠાર :

૧. મગના લોટનો મોહનઠાર : જુઓ માગશર સુદ એકમ.

૨. બેસનનો મોહનઠાર : જુઓ માગશર સુદ આઠમ.

3. મેંદાનો મોહનઠાર (માવાવાળો)

સામગ્રી : મેંદો ૫૦૦ ગ્રામ, ઘી ૬૦૦ ગ્રામ, માવો ૧૨૫ ગ્રામ, ખાંડ ૧ કીલો, કેસર, એલચી, બદામ, પીસ્તા, દૂધ.

રીત : ૮૫ ગ્રામ ઘી અને ૭૫ ગ્રામ દૂધ બંનેને ભેગા કરી, મેંદામાં પધરાવી ધાબો દેવો. તેને ચાળણીથી ચાળી ઘીમાં શેકવો. મેંદો બરાબર શેકાઈ જાય એટલે ઉતારી એને ૧૨૫ ગ્રામ માવામાં પધરાવી દેવો. એકરસ કરવો.

૧ કીલો ખાંડની ચાસણી બનાવવી. તેમાં કેસર પધરાવવું. તેમાં શેકેલા મેંદાને પધરાવી એકરસ કરવો. જામવા માંડે એટલે એલચી કરી દેવી. પછી ઠારી, એના પર બદામ પીસ્તાની ઝીણી ફાંડ પધરાવી, જોઈએ એવા ટૂક કરી લેવા.

માગશર વદ-૨

સૌભાગ્યસૂંઠ :

સામગ્રી : સૂંઠ ૨૫૦ ગ્રામ, બદામ ૨૫૦ ગ્રામ, પીસ્તા ૧૨૫ ગ્રામ, ચારોળી ૧૨૫ ગ્રામ, એલચી ૨૫ ગ્રામ, તજ ૧૦ ગ્રામ, પીપર ૧૦ ગ્રામ, કેસર ૩ ગ્રામ, અંબર ૧ ગ્રામ, કસ્તુરી ૧ ગ્રામ, બરાસ ૧ ગ્રામ, લવીંગ ૧૦ ગ્રામ, મરી ૧૦ ગ્રામ, જાયફળ ૧૦ ગ્રામ, જાવંત્રી ૧૦ ગ્રામ, ખાંડ ૩ કીલો, ઘી ૭૫૦ ગ્રામ, દૂધ ૩ લીટર, ચાંદીનાં વરખ.

રીત : પ્રથમ દૂધનો માવો બનાવવા માટે દૂધને પેણીમાં પધરાવી ગેસ પર મૂકવું. તવેથાથી હલાવતા રહેવું, જેથી ચોટે નહીં. ઘટ્ટ થાય એટલે ઉતારી લઈ માવો પેણીમાં પાથરી દેવો. ઠંડો પડે ત્યારે પેણીમાંથી કાઢી લેવો. માવો સફેદ જ રહેવો જોઈએ. માવો ઠંડો થયા પછી તેને ચાળીને છૂટો કરી લેવો. થોડું ઘી મૂકીને ધીમી આંચે શેકી લેવો. સૂંઠ ખાંડીને બારીક ભૂકો કરવો. થોડું ઘી મૂકીને ધીમી આંચે શેકી લેવી. બદામ, પીસ્તા, ચારોળીના ભૂકા કરવા. ઘીમાં જરા શેકી લેવા. શેકેલો માવો, સૂંઠ અને આ ભૂકા મેળવી દેવા.

લવીંગ, પીપર, તજ, મરી, જાયફળ, જાવંત્રી વગેરેને ખાંડીને બારીક ભૂકા કરવા. અંબર કડકડતા ઘીમાં નાખવાથી ઓગળી જશે. એલચી, બરાસનો પણ ભૂકો કરવો. બધું તૈયાર થઈ ગયા બાદ ખાંડની ચાસણી ત્રણ તારી કરવી. તેમાં ઘૂંટેલું કેસર પધરાવવું. ચાસણી થઈ ગયા બાદ ઉપર પ્રમાણે તૈયાર કરેલ માવો, સૂંઠ અને બદામ-પીસ્તા-ચારોળીનું મિશ્રણ ચાસણીમાં પધરાવવું. બરોબર હલાવી એકરસ કરવું. ઠંડુ થવા આવે ત્યારે બધા તેજાનાના ભૂકા, એલચી અને બરાસ વગેરે પધરાવી બધું એકરસ કરવું. આ મિશ્રણમાં ઘી પધરાવી બરોબર હલાવી લેવું. બરોબર ઠંડુ થઈ જાય ત્યારે થાળીમાં ઘી ચોપડી તેમાં ઠારી દેવું. ઠરી જાય પછી તેના ઉપર ચાંદીના વરખ લગાડવા. બીજા દિવસે ટૂક કરી શ્રી...ને ધરાવવું.

બદામનો શીરો :

સામગ્રી : બદામ ૧૨૫ ગ્રામ, ઘી ૧૨૫ ગ્રામ, કેસર, એલચી, દૂધ ૩૦૦ ગ્રામ, બૂરુ ખાંડ ૧૨૫ ગ્રામ.

રીત : બદામને જળમાં બાફી છોડા ઉતારી, મુલાયમ પીસવી, પછી ઘીમાં શેકવી. શેકાઈ રહે એટલે એમાં દૂધ પધરાવવું. તવેથાથી હલાવતા રહેવું. દૂધ ઓટાઈ જાય એટલે એમાં બૂરુ પધરાવી દેવું. ખદકો આવે એટલે ઉતારી, કેસર પધરાવવું. ઠંડો પડે એલચી પધરાવવા.

મેવાતી :

સામગ્રી : મેંદો ૨૫૦ ગ્રામ, ખાંડ ૨૫૦ ગ્રામ, ઘી જરૂરિયાત મુજબ, લાલ દરાખ, ચારોળી, બદામ, પીસ્તા, કાજુ, અખરોટ, સાકર.

રીત : મેંદામાં ઘીનું મોણ દઈ, જળથી પૂરી જેવો લોટ બાંધવો. સાંજો બનાવવા માટે દરાખ, ચારોળી, બદામ, પીસ્તા, કાજુ, અખરોટ, સરખા ભાગે લઈ તેના ટૂક કરવા અને ઘીમાં સાંતળવા. પછી તેમાં સાકરનો ભૂકો ભેળવી, સાંજો બનાવવો.

મેંદાની પૂરીઓ વણવી. બે પૂરી વચ્ચે સાંજો મૂકી કિનાર દબાવી ગૂંથી લેવી. બધી મેવાતી થાળીમાં ગોઠવતાં જવું. ઉપર ભીનું વસ્ત્ર ઢાંકવું. જેથી સૂકાઈ ન જાય.

પેણીમાં ઘી પધરાવી ગરમ કરવું. ઘી બરાબર ગરમ થાય પછી ઘીના પ્રમાણમાં મેવાતી પધરાવી તળવી. મેવાતી ઘીમાં તરતી રહેવી જોઈએ. બદામી રંગ પકડે એટલે ઝારાથી નીતારી થાળીમાં છુટ્ટી પધરાવવી.

બીજે દિવસે ઠોરના જેવી ખાંડની ત્રણ તારી ચાસણી તૈયાર કરી, મેવાતીને ઠોરને જેમ તેમાં ડુબાડી ઘી લગાવેલી થાળીમાં કાઢી લેવી. બીજે દિવસે ઠરીને તૈયાર થશે.

લીલા વટાણાના પૂડલા :

રીત : પૂડલા માટે ચણાના લોટનું ખીરું બનાવવું. પૂડલાના ખીરામાં બારીક પીસેલા લીલા વટાણા કરવા. બધો મસાલો કરવો. ચણાના લોટના પૂડલાની જેમ ઉતારવા.

માગશર વદ-૩

મોહનથાળ :

સામગ્રી : ચણાનો લોટ ૫૦૦ ગ્રામ, ખાંડ ૭૫૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, કેશર ૧ ગ્રામ.

રીત : સૌ પ્રથમ ૮૫ ગ્રામ ઘી અને ૭૫ ગ્રામ દૂધ લઈ, બંનેને ભેગા કરી. ચણાના લોટમાં પધરાવી દાબો દેવો. બીજી બાજુ ખાંડની ચાસણી બનાવવી. ૭૫૦ ગ્રામ ખાંડમાં જરૂર પૂરતું જળ પધરાવી એક થી દોઢ તારી ચાસણી કરવી. તેમાં કેસર ઘૂંટીને પધરાવવું.

હવે દાબો દીધેલ લોટને મસળીને છૂટો કરી ચાળણીથી ચાળી લેવો. પછી તેને ઘીમાં શેકવો. સોડમ આવે અને બદામી રંગ પકડે ત્યાં સુધી શેકવો. એને ઉપર મુજબ બનાવેલ ચાસણીમાં પધરાવવો. બધું એકરસ થાય ત્યાં સુધી હલાવવું. ઠંડુ પડે એટલે થાળીમાં ઠારી દેવું. ઉપર વરખ કરવા. ઠર્યા બાદ જરૂર મુજબ ટૂક કરવા.

માગશર વદ-૪

ગોળ-ખાંડની થુલી :

જુઓ માગશર સુદ પાંચમ

માવાના ગુંજા : (મિશ્રી ભરેલાં)

સામગ્રી : દૂધ ૨ લીટર (માવો બનાવવા માટે) શક્ય હોય તો ગાયનું દૂધ લેવું. મિશ્રીનો રવો ૧૨૫ ગ્રામ, દળેલી ખાંડ અથવા બૂરુ ૨૦૦ ગ્રામ, કેસર, બરાસ, એલચી - જરૂર પ્રમાણે.

રીત : પ્રથમ બે લીટર દૂધ લઈ ઉકાળી, તેનો માવો બનાવવો. માવો તૈયાર થઈ જાય એટલે કઢાઈ નીચે ઉતારી લેવી. કઢાઈ ગરમ હોય ત્યાં સુધી માવાને હલાવ્યા કરવો. પછી કઢાઈમાં ચારે બાજુ ચોંટાડી દેવો. ત્યારબાદ તેને ઉખેડી એકઠો કરી, એમાં દળેલી ખાંડ પધરાવી આંચ પર મૂકવો. સતત હલાવતાં રહેવું. જેથી ચોંટે નહીં. કરડો થાય એટલે ઉતારી લઈ, કઢાઈની બાજુમાં ચોંટાડી દેવો. ઠંડો પડે એટલે ઉખેડીને હથેળીથી ખૂબ મસળવો. પછી થોડો માવો લઈ હથેળીમાં દાબી, પૂરી જેવો બનાવી, એમાં બરાસ એલચી મેળવેલ મિશ્રીનું પૂરણ ભરવું. બેવડ વાળી અથવા ચારે બાજુથી ગુંજાની માફક ગૂંથી લઈ, બૂરામાં હળવેથી પલોટી વાસણમાં પધરાવવા. કેસરી કરવા હોય તો માવો કરતી વખતે અથવા માવામાં બૂરુ ભેળવતી વખતે કેસર પધરાવવું. મિશ્રીના પૂરણને બદલે સૂકા મેવાના ભૂકાનું પૂરણ ભરીને પણ બનાવી શકાય.

થુલી : (લાપસી) (ગોળની - ખાંડની)

સામગ્રી : મોટા દાણાનો વચલા વળનો રવો ૫૦૦ ગ્રામ, ગોળ ૫૦૦ ગ્રામ, દળેલી ખાંડ ૨૦૦ ગ્રામ, કોપરાનું ખમણ ૨૦ ગ્રામ, ઘી ૨૫૦ ગ્રામ

રીત : ૫૦૦ ગ્રામ રવાને ઘીમાં ધીમી આંચે શેકવો. બદામી રંગ પકડે એટલે ઉતારી લેવો. આંચ પર દોઢ કીલો જળ મૂકી તેમાં ગોળ ૫૦૦ ગ્રામ પધરાવી ઉકાળવું. અધરણ થઈ જાય એટલે શેકેલો રવો એમાં પધરાવવો. હલાવતાં રહેવું. કણી રહે તે વેળા કોપરાનું ખમણ ૨૦ ગ્રામ પધરાવવું. ગેસ ધીમો કરી સીજવા દેવું. કણી ખીલે એટલે ઉતારી લેવું. જળની કસર લાગે તો જરા છાંટવું (ખાંડની કરવી હોય તો ૭૫૦ ગ્રામ ખાંડ લેવી. તેમાં કોપરું કે ખસખસ આવે નહીં.) ઠંડી થાય પછી મસળી છૂટી કરવી. તેમાં દળેલી ખાંડ અને ઘી પધરાવી બરોબર મીક્સ કરી લેવું.

માગસર વદ-૫

મેંદાનો મગસ : જુઓ માગશર સુદ છઠ

મગની દાળના લોટનો મગસ : જુઓ માગશર સુદ પાંચમ

અડદના લોટનો મગસ :

સામગ્રી : અડદનો કકરો લોટ ૫૦૦ ગ્રામ, પીસેલી ખાંડ ૫૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, દૂધ, ઈલાયચી.

રીત : અડદના લોટમાં ૭૫ ગ્રામ ઘી અને ૮૦ ગ્રામ દૂધ પધરાવી દાબો દેવો. પછી ચાળણીથી ચાળી લેવો. પેણીમાં ઘી મૂકી ગરમ થાય એટલે લોટ પધરાવી, ધીમા તાપે શેકવો. બદામી રંગ પકડે એટલે ઉતારી ઠંડો પડવા દેવો. સ્હેજ ગરમ રહે ત્યારે એમાં પીસેલી ખાંડ પધરાવી, એકરસ કરી ઠારી દેવું. બીજે દિવસે ૧૨૫ ગ્રામ ઘી ગરમ કરી એના પર રેડી ઠરવા દેવું. ખોખરી કરેલી એલચી પ્રમાણસર પધરાવવી. એક રાત રહેવા દઈ, બીજે દિવસે ટૂક કરવા.

ચોખાના લોટનો અને બેસણનો મગજ પણ ઉપરની રીત પ્રમાણે બનાવી શકાય. અડદના લોટને બદલે ચોખાનો લોટ કે ચણાનું બેસન લેવું.

માગશર વદ-૬

મગસ : મગસ બનાવવાની રીત : માગશર સુદ પાંચમ, છઠ અને માગશર વદ પાંચમ પ્રમાણે.

માગશર વદ-૭

મદનમોદક :

સામગ્રી : મેંદો ૫૦૦ ગ્રામ, બાંધેલુ દહીં (પાણી નિતારેલું), લોટ બાંધવા પૂરતું, ખાંડ એક કીલો, એલચી, બદામ, પીસ્તા, ચારોલી, કેસર જરૂર પ્રમાણે તળવા માટે ઘી.

રીત : મેંદામાં ઘીનું મોણ કરી. તેને પાણી નિતારેલ દહીંથી બાંધી, તેની ગરમ ઘીમાં સેવ પાડવી. ખાંડની ચાસણી બનાવી કેસર પધરાવવું. એમાં સેવ પધરાવતા જવી. એલચી, બદામ-પીસ્તાની કાતરી, ચારોલી પધરાવી, મેળવી, નંગ વાળવા લાયક થાય ત્યારે નંગ વાળી દેવાં.

તુવરની દાળના પૂડલા :

સામગ્રી : તુવરની દાળ ૫૦૦ ગ્રામ, તેલ ૧૨૫ ગ્રામ, મીઠું, હળદર, કાળાં મરી, હિંગ પ્રમાણસર.

રીત : તુવરની દાળને ગરમ પાણીમાં પલાવવી, પાંચેક કલાક પછી બરાબર પલળી જાય એટલે તેને ધોઈને વાટવી. તેમાં મસાલો નાખી તેના પૂડલા ઉતારવા.

તુવરની દાળનો કકરો લોટ લઈ, તેને જળમાં પલાળી, બધો મસાલો કરી, ખીરું બનાવીને પણ આ પ્રમાણે પૂડલા ઉતારી શકાય.

માગશર વદ-૮

મગના લોટની કોઈપણ સામગ્રી - મગસ કે મોહનથાર કરી શકાય. રીતે માટે જુઓ માંગશર સુદ પાંચમ અથવા માગશર સુદ એકમ.

માગશર વદ-૯

૧. ચંદ્રકળા : જુઓ માગશર સુદ પૂનમ

૨. મનોહર : (ગીજરીનો)

સામગ્રી : દૂધ ૦॥ લીટર, ખાંડ ૬૨૫ ગ્રામ, લીંબુ અડધું, ઘી, એલચી, બરાસ, ચોખાનો લોટ

રીત : પ્રથમ દૂધને ગરમ કરવું. ઉભરો આવે એટલે એમાં અડધું લીંબુ નીચોવી દેવું. અને નીચે ઉતારી લેવું. તેમાંથી પાણી નિતારી માવો કાઢી લેવો. આ માવાને ગીજરી કહેવાય છે. ગીજરીને સારી રીતે પીસવી. ગીજરીથી અડધી માત્રામાં ચોખાનો લોટ લેવો. તેમાં ઘીનું મોણ કરવું. તેને ગીજરીમાં પધરાવી હલાવવું. જરૂર પડે થોડું જળ પધરાવી શકાય. જેથી મઠા જેવું નરમ ખીરું તૈયાર થાય. કળી પાડવાના ઝારાથી કળી પાડવી.

બીજી બાજુ ખાંડની બે તારી ચાસણી બનાવી તૈયાર રાખવી. તેમાં જરૂરી એલચી અને બરાસ પધારાવવાં. ગરમ ચાસણીમાં કળીઓ જેમ થતી જાય તેમ પધરાવતાં જવું. ઠંડુ પડે એટલે નંગ વાળવા.

૩. શક્કરપારા :

સામગ્રી : મેંદો ૪૦૦ ગ્રામ, ખાંડ ૭૫૦ ગ્રામ, તલ ૨૫ ગ્રામ, રવો ૧૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ.

રીત : (મેંદાને બદલે રોટલી માટેના ઘઉંના લોટના પણ બનાવી શકાય.) મેંદો અને રવો ભેગાં કરી, તેમાં શેકેલા તલ ખોખરા કરી ભેળવવા. ૧૭૫ ગ્રામ ઘી ગરમ કરી, લોટમાં મોણ દેવું. જળ પધરાવી ભાખરી જેવો કઠણ લોટ તૈયાર કરવો. મસળીને કણકને સુંવાળી કરવી. મોટો લુવો લઈ થાળી પર રોટલો વળી તેના છરીથી નાના નાના ટૂક કરી તળવા. ઠોરની માફક ચાસણી પાવી.

ખાંડને બદલે ગોળનાં પણ બનાવી શકાય. ગોળ પાણીમાં ઓગાળી તેનાથી લોટ બાંધવો. પછી ચાસણી પાવાની જરૂર નહિ.

૪. શીરો :

સામગ્રી : ઘઉંનો કરકરો લોટ ૧ કટોરી, દૂધ ૩ કટોરી, ખાંડ ૨ કટોરી, લોટ શેકવા માટે ઘી, એલચી, બદામની કાતરી, કેસર.

રીત : પેણીમાં ઘી મૂકી લોટ શેકવો. દૂધને બીજી બાજુ ગરમ કરી રાખવું. કેસરી શીરો બનાવવો હોય તો દૂધમાં કેસર કરી દેવું. લોટ શેકાઈ જાય એટલે તેમાં દૂધ કરી બરોબર હલાવવું. દૂધ શોષાઈ જાય એટલે ખાંડ કરવી. ખાંડનું પાણી શોષાઈ જાય એટલે નીચે ઉતારી એલચી, બદામની કાતરી કરવાં.

૫. મેંદાની પૂરી : ઘઉંના લોટની પૂરીની જેમ જ સિદ્ધ કરી શકાય.

૬. વેસનની ઝીણી સેવ : જુઓ - માગશર સુદ-૮

૭. શિખરન વડી :

સામગ્રી : અડદની દાળ ૧ કટોરી, ખાંડ ૨ કટોરી, તળવા માટે ઘી

રીત : અડદની દાળને અગાઉથી પલાળવી. પછી બારીક વાટવી. તેમાં ૫૦ ગ્રામ ઘીનું મોણ કરવું. પેણીમાં ઘી ગરમ કરવું. પછી તેમાં અડદની દાળના ખીરાને ફીણી તેની વડીઓ મૂકવી. બદામી રંગની થાય એટલે કાઢી લેવી.

બીજી બાજુ ખાંડની બે તારી ચાસણી બનાવવી. વડીઓ ઉતરે કે તરત જ ગરમ ચાસણીમાં પધરાવતાં જવું. ચાસણી પીએ ત્યાં સુધી રાખવી. પોચી પડે અને ઠંડી થાય પછી ચાસણીમાંથી કાઢી શિખરણમાં (શિખંડમાં) પધરાવવી.

૮. ચણા અને ચણાની દાળનાં ફડફડીયાં :

સામગ્રી : ચણા (અથવા ચણાની દાળ) ૫૦૦ ગ્રામ, ઘી ૨૫૦ ગ્રામ, કાળાં પીસેલાં મરી, નમક.

રીત : ચણા-ચણાની દાળને આગલા દિવસે રાત્રે જળમાં ભીંજવી દેવાં. બીજે દિવસે સવારે જળ નિતારી લઈ કપડાં પર પાથરી સૂકાં કરવાં. ઘી ગરમ થાય એટલે એક એક મુઠી પધરાવતાં જવું. તળાઈને પોચાં થાય એટલે ઝારાથી કાઢી લઈ નમક-મરી ભભરાવવાં.

૯. છાશવડાં : દહીંવડાની જેમ બનાવવાં.

૧૦. જલેબી : જુઓ માગશર સુદ સાતમ

૧૧. ભુજાણાં : (ભજીયાં) બટાકા, રીંગણ, કાકડી વગેરેની ચકતીઓ કરી, વેસણના ખીરામાં પલાળી તળી લેવાં.

૧૨. ખીર - ચાર જાતની : જુઓ - માગશર સુદ પૂનમ અને વદ બારશ

૧૩. રાયતાં : દહીંમાં કાકડીનું ખમણ કરી, ખાંડ, લૂણ, રાઈનો ભૂકો પધરાવવો.

૧૪. તીનકુડા : ચણા જળમાં ૫-૬ કલાક પલાળી - બાફી - લૂણ, મરી, વઘાર કરી તેમાં થોડું ચણાના લોટનું વેસણ પલાળીને કરવું. વેસણ ચડી ગયા પછી લીંબુનો રસ અને ગોળ પધરાવવા. રસાવાળા ચણાને તીનકુડા કહેવાય છે.

૧૫. પાંચ પ્રકારના ભાત :

(૧) **સાદો ભાત :** ચોખા પલાળી, ગરમ જળમાં ઓરી, ચડવા દેવા. ચડી જાય એટલે ઓસાવી લેવા.

(૨) **મીઠો ભાત :** રાંધેલા ભાતમાં ખાંડ, ઘી, કેસર પધરાવી ગરમ કરી લેવું. પછી બદામ પીસ્તાની કાતરી, એલચી પધરાવવાં.

(૩) **વઘારેલો ભાત :** ભાતને તેલ રાઈ હિંગનો વઘાર કરી તેમાં લૂણ, હળદર વગેરે મસાલા કરવા.

(૪) **વડી ભાત :** રીત માટે જુઓ માગશર વદ બારસ

(૫) **દહીં ભાત :** રાંધેલા ભાતમાં દહીં, ખાંડ, લૂણ, જીરું પધરાવી બરોબર મીક્સ કરી લેવું.

૧૬. તીલવડી-ઢેબરી : ચોળાની દાળની વડી બનાવીએ ત્યારે એ ખીરામાં થોડા તલ ભેળવી તેની તીલવડી બનાવી સૂકવણી કરી રાખવી. એ જ રીતે થોડી વડી ઢેબરીના આકારમાં ગોળ થાપીને સૂકવી રાખવી.

ઉત્સવના દિવસે આ તિલવડી અને ઢેબરી તળીને ઉપર લૂણ, મરી ભભરાવી શ્રી...ને ધરાવવી.

૧૭. મિરચવડી : ચોળાની દાળ વાટી, તે ખીરામાં લીલાં મરચાનાં ટૂક અને લૂણ કરી. તેની વડીની સૂકવણી કરી રાખવી. અથવા ઉત્સવના દિવસે ખીરું બનાવી તેની વડીઓ તળી લેવી.

૧૮. બિલસારુ : સફરજનને ધોઈ, છોલી, નાના નાના ટુક કરવા.

ખાંડની એકતારી ચાસણી કરી, તેમાં કેસર પધરાવી, સફરજનના નાના ટુક પધરાવી દેવા. એલચીનો ભૂકો પધરાવવો.

આ રીતે કેરી, ચીકુ વગેરેનો પણ બિલસારુ બનાવી શકાય.

૧૯. કચરિયાં : ગવારફળી, ભીંડા, કોઠમડાં વગેરેની સૂકવણી કરી રાખી હોય તે તળી લેવી. ઉપરથી લૂણ - હળદર પધરાવવાં.

૨૦. બરફી :

સામગ્રી : દૂધ ૧ લીટર, ખાંડ ૨૦૦ ગ્રામ, એલચીનો પાવડર

રીત : દૂધનો માવો કાઢી લેવો. ખાંડની ત્રણ તારી ચાસણી કરી, માવાને ચાળીને છૂટો કરી, ચાસણીમાં પધરાવવો. બરોબર મીક્સ થાય એટલે ઉતારી લઈ, એલચીનો ભૂકો પધરાવવો. ઠંડુ થયા પછી ઠારી દેવું. કેસરી બરફી કરવી હોય તો ચાસણીમાં કેસર પધરાવવું.

ઉપર બદામની કાતરી પીસ્તાની કાતરી કે વરખ લગાડી શકાય.

માવાની સાથે ચાસણીમાં કાજુનો, અખરોટનો, બદામનો કે પિસ્તાનો ભૂકો કરીને બદામ, પીસ્તા, કાજુ કે અખરોટની બરફી પણ આ જ રીતે બનાવી શકાય.

૨૧. પેંડા :

સામગ્રી : દૂધ ૧ લીટર, ખાંડ ૨૦૦ ગ્રામ, એલચી.

રીત : દૂધનો માવો કાઢી લેવો. માવો થઈ જવા આવે એટલે તેમાં ખાંડ પધરાવી દેવી. બરોબર હલાવતાં રહેવું. પેંડા થાય તેવું ઘટ્ટ થાય એટલે ગેસ પરથી ઉતારી લઈ ઠંડુ થવા દેવું. ઠંડુ થયા પછી એલચી કરી પેંડા વાળી લેવા. ઉપર ચારોળી દબાવી દેવી. કેસરી પેંડા કરવા હોય તો કેસર પધરાવવું.

૨૨. કેસરી મેવાતી :

સામગ્રી : ગાયના દૂધનો માવો ૧૦૦ ગ્રામ, બદામ, પીસ્તા, કાજુ અને અખરોટનો ભૂકો, દ્રાક્ષ, ચારોળી, સાકરનો ભૂકો, એલચીનો ભૂકો.

રીત : બધા ભૂકા, ચારોળી, દ્રાક્ષ, એલચીનો ભૂકો તથા એ મિશ્રણ જેટલો સાકરનો ભૂકો લઈ બધું બરાબર મીક્સ કરવું.

માવાને હથેળીમાં થાપી તેની નાની નાની પૂરી બનાવવી. દરેક પૂરીમાં ઉપર કરેલું મિશ્રણ ભરી, બેવડ વાળી, કિનાર બાંધી લેવી. મેવાતી તૈયાર. શ્રી...ને ધરાવવી.

કેસરી મેવાતી કરવા માટે માવામાં કેસર ઘૂંટીને પધરાવવું.

૨૩. માવાની ગોળી :

સામગ્રી : માવો ૧૦૦ ગ્રામ, દળેલી ખાંડ ૧૦૦ ગ્રામ, એલચીનો ભૂકો.

રીત : માવામાં દળેલી ખાંડ અને એલચીનો ભૂકો ભેળવી બરોબર મીક્સ કરવું. નાની નાની ગોળીઓ બનાવી લેવી. સામગ્રી તૈયાર.

૨૪. છૂટો માવો :

સામગ્રી : માવો ૧૦૦ ગ્રામ, દળેલી ખાંડ ૧૦૦ ગ્રામ

રીત : માવામાં ખાંડ ભેળવી લેવી. કટોરામાં સાજી દેવો. શ્રી...ને ધરાવવો.

૨૫. મલાઈ :

દૂધની તરમાં ખાંડ ભેળવી, આંચ ઉપર મૂકી ધીમા તાપે રાખી, હલાવતા રહેવું. દૂધ અને ખાંડનું જળ બળી જાય એટલે ઉતારી લેવું. ઠંડુ થયે શ્રી...ને ધરાવવું.

૨૬. દૂધપૂરી :

સામગ્રી : ઘઉંનો લોટ ૨૦૦ ગ્રામ, મોણ અને તળવા માટે ઘી, લોટ બાંધવા માટે દૂધ.

રીત : ઘઉંનો ઝીણો લોટ લઈ, થોડું ઘીનું મોણ કરવું. દૂધથી લોટ બાંધી, પૂરી બનાવી, ઘીમાં તળી લેવી.

૨૭. શીખંડ :

સામગ્રી : ૧ લીટર દૂધનું દહીં, ખાંડ ૨૦૦ ગ્રામ, એલચીનો ભૂકો, ચારોળી

રીત : દહીંને કપડામાં બાંધીને બધું જળ નિતારી લેવું. મસકામાં ખાંડ ભેળવી હલાવતા રહેવું. ખાંડ ઓગળી જાય એટલે તપેલી ઉપર કપડું બાંધી, કપડાથી મસકાને ચાળી લેવો. અથવા ચાળણીથી છણી લેવો. ત્યાર બાદ કેસરી શિખંડ કરવો હોય તો તેમાં થોડું કેસર પધરાવવું. એલચીનો ભૂકો કરી હલાવી સાજી લેવો અને ઉપર ચારોળી પધરાવવી.

૨૮. ખાંડનાં રમકડાં :

સામગ્રી : ખાંડ અને રમકડાનાં બીબાં.

રીત : ખાંડની ગોળી પડતી ચાસણી કરી, લાકડાના બીબામાં રેડી દેવી. જેવું બીબું હશે તેવાં રમકડાં બનશે. ઠંડુ થયા બાદ બીબું ખોલી રમકડાં કાઢી લેવાં, તાસકમાં સાજીને ધરાવવાં.

૨૯. ગજક :

સામગ્રી : તલ ૧૦૦ ગ્રામ, ખાંડ ૨૦૦ ગ્રામ, એલચી, ગુલાબજળ

રીત : તલ શેકીને ખાંડી લેવા. ખાંડની ચાસણી કરી તેમાં તલનો ભૂકો પધરાવી દેવો. ઠંડુ થયા પછી એલચી, ગુલાબજળ કરી ઠારી દેવું.

૩૦. ગુલાબકાતરી :

સામગ્રી : ગુલાબની પાંદડીઓ ૧૦૦ ગ્રામ, ખાંડ ૧૦૦ ગ્રામ, એલચી, બરાસ

રીત : ગુલાબની પાંદડીઓ ધોઈ લેવી. ખાંડની ચાસણી કરી, ઠંડી થયા પછી તેમાં ગુલાબની પાંદડીઓ અને એલચી, બરાસ જરૂર પ્રમાણે પધરાવી ઠારી દેવું. ટુક કરીને ધરાવવું.

૩૧. પાયેલા સૂકામેવા :

સામગ્રી : કાજુ, દ્રાક્ષ, બદામ, પીસ્તા, ચારોળી, એલચી, દાણા-શીંગદાણા, ખાંડ વગેરે

રીત : ખાંડની ગોળી પડતી ચાસણી બનાવવી. તેમાં જેટલા સૂકા મેવા હોય તે પધરાવી હલાવતા રહેવું. ઠંડા થયેથી પડિયામાં સાજી લેવાં.

૩૨. કોળાનાં અને ટેટીનાં બીજ તળેલાં અને પાયેલા :

સામગ્રી : કોળાનાં બીજ ૧૦૦ ગ્રામ, ટેટીનાં બીજ ૧૦૦ ગ્રામ, તળવા માટે ઘી, પાવા માટે ખાંડ

રીત : કોળાનાં બીજ પલાળી તેને છોલી લેવાં. એ જ રીતે ટેટીનાં બીજ પણ પલાળી છોલી લેવાં. પછી બંનેને જુદાં જુદાં શેકી લેવાં.

થોડાં શેકેલાં બીજને ચાસણીમાં પધરાવી સૂકામેવાની જેમ ચાસણી પાઈ લેવી.

થોડાં શેકેલા બીજને ઘીમાં સાંતળી ઉપર લૂણ-મરી પધરાવવા.

માગશર વદ-૧૦

બુંદીના લાડુ - જુઓ માગશર સુદ બીજ

માગશર વદ-૧૧

અળવીની જલેબી :

સામગ્રી : અળવી ૫૦૦ ગ્રામ, તપખીર ૧૨૫ ગ્રામ, ખાંડ ૧ કીલો, ઘી ૭૫૦ ગ્રામ, કેસર.

રીત : અળવીને જળમાં બાફી, તેનાં છોડાં ઉતારી મસળી લેવી અને મલમલના કપડાથી છીણી લેવી. તપખીરમાં મોણ કરી, તેને છીણેલી અળવીમાં મેળવી, ફીણી, આથો તૈયાર કરવો તેની જલેબી પાડવી. ઘીમાં તળવી. બહાર કાઢી કેસરયુક્ત ચાસણીમાં પધરાવવી.

માગશર વદ-૧૨

ખરમંડા :

સામગ્રી : મેંદો ૫૦૦ ગ્રામ, બુરુ ૫૦૦ ગ્રામ, ઘી ૩૭૫ ગ્રામ, એલચી.

રીત : મેંદામાં ૬૦ ગ્રામ ઘીનું મોણ કરી, જળથી રોટલી કરવા જેવો લોટ બાંધવો. તેના લુવા બનાવી રોટલીના હિસાબે વણવી અને એને ઘીમાં તળવી. ઉતરે એટલે એના પર એલચી મિશ્રિત બુરુ ભભરાવી, એનો લંબચોરસ (કપૂરનાડીનો) ઘાટ કરવો. ફરી તળવી નહીં. (ખરમંડા, લુચઈની જેમ જ બનાવાય છે. ફરક એટલો કે લુચઈમાં બુરુ ભભરાવી બેવડ વાળી, ફરીથી બુરુ ભભરાવી ચોવડ કરી, એના ઉપર બુરુ ભભરાવવાનું હોય છે.)

(તોતરી બનાવવા માટે રોટલીનો ગોળ વીંટો કરવાનો હોય છે.)

વડીનું શાક :

સામગ્રી : મગની દાળ ૫૦૦ ગ્રામ, પીસેલું આદુ, હીંગ, કાળાં મરી (અધકચરા ખાંડેલા) લૂણ.

રીત : દાળને આગલી રાત્રે ભીંજવી રાખવી. સવારે પથ્થર પર અથવા મીક્ષસરમાં વાટવી. એમાં કચરેલું આદુ, હીંગ, મરી, લૂણ પધરાવવું. તેને ખૂબ ફીણવું પછી તડકે પાટીયા, ચટાઈ કે પાતળ ઉપર વડીઓ મૂકવી. સૂકાઈ જાય એટલે ભરી લેવી. આ વડીનું રસાદાર શાક બનાવાય. આ જ રીતે અડદની દાળની, ચોળાની દાળની અને ચણાની દાળની પણ વડી બને.

વડી ભાત :

સામગ્રી : ચોખા ૫૦૦ ગ્રામ, વડી ૧૨૫ ગ્રામ, ઘી, મીઠું, હીંગ, હળદર, ખાંડ, લવીંગ, લીંબુ-૧, લવીંગનો ભૂકો.

રીત : ચોખાને બે ત્રણ વાર જળથી ધોવા. વડીને ઘીમાં તળીને રાખવી. તપેલીમાં ઘી ગરમ કરી હિંગનો વઘાર કરી જળ પધરાવવું. જળ ઉકળે એટલે ચોખા પધરાવી ઢાંકણ ઢાંકી દેવું. ચોખા અડધા ચઢે એટલે તેમાં મીઠું, હળદર, ખાંડ, પધરાવવાં, પછી તેમાં વડી પધરાવવી. વડી સીઝાઈ જાય એટલે લવીંગનો ભૂકો અને લીંબુનો રસ પધરાવી ઢાંકી દેવું.

ખીર :

ચોખાની ખીર - જુઓ માગશર સુદ પૂનમ

સેવની ખીર :

સામગ્રી : દૂધ ૫૦૦ ગ્રામ, પાટીયાની સેવ ૨૦ ગ્રામ, ખાંડ ૧૦૦ ગ્રામ, એલચી, ચારોળી, બદામ.

રીત : સેવને ઘીમાં શેકવી. દૂધને ગરમ કરી રાખવું. સેવ બદામી રંગ પકડે એટલે એમાં દૂધ પધરાવી દેવું. સેવ સીઝાઈને ઉપર આવે એટલે ખાંડ પધરાવવી. એકરસ થવા દેવું ત્યારપછી તેમાં બદામ, ચારોળી, એલચી પધરાવવા. ઉતારીને ઠંડી થયે શ્રી...ને ધરાવવી.

મણકાની ખીર :

સામગ્રી : અડધો લીટર દૂધ, ૨૦ ગ્રામ જેટલા મણકા, ૧૦૦ ગ્રામ ખાંડ, એલચી, બદામ, મણકા માટે ૫૦ ગ્રામ જેટલો મેંદો, મોણ માટે ઘી.

રીત : પ્રથમ મેંદાને સાધારણ ઘીનું મોણ દઈ, ભાખરી જેવો લોટ બાંધવો. એમા સાબુદાણા જેવડી ગોળીઓ વાળવી અને સૂકવીને રાખવી. ખીર કરતી વખતે ઉપર પ્રમાણે સિદ્ધ કરેલા મણકાને ઘીમાં સાંતળવાં. બદામી રંગ પકડે એટલે દૂધ પધરાવવું. મણકા બરાબર સીજાઈને ઉપર આવે એટલે એમાં ખાંડ પધરાવવી. એકરસ થાય એટલે બદામ, ચારોળી, એલચી પધરાવી, ઉતારી, ઠંડુ થયે શ્રી...ને ધરાવવી.

માગશર વદ-૧૩

બાજરીના લોટનું ચૂરમું - જુઓ માગશર સુદ નોમ

આદુનાં ગુંજા :

સામગ્રી : ૧૦૦ ગ્રામ માવો, ૧૦ ગ્રામ આદુ, ૧૫૦ ગ્રામ ખાંડ, મેંદો ૨૦૦ ગ્રામ, મોણ માટે અને તળવા માટે ઘી.

રીત : માવામાં આદુ છીણીને પધરાવવું. બુરુ ખાંડ મીક્સ કરવી. મેંદામાં ઘીનું મોણ કરી, પૂરી જેવો લોટ બાંધવો. નાની પૂરી વણી, તેમાં માવાનું પૂરણ ભરી, ઘૂઘરાની જેમ કિનાર બાંધી, તળી લેવા.

માગશર વદ-૧૪

અડદના લોટનો મોહનથાળ - જુઓ માગશર સુદ એકમ, મગના લોટને બદલે અડદનો લોટ લઈ મોહનઠાર બનાવવો.

માગશર વદ-અમાસ

માલપૂઆ :

સામગ્રી : ઘઉંનો ઝીણો લોટ ૫૦૦ ગ્રામ, ખાંડ (અથવા ગોળ) ૪૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, ખસખસ

રીત : ઘઉંના લોટમાં ૧૦૦ ગ્રામ ઘીનું મોણ કરવું. મોણ બરાબર દેવાઈ જાય પછી એમાં ૪૦૦ ગ્રામ ખાંડ મેળવી, જળ પધરાવી જલેબી જેવું ખીરું બનાવવું. ખીરું ૧ કલાક રહેવા દેવું. કઢાઈમાં ઘી ગરમ થવા મૂકવું. ઘી બરાબર ગરમ થાય એટલે ચમચાથી એમાં ખીરું મૂકવું. તળાઈને ઉપર આવે એટલે ફેરવવું. ગોળના માલપૂઆ કરવા હોય તો ૫૦૦ ગ્રામ લોટમાં ૫૦ ગ્રામ ઘીનું મોણ કરવું. ગોળ જળમાં ઓગાળી, ગોળના જળથી ખીરું બનાવવું. જેમ જેમ માલપૂઆ ઉતરતા જાય તેમ તેમ થાળીમાં પધરાવી, તેના ઉપર ખસખસ ભભરાવવી.

પોષ સુદ-૧

ચોરીઠાની બુંદીનાં લાડુ :

સામગ્રી : ચોખાનો કકરો લોટ ૫૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, ખાંડ સવા કીલો , ઈલાયચી.

રીત : પ્રથમ ૫૦ ગ્રામ જેટલું ઘી લઈ લોટમાં મોણ દેવું. પછી જળ પધરાવી મઠા જેવું નરમ ખીરું બનાવવું. બીજી બાજુ ખાંડની બે તારી ચાસણી કરી તેમાં ઈલાયચી પધરાવવા. (કેસર, કીસમીસ, ચારોળી પણ પધરાવી શકાય.)

પેણીમાં ઘી ગરમ કરી ખીરામાંથી બુંદી પાડવી. બુંદી ફૂલીને ગોળ થાય એટલે ઝારાથી કાઢી ચાસણીમાં પધરાવવી. ચાસણી પીવાઈ રહે એટલે બહાર કાઢી નંગ વાળવા.

આ રીતે અડદના લોટની બુંદીના લાડુ પણ બનાવી શકાય.

પોષ સુદ-૨

લુચઈ :

સામગ્રી : મેંદો ૫૦૦ ગ્રામ, ઘી ૩૭૫ ગ્રામ, દળેલી ખાંડ ૫૦૦ ગ્રામ, એલચી.

રીત : મેંદામાં ઘીનું મોણ કરી રોટલી જેવો નરમ લોટ બાંધવો. તેના લુવા પાડી રોટલીની જેમ વણવી. ઘી ગરમ કરી તળવી. પડ વાળી શકાય તેવી તળાય એટલે ઉતારી લેવી અને તરત જ તેના ઉપર એલચી મિશ્રિત ખાંડ ભભરાવવી. પછી બેવડ વાળી, ફરીથી તેનાં ઉપર એલચી મિશ્રિત ખાંડ ભભરાવવી. પછી ફરી ચોવડ વાળવી અને એલચી મિશ્રિત ખાંડ ભભરાવવી.

દહીંથરા : (ગળ્યા)

સામગ્રી : મેંદો ૩૦૦ ગ્રામ, રવો ૨૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, દહીં ૨૫૦ ગ્રામ, દળેળી ખાંડ ૫૦૦ ગ્રામ, એલચી.

રીત : મેંદો અને રવો ભેગા કરી તેમાં ઘીનું મોણ કરવું. દહીં નીતારી, દહીંથી લોટ બાંધવો. પછી લુવા પાડી ઠોરની જેમ વણવા અને છેદ કરવા. ઘી ગરમ કરવું. બરાબર ગરમ થાય એટલે દહીંથરા તળવા. બંને બાજુ બરાબર તળાઈ જાય એટલે કાઢી લેવાં. દળેલી ખાંડની ઠોર જેવી ચાસણી (લગભગ ત્રણ તારી) બનાવવી. બધાં દહીંથરાને ચાસણીથી પાવા અને એલચી ભભરાવવા.

દહીંથરા (ફીકા) :

ઉપરની રીત પ્રમાણે દહીંથરા બનાવવા. ચાસણીમાં બોળવા નહીં.

પોષ સુદ-૩

પપચી :

સામગ્રી : ચોખાનો લોટ ૨૫૦ ગ્રામ, ખાંડ ૧ કીલો, મેંદો ૨૫૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, દાણાદાર મિશ્રી, એલચી, દહીં.

રીત : ચોખાનો લોટ અને મેંદો ભેગા કરી તેમાં ઘીનું મોણ કરવું. દહીંમાંથી પાણી નિતારી, દહીંથી લોટ બાંધવો. તેના લુવા પાડી જાડા વણવા. ઘી ગરમ કરી ધીમા તાપે તળવા. બીજી બાજુ ખાંડની ચાસણી બનાવવી. (જલેબી જેવી પણ કડક ચાસણી તૈયાર કરવી) તળેલી પપચી ચાસણીમાં પધરાવી, એક રાત રહેવા દેવી. બીજે દિવસે થાળીમાં ગોઠવી, દાણાદાર મિશ્રી અને એલચી ભભરાવવી.

પોષ સુદ-૪

પૂરણ પોળી - જુઓ માગશર સુદ ત્રીજ

ગોળની લીટી : (ગોળની ચીકી)

સામગ્રી : બેસન ૫૦૦ ગ્રામ, ગોળ ૭૫૦ ગ્રામ, ઘી ૨૫૦ ગ્રામ, એલચી.

રીત : બેસનમાં જળ પધરાવી લોટ બાંધી, સેવ પાડવી. ઘી ગરમ કરી તેમાં નરમ તળવી. લાલ ન થઈ જાય તેનું ધ્યાન રાખવું. પછી ઘી ગરમ કરી તેમાં ગોળ પધરાવી પાક (પાયો) કરવો. કરડો ન પડી જાય તેનું ધ્યાન રાખવું. પછી એ પાકમાં ઉપર તૈયાર કરેલી સેવ પધરાવી મેળવી દેવી. ઠંડુ પડે. જમાવવા લાયક થાય એટલે એલચી મેળવી, થાળીમાં ઘી ચોપડી ઠારી દેવી. જરૂર પ્રમાણે ટુક કરવા.

પોષ સુદ-૫

ઈમરતી :

સામગ્રી : અડદની દાળ ૫૦૦ ગ્રામ, ઘી ૧ કીલો, ખાંડ દોઢ કીલો, કેસર.

રીત : અડદની દાળને આગલી રાતે પાણીમાં ભીંજવી દેવી. બીજે દિવસે ધોઈ અને મુલાયમ પીસવી. દાણો આખો ન રહે, તે રીતે. પછી ગળણામાં ખૂબ જોર દઈ ગાળી લેવી. એક કથરોટમાં કાઢી ખૂબ

ફીણવું. પછી વાટકીમાં જળ લઈ એમાં જરા ફીણેલું ખીરું કરવું. તરી આવે તો જાણવું કે બરાબર ફીણાયું છે. પછી જે રીતે જલેબી પાડીએ તે રીતે છેદવાળી કાચલી કે વાટકી અથવા અન્ય સાધનથી ઈમરતી પાડવી. ઘી બરાબર ગરમ થાય એટલે પેણીમાં બંગડી જેવો ગોળ આકો પાડવો. તેની ઉપર સાંકળા જેવાં આંકા પાડતાં જવાં. જલેબી જેવી બનાવવી બંને બાજુ બરાબર તળવી. બીજી બાજુ ખાંડની બે તારી ચાસણી કરી તેમાં કેસર પધરાવવું અને ઈમરતી તળાય એટલે એમાં પધરાવતાં જવી. બીજો ઘાણ તૈયાર થાય એટલે પહેલો ઘાણ ચાસણીમાંથી કાઢી લેવો અને બીજો ઘાણ પધરાવવો.

પોષ સુદ-૬

બીલસારુ :

જુદા જુદા મેવામાંથી અલગ અલગ પ્રકારનાં બીલસારુ બનાવી શકાય. દા.ત. ખરબૂજાનો, કમરખનો, પાકાં કેળાનો, કિસમીસનો, ભૂરા કોળાનો, સફરજનનો, ચીકુનો વગેરે.

પાકા કેળાનો બીલસારુ :

સામગ્રી : પાકાં કેળા ૫૦૦ ગ્રામ, ખાંડ ૭૫૦ ગ્રામ, કેસર, એલચી

રીત : કેળાંની છાલ કાઢી ઝીણા ટૂક કરી રાખવા. ખાંડની એક તારી ચાસણી કરી, તેમાં કેસર પધરાવી, ઠંડુ થયે કેળાના ટુક પધરાવવા, એલચી કરવાં. આ રીતે દરેક મેવાનો બિલસારુ બનાવી શકાય.

મદનમનોહર :

સામગ્રી : મેંદો ૫૦૦ ગ્રામ, દહીં મેંદાનો લોટ બંધાય તેટલું, મોણ માટે અને તળવા માટે ઘી, ખાંડ ૧ કીલો, એલચી

રીત : મેંદામાં મોણ નાખી દહીંથી કઠણ બાંધી, ઝારાથી તેની સેવ કે બુંદી પાડી, ઘીમાં ધીમા તાપે તળવી. તળાઈ જાય એટલે બહાર કાઢી લેવી. તેનો બારીક ભૂકો કરી ચાસણીમાં પધરાવવો. એલચી કરી નંગ વાળી લેવા. આ સામગ્રી મનોહરની જેમ જ સિદ્ધ થાય છે.

પોષ સુદ-૭

અમૃતરસાવલી

સામગ્રી : માવો ૩૭૫ ગ્રામ, ખાંડ ૧ કીલો, દૂધ કીલો ૧ની બાસુંદી, તપખીરનો લોટ ૨૫ ગ્રામ, બાંધેલું દહીં ૫૦ ગ્રામ, ઘી ૩૭૫ ગ્રામ, બુરુ ૧૨૫ ગ્રામ, એલચી

રીત : માવામાં તપખીરનો લોટ અને દહીં મેળવી, મસળી, કરડો બાંધો. તેનાં દહીંથરા કરી, દહીંથરાની રીતે તળી, ખાંડની ચાસણીમાં પધરાવતાં જવાં. પછી ચાસણીમાંથી કાઢી બાસુંદીમાં પધરાવવાં. ૧૨૫ ગ્રામ બુરુમાં એલચી મેળવી, બાસુંદીમાં પધરાવવું. શક્ય હોય તો ગાયના દૂધનો માવો બનાવવો.

બીજી રીત :

સામગ્રી : અડદની દાળ ૨૫૦ ગ્રામ, બૂરું ૫૦૦ ગ્રામ, ઘી ૨૫૦ ગ્રામ, બાસુંદી માટે દૂધ ૩ કીલો, ખાંડ પ્રમાણસર, જરાક બરાસ, એલચી.

રીત : દૂધ ઉકાળી, તેમાં ખાંડ કરી બાસુંદી બનાવી લેવી. અડદની દાળ પલાળી, વાટી લેવી. એ પીઠાને ઘીમાં સાંતળી લેવો. ઠંડો થાય પછી તેમાં બુરુ પધરાવી તેની દહીંથરા જેવી થેપલી બનાવી લેવી અને બાસુંદમાં પધરાવવી. ઠંડુ થયા પછી બરાસ અને એલચી પધરાવવા.

પોષ સુદ-૮

(૧) પાયેલી પુરી : ઘઉંના લોટની પુરી બનાવી, ઘીમાં કડક તળી, ચાસણી પાવી.

(૨) ફેની રોટી

સામગ્રી : ઘઉંનો લોટ ૫૦૦ ગ્રામ, ઘી ૨૫૦ ગ્રામ

રીત : લોટને જળથી બાંધી ખૂબ ટૂંપવો. નરમ બને એટલે એનાં ૮ લુવા કરવા પછી તેની મોટી પૂરી - દોઢ વેંત ગોળાકારમાં વણવી. તેના ઉપર ઠરેલું ઘી ચોપડવું. પછી તેના ત્રણ ટૂક કરી આંગળી ઉપર લપેટી લુવા કરવા. ચંદ્રકળા મુજબ લુવા ફરીથી વણવા, પછી તવી ઉપર શેકી ચમચાથી ચારે કોર ઘી કરવું. ઘીમાં સસડાવી લાલ રંગ પકડે એટલે રોટી ઉતારી લેવી. પછી ઘીથી ચોપડવી.

પોષ સુદ-૯

મેંદા કે વેસણનો મોહનથાર - જુઓ માગશર સુદ આઠમ

પોષ સુદ-૧૦

તવાપૂરી :

તવાપૂરી મુખ્યત્વે ચણાનો લોટ (બેસન) કે ચણાની દાળની બનાવી શકાય.

ચણાના લોટની તવાપૂરી :

સામગ્રી : ચણાનો લોટ (બેસન) ૫૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, ખાંડ ૧ કીલો, મેંદો ૨૫૦ ગ્રામ, એલચી, કેસર.

રીત : મોહનથાળની રીત મુજબ ચણાના લોટમાં, ૮૫ ગ્રામ ઘી અને ૭૫ ગ્રામ દૂધ ભેગા કરીને પધરાવી, ધાબો દેવો. પછી મોટી ચાળણીથી ચાળી લેવો. પછી તેને ઘીમાં શેકવો. સોડમ આવે અને બદામી રંગ પકડે ત્યાં સુધી શેકવો.

૧ કીલો ખાંડની દોઢ તારી ચાસણી બનાવી, તેમાં રંગ બેસે તેટલું કેસર અને સુગંધ માટે એલચી પધરાવી ઉતારી લેવી. ઉપર મુજબ શેકેલો લોટ તેમાં પધરાવી દેવો. આ પૂરણ એક રાત રહેવા દેવું.

બીજે દિવસે ૨૫૦ ગ્રામ મેંદો લઈ, મુઠી વળતું ઘીનું મોણ કરી, જળથી પૂરી જેવો લોટ બાંધવો. નાના-મોટા જરૂર પ્રમાણે લુવા પાડી પૂરી વણવી. તેમાં આગલે દિવસે તૈયાર કરેલ પૂરણ ભરી, ચારે તરફથી સાંધ મેળવવી, અટામણ લઈ પૂરણપોળીની જેમ વણવી. અંદરનું પૂરણ ઝબકતું દેખાય એટલી પાતળી પૂરી વણવી. એક એક તવાપૂરી તળાય એટલું જ ઘી ગરમ કરવું. ઝારાની ઉપર પૂરી મૂકી, સાચવીને ઘારીની જેમ ઘી છાંટીને તળવી.

તવાપૂરી : ચણાની દાળની

સામગ્રી : ચણાની દાળ ૫૦૦ ગ્રામ, મેંદો ૨૫૦ ગ્રામ, ખાંડ કીલો ૧, દૂધ ૨૫૦ ગ્રામ, ઘી ૭૫૦ ગ્રામ, કેસર, જાયફળ

રીત : ચણાની દાળ આગલી રાતે જળમાં પલાળવી. બીજે દિવસે જળમાંથી કાઢી, ધોઈને પીસી લેવી. ૫૦૦ ગ્રામ ઘી ગરમ કરી પીસેલી દાળ શેકવી. કોમળતા રહે તે રીતે શેકવી. એમાં ૧૨૫ ગ્રામ દૂધ બે વખત પધરાવવું. દૂધ શોષાઈ જાય એટલે ઉતારી લેવી. ખાંડની ગોળી વળતી ચાસણી કરી શેકેલી દાળ એમાં મેળવી દેવી અને જાયફળ ઉમેરી નંગ વાળવા લાયક થાય એટલે નંગ વાળવા. મેંદામાં ૧૨૫ ગ્રામ ઘીનું મોણ કરી જળથી પૂરી જેવો લોટ બાંધવો. પૂરણનાં જેટલાં નંગ થયા હોય એટલી પૂરીઓ વણવી. પૂરીમાં નંગ મૂકી. ચારે તરફથી સાંધ મેળવી, માવો દેખાય તેવી વણવી. ઉપર મુજબ તેને ઘીમાં તળવી.

તવાપૂરી : (ચણાની દાળ દૂધમાં ભીંજવીને)

જળને બદલે દાળને દૂધમાં ભીંજવવી.

તવાપૂરી : (ચણાની દાળને દૂધમાં બાફીને)

રીત : ચણાની દાળને દોઢ લીટર દૂધમાં બાફવી. અને પછી પીસીને ૧૨૫ ગ્રામ ઘીમાં શેકી પૂરણ બનાવવું. જળ શોષાઈ જાય એટલે ખાંડ પધરાવી, ખદખદાવવી.

તવાપૂરી : (આમરસની)

રીત : ૧ કીલો આમરસમાં થોડું ઘી પધરાવી આંચ ઉપર મૂકી શીરા જેવો કરવો. વેસનને ધાબો દઈ શેકવો. બંને ભેગા કરી નંગ વાળવા. મેંદાની પૂરી બનાવી તેમાં આ પૂરણ ભરી તવાપૂરી બનાવવી.

તવાપૂરી : (નારંગીના રસની)

સામગ્રી : ૧૦ નારંગીનો રસ + ૫૦૦ ગ્રામ બેસન

રીત : બેસનમાં નારંગીનો રસ (અડધો) અને ઘીનો ધાબો દેવો. તેને ઘીમાં શેકવો. અર્ધો શેકાય એટલે બાકી રહેલા અડધા રસમાંથી પા ભાગનો રસ પધરાવવો. શેકાઈ જાય એટલે ઉતારી લેવો. ગોળીબંધ ચાસણી બનાવી. તેમાં કેસર પધરાવવું. બાકી રહેલ પા ભાગનો રસ એમાં પધરાવવો. ઉભરો લાવી ચાસણી ઉતારી લેવી. ઠંડી પડે એટલે એમાં બેસન પધરાવવું. અને નંગ વાળવા. આ પ્રમાણે ખરબુજાની, આલુની, રતાળુની, શક્કરીયાની અને ગોળની તવાપૂરી બનાવી શકાય.

પોષ સુદ-૧૧

અવળીની જલેબી :

સામગ્રી : અળવી ૫૦૦ ગ્રામ, ઘી ૭૫૦ ગ્રામ, તપખીરનો લોટ ૧૨૫ ગ્રામ, કેસર

રીત : અળવીને જળમાં બાફી, છોડા ઉતારી લેવાં. પછી તેને મસળી, કપડાથી છીણી લેવી. તપખીરના લોટમાં મોણ કરી, છીણેલી અળવીમાં તે ભેળવી, ફીણવું અને આથો તૈયાર કરવો. તે પછી જલેબીની રીત પ્રમાણે જલેબી પાડી, ઘીમાં તળવી. કેસર પધરાવેલ ચાસણી તૈયાર રાખવી અને જલેબી તેમાં પધરાવતાં જવી.

પોષ સુદ-૧૨

કાંજીવડા :

સામગ્રી : અડદની દાળ ૨૦૦ ગ્રામ, પંચાજીરી, હીંગ, લૂણ, મરી, તળવા માટે તેલ.

રીત : માટીની મટકી લેવી. પંચાજીરી જળમાં એકરસ કરી, મટકીમાં અંદરથી ચારે બાજુ લગાડવી. પંચાજીરીમાં સૂંઠ ૨૦ ગ્રામ, અજમો ૩ ગ્રામ, ધાણા ૩ ગ્રામ, જીરૂ ૩ ગ્રામ અને વરીયાળી ૩ ગ્રામ આ પાંચે વસ્તુ શેકી, ખાંડીને બારીક ભૂકો કરવો.

એક થાળીમાં અથવા સગડીમાં દેવતા લઈ, તેનાં પર હિંગની ગાંગડી મૂકી, ધુમાડો થાય એટલે તેના ઉપર મટકી ઉંધી વાળી ધુમાડો તેમાં લેવો. એટલે હિંગની સોડમ મટકીમાં બેસશે. હીંગનો ધૂપ મટકીમાં બરાબર લાગી જાય પછી એમાં પ્રમાણસર જળ કરવું. ખાંડેલી રાઈ તથા લૂણ જળના ભાગનું પધરાવવું. અડદની દાળના વડાં તળી ગરમ ગરમ આ કાંજીમાં પધરાવતાં જવાં.

પોષ સુદ-૧૩

મોહનથાળ :

જુઓ માગશર વદ ત્રીજ

પોષ સુદ-૧૪

પરોઠા :

ઘઉંના લોટના બનાવવાં.

પોષ સુદ-૧૫

ઈન્દરસા :

સામગ્રી : ચોખાનો લોટ ૧૨૫ ગ્રામ, મેંદો ૧૨૫ ગ્રામ, ઘી, ગોળ, ખસખસ

રીત : ચોખાનો લોટ ૧૨૫ ગ્રામ અને મેંદો ૧૨૫ ગ્રામ લઈ તેમાં ઘીનું મોણ મુઠી વળતું કરવું. ૫૦ ગ્રામ ગોળ લઈ થોડા જળમાં ઓગાળી દેવો. જળ એટલું જ લેવું કે જેનાથી ઉપરનો મોણ દીધેલ લોટ ભાખરી જેવો બાંધી શકાય. પછી તેના લુવા પાડી, દરેક લુવાને દહીંથરાથી થોડી વધુ જાડાઈ રાખી વણવા. દરેક ઈન્દરસાને સાફ કરેલી ખસખસમાં બંને બાજુ ખસખસ લાગે તે રીતે દબાવવા. તેને ધીમે તાપે, અંદરથી સારી રીતે સીજાય તે મુજબ તળવાં.

બીજી રીત :

સામગ્રી : ચોખા ૫૦૦ ગ્રામ, ખાંડ ૧૨૫ ગ્રામ, પીસેલી ખસખસ ૨૫ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ

રીત : ચોખાને આગલી રાતે જળમાં ભીંજવી દેવા, બીજે દિવસે જળ નીતારીને ખૂબ બારીક પીસવા. તેમાં ૧૨૫ ગ્રામ ખાંડ મેળવવી. હથેળીમાં લુવો લઈ, વડા જેવો ઘાટ કરી, વડા કરતાં સ્હેજ પાતળાં રાખી. ખસખસમાં બોળી ધીમી આંચે તળી લેવાં.

પોષ વદ-૧

મોહનથાળ - જુઓ માગશર સુદ સાતમ

બાજરીના ચાનકી :

સામગ્રી : બાજરીનો લોટ, મીઠું પ્રમાણસર, ચોપડવા માટે ઘી
રીત : રોટલી કરતાં થોડા જાડા રાખી તવી ઉપર શેકી લેવા. ઉપર ઘી ચોપડવું.

પોષ વદ-૨

થુલી :

ગોળની અથવા ખાંડની થુલી - જુઓ માગશર વદ ચોથ

પોષ વદ-૩ અને ૪

ગોળનું ચૂરમુ :

જુઓ માગશર સુદ ચૌદશ

પોષ વદ-૫

ગોળના પૂડલા :

સામગ્રી : ઘઉંનો ઝીણો લોટ ૫૦૦ ગ્રામ, ગોળ ૪૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ તળવા માટે.
રીત : ગોળને જળમાં ઓગાળી એકરસ કરવો. ઘઉંનાં લોટમાં ઘીનું મોણ કરવું. મોણ બરાબર દેવાઈ જાય એટલે ગોળવાળું પાણી પધરાવી જલેબી જેવું ખીરું બનાવવું. ૧ કલાક રહેવા દેવું કઢાઈમાં ઘી ગરમ થાય એટલે ચમચાથી એમાં ખીરુ કરવું. તળાઈને ઉપર આવે એટલે ફેરવવું. બંને બાજુ બરાબર સીજાઈ જાય એટલે ઉતારી લેવાં.

પોષ વદ-૬

વેસણની કળીના લાડુ (ગોળના) :

સામગ્રી : બેસન ૫૦૦ ગ્રામ, ગોળ ૫૦૦ ગ્રામ, ખાંડ ૫૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, જાયફળ, કીસમીસ, એલચી.
રીત : બેસનમાં ૨૫ ગ્રામ ઘીનું મોણ કરી, જળમાં એનું ખીરું બનાવવું. પછી વટાણા જેવડા છેદવાળો ઝારો લઈ પેણીમાં ઘી ગરમ કર્યું હોય એમાં બુંદી પાડવી. તળાઈ જાય એટલે ટોપલામાં કાઢતા જવી.

ખાંડની ગોળી વળતી ચાસણી બનાવી તેમાં ગોળ પધરાવી દેવો. બરાબર એકરસ થાય પછી બુંદી પધરાવવી. હલાવી રસ ભર થયે ઉતારી ઠંડી પડવા દેવી. બાંધવા લાયક થાય ત્યારે જાયફળ, કીસમીસ અને એલચી મેળવી લાડુ વાળવા.

સૂરણનાં ગુંજા :

સામગ્રી : સૂરણ ૫૦૦ ગ્રામ, ઘી ૩૭૫ ગ્રામ, મેંદો ૫૦૦ ગ્રામ, પીસેલું લૂણ, લીંબુનો રસ, પીસેલા કાળાં મરી, હીંગ, ધાણાજીરૂ, કોથમીર

રીત : સૂરણની છાલ ઉતારી, કટકા કરી બાફી લેવું. મસળીને માવા જેવું કરવું. ઘી ગરમ કરી હિંગ નાખી વઘાર કરવો. લૂણ સિવાય બીજો બધો મસાલો બાફેલા સુરણમાં પધરાવવો. પૂરણ તૈયાર કરવું. મેંદાનો લોટ લઈ, મોણ કરી, પૂરી જેવો લોટ બાંધવો. પૂરી વણી, સૂરણનું પૂરણ ભરી, ગુંજાની જેમ ગુંથી લઈ તળી લેવાં. પીસેલું લૂણ આંચ પરથી ઉતારી ભુરકાવવું.

પોષ વદ-૭

સૂરણનું મગદળ :

સામગ્રી : સૂરણ ૫૦૦ ગ્રામ, દળેલી ખાંડ ૩૦૦ ગ્રામ, ઘી, ઈલાયચી

રીત : સૂરણને છોલી, ધોઈ, બાફી લેવું. તેનો માવો કરવો. થોડું ઘી મૂકી એ માવો શેકવો. ઠંડો થાય પછી તેમાં દળેલી ખાંડ અને ઈલાયચી ભેળવી લાડુ બનાવવા.

પોષ વદ-૮

વેસણનો મનોહર

સામગ્રી : બેસન (ચણાનો લોટ) ૫૦૦ ગ્રામ, ઘી ૬૨૫ ગ્રામ, ખાંડ ૧ કીલો, દૂધ લીટર ૧॥, કેસર જાયફળ.

રીત : બેસનને ૧૨૫ ગ્રામ ગરમ ઘીનું મોણ દઈ, દૂધમાં ઓગાળી ખદખદાવવું, શીરા જેવો નરમ રહે એટલે ઉતારી લેવો. કઢાઈમાં ધીમી આંચે ઘી ગરમ થયું હોય એમાં તેની સેવ પાડવી. બળે નહીં તેની સાવધાની રાખવી. ચોતારી ચાસણી બનાવી. એમાં કેસર પધરાવી. તૈયાર રાખવી. સેવ તળાતી જાય તેમ કાઢીને ચાસણીમાં પધરાવતાં જવી. ઠંડી પડે એટલે નંગ વાળવા.

પોષ વદ-૯

ગોળની લાપશી :

જુઓ માગશર વદ ચોથ

પોષ વદ-૧૦

ચણાના લોટના ગળ્યા પૂડલા :

સામગ્રી : ચણાનો લોટ ૫૦૦ ગ્રામ, ખાંડ પ્રમાણસર, ઘી

રીત : ચણાના લોટમાં ખાંડ કરી પૂડલાનું વેસણ તૈયાર કરવું. તવી ઉપર પૂડલાની જેમ ઉતારવા. આજુબાજુ ઘી કરતાં જવું જેથી તવી ઉપર ચોંટે નહિ.

પોષ વદ-૧૧

શીંગોડાના લોટની સેવના લાડુ :

સામગ્રી : શીંગોડાનો લોટ ૨૫૦ ગ્રામ, ઘી ૨૫૦ ગ્રામ, ખાંડ ૫૦૦ ગ્રામ, જાયફળ, એલચી

રીત : શીંગોડાના લોટમાં ૨૫ ગ્રામ ઘીનું મોણ કરી સેવ પાડવા લાયક લોટ બાંધવો. પેણીમાં ઘી ગરમ કરવા મૂકવું. ઉપર પ્રમાણે બાંધેલ લોટમાંથી સેવ પાડી તળવી. લાલ ન થાય તેનું ધ્યાન રાખવું. એક બાજુ ખાંડની ચાસણી બનાવવી. (ઠોર માટે બનાવીએ તેવી) એલચી અને જાયફળનો ભૂકો પધરાવવો. સેવ ઉતરતી જાય તેમ ચાસણીમાં પધરાવતા જવી. ઠંડુ પડે એટલે ભૂકો કરી નંગ વાળવા.

તલની ચીકી : (તલ સાંકળી)

સામગ્રી : મેંદો ૫૦૦ ગ્રામ, સફેદ તલ ૫૦૦ ગ્રામ, ઘી ૫૦૦ ગ્રામ, બુરુ ૩૭૫ ગ્રામ, એલચી

રીત : તલને બે કલાક જળમાં ભીંજવી રાખવા. પછી તારવીને કંતાનમાં સૂકવી દેવાં. બીજે દિવસે સુકાયા પછી, કંતાન બેવડું કરી, તલને તેમાં ઘસી નાંખવા, છોડા કાઢી લઈ પછી ઝાટકીને શેકી લેવા. મેંદામાં ૧૨૫ ગ્રામ ઘીનું મોણ કરી, તલ મેળવી, મેંદો જળથી બાંધવો. લુવા કરી ઠોરની જેમ વણી લેવા. ઠોર તળવા જેવું ઘી ગરમ થયું હોય એમાં તળી, બરાબર સીજે એટલે કાઢીને થાળીમાં પધરાવવા. એલચી મિશ્રીત બુરુ પધરાવવું.

બીજી રીત :

સામગ્રી : ૫૦૦ ગ્રામ સફેદ તલ, ૫૦૦ ગ્રામ ગોળ.

રીત : ધોઈને શેકેલા તલ લેવા. ગોળનો પાયો કરી તેમાં તલ બરોબર હલાવી, થાળીમાં ઘી ચોપડી ઠારી દેવું અથવા મિશ્રણને થાળી ઉપર વણી લેવું. ગરમ હોય ત્યારે જ ચાકાં પાડી લેવા.

પોષ વદ-૧૨

શીખરન વડી :

જુઓ માગશર વદ-૧

વડીનું શાક :

જુઓ માગશર વદ-૧૨

મિરચની કઢી :

કઢી અનેક પ્રકારની બનાવી શકાય છે.

દા.ત. દહીંની, લીંબુની, ઓસામણની, લીંબુ-ખાંડની, પકોડીની, બુંદીની, પાતરાંની વગેરે. સામાન્ય રીતે બેસન-છાશની કઢી બનાવવામાં આવે છે.

દહીંને વલોવી છાશ બનાવવી. તેમાં પ્રમાણસર બેસન ઓગાળી એકરસ કરવું. તેમાં, લૂણ, ખાંડ, લીલાં મરચાં, આદુનાં ટુક નાખી ધીમા તાપે ઉકાળવી. ચોંટે નહી તે માટે હલાવતાં રહેવું. ઉકળે એટલે રાઈ, મેથી, જીરૂ, તજ, લવીંગ, લીમડાનો ઘીનો વઘાર કરવો. ઉતારી ઉપર કોથમીર ભભરાવવી.

છોલા ભાત :

સામગ્રી : ૧૦૦ ગ્રામ ચોખા, ૨૫ ગ્રામ ચણા, મીઠું, મરચું, હળદર, ખાંડ, વઘાર માટે તેલ અને રાઈ, હિંગ.

રીત : વડીભાતની જેમ વડીને બદલે બાફેલા ચણા કરી છોલા ભાત સિદ્ધ કરવો. ચણા અને ભાતમાં વઘાર કરી, મીઠું, મરચું, હળદર વગેરે મસાલો કરી હલાવી ઉતારી લેવું.

પોષ વદ-૧૩

ગોળની લાપશી - જુઓ માગશર વદ-૪

મગનાં ઢોકળાં :

સામગ્રી : મગની દાળ ૨૫૦ ગ્રામ, બધો મસાલો પ્રમાણસર

રીત : મગની દાળના કરકરા લોટને તેલનું મોણ કરી, સાધારણ ગરમ છાશમાં પલાળવો. તેમાં લૂણ, આદુ ખાંડેલું નાખી હલાવવું. બે ત્રણ કલાક રહેલા દેવું. તપેલીમાં પાણી ગરમ મૂકી, કાંઠલો મૂકવો. એક થાળીમાં ખીરું પાથરી ઉપર મરી ભભરાવવા. ઢાંકણ ઢાંકી વરાળથી ખીરું બફાઈ જાય એટલે થાળી બહાર કાઢી, કોઈ વાસણને અડકી ઉંધી મૂકવી. થોડીવારે છતી કરી, ઢોકળાના ટુક કરવા. તેલમાં રાઈનો વઘાર કરી ટુક પર પધરાવવો. ધોઈને સુધારેલી કોથમીર અને કોપરાનું ખમણ ભભરાવવું.

પોષ વદ-૧૪

ગોળનો મોહનઠાર

સામગ્રી : ચણાનો લોટ ૧૦૦ ગ્રામ, ગોળ ૨૦૦ ગ્રામ, ઘી, દૂધ, એલચી

રીત : ચણાના લોટને ઘી-દૂધનો ધાબો દઈ ઘીમાં ધીમા તાપે શેકી લેવો. ગોળનો પાયો કરી તેમાં શેકેલો લોટ પધરાવી, એલચી કરી ઠારી દેવો. ઠંડુ થયે ટુક કરી શ્રી...ને ધરાવવો.

પોષ વદ-૩૦

ગોળની શીખોરી :

સામગ્રી : મેંદો ૧૦૦ ગ્રામ, ચોખાનો લોટ ૨૫ ગ્રામ, ચણાનો લોટ ૨૫ ગ્રામ, ગોળ ૩૦૦ ગ્રામ, ઘી, ઘઉંનો લોટ ૩૦૦ ગ્રામ.

રીત : ચોખાનો લોટ અને ચણાનો લોટ બંને જુદા જુદા ઘીમાં શેકવા. પછી મેંદામાં ઘીનું મોણ નાખી, શેકી, તેમાં બંને લોટ ભેળવી પૂરણ બનાવવું. ગોળમાં થોડુંક જળ કરી ગોળનું પાણી બનાવવું. ગોળના પાણીથી ઘઉંના લોટની કઠણ કણેક બાંધી, તેની પાતળી પૂરી વણી, તેમાં થોડું પૂરણ ભરી, તેની નાની ગોળી વાળી, તેને દહીંથરા માફક ચપટી બનાવવી. પછી ઘીમાં તળી લેવી.

* * *



ગુજરાતી : માગશર સુદ સાતમ - શ્રીગોકુલનાથજીનો ઉત્સવ


इसकी :- पौष वदि ९ श्रीगुसांईजीको
उत्सव राजभोगतिलककी आरती श्री
तकलिखी बहुजीके श्रीहस्तकी.

ગુજરાતી : માગશર વદ નોમ - શ્રીગુસાંઈજીનો ઉત્સવ

આ ગ્રંથના મનોરથી

શ્રીમતી ચંદ્રભાગાબેન

અને

શ્રી કલ્યાણભાઈ મશરૂવાળાના

નિકુંજનાયક શ્રીનાથજીને

સદૈવ, સદૈન્ય, સસ્નેહ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ નિવેદન

અને

સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.

પૂ. માતુશ્રી ચંદ્રભાગાબેન
અને
પિતાશ્રી કલ્યાણભાઈ મશરૂવાળા
વતી
જયશ્રીબેન કલ્યાણભાઈ
શ્રીનંદાબેન કલ્યાણભાઈ
શ્રીદેવીબેન અને હરિનભાઈ ચોક્સી
રાજશ્રીબેન અને સુધીરભાઈ નાણાવટી
ચિ. દેવાંગ અને ચિ. વૈભવી
ચિ. અમલા અને ચિ. ધવલ
ચિ. અનુજા અને ચિ. અભિષેક
ચિ. આદિત્ય અને ચિ. યામિની
ચિ. અદિતી અને ચિ. આદિત્ય
તથા
સમસ્ત મશરૂવાળા પરિવારના
નિકુંજનાયક શ્રીનાથજીને
સદૈવ, સદૈન્ય, સસ્નેહ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ નિવેદન
અને
સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.

શ્રીભાગવત સુધાનિધિ મથકે અપનો પંથ પ્રકટ જનાયો

‘શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકાશનપરાયણ’ અને ‘શ્રીભાગવત સમુદ્ર મથનક્ષમઃ’ એવા જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ શ્રીમદ્ ભાગવત સુધા મથીને, ગૂઢાર્થો પ્રકટ કરીને, પુષ્ટિમાર્ગની રસાત્મક કૃષ્ણસેવાની પ્રણાલિકા નિજજનો માટે પ્રકટ કરી છે.

આપે ગોપમાસની સેવાની રીત પણ શ્રીમદ્ ભાગવતજીના આધારે બતાવી છે.

હેમન્તે પ્રથમ માસિ નંદ વ્રજ કુમારિકાઃ ।
ચેરુર્હવિષ્યં ભુંજાનાઃ કાત્યાયન્યર્ચનવ્રતમ્ ॥

- શ્રીમદ્ ભાગવત - ૧૦/૨૨/૧

નંદગોપસુતં દેવિ પતિં મે કુરુ તે નમઃ ।

- શ્રીમદ્ ભાગવત - ૧૦/૨૨/૪

હેમન્ત ઋતુ પાંચમી ઋતુ છે. પાંચમો પુરુષાર્થ ભક્તિ છે. સર્વ કાંઈ ભગવાનરૂપે સમજાતાં ભગવાનનું સર્વાત્મપણું સ્ફૂરે છે. તે મુખ્ય ભક્તિ છે. હેમન્ત ઋતુનો પહેલો માસ માગશર છે. ભગવાન કૃષ્ણે તેમના પ્રિય સખા ઉદ્ધવજીને શ્રીમદ્ ભાગવતજીમાં ૧૧/૧૬/૨૭માં અને પ્રિય મિત્ર અર્જુનને ગીતાજીમાં ૧૦-૩૫માં વિભૂતિયોગ કહ્યો છે. તેમાં કહ્યું છે કે ‘માસાનાં માર્ગશીર્ષોહમ્.’ મહિનાઓમાં હું માર્ગશીર્ષ છું.

માગશર માસ સર્વના આદિકારણ ભગવાન કૃષ્ણની વિભૂતિ છે. અચિન્ત્ય ઐશ્વર્યવાળા ભગવાન કૃષ્ણના મનઃસંકલ્પ માત્રથી, અનેકરૂપ થવાની ભગવદ્ ઈચ્છા માત્રથી, અનાયાસે સત્-ચિદ્-આનંદાશરૂપ વિભૂતિઓ પ્રકટ થઈ. અર્થાત મહિનાઓમાં માગશર મહિનો ભગવત્ સ્વરૂપાત્મક છે. તેથી પુષ્ટિમાર્ગમાં માગશર માસને અર્થાત્ ગોપમાસને ઉત્તમ માન્યો છે. આ માસમાં અનેક ગોસ્વામી બાલકોના પ્રાકટ્યોત્સવ આવે છે.

માગશર માસ ભગવાન કૃષ્ણની વિભૂતિ છે. વિભૂતિ દ્વારા અનુભૂતિ મળે. કૃષ્ણ કૃપા સુલભ બને; ફળે, તેથી વ્રજની કુમારિકાઓએ નંદગોપનાપુત્ર કૃષ્ણ અમારા પતિ બને તેવી ભાવનાથી હેમન્તઋતુના આ પ્રથમ માસમાં વ્રત કર્યું અને ફલસ્વરૂપે પોષ માસમાં પોષણ મળ્યું છે.

શ્રીમતી રેખાબેન ભરતભાઈ રાજ (સિંગાપુર)
ફોન : ૦૦૬૫-૬૭૪૯૩૫૬૧